# જીવનધારા

**લેખક**

નટુ બાપુ

જોધલપીર જગા કેસરડી

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**

મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી.આણંદ

**JEEVANDHARA**
NATUBAPU
Published by M.M.Sahitya Prakashan
Mahavir Marg, Anand-388 001

© લેખક

**જીવનધારા**

નટુ બાપુ

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૦

નકલ : ૧૦૦૦

**કિંમત : રૂા. ૧૦૦/-**

**આવરણ**

**Mayur's**

**સજાવટ**

ગુર્જરી સાહિત્યાલય, ડાકોર

**મુદ્રક**

ચરોતર સાહિત્યાલય, નડીયાદ

**પ્રકાશક**

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ.

# અર્પણ

**મારા પુજ્ય બા - બાપુ**
**તથા સોમદાસ, નરભેરામબાપુ,**
**ભાણીમા તેમજ મધુમા**
**તથા**
**હીરાબા (મારા ધર્મપત્નિ)**

## પ્રસ્તાવના

તમામ પ્રાણીજીવન એક પાકટ પરપોટા જેવુ છે. એ ક્યારે પૂર્ણ થશે યાને પુરુ થશે એનું કોઈ જ નક્કી નથી. માનવજીવન એ બાબત બુદ્ધિ તત્ત્વને કારણે કદાચ વધારે સંવેદનશીલ હોય શકે જીવનધારા પુસ્તકની રચના અનેક સંવેદનાઓના ઉદ્‌ભવતા પરિબળોમાંથી વૃથા વ્યથાથી વિમુક્ત થવાની રાહના આયોજન અને સંયોજનનું પરિણામ છે.

અનેક વેદના અને સંવેદનાઓમાંથી મુક્ત થવા માટેની પૂર્વભુમિકામાંથી અગ્રેસર થતી જ્ઞાનમિમાસા પણ આધ્યાત્મિક કે ધાર્મિક સંવેદના જ ઊભી કરે છે અને સત્યના રાહે ચાલવાની તમારી પ્રભાવશીલવાણી મામ વાણીવિહાર ન બની જાય એને ખ્યાલમાં રાખીને લક્ષમાં રાખીને જીવનધારા મન, વચનની વ્યગ્રતાને સત્યાર્થે જીવનને લઈ જવાને માટે અગ્રેસર બને કટીબદ્ધ બને એ જરૂરી છે. વાચકીય એટલે કે વાચાથી કે વ્યકત્વથી આધ્યાત્મિકતા દર્શાવવા કરતાં જીવનને સત્ય ધર્મના રાહે નિતિમત્તાને અનુલક્ષીને વિહરવાનું જરૂરી છે.

સંસાર તો ચાલ્યા કરે છે એની ગતિ એને કોઈ મર્યાદા નથી એ તો એના સર્જનહારની નિત્યગતિમાં ગરકાવ છે પરંતું એમાં સર્જાતા અનેક માનવજીવો એને સાચા અર્થમાં સમજે અને એની ગંભીરતા જ તમારી જીંદગીને પુલકીત બનાવે સાર્થક બનાવે તે માટે આ માનવદેહ એક સાધન છે અને તેને સાધકરૂપે તમારે એ સિધ્ધ કરવાનું છે કે કર્મ એ માત્ર સામાન્ય કર્મ કે બંધનયુક્ત ન બની જાય તે માટે સદા સૂરતાને શબ્દમાં અને શબ્દને સૂનમાં પરિમિત કરવાની જીવનધારાનો મુખ્ય હેતુ છે.

જીવન વહી જઈ રહ્યું છે પુરુ થવાની તૈયારીમાં હોય કે ગમે તેમ હોય પરંતું જીવનમાંથી અમીરસના રસી રસ્તે પ્રયાણ કરવું એ એટલું જ જરૂરી છે અને એ પ્રયાસ કરવામાં માનવજીવનને વાળવું એ એટલું જ આવશ્યક છે. મનની ગતિ હૃદયમાંથી અને વાયુની ગતિ નાભીમાંથી પરંતું મન પણ છેવટે જીવનરૂપ જ છે. જે સ્થિર નથી જ તે બંન્નેને સ્થિર બનાવવાની ક્ષમતાથી અભેદની ગમ પડવાની કેડી શરૂ થાય છે એ માટે વાંચન પછી વિચારી જીવનને તે ક્ષમતામાં લાવવાની ધારણાઓને અનુમોદન આપો એ જ શુભેચ્છા.

લિ. ન. ધુ. મકવાણા

# જીવનધારા મંતવ્ય

બે પુસ્તકો આધ્યાત્મિક ધારાના લખીને એ વાત રજુ કરવામાં જોધલપીર બાપુના વંશજ શ્રી નટુભાઈ મકવાણા પોતાની જીવનશૈલીમાં ધર્મ અને સંસાર અને ત્યારબાદ ધર્મ અને આધ્યાત્મિકતાનું ઘણું જ વ્યવસ્થિત આયોજન સાથે લેખન કર્યું છે.

હાલમાં આ પુસ્તક એમની જીવનધારા નામના પુસ્તકમાં માનવજીવનની સામાન્ય જીવન વ્યવહારિકતા અને અનેકવિધ અનુભવોના જીવન પ્રવાહ પછી છેવટે સત્ય શું હોઈ શકે માનવજીવને એ બધાના અનુભવ પછી ઈશ્વરના અદ્વિતિય ભાવોમાં રચવામાં માણવામાં આવેલી આ માયા સૃષ્ટિ, સર્જનએ કયાં હેતુસર કરી છે. ‘‘વિવિધ રચના કરી અનેક રસ લેવાને શિવ થકી જીવ થયો એ જ આશે’’ આ લખીને એ વ્યક્ત કર્યું છે કે એને વળી કયાં રસની ઝંખના, અતૃપ્તિ, તૃષ્ણા રહી ગઈ છે એ વાત કોઈ સાધુ, સંત, ઓલિયા, પીર, પયગંબર પાસે. માયાના સર્વોચ્ચ સર્જનહારને પૂછવાની ઈચ્છા, જીજ્ઞાસા વ્યક્ત કરીને જે આજ સુધી કોઈએ ન પૂછ્યું હોય તેવું પૂછવાની અભિવ્યક્તિ એક નવા જ પ્રકારની ભાવના વૃત્તિ અદ્ભૂત જ નહી આવશ્યક જ હતી છે અને એ રજુ કરીને લોકોના દીલમાં ઘૂમરાતો એક મોટો અજંપો, પ્રશ્ન જે તમામ પ્રાણીજીવનને લાગેવળગે છે તે પૂછીને સત્ય જાણવાની વૃત્તિને વાચા આપી છે તે બદલ ધન્યવાદને પાત્ર છે.

અર્જુનભાઈ ગોહેલ

જીવનકલા સોસા. વેજલપુર,

અમદાવાદ

# જીવનધારા મંતવ્ય

કોઈપણ ધર્મની મૂળભૂત બાબત તો એ રહી છે કે સત્યને જાણવું અને જે સમજવામાં, જાણવામાં ઈશ્વરની ગતિને તો કોઈ સમજી શક્યું નથી પરંતું એને મનોભાવમાંથી જાગૃત થતી આ સૃષ્ટિની રચનાના કરનારને એના હેતુ બાબત તમે સીધેસીધા ન પૂછી શકો પરંતું તે રચનાના પાત્રોને આ સર્જન સાથે સંકળાયેલ સુખ, દુઃખ, યાતના, અજંપો, અનેકવિધ પ્રકારના પ્રવાહો અને એની પાછળ આ રચનાના કરનારને કયા ભાવથી આ કર્યું એટલું જ નહી પરંતું અનેક પ્રકારની લાગતી, અસામાનતા, અસંભવીતા, અજંપો ઊભો કરે છે ત્યારે જે પ્રશ્નાર્થ ઊભો થાય છે ''અરે ભગવાન આના માટે આવું કેમ કર્યું'' તે જ પ્રશ્નાર્થ આ રચનામાં નટુબાપુએ વ્યક્ત કરીને જગત નિયંતાને જે પૂછ્યું છે તે યથાર્થ છે.

શ્રી ગણેશભાઈ રાઠોડ

# પ્રકરણ : ૧

# બાળપણ અને અભ્યાસ

દેવ એ સમયે બે જ વર્ષનો કાકીમાનું પિયર અમદાવાદ ગીતામંદિર બાનુ પિયર ગામડામાં, દેવનું જન્મસ્થળ કેસરડી, બે વર્ષના દેવને લઈને કાકીમા અને બા બંન્ને દેરાણી જેઠાણી દેવના જન્મસ્થળના ગામથી ચાલતા બાવળા પહોંચ્યા. ત્યાંથી ગાડીમા બેસી અમદાવાદ ગાંધીગ્રામ ઉતરી ત્યાંથી ચાલતા ચાલતા ગીતામંદિર પહોંચ્યા, કાળુપુરથી બોટાદ થઈને ધોળા ઢસા, ભાવનગર જુનાગઢ વેરાવળ સુધી એ વખતની મીટરગેડ ગાડી ચાલુ હતી તે સમયે બાવળાથી દોઢ વાગે અમદાવાદ જવા ગાડી મળે, ફક્ત ચાર આનામાં ગાડી ગાંધીગ્રામ ઊતારે અને ત્યાંથી બે આના ખર્ચો એટલે ઘોડાગાડીવાળા ગીતામંદિર લઈ જાય.

પરંતુ ચાર આનામાં દશ ગાઉથી વધારે અંતર ગાડી કાપી આપે ગાંધીગ્રામથી અર્ધા ગાઉના બે આના અપાય ! ના જ અપાય અને કાકીમા અને બા બંન્ને અર્ધા કલાકમાં ગાંધીગ્રામથી ગીતામંદિર પહોંચ્યા.

(૧) એક સવારે એક બેન એના છોકરાને ખાવાના સમયે સાદ કહીને બોલાવવા લાગેલા ‘‘નટુ’’ ચાલ ખાવા લાડકો દિકરો અને ખાવાના સમયે રમતિયાળ છોકરો ફરીથી એની માએ સાદ પાડ્યો ‘‘બેટા નટુભાઈ ચાલ

ખાઇ લે'' પાંચ સાત વર્ષના છોકરાનુ આ નામ કાકીમાને સ્પર્શી ગયુ અને તેમની જેઠાણીને જણાવ્યું ''બાઇ (એ વખતે જેઠાણીને દેરાણી માનથી બાઇ અને પુત્રવધુ સાસુને બાઇજી કહીને બોલાવતા) કેવુ સરસ નામ છે પેલા છોકરાનું એની મા નટુ કહીને કેવા લહેકાથી બોલાવે છે. બસ ત્યારથી દેવ, દેવો, દેવલો મટીને નટુ બની ગયો, અને કાયમને માટે નટું જ રહ્યો.

(૨) ચાર વર્ષના દેવાને કઇ બિમારી લાગુ પડી તે કંઇ ગામડાની બાયુને સમજાય નહીં દેવના બાપુજી તો છેક જામનગર બાજુ ફરવા ગયેલા દેશી દવાઓ કાકીમા બા અને દાદીમાએ કરી. પરંતુ શરીર ગળતુ જતુ હતુ દેવાની જીવવાની આશા ઓછી થતી ચાલી પરંતુ આતો ગામડું, ડોક્ટર મળે નહિ. બાવળા નામે નાનુ શહેર ત્યાં દાક્તર ખરા પરંતુ દૂર બહુ પડે. છેવટે એક ડોશીએ વાત કરી, અલી વહુઓ આમને આમ તો છોકરો ખોઇ બેસશે. આ છોકરાની આંતરડી નબળી પડી ગયેલી લાગે છે. તો અહીંથી એને ગાંગડ લઇ જાવ ત્યાં એક ડોશી નાના છોકરાની પાટી કરે છે પાટી એટલે ડોશીવૈદું નાના છોકરાના મોંમા બે આંગળા નાખી તેના ગળાની બે બાજુ ભીંસ દઇ ગળું ઉપસાવે તેનાથી આંતર ખુલે અને ખોરાક લેવાય, ગળાની અંદરના ભાગે બંન્ને બાજુ ભીંસ આવવાથી ગળું પહોળું થાય તેને પાટી કહેવાય.

કાકીમા અને મા બંન્ને સાથે ભાયાના રોટલા શાક લઇ ઉપડ્યા ગાગડ ગામે. ચાલતા દોઢ કલાકે પહોંચી ગયા ત્યાં જઇ ભાથું છોડી ખાધું અને ડોશીમાને સીમમાંથી બોલાવવા માણસ મોકલ્યો સીમમાં મજૂરી કરવા ગયેલા. ડોશી નાના બાળકોની સેવાના ભેખધારી, માજી મજૂરી અધૂરી મૂકી ખરા બપોરે ઘેર આવ્યા, દેવને તપાસ્યો અનેબોલ્યા ''અરે બાયું ! આની તો આંતરડી સાવ મરી ગઇ છે. અને અત્યાર સુધી બેસી કેમ રહ્યા ! એકાદ અઠવાડિયામાં તો છોકરો ખોઇ બેસત ! પરંતુ આ તો ખ્યાતનામ ડોશીનું વૈદ્ય. ગળુ બેસાડ્યું પાટી કરી અને સંધ્યા સમયે ઘેર આવ્યા. દેવના ખાવાનું ધ્યાન





રાખવામાં આવ્યું અને દેવ બચી ગયો.''

(૩) આઠેક વર્ષની ઉંમર દેવ અને એની બા સવારના પહોરમાં દેવના મોટાભાઇ પિતાંમ્બરદાસ અને કાકા સોમદાસજીને ગુજરાત બાજુ જવાનું હોવાથી વળાવવા, નિકળ્યા, તે વખતે વાહનની કોઇ સગવડ નહિ, દશ વાગ્યાની આજુબાજુના સમયે છબાસર ગામની સીમમાં વરુડી માતાના મંદિર સુધી બાવળાથી એક ખાનગી માલિકીની બસ આવે, તે બાવળા અગિયારેક વાગે લઇ જાય ત્યાંથી ગાડીમાં અમદાવાદ, અને પછી ત્યાંથી જ્યાં જવું હોય ત્યાં જવાય.

ત્યારે જોધલપીર મંદિરથી ઊગમણી બાજુ એક ખુલ્લુ ખેતર જે ખેતર પણ જોધલપીર જગાના એક ખુલ્લાભામ તરીકે ગણાય જે ખેતર ''કાસલા'' નામથી જાણીતું ત્યાંથી એટલે એના પૂર્વભાગના છેડે બહારની બાજુ બે નેળિયા પડે. સીધુ પુર્વબાજુ જાય તે નેળિયાને ધોળકાબાજુનુ નેળયુ કહે અને ઉત્તરબાજુ જતા નેળિયાને બાવળાબાજુ જતુ નેળયુ કહેવાય.

દેવના મોટાબાઇ અને કાકા નેળિયામાં બાવળા બાજુ જઇ રહ્યા હતા દેખાય નહીં ત્યાં સુધી તેમને જોવા માટે દેવની બા, નેળિયાની એક બાજુ ઊભા હતા દેવ કાસલાની વાડની નજીક એક વરખડીના થડની પાસે ઊભો હતો. એકાએક આઠ વર્ષના દેવની ઉપર એક કાળોતરાએ ઝાપટ મારી. સમય સવારનો, દીશા જંગલ જનારાઓની અવર જવર, સાપની ઝાપટ દેવને શરીર પર વાગે એ પહેલા જ દેવ નીચે પડી ગયો. માએ દેવને નીચે પડતો જોયો અને નજર સાથે સાપને સરકતો જોયો બુમાબુમ થઇ ગઇ. ''દોડો...દોડો...મારા છોકરાને એરુ આભડ્યો છે. એ પડી ગયો છે બેભાન થઈ ગયો છે. માણસો તો ચાલુ જ હતા દોડતા ભેગા થઇ ગયા, દેવને ઝોળીમાં નાખી ઘેર લઇ આવ્યા. દેવની મા અને કુટુંબીજનો રડારોળ કરવા

લાગ્યા. આટલા સમયના દેવના મોટાભાઈ અને કાકાબે એક ગાઉ નિકળી ગયેલા તેમને કોણ ખબર આપે ? પરંતુ તે સમયની માનવતા લાગણીશીલતા ખરેખર અદ્ભૂત હતી. નાના ગામમાં માણસોના ટોળેટોળા ભેગાં થયાં. કોઈએ કહ્યું ‘‘ચરમાળીયાના મંદિરે લઈ જાવ. અને ભૂવો ધૂણાવો’’ મા અને કુટુંબીઓએ જોધલબાપુની બાધા રાખી તો એક બે ડાહ્યા માણસોએ કહ્યું કે એનું પહેરણ અને ચડ્ડી કાઢી નાખો સાય કંઈ જગાએ આભડ્યો છે એનો ખ્યાલ તો આવે કપડા કાઢી નાખી તપાસ કરતા ખ્યાલ આવ્યો કે ઝાપટ કપડાં ઉપર જ લાગી છે, શરીર પર નહિ. બીકના માર્યા દેવ બેભાન થઈ ગયેલો, થોડી વારમાં આંખ ઊઘડતા સૌના જીવમાં જીવ આવ્યો પરંતુ જોધલબાપાની બાધા માનતા સાથે ચરમાળીયાના મંદિરે નાળિયેર અગરબત્તી કરવામાં આવી દેવ બચી ગયો, અને નિર્ભય રીતે હરતો ફરતો પણ થઈ ગયો.

(૪) ૧૯૫૫-૫૬ ની સાલમાં નારણભાઈ દેવાભાઈ પરમાર કરીને કેલિયાવાસણાની નવા શિક્ષક કેસરડી પ્રાથમિક શાળામા આવેલા. વાસમાં તેમના ઘણાં સગાં. સંબંધીઓને કારણે દલિતસમાજના યુવાન શિક્ષકની આજુબાજુ વાસના સ્કુલમાં ભણતા છોકરાઓ કંઈક શિખવા લેશન કરવા વિગેરે માટે જતા. ચોમાસાનો દિવસ આસો મહીનાની આજુબાજુનુ સારુ વાતાવરણ નારણભાઈ એકલા રહેતા. એક બપોરે ચારેક વાગે તે તળાવમાં આવેલા કૂવા પર નાવા ધોવા ગયેલા. ચાર પાંચ છોકરા સાથે થયા. નારણભાઈ કપડાં ધોવામાં અને નાવામાં હતા. અને વાસના સાથે ગયેલા ચાર છોકરા તળાવમાં નાવા પડ્યા. ‘‘દેવ’’ આ ટોળીમાં સાથે જવાની તૈયારીમાં હતો. તૈયાર થયેલા દેવને પોતાનો એકનો એક છોકરો હોવાથી તું જઈશ તો તારા બાપાને કહી દઈશ. એવો ડારો આપીને અટકાવેલ. નાવા પડેલા ચાર છોકરાઓ પાણીમાં ડુબવા લાગ્યા. એકને થોડુ થોડુ તરતા આવડતુ હોવાથી બહાર નિકળી ગયો. મોહન કાલીદાસ તથા શંકર મૂળાને



બહાર કાઢવામાં આવ્યા પરંતુ મોહન કાલિદાસનો મોટાભાઈ સોમદાસ કલિદાસ કોઈના ધ્યાનમાં ન આવ્યો. મોહનને બહાર કાઢ્યા પછી એણે કહ્યું કે મારો ભાઈ પણ નહાવા પડ્યો હતો. એક તો ગોઝારુ તળાવ, ઊંડા ખાડા, ચોમાસાના દિવસો, છેવટે મહામહેનતે સોમદાસ કલિદાસને બહાર કાઢ્યો પરંતુ એનો માત્ર મૃતદેહ જ હાથ લાગ્યો હતો. ઘેર લાવી પેટમાંથી પાણી કાઢવામાં અને બીજા ઉપચારો કર્યા પણ તેની સ્થિતિમાં કોઈ ફેર ન થયો.દેવો કુદરતે એની માના ના પાડવાથી અટક્યો એટલે જ બચ્યો નહીંતર એને તો તરતાં તો શું ઢબતાયે નહોતુ આવડતુ આ દેવાનો ત્રીજો બચાવ કે જીવતદાન હતું. આખા ગામમાં ચાર છોકરા ડુબ્યા અને એક તો મરી ગયો. એમ જાહેર થતા હાહાકાર મચી ગયો.

(૫) સને ૧૯૫૯-૬૦ ની સાલ કેસરડી સાત ધોરણની જ શાળા. આઠમાં ધોરણમાં ધોલકા સિદ્ધાર્થ છાત્રાલયમાં દાખલ થયા. સરસ્વતી વિદ્યામંદિર નવી નવી હાઈસ્કુલ તેમાં પ્રવેશ મેળવ્યો. બાવદાસ કેશવદાસ, શંકર મૂળદાસ, હીરદાસ મંછારામ અને દેવો, પ્રથમ વખત વતન છોડી બહાર જવાનું થયું તેથી અને માબાપની વિનવણી દબાણ બધાને ધોળી પીને, કહેશો તે મજૂરી કામ કરશું પણ ભણવા તો નહીં જ જઈએ. એમ કરીને પાછા આવ્યા, બાવદાસને તેની ફૂઈ આંબલીયારા હાઈસ્કુલ હોવાથી ત્યાં લઈ ગયા હવે રહ્યા દેવજીભાઈ એકલા એટલે એમના બાપાના એકના એક હોવાથી તેમને પણ પાછા લઈ જવામાં આવ્યા. હવે બીજા ત્રણમાં એક તો એની ફઈને ત્યાં ભણવા ગયો. બીજા બે મજૂરી કામમાં લાગી ગયા. બાકી રહ્યો દેવો. તેને માટે બાવળાથી એના ફઈબા આવ્યા. અને કહ્યું ભાઈ ભણ્યા સિવાય આ છોકરો શું મજૂરી કરવાનો આનાથી મજૂરીકામ નહીં બને, એથી એને હું બાવળા લઈ જાઉ છું અને તેને બાવળા લઈ જવાયો. તેણે લગનથી ભણવાનું શરૂ કર્યું સવારમાં ફઈ અને બધા ખેતરના કામમાં જાય. જે બનાવ્યું

હોય તે ખાઈને દેવાએ નિશાળે જવાનું, બપોરે ભૂખ લાગે જ. પરંતુ બે પૈસાના ચણા લઈને ભૂખ મટાડવાની, દેવાને દિવાળી પછી છ મહીના માટે બાવળામાં રહેતા કેસરડીના ગંગારામ મહારાજ નામના માણસ પાસે વીસીમાં મૂકશો. પરંતુ મહીનામાં લોકોના મેણાટોણા સાંભળવા મળશે એમ લાગતા ડીસેમ્બર મહીનામાં ત્રણ મહીના માટે પાછા ફઈની ભેગો રહીને ભણ્યો અને સારા માર્કે આઠમુ ધોરણ પાસ કરતા અને બહાર રહેવાનો મહાવરો થતા ફરીથી ધોલકા છાત્રાલયમાં દાખલ થઈ અગિયાર ધોરણ સુધી ધોળકા સરસ્વતી વિદ્યાલયમાં રહીને એસ.એસ.સી. પરીક્ષા પાસ કરી અને પછી અમદાવાદ નરસિંહભગત છાત્રાલયમાં દાખલ થઈ ગુજરાત કોલેજમાં અભ્યાસ શરૂ કર્યો.

(૬) કોલેજના બીજા વર્ષને ત્યારે ઈન્ટર કહેવાતુ, પ્રથમ વર્ષ પ્રી.બીજા વર્ષને ઈન્ટર કે એફ વાય બી.એ.ત્રીજા વર્ષને એસ.વાય. બી.એ. અને છેલ્લા ચોથા વર્ષને ટી.વાય. બી.એ. યાને ગ્રેજ્યુએટની ડીગ્રી કહેવાતી. પરંતુ એમ.એ એલ એલ બી જેવી કક્ષા તો ઘણી ઊંચી કક્ષાનું ભણતર ગણાતુ. ૧૯૬૭ માર્ચમાં ગ્રેજ્યુએશ પાસ કર્યા પછી તે જ વર્ષે મે મહીનામાં સર એલ.એ.શાહ લો કોલેજમાં એલ.એલ.બી. પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવ્યો. ૧૯૬૭ મે મહીનામાં મારા લગ્ન એક ઘણી જ સંસ્કારી છોકરી નામે હીરાબાની સાથે થઈ ગયા. મારા બાપાને એક જ હોવાથી તેમની પૌત્ર એષણા ઘણી વધારે હતી. ૧૯૬૮ ઓક્ટોબરમાં નડીયાદ ખાતે એમ.એ. શરૂ કર્યું. એલ.એલબીના બીજા વર્ષમાં ૧૯૬૮ માં હીરાબા આણે આવ્યા ત્યારથી મારા બાપુજીના વૃદ્ધત્વને કારણે કમાવાની ખાસ વધારે પડતી જવાબદારી આવી અને છેવટે અભ્યાસને પડતો મૂકી ૧૯૭૦ના જાન્યુઆરીમાં નોકરી મળી તે સાથે સાથે હીરાબાએ મહેશ નામે છોકરાને જન્મ આપ્યો. પરંતુ કોલેજકાળ દરમ્યાન



પણ દેવ ઓછાબોલો અને શરમાળ જ હતો. કોલેજમાં આવ્યા પછી અમદાવાદ જોધલપીરબાપુના સંપ્રદાયના અનુયાયીઓના સંપર્કમાં અવાર નવાર આવવાનું થયું. અમદાવાદ અને તેની આજુબાજુ જોધલબાપાના સેવકો ઘણા અને અત્યાર સુધી શરમાળ રહેલા દેવા પર એ લોકોની પસ્તાળ પડવા માંડી 'તમો આટલા શરમાળ કેમ છો ? સેવકોથી શરમાસો તો કાલે તમે મોટા થશો અને કોઈ પાટ ભજનમાં જવાનું થશે તો તમારે કંઈક વાતો, સતસંગ કરવો પડશે, તો બાપુ થઈને બોલતા નહીં. શીખો તો આગળ ઉપર મુશ્કેલી પડશે. ભણશો તો ખરા જ ભણો છો, સારુ ભણસો. એવો અમને વિશ્વાસ છે, પરંતુ બોલવાનું શીખો અને મારા પુજ્ય કાકાશ્રીઓએ મને સેવકોના ઘેર જતો આવતો કરી દીધો અને છાત્રાલયના નિર્ણીત ખોરાક ઉપરાંત સેવકને ત્યાં ચોખ્ખા ઘી એ વખતે મળતું હતું. અને દેશી મીઠાઈ જેવી કે શીરો, લાપસી, લાડુ, માલપુઆ આવી ભાવતી અને ગમતી વાનગીઓ મગની કે તુવેરની દાળની મધમધતી ખીચડી એવું જ દેશી બનાવટનું શાક બસ, જીભ અને જીભનો સ્વાદ એક સાથે અને ભણવાની સાથે સાથે દેવાને મન બાપુ તરીકે કોઈ મહત્વ નહી પરંતુ સેવકને મન એક જ્ઞાની સમજુ બાપુના એકના એક ભણેલા ગણેલા દીકરાનું મહત્ત્વ વધતું જ ગયું. અઠવાડિયામાં એકાદ બે વખત ભાવપૂર્ણ રીતે ચોખ્ખા ઘીના જમવાનું આમંત્રણ મળવા લાગ્યું. જવા આવવાનું ચાલુ રહ્યું, છતાં જીભ ના ખુલી પરંતુ એમ બાપુને મૂંગા રહેવા દેતો સેવક શાના ? ૨૦-૨૧ વર્ષના બાપુને સેવિકાઓના લાડમાં મુકવામાં આવ્યા અને સેવિકાઓએ જાત જાતના પ્રશ્નો અને વ્યવહારિક સામાજિક, સાંસારિક બાબતોનું જ્ઞાન અને દેશી ખોરાક પૂરા પાડ્યા અને દેવાને બોલતો કર્યો તેનું યોગદાન બાવલભગત, કેસરબાઈ, અંજુબાઈ વિગેરેનું સ વિશેષ હતું. જીભ આપી મગજ તો હતું જ વાચા

ખોલનારા સેવકોનો હું આભારી છું.

પુરુષથી શરમાતો દેવો સ્ત્રીની હાજરીમાં અકળાય ઊઠતો જીભ ચલાવવાની વાત તો બાજુ પર રહી પરંતુ મોં ઊંચુ કરી જોવાની આંખ ઊંચી કરવાની વાત જ ક્યાંથી બને ?

પરંતુ એ જાદુ બે ત્રણ શિષ્યાએ જ કર્યો. જંગલમાં ભૂલું પડેલી સિંહનું બચ્ચું. શિયાળના ટોળામાં મોટું તો થયું. પરંતુ એક વખત એક સિંહની નજરે એ પડ્યું ત્યારે સિંહે જ એને સાચી પરિસ્થિતિ અને જાતિનો ખ્યાલ આપ્યો. "અરે તું તો સિંહબાળ છે. તું તારા ખોરાક સાથે રહે છે અને તારી જાતને એમની જેમ માને છે. એ તારી ભૂલ છે. સેવકો એ કહેવા માગતા હતા કે તમારે તો અમને જ્ઞાન, સમજણ આપવા જોઈએ અમેતમને શું કહીએ પછી તો દેવાને સાચા પુરુષત્ત્વ અને જીભની વાણીનો પડકાર ફેંકાયો આમ ખવડાવે રાખીને અમે તમને શરમાળ મૂંગા સાવ ઢીલા ઢેફા જેવા બનાવવા નથી માંગતા તમારુ દૈવત્વ બહાર લાવો આરાધકો એનો લાભ લેવા માગે છે. પછી તો દેવો વક્તા, તત્ત્વજ્ઞ ભાવુક, પ્રેમસભર વાણી વર્તનનો એક અલંકૃત માનવ બની ગયો. સંજોગોને આધિન ન થવાથી દેહ દુનિયા અને દરજ્જો ગુમાવવાની શક્યતા ઊભી થાય છે. ત્યારે માનવ કે પ્રાણી જીવન લાચાર મજબૂર મદહોશ દુન્યવી ભાવોથી યુક્ત બને છે. દેવાનું શું થયું ? શું થાય ધર્મ અને આધ્યાત્મિકતાના પ્રબળ અંશો સુશુપ્ત રીતે જ્યા પડેલા હોય એને કુદરત સંભાળી લે છે. ભણતરની સાથે સાથે સામાજિક, ધાર્મિક વ્યવહારિક કક્ષાઓ અને કસોટીઓએ શારીરિક માનસીક રીતે તૈયાર થવાની કેળવણી મળી કે શિખવા મળ્યું શરમ ઓછી થતા ભાષા ખુલી વિચારોની વ્યક્તતા ખીલી.





# પ્રકરણ : ૨
# નોકરીના અન્ય અનુભવો

(૭) ૧૯૭૦ નાં જાન્યુઆરીની ૭ મી તારીખે ભારત સરકારના હસ્તકની આર્થિક તથા ઔદ્યોગિક સર્વેક્ષણ ખાતામાં અન્વેષક તરીકે નોકરી મળી બે મહીના વડોદરા અને અમદાવાદમાં ટ્રેનિંગ લીધા પછી ભાવનગર ખાતે નિમણૂક કરવામાં આવી. ભાવનગર એચ.બી.જોષી. નામના ઈન્સ્પેક્ટરની હાથ નીચે નોકરી શરૂ કરી. ત્યાં પછાત વર્ગના કર્મચારી તરીકે હું એક જ હતો. બીજા અન્વેષકોમાં શ્રી સી.જી. કોલી આદિમજાતિ સમાજમાંથી અને રમેશ પુરોહિત બી.બી.સોલંકી વિગેરે બ્રાહ્મણ અને રજપૂત સમાજના હતા. પરંતુ ઉપરોક્ત લોકોની સાથે એકદમ સેટ થઈ. જવાથી નોકરીમાં મઝા આવી. એ પછી એમ.પી. ભાવસાર કરીને નવા ઈન્સ્પેક્ટર આવ્યા તેમની સાથે પણ મઝા આવી પરંતુ તેમની બદલી થતાં પોપટલાલ જાડાવાલા કરીને બીજા નિરીક્ષક આવ્યા લગભગ ૧૯૭૧ ઓક્ટોબર.

ભાવનગરની નોકરીનું અઠવાડીયું થયેલુ તે સમયે હિંમતભાઈ જોષી અમારા સાહેબ પ્રથમ કાર્યક્રમ આપેલો ગામડામાં એસ.ઈ. સર્વેનો તળાજા તાલુકાનું ગામ માનપુર ગામમાં વસ્તી મોટાભાગે પટેલોની પછાત વર્ગના કર્મચારી તરીકે ગ્રામ પંચાયતમાં તળાટીના મહેમાન તરીકે રહેવાનું કાર્યક્રમ પ્રમાણે જવાનું જ હતું. કારણ કે એકદમ નવી નોકરી અને તે

કામમાં સુપરવીઝન માટે અમદાવાદથી સાહેબ આવે. અમદાવાદથી સાહેબ આવવાના છે. તેનો મોટો હાઉ. અન્વેષક તરીકે ગભરાટ ખરો. હિંમત પણ ખરી પરંતુ ગામમાં પહોચતા જાણવા મળ્યું કે તળાટી બે દિવસ નથી આવવાના. પંચાયત કચેરીની ચાવી તેમની પાસે છે. તળાટીના રેકર્ડની કે તેમની મદદની આ કામ માટે કોઇ ખાસ જરૂર નહોતી. કામ ગામની વસ્તીના સર્વેનું હતું. એથી કામની મુશ્કેલી નહોતી, રહેવાની મુશ્કેલી હતી. મોહન પટેલ નામના માણસે એમના ઘેર રહેવાનું કહ્યું. પરંતુ પ્રથમ પૂછી લીધું સાહેબ ! તમારુ દૂધ શું છે ? આ જ મુશ્કેલી કાઠીયાવાડમાં દલિત સમાજના કર્મચારીને પડે છે. પરંતુ મેં હિંમત રાખી જવાબ આપ્યો. પટેલ હું વૈષ્યવ સંપ્રદાયનો સાધુ છું. બસ પછી કોઇ લાબી પૂછપરછ થઇ નહીં. પછી તો સાંજે નવરા પડતા બીજા પટેલો ભેગા થયા. અને મારી હિલચાલ, રહેણી કહેણી ભાષાનુ નિરીક્ષણ કરતા હોય તેમ કુતુહલવશ જોવા લાગ્યા. ત્યાં સુધીમા મોહનભાઈએ કહ્યું “બાપુ નહાવાનું પાણી ગરમ કરીએ, કે ઠંડુ ચાલશે ? કુતુહલતાને ધ્યાનમાં લઇ જવાબ આપ્યો. ઠંડુ ચાલશે અને તે લોકોને ધ્યાન બહાર કરી નાહવા ગયો. તે લોકો મારા નાહીને આવવાની રાહ જોઇને બેઠા હતા. પરંતુ લોકોને કાંઇ પૂછવાની તક મળે એ પહેલા જ મેં કહ્યું પટેલ ! મારે નાહીને તરત પૂજા કરવી પડે છે.

મોહનભાઇ બોલ્યા સાહેબ મારા મકાનમાં જ રામજી ભગવાનની મૂર્તિ છે અને મંદિર પણ છે. હું ઝટપટ જઇને પૂજામાં બેઠો, એક આરતી બોલી આંખો મીચી પાંચ મીનીટ ભગવાનનું નામ લીધું. બધા કુતુહલ વશ ઘરમાં આવીને પણ જોતા હતા સાંજે સતસંગ કર્યો. પછી તો નટુબાપુ રામાનંદી સાધુ તરીકે એક અધિકારી તરીકે જાહેર થઇ ગયા. ચાર પાંચ દિવસ પટેલો અને બ્રાહ્મણોની વસ્તીમાં રામાનંદી જગાધારી સાધુ એટલે નાગર બ્રાહ્મણની કક્ષામાં ગણાય. સાંજે ભજન, આરતી સતસંગ થાય સવાર





સાંજ મીઠાઇ અને પકવાન સાથે બાપુનું જમવાનું થાય અને ચાર પાંચ દિવસ પૂરા થયા. કામપુરુ થયા, સાથે સાથે કાર્યક્રમ પ્રમાણે ગામમાં રોકાવાની અવધિ પણ પુરી થઇ. ગામમાંથી નિકળવા તૈયાર થયા લોકો બસ સ્ટેશન સુધી બિસ્તરો ઉપાડી મૂકવા આવ્યા. મારા ઉપરી સાહેબ સામા મળ્યા, અને કહ્યું હું તમારા કામની તપાસ માટે આવ્યો છું.

મને ચિંતા પેઠી હમણા સાહેબ મને મકવાણા તરીકે સંબોધશે તો મારી પોલ ખુલી જશે. પરંતુ ઘણાના નિરીક્ષણ કરનારા સાહેબે અટકથી નહિ નામથી સંબોધન કર્યું અને તરત જ હાજર ગામ લોકોએ કહ્યું “સાહેબ! તો ચાર પાંચ દિવસથી ગામમાં જ છે. બાપુએ ભજન સતસંગમાં ઘણી મજા કરાવી. સાહેબ સમજી ગયા બસ સ્ટેન્ડ પર જ ટેબલ વર્ક તપાસી લીધું અને હાજર બે જણા જે નીરીક્ષણ કાર્યમાં નક્કી થયેલા તેમને પ્રશ્નો પૂછી લીધા અમો આનંદભેર ગામ છોડી ભાવનગર આવી ગયા. રસ્તામાં સાહેબે પૂછ્યું.

આ સતસંગ ભજન બાપુ આ બધું શું છે ? મે માંડીને બધી વાત કરી, બસ પછી તો લોકલ કચેરીએથી કે અમદાવાદથી આવતા તમામ અધિકારીઓ નામથી સંબોધન કરે મને નોકરીમાં નહાવા ધોવાની પૂજાની અને સંતસંગથી પ્રવૃત્તિને કારણે કોમવાદી પછાતપણુ મુશ્કેલી ઊભી નહી કરે એવું લાગતુ અને એ પ્રમાણે નોકરી આગળ ધપતી ચાલી અને અનુભવ પણ આગળ વધતો ચાલ્યો.

(૮)

દિવસ ઉતરતા શિયાળાનો, કુકાવાવ તાલુકાના ખારી નામના ગામમાં કામ કરવા ગયેલો, જોષી સાહેબ અધિકારી તરીકે નીરીક્ષણ માટે આવવાના હતા. આગળના ગામનું કામ પુરુ કરીને બપોરના ખારી ગામ પહોંચ્યો. ખાઇ પરવારી કામ શરૂ કર્યું. અને કેમ જાણે એકાએક ત્રણ

વાગ્યાના અરસામાં તાવ આવી ગયો. તાવ વધતો જ ગયો. સાંજે જમવાનું બંધ રાખ્યું. બે દિવસનું કામ થયેલુ નહિ. બીજા દિવસે સવારે ભૂખ્યા પેટે કામ કરવાની હિંમત કરી, સાહેબ આવવાની બીકે કામ તો ન થઇ શક્યું. કારણ શરદી, તાવ અને ભૂખના કારણે અશક્તિના કારણે દશવાગે પંચાયત કચેરીના એક ઓરડામાં પથારીમાં પડ્યો. ઊંઘી ગયો. અને બરોબર બાર વાગે જોષી સાહેબ આવ્યા. પટાવાળાને પૂછ્યું કોણ સુતુ છે ! સાહેબ ! ભાવનગરથી આવેલા સાહેબ સુતા છે. તાવ આવ્યો છે. કાલ રાતનું ખાધુ નથી. અત્યારમાંયે ખાધુ નથી, બસ ! આ તો જોષીસાહેબ મને ઉઠાડ્યો અને હાથપગ મોં ધોઇ જમવા માટે આગ્રહ કર્યો. મારા ના કહેવા છતા દાળ, ભાત, શાક, રોટલી, આગ્રહ કરીને પુષ્કળ જમાડ્યો અને ઉપર ગામડાની ઘરેલુ ભેંસની તાજી છાશ તાંસળુ ભરીને પીવડાવી અને પછી સુવાડી દીધો, બરાબર ચાર વાગે જાગવાનું કહ્યું કારણ કે બે કિલોમીટર છેટે ખારીના રેલ્વે સ્ટેશનથીપાંચ વાગ્યાની ગાડી પકડીને હરિપુરા ગામ ઉતરી ભેરીયાનેશ જવાનું હતું. ચાર વાગે સાહેબે જ મને ઉઠાડ્યો તાવ ઉતરી ગયેલો શરીરમાં સ્ફૂર્તિ આવેલી મારુ બાકીનું તમામ કામ જોષી સાહેબે પૂરુ કરી નાખેલું. એ એમનું નિરીક્ષણ કાર્ય આવા હતા જોષી હિંમતભાઇ, ચાર વાગ્યા પછી તરત અમો ખારી રેલ્વે સ્ટેશન પહોંચી. પાંચની ગાડીમાં ચડી લગભગ ૬-૩૦ ની આજુબાજુ ગાડીમાંથી ઉતર્યા.

(૯)

હરિપુરા ગામમાં પહોંચ્યા, ગામમાં અંધારુ પંચાયતનું ઠેકાણુ નહિ. સરપંચ દરબાર જમવાની સગવડ ના થઇ, ભૂખ્યા પડી રહેવાનું થયું. જોષી સાહેબ પાસે થોડા ખાખરા બચ્યા હતા તે ખાધા.પછી સુઇ ગયા. સવારમાં આઠ વાગે ભેરીયાનેશ જવાનું. સરપંચને ત્યાં સવારમાં ચા પીધી પરંતુ





નાસ્તો ના થયો. ભેરીયાનેશ ત્યાંથી ત્રણ કિ.મી.દૂર પરંતુ આજુબાજુ ૬૦ સિંહોની વસ્તી. સાપ અને અન્ય જંગલી અને ઝેરી પ્રાણીઓની પણ બીક, તે ગામ સુધી કોઇ આવવા તૈયાર નહી. બધા ડરે. દરબાર સરપંચને વાત કરી. તેમણે કહ્યું ‘‘સાહેબ ! માલધારીઓના સાત આઠ ઝૂંપડા છે ત્યાં જઇને શું કરશો ? કોઇ તમારી સાથે આવશે નહીં. તમારે એકલા જ જવું પડશે જોષી સાહેબ મૂળ અનુભવી અને હોશિયાર પણ ખરા જ મૂળભૂત નાગર બ્રાહ્મણ.

દરબાર સરપંચને કહ્યું કે જંગલમાં અમૂક જમીન ખેડૂતોની છે અને જંગલખાતાવાળાઓએ તે દબાણમાં લઇ લીધી છે. તે ગામના સીમાડાની આજુબાજુ તમારા ગામના અમુક ખેડૂતોની પણ જમીન હોય તેવું અમારી તપાસમાં કે રેકર્ડમાં બોલે છે. આ તો દરબાર, જંગલ ખાતાની જમીન આ દરબારે પહેલા દબાવેલી જે જંગલ ખાતાએ પાછી લઇ લીધેલી અને જંગલના વિસ્તારમાં ભેળવી દીધેલી. અમારુ કામ થઇ ગયું. દરબાર સાથે જ આવ્યા. ભેરીયાનેશનું સર્વે કરી પાછા ફરતા દરબારે આંગળીના ઈશારે તેની દબાયેલી જમીનનો વિસ્તાર બતાવ્યો. પછી આગ્રહપૂર્વક હરિપુરા તેના ઘેર લઇ જઇ શીરો, શાક રોટલી, ખીચડી ચોખ્ખા થી પીરસી બરોબર ૧ વાગે જમાડ્યા, પછી જોષી સાહેબને સમયસર તેમની જમીન તેમને સુપ્રત કરવા ભલામણ કરી અને બે ટંકની ભૂખ મટાડી બીજા ગામ માટે રવાના થયા. દરબારની જમીનને અને અમારે શું ? બ્રાહ્મણ અને સાધુ બંન્ને ભૂખ્યા યુક્તિ કરી જમવાનું મેળવ્યુ ઉના પહોંચી નાહી ધોઇ રાત રહ્યા અને માત્ર નાસ્તો કરી સુઇ ગયા.

(૧૦) ત્યાંથી ઉના તાલુકાના ઇંટવાયા ગામનો કાર્યક્રમ, ઇંટવાયા ઉનાથી સવારે આઠ વાગ્યાની ગાડીમાં જવાનું સવારમાં વહેલા ઊઠી ઇંટવાયા માટે

ગાંડી પકડવાની ઇંટવાયા સ્ટેશનથી ગામ ૫ કિ.મીટરના અંતરે આગલા દિવસે બપોરે દબાવીને જમેલા એટલે ખોરાક પચે તે માટે સાહેબે રાત્રે ખાધુ જ નહિ અને મેં પણ શરીર નરમ હોવાને કારણે નાસ્તો જ કર્યો હતો સવારની ગાડી પકડી જવાની ઉતાવળમાં નાસ્તો કર્યા વગર જોષી સાહેબે થોડા ફાફડાનું પડીકું બંધાવ્યું. ઇંટવાયા પહોંચતા બાર તો વાગી જ જાય તો રસ્તામાં સ્ટેશનથી ઉતરીને ચાલતા કોઇ જગાએ પાણી પીવાની સગવડ જેવું લાગે ત્યાં નાસ્તો કરાય એ ગણત્રી. શરૂ થતાં ઉનાળાના ૧૦ વાગે ઇંટવાયા સ્ટેશને ઉતર્યા અને ધીમે ધીમે ચાલતા ૧૧ વાગે બે અઢી કિ.મી. ચાલ્યા પછી જોષી સાહેબ લીધેલુ નાસ્તાનું પડીકું કાઢી એક ઝાડના છાયે નાસ્તો કરવા બેઠા સામે વાડી હતી ત્યાંથી નાસ્તો કર્યા પછી પાણી પીશું. પછી ઇંટવાયા જઇશું અને ત્યાં પડીકુ ખોલી નાસ્તા માટે એક જ ભાવ ભર્યો ત્યાં બરાબર અમારી બેઠકની ઉપર ઝાડ પર બેઠેલો કાગડો અમારા નાસ્તા ઉપર જ ચરક્યો. હવે શું ! નાસ્તો તેના માટે જ પડતો મૂકી બાકીના ત્રણ કિ.મી. ચાલતા બારવાગે ગામમાં પહોંચ્યા. સરપંચ કોળી પટેલ કોઇ વ્યવસ્થા નહીં. જમવાનું પૂછ્યું જ નહીં. અમે સામેથી કહ્યુંતો જવાબ આપ્યો આજે જેમના ઘેર સરકારી અધિકારીઓનું જમવાનું થાય છે. તે શેઠના ઘેર કોઇ નથી. અમે અમારુ કામ પતાવી ત્રણવાગે નિકળ્યા ત્યારે જે શેઠના ઘેર કોઇ નથી એવા સમાચાર આપનાર જુઠા સરપંચની વાત શેઠના ઘેર પહોંચી અને એ તાત્કાલિક ઓફીસે આવ્યા. સાહેબ હમણા એકવાગે જ મહેમાન આવ્યા હતા. એટલે જમવાનું તૈયાર છે સરપંચે ખોટુ કહ્યું આજે મહેમાન આવ્યા હોવાથી બધા ઘેર જ છીએ. તો જમવા પધારો જમવાનું તાજુ જ છે. સ્ટોક પૂરનો છે ચિન્તા ના કરશો અને અમને જમાડીને ૪ વાગે મોટર સાયકલ પર ઇંટવાયા રેલ્વે સ્ટેશને મુકી ગયા. ત્યાંથી ૪ ની ગાડી પકડી ૫-૩૦ વાગે ઉનાથી એક્સપ્રેસ બસમાં ૯-૩૦ વાગે ભાવનગર પહોંચ્યા.





(૧૧)

ધારી તાલુકાનું ગામ અમૃતસર ઠીકરીયા, બસ સ્ટેન્ડથી માંડ અડધો કિ.મી. જેટલું છેટુ એક સાંજના છ એક વાગે સરકારી ફરજ માટે સર્વે માટે ત્યાં જવાનું થયું. ઉતરતા શિયાળાનો દિવસ. સૂરજ અસ્થાચળે બેસવાનો સમય, ગામના એક જણનો સંગાથ ગામમાં તો પહોંચી ગયો. પરંતુ, હું તો છેક ગામની ભાગોળે આવી ચૂક્યો હતો. દીપડો છેક ભાગોળે એક પાડીનો શિકાર કરી, શિકાર સાથે પાછો ફરી કોઇ વાડીમાં ભરાય ગયો. સરપંચના ઘેર જમવાનું અને સુવાની વ્યવસ્થા કરવામાં આવી. સરપંચે કહ્યું સાહેબ ! કોઇ પણ સમયે ધારીથી બીજા મુસાફરો અમૃતપરના ન હોય તો કોઇ સાહસ કરીને એકલા અમૃતપર ઊતરવું નહીં કારણ કે બસ સ્ટેન્ડથી માંડ બસો જ પગલા છેટુ દીપડાનું રહેઠાણ છે. અમે લોકો પણ એકલ દોકલ નથી આવતા ત્યારે ધ્યાન રાખવું ત્યાં જ સમાચાર આવ્યા કે એ દિપડો સાહેબ અને એમના સાથીદારની પાછળ ભાગ્યો હતો. પરંતુ ગામ આવતા પાછો વળી ગયો. અને પાછા ફરતા પાડીનું મારણ કરીને પાછો વળી ગયો હતો. સરપંચે કહ્યું "સાહેબ સિંહ, વાઘનો, વિશ્વાસ રખાય દિપડા, ચિત્તાનો વિશ્વાસ ન રખાય એ બંન્ને ખંધા અને લુચ્ચા પ્રાણી છે છેક ઘર સુધી તે શિકારને છોડતા નથી. આ તો ગામ આવી ગયું બુમાબુમ થઇ એથી પાછો ફરી ગયો વળી એને છેક પાદરમાંથી પાડીનો શિકાર મળી ગયો વત્તા તમારા નસીબ જોર કરતા હશે કુદરત તમારો બચાવ કરવા માંગતી હશે. આમ દેવ એક વખત દિપડાનો શિકાર બનતા બચી ગયો.

(૧૨)

ચિત્રોડ તળાટીને અગાઉથી કાર્યક્રમની જાણ કરીને સાસણ નજીક ચિત્રોડ ગામનું સર્વે કરવાનુ. રેલ્વે સ્ટેશન સાસણગીર, માર્ચ મહીનાનો

ઉનાળો તાપ થઇ ગયેલો ગાડીએ ૧૧ વાગે સાસણ ઉતાર્યો ચિત્રોડ સાસણથી ૩ કી.મી. પગપાળા ચાલતા જવાનું પરંતુ આગળથી તળાટીને જાણ કરવાને કારણે તળાટીએ ૨૦ વર્ષના એક છોકરાને મારી સામે મને લેવા ચિત્રોડ રેલ્વે સ્ટેશને મોકલેલો એની પાસે સાયકલ હતી. મને લેવા સાસણ મોકલેલા છોકરાએ મર્યાદીત મુસાફરોમાં મને ઓળખી કાઢ્યો તમે જ જુનાગઢથી આવવાના હતા તે સાહેબ છો ! મે હા કહ્યું. મેં કહ્યું મારે ચિત્રોડ જવું છે તાપ છે. જંગલ છે. અને હું એકલો છું. છોકરાએ કહ્યું અરે ! સાહેબ એટલે તો તળાટીએ મને તમારી સામે મોકલ્યો છે. મારી સાયકલ પર પાછળ બેસી જાવ. આપણે બે જણ દશપંદર મીનીટમાં ગામમાં પહોંચી જઇશું. એકાદ કિ.મીટર સાસણથી સપાટ મેદાન પર સાયકલ ચાલી પછી નીચે રસ્તો થોડામાં બંધ થઇ ગયો. છોકરાએ સાયકલ રેલ્વેના પાટાની બાજુ પર ઊચી પગથી પરના રસ્તે ચડાવી. અને સાયકલ પર બેસી દેવ પાછલી સીટ પર બેસી મુસાફરી કરી રહ્યો હતો. છોકરાએ એકાએક સાયકલ ઊભી રાખી મને સાયકલ ઉપરથી ઉતરી જવાનું કહ્યું. હું ઉતરી ગયો. એણે એના મોં આગળ સાયકલ હાથમાં પકડી. મને એની પાછળ રહેવાનું જણાવ્યું. માંડ અડધી મીનીટમાં ફરીથી સાયકલ તેણે કેડી પર મુકી મને એકાએક સાયકલ પર બેસી જવાનું કહી સાયકલ મારી મુકી ગામની નજીક જઇને મને જણાવ્યું, “સાહેબ આપણે બચી ગયાં” મેં કહ્યું શું થયું ? સાહેબ આપણી પર સિંહણ તરપી હતી. એટલે મે. તમને ઉતારી મૂક્યા હતા તો પછી તે મને કહ્યું કેમ નહિ “સાહેબ” તમે આ જંગલથી અજાણ્યા તમને તાત્કાલિક કે એ સમયે એવી વાત કરી હોત તો મારે તમને સાચવવાના જ મુશ્કેલ થઈ જાત, અમારે તો રાત દિ જંગલમાં જ રહેવાનું અને ફરવાનું આવા સમયે શું કરવું એ બાબત અમને ખ્યાલ હોય . સિંહણ કદાચ ઊંચે સુધી આવી હોત તો સાયકલ ઉપર એ આવે કે તેને ઝીલીને તેનો હુમલો નિષ્ફળ બનાવી શકાય



તેમ હોય છે. પાછી સાયકલ લોખંડની એટલે એના વજનના મારથી પણ તે પાછી પડે. વળી મારી પાસે બાકસ અને સાયકલની સીટ નીચે લુગડાના ગાભા છે તેને સળગાવી સિંહણને તો શું ! સિંહને પણ ભગાડી શકાય તો પછી સિંહણ કુદી કેમ ? અને પાછી કેમ ગઇ ? સિંહણ બચ્ચા સાથે નાળા નીચે આરામ કરતી હશે. આપણી સાયકલનો અવાજ સાંભળી બચ્ચા બહાર નિકળ્યા. અને બચ્ચાના બચાવ માટે સિંહણ પણ એની પાછળ જ બહાર આવી. અને આપણને જોયા અને કુદકો માર્યો પણ દશથી બાર ફૂટ ઊંચી રેલ્વે લાઇન પર આવતા પહેલાં જ બચ્ચા તરત જ નાળામાં ચાલ્યા ગયા એટલે સિંહણને બચ્ચાની ચિન્તા હોવાથી બચ્ચાની પાછળ પાછળ તરત જ એ નાળામાં ચાલી ગઇ. એથી આપણી પર કુદેલી સિંહણનો હુમલો આપણી સુધી ન આવ્યો. અને આપણે બચી ગયા. અને છોકરાનો તળાટીનો અને સરપંચનો આભાર માની રાત્રે આરામ કરવા છુટા પડ્યા. દિવસે કામ પતી ગયુ હતું.

પરંતુ રાત્રે પંચાયત ઘરમાં જ સુવાનું હતું જાળીવાળું પાકું મકાન અને ઓસરીને મજબૂત લોખંડની જાળી છતાં સરપંચે રાતના એકી પાણી માટે ઓસરીમાં ન આવવું રૂમમાં મોરી છે ત્યાં જ બાથરૂપ કરી પાણી રેડી દેવું એવું ખાસ સૂચન કરેલુ. જોકે જોડે પટાવાળાભાઇ રૂમમાં જ સુતા હતા. રાતના દશેક વાગ્યા પછી જંગલી જાનવરની ત્રાડ સંભળાય. પટાવાળા ભાઇએ કહ્યું, “સાહેબ” ગભરાતા તો નથી ને ? મેં કહ્યું મજબૂત જાળી મજબૂત બારણા એની યે મજબૂત જાળી વળી આપણે તોરૂમમાં છીએ. વળી તમારી જેવો હિંમતવાન જુવાન અને અનુભવી માણસ મારી પાસે છે. હું એકલો ક્યાં છુ તે મને બીક લાગે બીક શાની ? પરંતુ અવાજ એકદમ નજીક આવ્યો. સિંહોની ભયાનક ત્રાડો અને ઘુઘવાટ પંચાયત ઘરના મેદાનમાં

બઘડાટી બોલાવવા લાગ્યા. સાથીદાર હિંમતવાળો અને અનુભવી હતો એટલે ચિંતા નહોતી. આખી રાત ઊંઘ ન આવી પરંતુ એક અનુભવ જે સાવ નજીકથી સિંહોની ઘુઘવાટ અને ત્રાડો જીવનમાં પ્રથમ વખત થયો જે અનુભવ ગભરાટ સાથે આનંદ સાથે માણ્યો.

(૧૩)

ભાવસાર કરીને નિરીક્ષક ગયા પછી પી.એલ. જાડાવાલા કરીને એક રૂઢિચુસ્ત, જડ, વ્યક્તિ ઇન્સ્પેક્ટર તરીકે આવી. ચુસ્ત કોમવાદી અને સામાન્ય રીતે દલિત સમાજના કર્મચારી માટે સંપૂર્ણ અને ભયંકર ત્રાસવાદી ગણાતા. પોતાને રાષ્ટ્રવાદી કહેવડાવતા સવર્ણ સમાજથી સંયોજીત થયેલા. ૧)આર.એસ.એસ એટલે રાષ્ટ્રિય સ્વયં સેવક સંઘ ૨)વિશ્વ હિન્દુ પરિષદ, ૩)જનસંઘ, ૪) થોડે ઘણે અંસે શિવસેના તથા બજરંગદળ.

દેશ પર આંતર રાષ્ટ્રિય પરદેશી પ્રજા આ દેશ, સમાજ કે ધર્મ પર ખતરો ઊભો ન કરે તે માટેના સંરક્ષણ કરવા માટેના આયોજન બદ્ધ સંગઠનોની એક ઘટમાળ કે જે ધર્મ નીતિ સમાજ અને દેશને જાળવીને રક્ષણ માટે પ્રયત્ન કરે. પરંતુ આ સંગઠનોની ભયાનકતા અને સંકુચિતતા એટલી હલકટ છે કે દેશ કે અમે અમારા ધર્મસ્થાનો. સમાજ અન્ય કોઇ દેશની સત્તા ધર્મના નેજા તળે ન આવીએ, ગુલામ ન બનીએ, એવી પોતાની ઉજળીયાન કોમની વિચારણાઓ વાળા આ સંગઠનો પોતાના જ દેશના ધર્મના હિન્દુઓને મૂળ નિવાસી હિન્દુઓને આર્થિક સામાજિક ધાર્મિક રીતે છેહ દઇને તેમના જ આર્થિક સામાજિક દરજ્જાને લુંટી. દબાવી કચડી, પછાત બનાવી તેમના જ દેશ બાંધવો ધર્મબાંધવોને કેટલો અન્યાય કે અત્યાચાર કરે છે. એ તો જેને વિત્યુ હોય તે જાણે. પોતાના આર્થિક, સત્તાકીય સામ્રાજ્યથી હત પ્રભ બનાવી ચૂકેલા આવા સંગઠનો પોતાને દેશપ્રેમી, દેશભક્ત, ધર્મ રક્ષક સમાજ રક્ષક





કહેવડાવીને સામાન્ય રીતે તેમણે ડરાવી દીધેલ કોમને માટે કેટલો અન્યાય, અત્યાચાર, દુરાચાર, ભ્રષ્ટાચારી વ્યવહાર આ સંગઠનોએ કર્યો છે જેનો ત્રાસ હજીએ ઓછો થયો નથી. ખાનગી નોકરી ધંધામાં તો તેમના પૈસા અને સંગઠનના જોરે જોરહુકમી, શોષણ કરે જ છે પરંતુ સરકારી નોકરી કે સંસ્થાઓમાં નોકરી આપવામાં, નોકરી મળી હોય તો તેમાં તેમને દલિત સમાજના માણસોને ઘેર બેસાડવાની, નોકરીમાં બીન જરૂરી ત્રાસ આપવાની અન્ય લોકો કરતા કામ સારુ કર્યું હોય તોયે કામમાં ભૂલોકાઢી સી.આર. બગાડવાની પ્રમોશન ન આપવાની કુટીલનિતી અખત્યાર કરી દલિત કોમના સભ્યોને ભયાનક ત્રાસ, અન્યાય કરે છે કરતા જ રહેશે કારણ કે એમાં જ એમની બહાદૂરી છે. આ કાંઇ સીમા ઉપર જઇને દુશ્મનોને શિકસ્ત આપતા સંગઠનો નથી.

૧૦મી સદીમાં આવેલા મુસ્લીમોએ હિન્દુસ્તાનના આ કહેવાતા રક્ષકોને હિન્દુ ધર્મના પાર્શદોને કચડીને તેમને ભ્રષ્ટ બનાવી. ધર્મ પરિવર્તન કરાવીને જે કર્યું તેમાંથી આ વિશ્વહિન્દુત્ત્વ વાદીઓએ કોઇ બોધ પાઠ ન લીધો. મૂર્ખ સ્વાર્થી. દંભી. દગાબાજ હિન્દુ સંગઠનો સત્તા લોલુપત્તા સંપત્તિની પાછળ દોડતા સત્ય સંશોધનમાં પાછળ જ રહ્યા અને ૧૬ મી સદીમાં આવેલી અંગ્રેજ પ્રજા જેવી વલંદા ફ્રેન્ચ, જર્મન અને સર્વશક્તિમાન અંગ્રેજ પ્રજા અને સત્તાધિશોએ તેમના ખોબા જેટલા દેશની ખુબી ભરી સમાજ વ્યવસ્થાને કારણે તેનાથી દશ ઘણા મોટા ભારત દેશ પર ૩૫૦ વર્ષ સત્તા કરી જ કરી. પરંતુ વિશ્વ પર તેણે રાજ કર્યું કારણ કે ત્યાં કોમવાદી પરિબળો અને ઝેરનો અભાવ છે. અહીંયા હજીપણ કોમવાદની ભયંકર બિમારી ચાલુ જ છે. મુસ્લીમ સત્તા અંગ્રેજ સત્તાના અનુભવોમાંથી પણ હિન્દુસ્તાનના કોમવાદી સવર્ણોમાં કોઇ જ પાઠ શિખવાની, લેવાની, ક્યારેય

ખેવના નથી કરી, કરશે પણ નહિ.

ઉજળિયાત સમાજના હિન્દુત્વવાદીઓની પાસે કેવા વજુદ વગરના બહાના છે. તેમના ધંધા અસ્પૃશ્ય છે. તેમના રહેઠાણો ગંદા છે. તેમના ખોરાક પાણી પણ ગંદા છે. જે હિન્દુત્વવાદીઓએ એમના જ ભાઇઓને લુંટી લઇ ધંધા વિહોણા રક્ષણ વિહોણા મજબૂર બનાવી દઇ છેવટે સમાજ વિહોણા પછાત બનાવી દીધા હોય તેવા હિન્દુઓ, માંસાહાર કરતા કે નશાયુક્ત વ્યસનોથી ઘેરાયેલા આ સમાજ માટે તેમને ન અડાય તેમની સાથે ન બેસાય તેવું રજુ કરી તેમનો સામાજિક બહિષ્કારની પરિસ્થિતિ પર મૂકી દેતા સહેજ પણ લાજ શરમ કે કરુણા ન આવી તે લોકોના ધંધા, રોજગાર, હક્ક અધિકાર છિનવાય ગયા પછી તેમની પરિસ્થિતિ કેટલી કરુણ હોય આ દલિત હિન્દુઓની આભડછેડ રખાય જ્યારે પરધર્મી એવા મુસ્લીમ સમાજના માથાભારે, સખ્શો માંસાહાર કરેલા બેફામ નશો કરેલા લોકો એમની મરજી પ્રમાણે બ્રાહ્મણ વાણિયા, દરબાર કે પટેલના ઘરમાં વગર રોકટોકે જાય જઇ શકે તેમને કોઇનાથી રોકાય પણ નહિ. રોકવામાં આવે તો મોત બે ઇજ્જતી અને ખુવારીનો ભય સતત રહ્યા જ કરે આ વખતે એમનો ધર્મ ઉજળિયાતપણુ સ્વચ્છતા, મોટાપણું બહાદુરી ક્યાં ગુમ થઇ જતું હશે. આ બાબત હજારો વર્ષોથી ચાલી આવતી આવી સમાજ વ્યવસ્થામાં કોઇ પરિવર્તન આવતું નથી એ સમજાતુ નથી એથી તો દેશ બબ્બે વખત ગુલામ બન્યો છે. જેણે દેશને ગુલામ બનાવ્યો હતો તે બધા વિધર્મી, માંસાહારી, નશાવાળા જ સમાજના માણસો હતા. હજીએ આ પોતાની જાતને હિન્દુતત્ત્વવાદીઓ કહેનારાના વ્યવહાર વર્તનમાં પરિવર્તન સુધારો નહી થાય તો દેશ ફરીથી ગુલામ બને જ કારણ કે પહેલા દલિત કે અસ્પૃશ્ય તરીકે જીવતી પ્રજાને મજબૂર બનાવી એને પશુઓથીયે બદતર જીવન આપનાર આ દેશના પોતાને ઉજળિયાત ગણાવતા માનતા લોકો માટે દલિતોને ધૃણા તો હતી જ કે અમને સામાજિક



આર્થિક અન્યાય થયો છે કર્યો છે આ દેશમાં હિન્દુઓ રાજ કરે કે સત્તા ભોગવે કે બીજી પ્રજા રાજ કરે કે સત્તા ભોગવે અમારે માટે દલિત પ્રજા તરીકે જ જીવવાનું અન્યાય, અત્યાચાર, દુરાચાર સહન કરવાના એથી દેશની સ્વાતંત્રતા માટેના યજ્ઞમાં એ જોડાય?

હવે દલિત કોમમાં ભણતરથી જાગૃતી આવી છે થોડાક આર્થિક રીતે ધંધાપાણીથી સુખી થયા છે. આઝાદી પછી અને દલિત સમાજના મસીહા તરીકે આંબડકરે આપેલા ભોગ બલિદાનના કારણે થોડા વ્યવસ્થિત થયા ત્યાં આ રાષ્ટ્રવાદીઓનો મહોરો પહેરીને ફરતા આર.એસ એસ. વિશ્વહિન્દુ પરિષદ, જનસંઘ, બજરંગદળ, શિવસેના જેવા કોમી સંગઠનો ચોમાસામાં ફૂટી નિકળતા ગધેડા નામની વનસ્પરતિ કે બિલાડીના ટોપ જેવી વનસ્પતી જેવા સંગઠનો ફરીથી દલિતોને સો વર્ષ પહેલાના સમયમાં હતા તેવા બનાવી દેવા માગે છે.

હવે પછાત સમાજમાં લોકોમાં સુધારો થયો છે. એટલે એમને આવકારમાં કંઇ વાંધો નથી એવું કહેવાવાળા હિન્દુ સવર્ણો ખરેખર દંભ જ કરે છે અને તેઓના દંભની ભ્રમણામાં પછાત વર્ગોનો ભણેલો માણસ પોતાની જાતને સુધારવાદી સમાજે તેને આવકાર્યો છે તેવું માને છે તેવા મુર્ખાઇ ભરેલા વ્યવહારથી પોતાની જાતને સ્વામીનારાયણ સંપ્રદાય જૈન સંપ્રદાય વૈષ્ણવ સંપ્રદાય જેવામાં પ્રવેશીને મનઘડત અભિમાનમાં રાચે છે. તે સમાજનું શું ભલું કરી શકે; કે કરી શકશે.

૧૯૫૦ એટલે આઝાદી પછી ભારતીય રાજતંત્ર એમાં ખાસ મૂળભૂત કોંગ્રેસના કાર્યશીલ દેશભક્તો કે જેમણે દેશને માટે અહિંસક માર્ગે પણ ગોળીયો ખાઇ બલિદાનો આપ્યા છેતેવા તથા આંબેડકર જેવા પ્રચંડ બુદ્ધિશાળી વ્યક્તિત્વના અદ્‌ભૂત પ્રભાવસાળી કાયદાના પ્રખર જ્ઞાતા અને

દેશના જ દુનિયાના કચડાયેલા પણ કચડાયેલા દબાયેલા માનવો માટે અમેરિકાના મહામાનવ અબ્રાહ્મલિંકન જેવા અદ્વિતિય મહામાનવ કે જેમણે દુનિયાની ધનાઢ્ય એવી ગોરી પ્રજા તથા આરબો જેવો ઝનુની સત્તાધિશોનો પરવા કર્યા સિવાય દુનિયા ભરમાંથી ગુલામીની પ્રથાને કાયદાથી સત્તાથી સંપૂર્ણ રીતે નેસ્તાનાબુદ કરી નાખી આ જ બાબત ભારતના અબ્રાહ્મલિંકન મહામાનવ મહાત્મા આંબેડકરે દેશની કચડાયેલી દબાયેલી દલિત સમાજની પરિસ્થિતીનો ખ્યાલ આવ્યો. અરે, જેમ ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં ગોરાઓનો અનુભવ ટ્રેનમાંથી સામાન સાથે ફેંકાયા પછી કર્યો ત્યારે તેમને પણ એ મહેસૂસ તો થયું જ કે જે હિન્દુ સમાજમાં હિન્દુ તરીકે ગણાતા છતા ઉજળિયાત હિન્દુઓના ત્રાસ અન્યાયથી પિડાતા દલિત સમાજના માનવ જીવોનું દિલ કેવું દુભાતું હશે.

આ પણ ગાંધીજીનો ક્ષણિક આવેગ હતો. કારણ કે એમનું લક્ષ તો ગોરાઓના સામ્રાજ્યમાંથી દેશને સ્વતંત્રતા આપવાનું મૂળભૂત હેતુ હતો. કારણ કે સ્વતંત્રતા કહો તો તે કે સ્વછંદતા કહો તો તે હિન્દુસ્તાનના ઉજળિયાત સમાજને ખપતી તી બિચારા રાંકડા, દબાયેલા, અન્યાય પ્રાપ્ત કરી ચુકેલા અત્યાચારોથી, હિન્દુ સમાજથી ઉપેક્ષીત આ લોકોને સ્વતંત્રતાથી તો શું લાભ થાય તેમ હતો. એમને મન બે વર્ષનો નાનો બાળક ભાખડીએ ચાલતો હોય. તે સમયે સાપને રમકડુ સમજીને તેને રમાડવા માટે પકડવા જતો હોય તેવી અજ્ઞાનતા, અભાનતા.

આ તો આઝાદીની સાથે સાથે દલિતોના મસીહાનો ઉદય થયો. એણે ગાંધીજીને અને અન્ય કોંગ્રેસી જનોને સમજાવીને કહ્યું. તમને જ તમારી સામે થતો અન્યાય, અત્યાચાર જે ગોરી પ્રજા કે મુસ્લીમ સત્તાધિશો તરફથી ૬૦૦ વર્ષથી દેખાય છે. આ હજારો વર્ષથી તમારા જે હિન્દુઓ તરફથી દલિત





સમાજના હિન્દુઓને થતા અન્યાય, અત્યાચાર બિલકુલ દેખાતા જ નથી.

જોકે ગાંધીજી અને તેમના જ વિચારો સમજણવાળા અને તેમને અનુસરવા અન્ય કોંગ્રેસી કાર્યકરોને એ વાત સાચી લાગી પરંતુ હજારો વર્ષથી ઘર કરી ગયેલી જડતા જે અસ્પૃશ્યતા, ત્રાસવાદ, અન્યાય, હિન્દુસ્તાનના ઉજળિયાત તરીકે પોતાની જાતને માનવાવાળાનું મગજ ફેરવવું એમના દલિતો માટેના વાણી વર્તનમાં સુધારો લાવવો એ એટલો શક્ય નહોતો આ તો માનવનું લોહી ચાખી ગયેલા વાદા, દીપડા જેવા જંગલી, અત્યાચારી, માનવભક્ષી પશુઓ એમને કાયદાથી કે સમજાવટથી ન સુધારી શકાય એમને માટે તો ગોરી પ્રજાના બેફામ કાયદા, દંડનાત્મક તાકાત જ કામ આપે.

ગાંધીજીના દીલમાં એમના પોતાના સ્વઅનુભવને કારણે, બાબાસાહેબે આ વાત કાને ધરતા ઉપલક્ષી રીતે હિન્દુ સમાજમાં વ્યાપેલા આ ઝેરને દૂર કરવાની ઇચ્છા થઇ ખરી. પરંતુ બિચારા ગાંધીજી રાની પશુઓથી ભરપુર એવા જંગલમાં ચારો ચરવા અને ભૂલાપડેલા બકરીના બચ્ચા જેવા કોને આ દિલની લાગણીને સંભળાવે છેવટે વાઘના પાંજરા સાથે આવેલા આંબેડકરે સહકાર આપી સત્ય વાત કરી હે મહાત્માજી અમેરિકા જેવા વિશાળ અને શક્તિશાળી દેશ અને એના જેવા જ અનેક દેશો, ગોરી અરબી પ્રજાઓની સત્તાઓને સમજાવીને કાયદાથી જો અબ્રાહ્મલિંકન જેવા નેતા વિશ્વમાંથી ગુલામીની પ્રથાને બંધ કરાવી શકતા હોય તો તમારે તો ભારતમાં જ માત્ર અસ્પૃશ્યતાનો જ સફાયો કરવાનો છે. એમાં કોઇ હિન્દુઓને ગોરી કે અરબી પ્રજાની જેમ આર્થિક નુકશાન નથી થવાનું અને સત્યના રાહે તમે આ પગલુ ઘણું કરુણા સભર માનવતાવાદી પગલું ભર્યું ગણાશે. આંબેડકર અને ગાંધીજીના સંયુક્ત પ્રયાસમાં બાબાસાહેબે આ કાર્ય

માટે પોતાના દીન બંધુઓને યાતના કે અન્યાયમાંથી બચાવવા આગેવાની લીધી પરંતુ દરેકને આ કાર્ય રુચ્યું નહીં પરંતુ ગુલામી માંથી મુક્ત થવા માંગતા તકવાદી હિન્દુઓએ આ કાર્યનો ગાંધીજી સામે જાહેર વિરોધ ન કર્યો કારણ કે ગાંધીજીની અહિંસક આઝાદી લડત કુનેહ ભરી હતી અને તે જ આઝાદીની લડતમાં મુખ્ય સુત્રધાર હોવાને કારણે તકવાદી, સ્વાર્થી, ધર્માંધ હિન્દુઓ મનમાં ગાંઠવાળી ચૂપ રહ્યા અને આઝાદીની હવાની રાહ જોઇ રહ્યા.

દેશ આઝાદ થયો પરંતુ કટ્ટરવાદીઓએ ગાંધીજીને ગોળીએ દીધા એની પાછળના અનેક કારણોમાં ગાંધીજીએ દલિતોની પીડાને, અન્યાયને અત્યાચારને દૂર કરવા આંબેડકરના વિચારો, વાતો અને પ્રયત્નને સહકાર આપ્યો તે હતું. કોમવાદી તત્ત્વો જે ગાંધીજી જેવા સ્વતંત્રતાના દાતા ઊંચા સમાજના ગણાતા રાષ્ટ્રનેતાનું ખુન કરાવી શકતા હોય તો આંબેડકર તેમના માટે સામાન્ય હતા. અને તેમની પણ હત્યા તેમના પત્નિ દ્વારા ઝેર આપીને કરાવી નાખી.

હવે શું આર.એસ.એસ. જનસંઘ, વિશ્વહિન્દુ પરિષદ અને અન્ય આ બધા હવે સત્તાઓનો દોર દશપંદર વર્ષ સંભાળતા પૈસાની સગવડ અને સંગઠનીય શક્તિ મેળવ્યા પછી હવે પછીના સમયમાં આજથી ૫૦ વર્ષ પહેલા જે દલિતોની પરિસ્થિતી હતી એ કરવાના પ્રયત્નમાં લાગી ગયા છે. દલિતોનું ભવિષ્ય કોમવાદી તત્વોને કારણે મૂળભારતીયો તરીકે પણ ઉજળુ નથી જ એ ચોક્કસ.

છતાં પણ પેલી પંક્તિની જેમ જાયે તો જાયે કહાં દલિતોમાં સંગઠન નથી. આર્થિક શક્તિ, રાજકીય, પ્રતિભા નથી કે જેનાથી બાબા



સાહેબના સમયમાં પ્રભાવશીલ કુનેહ બાજ બુદ્ધિશાળી, રાજકીય, પ્રતિભા આર્થિકતાને પ્રાપ્ત કરવાની બધી જ બાબતો હોવા છતાં એ વખતે દલિસ્તાન વિચારણા એટલી સફળતાયુક્ત નિવડશે તેનો કોઇને વિશ્વાસ નહોતો હવે અત્યારે તો એ શક્ય જ નથી. કોઇ પ્રબળ નેતાગીરી નથી. દલિતોમાં પણ અનેક પેટાજ્ઞાતીઓને કારણે ભયાનક કોમવાદ છે જ માટે દલિતોને માટે પચાસ વર્ષ પહેલાના સંજોગો અને પરિસ્થિતિમાં જીવ્યા સિવાય છુટકો નથી કારણ કે હિન્દુસ્તાનના કોમવાદી તત્ત્વો એ પરિસ્થિતિ સર્જશે જ આ છે હિન્દુસ્તાનના દલિતોની દાસ્તાન અબ્રાહમ લિંકને દૂર કરાવેલી ગુલામી દુનિયામાં ફરીથી ક્યાંય દેખાશે નહિ પરંતુ હિન્દુસ્તાનના દલિતોની ગુલામી અન્યાય અને તેમની પર થતાં અત્યાચારને કોઇ દૂર કરી શકે તેમ નથી.

ઉપરોક્ત ઊજળિયાત કોમની ભ્રમણા વાણિયા, બ્રાહ્મણ, રજપૂત દરબારો જેવી પ્રથમ વર્ગમાં ગણાતી ઉજળીયાત કોમમાં ઓછી છે. પરંતુ સુથાર, લુહાર, પ્રજાપતિ, ભરવાડ, પટેલ, સોની રજપૂત જેવી મધ્યમ વર્ગની ઊજળિયાત કોમોમાં થોડી વધારે છે. એનાથીયે વધુ નિમ્ન કે ઇત્તર કોમોમાં દેખાડો કરવા માટે સૌથી વધારે છે.

તેવા જ અન્ય કે ઇત્તર કોમનો શખ્સ પોપટલાલ જાડાવાલા ભાવનગર આવતા જ એક હિન્દુ પછાત કોમના કર્મચારી તરીકે ''દેવાની'' પાછળ પડી ગયો. મારા કામ માટે સતત મારી ઉપેક્ષા કરવામાં આવતી ''દેવો'' ક્ષેત્રીય કર્મચારી હોવાને કારણે સતત ૨૦ થી ૨૨ દિવસ દરમ્યાન ગામડામાં જ પડી રહેવાનો આગ્રહ સાથે ગમે ત્યારે મને હેરાન કરવાનું પકડવાનું અને નોકરીમાંથી મુક્ત થઇ જાઉં તેવી તેની સતત પેરવી, વૃત્તિ અને પ્રવૃત્તિએ મને તંગ કરી નાખેલો છતાં પણ હું ગામડામાં મારા કાર્યક્રમ પ્રમાણે રહીને મારુ કામ શાંતિથી કરતો અને કામ પૂરા ખંતથી પુરુ કરતો

જેથી મારી નોકરી પરની ગેરહાજરી બાબતમાં હું એને ન મળુ અને પકડાય જાવ તેવી તેની વૃત્તિ પ્રવૃત્તિમાં એ માણસ નિષ્ફળ રહ્યો. છેવટે એણે ફિલ્ડવર્કમાં ફિલ્ડમાંથી નાખવામાં આવતા એ.આર.સી. કે એફ.પી.આર.સી. એરાઈવલ રીપોર્ટ કાર્ડ તથા કાર્યનો પ્રોગ્રેસ રીપોર્ટ કાર્ડ માટે સઘન તપાસ આદરી તેમાં તેને તેવા કાર્ડ પત્રકો સમયસર મળવા છતાં તેને રેકર્ડ પર નહિ લેતા ગુમ કરી મેમો આપતા.

સુરેન્દ્રનગર અને વઢવાણના માટે મેમો આપવામાં આવેલો જેનો ખુલાસો માંગતા મેં તેની પ્રમાણિત નકલો જે તે તારીખના નિષ્કાસન સહી સિક્કા સાથે બતાવેલ જેનાથી તેણે આપેલા મેમા ખોટા છે અને તે પછાત વર્ગના કર્મચારી સામેના પક્ષપાતી વલણ સાબિત કરતા થાય તે માટે તે એ.આર.સી.એફ.પી.આર.સી. ના કાર્ડની સર્ટી ઓફ પોસ્ટીંગ ખેંચીને ફાડી નાખવામાં ખુરશી પરથી ઊભા થઈ તે કાર્ડ કે સાબિતી પત્રક ખેંચ્યા પરંતુ તે ભાઈના હાથમાં તારીખ સાથેના સહી સિક્કાવાળો ભાગ ન આવતા. કાગળનો નીચેનો હિસ્સો જ આવતા એકદમ ગુસ્સે થઈ તેના હાથમાં રહેલી અણીદાર ફાઉન્ટન પેનથી મારા હાથ પર હલ્લો કર્યો. જેનાથી મારી આંગળી લોહિ લુહાણ થઈ ગઈ અને વચ્ચે પડનાર બીજા મિત્ર સહકર્મચારી રમેશ પુરોહીતને પણ એમના ખુંખાર આક્રમણને કારણે વાગ્યું.

દેશની આઝાદી માટે માત્ર સવર્ણોએ જ ભોગ આપ્યો છે એવું નથી. મહારાણી લક્ષ્મી બાઈના રૂપમાં અંગ્રેજો સામે દલિત સમાજની ઝલકારી બાઈ ઝઝૂમી હતી અને તેણે પણ લક્ષ્મીબાઈના પડખે ઊભા રહી દેશ માટે બલિદાન આપ્યુ હતું પંજાબના ઉદ્યમસિંહ જેવા અનેક પછાત યુવક યુવતીઓએ પોતાના જાન કુરબાન કરેલા છે. હિન્દુત્વવાદીઓએ બ્રાહ્મણ, વાણિયા, ક્ષત્રિય કે અન્ય પછાત વર્ગમાં ન લઈ શકાય કે ઉપરના ત્રણ માંથી



એકે વર્ગમાં ન આવે તેવા પટેલ, કુંભાર, સુથાર, ભરવાડ, ઘાંચી, સોની જેવી કોમના બલિદાનો ને જ સમર્થન આપ્યુ છે પરંતુ ઝલકારી બાઈ ઉદ્યમસિંહ જેવા પછાત વર્ગના હજારો યુવક યુવતીઓના બલિદાનોનો ક્યાંય ઉલ્લેખ સુધાય નથી કર્યો આ છે ભારતની કોમવાદી સમાજ વ્યવસ્થા અને વ્યવહાર.

સહિષ્ણુ હિન્દુ વિશ્વ કે મહાધર્મના આ હિન્દુઓને અરે ! એના ધર્મધૂરંધરોને પછાત અસ્પૃશ્ય કચડાયેલી દબાયેલી પ્રજા માટે ક્યારેય તેમના તરફ જોવાનો એમના દુઃસહ્ય જીવનમાં ડોકીયું કરવાનો કોઈ સમય જ ન મળ્યો કે એમ કરવામાં પોતાની મહંતાઈ, ગુરુપદ, ઝુંટવાય જાય. સવર્ણ સમાજ અનાદર કરે અરે ! તેમને જ અસ્પૃશ્ય (નરસિંહ મહેતા) બનાવી ન દે. તે બીકમાં ફફડતા આવા ધર્મગુરુઓ ગુરુગાદી વાળાઓ પણ એટલા સ્વાર્થી લુચ્ચા કે દંભી રહ્યા છે કે સત્યના રાહબર તરીકે પદનિષ્ઠ થયેલા આ દેખાડા કરનારા ગુરુઓ જેમાં સ્વામીનારાયણ કે જૈન સંપ્રદાય મુખ્ય છે. તો વૈષ્ણવ સંપ્રદાય કે અન્ય ભારતીય કે હિન્દુ સંપ્રદયો ઉપરોક્ત સંપ્રદાયના પગલે ચાલીને હિન્દુ પછાત કોમને થતા અન્યાય, અત્યાચાર, અસ્પૃશ્યતા માંથી બચાવવાના રાહને સત્યરૂપે લોકોને સમજાવવાને બદલે પોતાના પદ પ્રતિષ્ઠા પૈસો પૂજાવાપણાથી મુક્ત થઈને સાચા સંત તરીકે વ્યક્ત થવામાં વર્તવામાં નરસિંહ મહેતા જેવી હાલત ન થઈ જાય અને સવર્ણ સમાજનો રોષ વહોરી અપમાનિત થવાની બીક તથા રજોગુણથી અને તમોગુણના આ યાત્રી સાધુઓ સત્યને ફેલાવામાં તદ્દન નિષ્ફળ ગયા છે એમ કહેવું એના કરતા તેમની શોષીત સમાજને દુઃખી શોષિત રહેવા દઈ તેમણે સંગઠીત, સંપત્તીવાન સત્તાધિશ સમાજ પાસેથી માનધાન મેળવવાની મેલી કે ભોગવટાની હલકી મનોવૃત્તિઓને સમર્પિત થવાનું વધુ યોગ્ય માન્યું.

હિન્દુસ્તાનમાં રાજવંશી હોવા છતાં ગૌતમબુદ્ધ જ એ માટે સત્યનું

સાચા ધર્મનું વિસ્તરણ કરવા મેદાનમાં આવ્યા, જે સાચા માર્ગે સત્યધર્મનું લોકોમાં ઉગાવો કરવા માગતા હતા પરંતુ હિન્દુસ્તાનના કોમવાદી તત્ત્વોએ ભગવાન બુદ્ધ અને તેમના ધર્મને આ દેશમાંથી જાકારો આપ્યો અને બૌદ્ધ ધર્મના જ સમકાલિન અને બૌદ્ધના સમકાલિન વળી એ પણ ગૌતમબુદ્ધની જેમ ઉત્તર ભારતના રાજવંશી કુટુંબના હોવા છતાં જૈનધર્મ સંપત્તિલક્ષી ઉચ્ચ સમાજના પ્રભાવમાં તણાય જતો. કોમવાદી અને તકવાદી ધર્મ બન્યો, જે હિન્દુસ્તાનના કોમવાદી સ્વાર્થી લુંચ્ચા દંભીઓને ગમ્યો અને હિન્દુસ્તાનમાં ફૂલ્યો ફાલ્યો, ધનવાનોનો દેખાડો કરનારા ઓનો ધર્મ બન્યો અને દરરોજ તેમના ધર્મકાર્યો, સાધુઓને પ્રસિદ્ધિ આપવામાં જ પૈસાનો ઉપયોગ કરતો નથી. એની જેમ ઉત્તર હિન્દમાંથી ભાગી આવેલા સ્વામીનારાયણ નામના ભાઈઓએ જોયું કે જૈન સંપ્રદાયને પગલે ચાલશુ તો જ હિન્દુસ્તાન અને ગુજરાતમાં આપણે ટકશું અને આમેય પહેલેથી જ આ ધર્મ કોમવાદી અને તકવાદી હતો જ. આમ તો બૌદ્ધ અને જૈનધર્મની સરખામણીમાં નવો જ ધર્મ કહેવાય. પરંતુ ભારતીય રજોગુણ સંપત્તિવાળા કોમવાદી તત્ત્વોને આ પંથ કે ધર્મ ઘણો અનુકુળ આવી ગયો અત્યારે આ ધર્મસંપત્તિની છોળામાં ઊડે છે. અને ભોગવટાના નિષ્ણાતો આશારામની જેવા પણ સંગઠન, સંપત્તિ, સહયોગના જોરે જલસા કરતા આ ધર્મે પણ ભારતના કોમવાદી, અસ્પૃશ્ય, માનસ ધરાવતા તત્ત્વોને, પોતાને સમજમાંથી ફેંકાઈ જવું ન પડે એ કારણે સત્ય સમજાવવાનું બંધ રાખી તેમને આનંદ આપે ગમે તેવી તકવાદી વિસ્તારવાદી સંપત્તિવાદી વાતો કરીને તેમનું મન બહેલાવવામાં જ રસ લીધો આત્માને તો બહેલાવવાનું હોતું નથી. પરંતુ આત્મલક્ષી બનાવવામાં ક્યારેય સત્યમાર્ગ ના લીધો આવા ધર્મો દેશનું જનતાનું શું ભલું કરી શકે ?



(૧૪)

એક વખત આ કોમવાદી જાડાવાલા જે ગામમાં દેવાએ રાતના આઠવાગે પહોંચવાનું હોવાથી તે ગામમાં કાઠી દરબાર વસ્તી હોવાથી રાતના ખાવાપીવાની વ્યવસ્થા થાય એવી નહિ હોવાથી તાલુકા પંચાયતમાંથી જાણવા મળ્યું કે તળાટી ત્યાં રહેતા નથી માટે રાત્રે એ ગામમાં જવું હિતાવહ નથી. એવું એવું સુચન થયું એથી ચોટીલા તાલુકા સ્થળ પર રાત રહ્યો. આગળ ગામ વિસાવડી તા. પાટડીમાં જાડાવાલા નિરિક્ષણ માટે આવવાના હોવાથી વીસાવડીમાં આઠ દિવસ પડી રહ્યો અને કાર્યક્રમ પ્રમાણે સાંજના પાંચ વાગે નિકળી વીસાવડીથી ૭૦ કિ.મી. સુરેન્દ્રનગર ત્યાંથી ૬૦ કિ.મી. ચોટીલા રાતના ૮ વાગે પહોંચ્યો. ત્યાંથી ૧૦ કિ.મી. પાંચવડા ગામ જ્યાં રાતના સાધનો જાય નહિ. બીજા દિવસે સવારમાં પાંચવડા જવાનું નક્કી કર્યું.

સવારમાં આઠવાગે બીજા દિવસેપાંચવડા પહોંચ્યો ત્યારે જાણે કોઈ વરુ કોઈ શિકારની રાહ જોઈને બેઠો હોય તેમ બેઠેલ. અને ગામ લોકોની હાજરીમાં એકાએક બેઈજ્જતી કરવાનું શરૂ કરી દીધું. દફતરમાંથી ફાઈલો લઈ લીધી રજીસ્ટર ડાયરી, લઈ લીધી રાત્રે કેમ ન આવ્યા તમારો અહીંયા આવવાનો કાર્યક્રમ તો રાતના ૮ વાગ્યાનો છે બધુ લઈ લીધા પછી કહ્યું આજે મારે બે કલસ્ટર જોવા છે. સિલેક્શન એસ.ઈ.સેક્શનનું જોવું છે. અને બપોરે ત્રણ વાગે નિકળી જવું છે. મેં કહ્યું કે બે દિવસનું કામ એક દિવસમાં થઈ શકે નહિ. અને કામ માટે ઘણી આનાકાની કરી. અને છેવટે એક દિવસના કામના લક્ષ્યાંક કરતા વધુ કામ ખેંચાવી અડધૂત કરેલો આવો હિન્દુત્ત્વવાદી કોમવાદી આર. એસ. એસ. વાળો મારા જીવનમાં મારી નોકરી ઝૂટવા મારી પાછળ પડી ગયેલો.

પરંતુ તે સમયે જે.એસ. સંઘવી કરીને એસ.ઇ. વિભાગના અધ્યક્ષક તરીકે અમદાવાદ કાર્યાલયમાં હતા એક ઘણા જ સમજુ ઉદારચિત્ત બ્રાહ્મણે મારી નોકરી બચાવવા માટે ૧૯૭૨ ના જુન મહીનામાં મારી બદલી ભાવનગરથી જુનાગઢ કરી નાખી. ભાવનગરના મિત્રો જેવા કે સી.જી.કોલી, રમેશ પુરોહિત, તથા બી.બી.સોલંકીનો સાથ છોડીને વતનથી બીજા ૧૦૦ કિ.મી. અજાણ્યા સ્થળે જવાનું થયું ગમ્યું નહી. હું સંઘવી સાહેબને મળ્યો. એ ભલા માણસે કહ્યું જુનાગઢમાં આર.એ. દિવાન કરીને ઘણો ડાહ્યો અને વ્યવહારુ નીરીક્ષક છે તેના અન્ય કર્મચારી પણ સારા છે. ભાવનગરમાં રહેશો તો નવા માણસ તરીકે તમારી નોકરી જવાની પુરી શક્યતા છે. અને સાચુ હતુ જુનાગઢમાં ગયા પછી ઘણી નિરાંત થઈ ગઇ કામની પણ મજા આવતી અને કંપનીની આખરે દેવો નોકરી ઝૂટાવાની સ્થિતિમાંથી બચી ગયો.

(૧૫)

મહા મહિનાની અજવાળી રાત ભૂજના એક ગામડાનો કાર્યક્રમ પૂરો કરી મહેસાણા જવા માટે ભૂજ અમદાવાદ વાયા ભચાઉ બસમાં લગભગ સાંજના ૭-૩૦ વાગે ચડ્યો. ભચાઉથી બીજી બસ રાતના ૧૧-૦૦ વાગે બદલવાની જે બસ માંડવીથી વચ્ચે થઇને અંજાર ગાંધીધામ ભચાઉ રાધનપુર સમી હારી જ થઇ મહેસાણા સવારમાં પાંચ વાગે પહોંચાડે. ભૂજથી કોઇ સીધી બસ મહેસાણા જતી નહોતી વળી ભૂજથી મોરબી વાળી બસ રાતના નવ વાગે ઉપડે જે લગભગ ૧૧-૧૫ ભચાઉ ઉતારી જેથી માંડવી મહેસાણા બસ ચૂકી જવાય એથી ભૂજથી ખાવાનું બંધ રાખી ભચાઉ રાતના ૯-૩૦ વાગે ઉતરી હાઇવે પરની ઘણી હોટલો અને લોજમાં એકાદ લોજ કે હોટલમાં ખાઈને મહેસાણા જવાશે એમ વિચાર દેવ રાતના ૯-૪૫



વાગે ભચાઉ ઉતરી ગયો બસ સ્ટેન્ડથી બહાર નિકળી સામેની સાઇડમાં માંડ દશેક ડગલા ચાલ્યો હોઇશ અને ત્યાં એક પચ્ચીસેક વર્ષની ઉંમરની બાઇનો અવાજ સંભળાયો મને મારી વાડીએ મૂકવા આવોને મેં પાછળ જોયું અને કહ્યું હું અજાણ્યો છું વળી મારે હાઇવે પર ખાઇને ૧૧-૦૦ ની બસમાં બસ પકડી મહેસાણા જવું છે. એથી હું તમને મૂકવા ન આવી શકું.

બાઇએ અચાનક આગળ થતાં કહ્યું મને મુકવા આવવું જ પડશે. હું લઇ જઇશ અને કેમ જાણે કેમ કોઇ જાદુઇ અસરને કારણે હું એની પાછળ દોરવાયો. ધીમે ધીમે એકાદ કિ.મી. ચાલ્યા પછી જાણે હું ઝબકીને જાગ્યો હોય તેમ પૂછ્યું :“અરે ! તારી વાડી ક્યાં છે તુ મને ક્યાં લઇ જાય છે. મારી સામે ફરતા, અચાનક તે બોલી ! આ નીચે જો. મેં નીચે જોયું. સ્મશાનની વચમાં તે મને લઇ આવી હતી. સુમસામ વિસ્તાર અજવાળી પણ ભયાનક રાત ચારેબાજુ બળેલા માનવના હાડકા, કબરોના ઢેર, ધજાઓ, વાસના બળેલા ટુકડા આ જ મારી વાડી છે. આજ દિન સુધીમાં ત્રણ ચાર ભોગ લીધા છે. આજ તારો વારો કાલથી તને તાવ આવશે અને ચોથા દિવસે તારુ જીવન ખલાસ થઇ જશે. પરંતુ મને મારા ઇષ્ટદેવ પ્રત્યે અડગ શ્રદ્ધા મેં કહ્યું મારા ઇષ્ટદેવ તારા કરતા ઘણા જ શક્તિશાળી છે. અને હું તને મારા જમણા પગના અંગુઠાથી મારા દેવની આણ ઘાલુ છું તું એ બાજુથી આવી નહીં શકે અને હું પાછો ચાલ્યો જાઉં છું. તું કે તેરી કોઇ તાકાત મને કશું જ નહીં કરી શકે. અને પલકારામાં એ સ્ત્રી વિજળીના ઝબકારાની જેમ અલોપ થઇ ગઇ.

હું પાછો ફરીને હાઇવે પર હાથપગ ધોઇ મારા ઇષ્ટદેવની પ્રાર્થના કરી જમ્યો અને ફરીથી બસ સ્ટેન્ડ પાછો આવવા લાગ્યો ત્યારે એક બે ગલ્લાવાળાઓએ પૂછ્યું : “સાહેબ એ બાઇ કોણ હતી ?” મેં બધી હકીકત કહી સંભળાવી ત્યારે એ લોકોએ કહ્યું “સાચુ છે સાહેબ ! આ રીતે ઘણી

વખત એ ચુંડેલ રાતના એકલ દોકલ મુસાફરોને હેરાન કરે છે. અમે તો એમ માનેલું કે આપનીસાથે કોઇ મહિલા હશે પરંતુ જ્યારે તમોએ વાઘરીના છાપરા ઓળંગ્યા ત્યારે ખ્યાલ આવ્યો કે આપ એ ચુંડેલની ચુંગાલમાં આવી ગયા છો. પરંતુ ત્યારે ઘણું જ મોડું થઇ ગયું હતું. પરંતુ પ્રભુનો પાડ માનો કે તમને કંઇ થયું નહી. અને બચી ગયા. એ વાત સાચી છે કે ઇષ્ટદેવ કે જેને ઇશ્વર તરીકે પુજુ છું. સ્મરણ કરુ છું તે મારા જીવનમાં તમામ ક્ષેત્રમાં મારા રક્ષક કે અને તે પણ એની ઇચ્છા મુજબ.

(૧૬)

ફાગણ મહીનાના કૃષ્ણપક્ષની પાંચમ છટ્ઠની રાત, પાછલી રાતનું અદ્‌ભૂત અજવાળુ લોધીકા તાલુકા નગરપીંપળીયા ગામ, પંચાયત ઘર તે વખતે ગામથી થોડુંક અલગ તળાવના કિનારે. સાંજે પાંચેક વાગે ગામમાં પહોંચ્યો, તળાટી તો નહોતા. સરપંચ ખરા, પણ થોડા બીન જવાબદાર પંચાયતે કોણ આવ્યું છે. એની બહુ ફિકર ન કરે. તળાટી દરબાર, ચોકીયાત અને પટાવાળાને આવનાર અધિકારીનું ધ્યાન રાખવાનું એ લોકોને કહેલું. સાંજે જમવાનું ઠાકર મંદિરના એક સાધુને ઘેર નક્કી થયેલું. પટાવાળાને કહ્યું કે સાંજે તુ મારી પાસે સુંઇ જઇશ. તેણે જવાબ આપ્યો સાહેબ મારે ઘેર આજે અગત્યના મહેમાન આવ્યા છે. ચોકીયાતને પૂછ્યુ તો તેણે કહ્યું સાહેબ ! મારો દશબાર વર્ષનો છોકરો બિમાર છે. અને મારા વિના રહેતો નથી મને થયું અંદરના રૂમમાં પંખો છે ગામના ધોરી રસ્તા પર પડતી બારી છે. પછી શું ચિન્તા એમ મન મનાવી લીધું.

સાંજે જમવા બોલાવવા ઠાકર મંદિરના પુજારીનો પંદર સત્તર વર્ષનો છોકરો આવ્યો અને રસ્તામાં એકાએક એણે પૂછ્યું : “સાહેબ ! રાત્રે ઓફીસમાં તમે એકલા જ સુવાના છો ? મેં કહ્યું હા, કેમ. પટાવાળો કે





ચોકીયાત આવવાના નથી મેં કહ્યું. બન્નેને કંઇ કામ છે એથી નથી આવવાના, મેં કહ્યું કેમ શું છે ? પરંતુ જવાબ આપવાને બદલે કંઇ નહીં કહી ચૂપ થઇ ગયો. જમ્યા પછી થોડીવાર બેસી દશવાગે પંચાયત ઓફીસમાં સુવા માટે છોકરો મૂકવા આવ્યો. ચંદ્રમાં ઊગી ચૂક્યો હતો. અને દિવસના થાકના કારણે ૧૦-૩૦ વાગ્યાની આજુબાજુ સુઇ ગયો અને ઘસઘસાટ ઉંઘવા લાગ્યો.

રાતના ૧૧-૩૦ ની આજુબાજુ પરસાળ કે ઓસરી પછીના મોટા રૂમમાં ખળભળાટ થયો. અને આંખ ઊંઘડી ગઇ. અને એ રૂમમાં કોઇ પરેડ કરતું હોય તેવો અવાજ આવવા લાગ્યો. મને નવાઇ લાગી. મેં મુખ્ય રૂમનો દરવાજો સાંકળ અને સ્ટોપર સાથે બંધ કર્યો છે ને આ અવાજ કેવો, આવું વિચારુ છું ત્યાં તો જે રૂમમાં હું સુતો હતો એની સાંકળ પર ટકોરા પડ્યા. જાણે કોઇ અંદર આવવાનો સંકેત કરતું હોય, હું કાંઇ વિચારુ એ પહેલા તો એક હુષ્ટપુષ્ટ માનવદેહ મારા પગની પાસે બેઠો હોય તવું મહેસુસ થયુ. મારા હાથપગ સજ્જડ થઇ ગયા. છાતીપર અને શરીર પર ઘણુ દબાણ થયું. પરંતુ મને મારા ઇષ્ટદેવ પર ઘણી જ શ્રદ્ધા હોવાથી એકાએક આંચકો મારીને લાઇટની સ્વીચ જે મારા પગ બાજુ હતી તે ચાલુ કરી કોઇ દેખાયું તો નહિ જે હોય તે તેનો જમણો ભાગ અને ખભો મને અતડાયો. પરંતુ દેવકૃપાએ એણે મને કંઇ કર્યું નહીં. હું મારા સુવાના રૂમની સાંકળ ખોલી મુખ્ય રૂમમાં ગયો. પરંતુ એ રૂમ પણ એકદમ ભારે ભારે લાગ્યો. તે મુખ્ય રૂમનું બારણુ ખોલી પરસાળમાં આવ્યો, બેઠો હવે શું કરવું ? ગામમાં જવામાં કુતરાનું જોખમ અને તે સાથે અજાણ્યા માણસ તરીકે ચોર સમજી લોકો ટીપી નાખે તેવો ડર.

પરસાળમાં બેસી રહેવાથી જંગલનો વિસ્તાર, દિપડાઓની આ

વિસ્તારમાં બીક. જો ઊંઘ આવી જાય તો કોઇ જંગલી જાનવર ઉપાડી જાય તેવી બીક પછી મેલ કરવતી કરવત આખર મોચીના મોચી એ ન્યાયે ફરી હું રૂમમાં જઇ બંન્ને દરવાજા બંધ કરી મારા ખાટલામાં આડો પડ્યો. પણ ઊંઘ કેવી. ફરીથી એ જ રીતનો અવાજ, અને એ જ રીતે મારા ખાટલામાં પગ પાસે બેઠુ. પરંતુ મને મારા ઈષ્ટદેવમાં અપાર શ્રદ્ધા. મેં કહ્યું તું જે હોય તે મારા ઈષ્ટદેવ તારાથી ઘણા બધા વધુ શક્તિશાળી છે તું મને કંઇ જ નહિ કરી શકે અને હું મારા ઈષ્ટદેવનું નામ લઇ આરામથી સુઇ ગયો. વહેલુ પડે સવાર કોઇ હતું ને ક્યા ગયું ? આખી રાત નિરાંતે સુઇ ગયો. કોઇ મુશ્કેલી, ડર કે અચંબા જેવું બાબત પણ આખી રાત ન બની, સવારમાં તળાટી આવ્યા એક તો તળાટી અને પાછા દરબાર ! કાઠીયાવાડમાં દરબાર કોમનો દબદબો. મે તો કંઇ ના કહ્યું પરંતુ પટાવાળા ભાઇ ચોકીયાત બંન્ને આવ્યા, અને પૂછ્યું રાત્રે સાહેબની સાથે કોઇ સુઇ ગયું હતું ? બંન્નેએ હકીકત કહી કે એકે નહિ અને દરબાર તળાટી બંન્ને પર બગડ્યા નાલાયકો ! બે જણ સુવાની હિંમત નથી કરતા અને સાહેબને એકલા સુવાડ્યા ત્યાં સુધીમાં મારા સાહેબ આઇ કે આચાર્ય ઈન્સ્પેકશનમાં ૯-૦૦ વાગે આવ્યા તેમણે હકિકત જાણી ઘણો વસવસો કરવા લાગ્યા. તળાટીને ઠપકો પણ આપ્યો. પરંતુ એ જાણ્યું કે દેવ જે શક્તિ પૂજે છે તે ઘણી જ અદ્‌ભૂત શક્તિ ધરાવે છે. પછી કામ પતાવી છુટા પડ્યા.

(૧૭)

ભાવનગરથી જુનાગઢ ગયા પછી દેવ બેટના દરિયા કિનારાના વિસ્તાર ફોદામ પટેલવાડી. અને વણાંકબારી જેવા દીવના વિસ્તારોની આર્થિક મોજણી સરકાર તરફથી અમને સોંપેલી. મારા ભાગે દીવનો કિનારો અને દીવાદાંડીનો વિસ્તાર આવેલો મોજણીમાં એ સર્વ સામાન્ય બાબત સ્પષ્ટ





થઇ કે દીવના તમામ વિસ્તારોમાં ૮૦ % સ્ત્રીઓ અને માત્ર ૨૦ % જ પુરુષોની વસ્તી છે પુરુષો મોટે ભાગે દુબઇ, કુવૈત, યુરોપીય દેશોમાં કમાવા જતાં જે બેચાર મહીને ઘેર આવતા. તેમની મોટાભાગની સ્ત્રીઓ અને બાળકો તેમની આવક પર નભતી અને પોતાના બીજા જરૂરી ખર્ચા કાઢવા જાત મહેનત કરતી.

દરિયા કિનારાના એક આવાસમાં પ્રવેશ કરવા માટે ઓછામાં ઓછા ૧૦૦ ફૂટ લાંબા મૂળ ઘરથી એટલે તેટલુ દૂર તેનું વરંડાનું પ્રવેશદ્વાર. ત્યાં મૂળ ઘરના ગ્રાઉન્ડમાં પ્રવેશ થાય ત્યાંથી ૧૫ ફૂટ વટાવતા ઘરનું મુખ્ય દ્વાર આવે. આવા છુટા છવાયા મકાનમાં માણસોની સંખ્યા, કમાનારની સંખ્યા, ધંધો વિગેરેની સામાજીક મોજણી થતી. અને આ ઘરના દ્વાર પાસે જઇને અવાજ કર્યો બે વખત બોલાવ્યા પછી એક ત્રિસેક વર્ષની સ્ત્રી ગાઉન પહેરેલી નિકળી, આવો સર કહી આવકાર આપ્યો અને ઘરમાં બેસાડી વિગત આપવા આગ્રહ કર્યો. દેવ તે સમયે ત્રિસેક વર્ષનો અને એકથી દોઢના બપોરનો સમય, દરિયા કિનારો હોવા છતાં તાપ સખત લાગે. અને એક મકાનથી બીજા મકાનનો સંપર્ક કરવામાં ચાલવાનું ઘણું રહે, એટલું જ નહિ, ઘણી વખતે બે ત્રણ માળ પણ ચડવા પડે, પછી એકાદ બે સ્ત્રી સભ્યો જ મળે. સ્વચ્છ સુઘડ પથારી, છાંયો અને પંખાની હવા કોઇ પણ થાકેલા અને તાપમાં શેકાત માણસને ઘડીભર આરામ કરવાની ઈચ્છા કે લાલચ થાય એવું વાતાવરણ દેવ પલંગ પર બેઠો પંખો ચાલુ થયો. બાઈએ ચાનો ઘણો જ આગ્રહ કર્યો. અંદરના વરંડાનો દરવાજો બંધ કરી દેવની પાસે આવી પલંગ પર જ આવી બાઈ બેસી ગઈ. અને અર્ધો કલાક આવા તાપમાં સાહેબ આરામ કરો, ત્યાં સુધી તમારા માટે હું ચા બનાવી પીવડાવ્યા પછી જમવાનું તૈયાર કરી નાખુ, આપણે સાથે જમશું હમણાથી કોઈ સાથીદાર જમવા માટે મળ્યો નથી. તો કોઈ પણ જાતના સંકોચ, ડર, વગર આપણે એકબીજાની

સાથે જમીએ અને થોડો આરામ કરો તો મને સંતોષ અને આનંદ થશે. શું ઘડીભરનો સહવાસ જિંદગીની યાદ મીઠાસ આપણે ન લઈ શકીએ, મારા ઘેરથી તો બે મહીનાથી દુબઈ કે કુવૈત કમાવા ગયેલા છે. આપણે ઘડીવાર પછી સાથે જ જમીશું. બરાબરને સાહેબ ! કેમ લાગે છે મારી વિનંતી કે પ્રસ્તાવ.

દરિયા કિનારાનો એકાંત વિસ્તાર એમા દૂરના લાંબા વિસ્તારના મોટા વરંડા દિવાલવાળા આંતર વિસ્તારમાં એકાંકી ઊંડા મકાનમાં જ્યાં ક્યાંય કોઈ ચકલુંયે ન ફરકે તેવા ઘરમાં બે ત્રણ ઓરડા. તેમાં આરામ માટેનો એક અલાયદો રૂમ. ઘણા લાંબા સમયથી એકલી રહેતી સુદ્રઢ દેખાવવાળી સ્ત્રી એનો આગ્રહ, આલોચના લાંબા સમયથી શારીરિક અસંતોષનો વલોપાત. એક યુવાન અધિકારીને શબ્દોના ભાવોથી ભીંજવી, જમવાના સમયને ધ્યાનમાં રાખી જમાડવાના બહાના તળે એ શું કરવા કે કહેવા માગે છે. તે સમજાય તેવીસ્પષ્ટ બાબત. એક યુવાન દસ દિવસના કાર્યક્રમને સાથે લઈ અઠવાડીયાના સમય ગાળાથી બહાર ફરતા આ યુવાન માણસ માટે કેવી વિકટ પરિસ્થિતી, સમસ્યા ઊભી થઈ કહેવાય. સમગ્ર ચેતાતંત્ર દેવને હચમચાવી ગયું !

પરંતુ આ શું સ્ત્રીની વિહ્‌વળતા, આગ્રહ, શરીરનું માધુર્ય અને માત્ર સામાન્ય ગાઉન જે આંતરવસ્ત્ર રહીત, અર્ધપાર દર્શી બે જ મીનીટમાં અપારદર્શક કપડાં બદલાવી પારદર્શક કપડાં બદલવાની પ્રવૃત્તિ, વૃત્તિ ખરેખર ભયાનક જોખમ ઊભું કરી રહી હતી. સ્ત્રીની સહજ મનોભાવનાના ઊંડાણને તો ખુદ શંકર જેવા યોગીઓ પણ સમજી શકયા નથી ત્યાં બિચારા દેવનું શું ! ફક્ત નામને આવક પૂછ્યા પછી તમામ સંકેતો અને સંજોગો એવા બની રહ્યા. જીવના જોખમ આબરુના જોખમ નોકરીના





જોખમને ક્ષણિક મોજ કરવા વધુ ભયાનક સમજી દેવના દિમાંગમાં ઝડપી નિર્ણયનો સમય આવી ચૂક્યો. સારુ ચાલો તમારુ માનવામાં આવે છે. પરંતુ તમારે જમવા બનાવવાનું બાકી છે. મારે પાંચ જ ઘર પૂછવાના બાકી છે, જેને દશથી પંદર મિનીટ જ લાગશે. પછી મને કામનો બોજો નહિ નડે, નિરાંતે સાથે બેસી અત્યારે જ નહિ સાંજે પણ જમીશું. ચોક્કસ, તમે સાચુ કહો છો પાછા આવશો ? અરે બાઈ ! આવા વાતાવરણમાં ખરો પુરુષ ના મક્કર ન જાય વિશ્વાસ રાખો, તો સારુ જલદી આવજો.

અને દેવ છટક્યો અને પાંચ દશ મીનીટ ક્યારેય પૂરી ન થઈ. થશે પણ નહીં. સુવાળો સહવાસ, અજાણ્યો પ્રદેશ, કેવા પ્રકારના ધંધા હોય શું થાય ? આબરુ, નોકરી અને જીવન જાય, ઘેર બૈરા છોકરા રાહ જોતા રહી જાય. રખડી પડે. આવા સંજોગોમાં પીંગળવું એ પાપ છે. એના કરતા વધુ તોજીવનને નષ્ટ થતાં અટકાવવું વધુ જરૂરી છે. જેનો અમલ થઈ ચુક્યો અને દેવ બચી ગયો છટકી ગયો.

## (૧૮)

૧૯૭૩ નો જુન મહીનો અમદાવાદ ખાતે ખાતાની વાર્ષિક ટ્રેનિંગ નવી નોકરી. જુનાગઢ હેડક્વાટર પ્રશિક્ષણનો છેલ્લો દિવસ. અમદાવાદમાં હિન્દુ મુસ્લીમોનુ કોમી રમખાણ ફાટી નિકળેલ. બૈરી છોકરા જુનાગઢ એકલા. ગમે તેમ કરીને જુનાગઢ તેમની ભેગા થવું જ રહ્યું એ વખતે કાલુપુરથી મીટરગેજ ગાડી ઉપડે તે બોટાદ. ઢસા જુનાગઢ થઈ વેરાવળ જાય જેનું નામ સોમનાથ મેલ કહેવાતુ કાલુપુરથી ઉપડેલી ગાડી સાબરમતી અને પછી ગાંધીગ્રામ ઊભી રહે. ત્યાંથી સીધી બાવળા, ધોળકા, જેવા મોટા સ્ટેશનો લઈ ગાડી સવારમાં પાંચ વાગે જુનાગઢ ઉતારે ઘરની અને બૈરા છોકરાની ચિન્તા સાથે દેવ તેના સાથીદાર સાથે ગાડીમાં ચડી બેઠો. ભીડ તો

ભયાનક એમા કોમી રમખાણની બીક માંડમાંડ ઉપરના પાટીએ બેસવાની જગા મળી અને વહેલુ આવે જુનાગઢ ગાડી મોટા સ્ટેશનો લેતી સરકતી ચાલી.

જેતલસર જંકશને ગાડી પહોંચી ત્યાં જાણવા મળ્યું કે જુનાગઢમાં ભયંકર કોમી તોફાનના કારણે સખ્ત કરફ્યું લાદવામાં આવ્યો છે હવે શું ! સ્ટેશનથી કાળવા ચોક અને તેની પેલી બાજુ કાળવા નદીના સામે કિનારે મારુ રહેઠાણ પાંચ વાગે જુનાગઢ તો ગાડીએ ઉતારી દીધા પરંતુ જવું કંઇ રીતે ? રીક્ષાઓ બંધ. બધુ સુનકાર, સુનશામમય બની ગયેલું સાથીદાર તો આગલા સ્ટેશન ઉતરી ગયેલો હવે તો દેવ એકલો સ્ટેશનથી કાળવા ત્રણ થી ચાર કિ.મી. દૂર, ચાલ્યા સિવાય છુટકો નહોતો ચાલવાનું શરૂ કર્યું.

કરફ્યું હતો એટલે મીલીટરી વાળા કે પોલીસ ભટકાય જાય, અન્ય માણસો તો બહાર નિકળે જ નહિ. થોડી હિંમત રાખી, મોટા ઉચાટ સાથે ચાલવાનું શરૂ કર્યું સ્ટેશનથી આઝાદ ચોકમાં મોટા રસ્તા પર ચાલવા માંડ્યું. બરાબર આઝાદ ચોક આવ્યો અને આઝાદ ચોકમાં આવેલી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાને કોઇ તોફાની ઓએ આગ લગાડેલી અને બરાબર ત્યાંથી ઉતાવળા પગે બ્હીતા બ્હીતા ચાલતો હતો. ત્યાં આઝાદ ચોકના ખાંચામાંથી આઠથી દસ પોલીસનું ટોળુ સામે જ આવીને ઊભુ રહ્યું, દેવને પકડી લીધો કેમ અત્યારે ? ક્યાંથી આવે છે ? ચાલ મિલેટ્રીના કેમ્પમાં, સાહેબ સામે અને દેવાને તો ઉપાડી લીધો મિલેટ્રી કેમ્પમાં એક કમાન્ડરની સામે રજુ કરી દીધો. પૂછપરછ ચાંલુ થઈ મેં કહ્યું સાહેબ અઠવાડીયાથી અમદાવાદ ખાતે ખાતાની ટ્રેનિંગ ચાલતી હતી કાલે સાંજે પૂરી થઈ. આ તોફાનમાં બૈરાછોકરાં અહીંયા જુનાગઢમાં એકલાં સાંજની ૧૦-૩૦ ની ગાડીમાં માંડ માંડ મુસાફરી કરી અત્યારમાં પાંચ વાગે અહીં જુનાગઢ ઉતર્યો કોઈસાધન





નહોતું તેમ જ ઘરની અને બૈરાછોકરાની ચિન્તા, સ્ટેશન પણ ગાડી ગયા પછી સુનશામ ભાસવા લાગ્યું. એથી ચાલતા ચાલતા ઘેર જવાનું નક્કી કરી, ચાલ્યો ત્યારે આઝાદ ચોકમાં આવું બન્યું હશે એથી અજાણ જલદી ઘર ભેગા થવા ચાલતો હતો ત્યાં આ પોલીસવાળા મળી ગયા અને મને અહીં લઈ આવ્યા. આ મારી હકીકત છે જે મે. આપ સાહેબને જણાવી.

મારુ નામ પૂછ્યું. એન.ડી. મકવાણા, જુનાગઢનું રહેવાનું સરનામું પૂછ્યું જે વ્યવસ્થિત આપ્યું. રેલ્વેની ટિકીટ અમદાવાદથી જુનાગઢની છે કે કેમ ? જે ગાડી કહે છે તે જ ગાડીની છે કે કેમ ? એનો અમદાવાદથી ઉપડવાનો જુનાગઢ પહોંચવાનો સમય બધુ જ ચેક કરી લીધા પછી પણ સંપૂર્ણ સંતોષ ન થતાં ટ્રેનિંગનો ઓડર ક્યા દિવસથી ક્યા દિવસ સુધી ? ટ્રેનિંગ પૂરી થયા પછીનો રીલીવીંગ ઓડર, તેમાં મે આપેલું મારુ નામ બધુ જ ચેક કર્યા પછી. બેગ કાઢી એમાંથી ખાતાની ટ્રેનિકના ચોપડા, ટ્રેનિંગ દરમ્યાન દરરોજ ચાલેલા અભ્યાસ ક્રમો, ચોપડા કપડા બધુ જ તપાસ્યાબાદ સંપૂર્ણ સત્ય લાગતા મીલેટ્રીની જ ગાડીમાં છેક મારા રહેઠાણ સુધી મુકવા આવ્યા, ત્યારે સવારના સાડા છ થઈ ગયા હતા, લોકો જાગી ગયા હતા. મોટર સાથે મને આવેલો જોઈને બધા આનંદ પામ્યા લોકોએ મીલીટ્રીવાળાને કહ્યું, ‘‘સાહેબ તમારો આભાર, અમારા નટુભાઈને તમો સાચવીને લઈ આવ્યા.’’ સૈનિક ટૂકડી પણ પોતે એક સદ્‌કાર્ય કર્યું છે એવું માની અને આનંદીત થઈને વિદાય થયા.

(૧૯)

થરાદ વાવ બાજુનો કાર્યક્રમ થરાદ તાલુકાનું એક ગામ બુઢનપુર વાડીયા થરાદથી ૧૦ કિ.મી. ડીસાબાજુ રોડથી ૧॥ કિ.મી. ઉતરબાજુ તળાટીનું શિયાળુ પત્રક જોવાનું કામ. થરાદ તાલુકા વિકાસ અધિકારીના

સંપર્ક લગભગ ૪ વાગે થયો. વાવ તાલુકાના ગામ નલીયાનું કામ પતાવ્યા પછી પાછા ફરતા. થરાદ તાલુકા પંચાયતમાંથી જાણવા મળ્યું કે વાડીયા બુઢનપુરનો તળાટી ગામમાં જ રહે છે. કામ વગર ક્યાંય જતા નથી. થરાદથી લોકલ બસમાં બેસી બુઢનપુરના પાટીએ ઉતર્યો. લગભગ પાંચ વાગે ગામમાં પહોંચ્યો. તળાટી પંચાયતમાં જ હાજર હતા. ૪૦ વર્ષની ઉંમર, તળાટી મળ્યા એથી આનંદ થયો. રહેવાની જમવા પાણીની વ્યવસ્થા થઇ જશે. એનાથી વિશેષ તો કામ શિયાળુ ૭/૧૨ની પાક નોંધણીનું તળાટીને મે કહ્યું આ વખતે શિયાળું પાકના ૭/ ૧૨ ના ઉતારાની અને સ્થળ પર ૨૦ ખેતરોની તપાસનો કાર્યક્રમ છે.

તળાટીએ કહ્યું સારુ સાહેબ, કંઇ વાંધો નહીં. આજે આરામ કરો કાલે બધું જ થઇ જશે. મેં કહ્યું સ્થલ પરની તપાસ કાલે રાખીએ આ જ રાતે રવિપાકની ૭/૧૨ ની નોંધણી જોવાનું શરૂ કરીએ જે આજે થાય. તેટલું આજે બીજું કાલે તળાટીએ કહ્યું જમીને નિરાતવા બેસશું બરાબર સાહેબ જમીને નવરા થવામાં રાતના નવવાગી ગયા. તળાટી તો એમના ઘેર જ રોકાય ગયા હતા. એક માણસ સાથે મને પંચાયત કચેરીએ પહોંચતો કર્યા પહેલા કહ્યું સાહેબ, હું થોડીવાર પછી આવું. મેં કહ્યું સારુ વહેલા આવજો. તળાટીની રાહ જોતા જાગતો પડ્યો હતો. ત્યાં રાતના દશવાગે તળાટી તો ન આવ્યા પરંતુ ૨૦ થી ૨૨ વર્ષની ઉંમરની ત્રણ યુવતીઓ મારા સુવાના રૂમમાં આવી. મને નવાઇ લાગી. મેં પૂછ્યું તમે કોણ છો ? અત્યારે કેમ આવ્યા છો ? તળાટી ક્યાં છે ? કેમ આવ્યા નથી ? બાઇઓએ જવાબ આપ્યો સાહેબ તળાટી આવવાના નથી. તેમને ઘેર મહેમાન આવ્યા છે. સવારે મળશે ! અમારે જ આજે અહીં તમારી પાસે સુવાનું છે. કેમ ? મેં પૂછ્યું. એ તો સાહેબે અમને કહ્યું હોયતેટલું જ અમારે કરવાનું અને બાઇઓએ મારા ખાટલાની બાજુમાં પથારી કરી, માત્ર ચણિયા અને કબજા





સાથે સુવાનુ શરૂ કર્યું. મુખ્ય દરવાજો બંધ આછી લાઇટ ચાલું. પંખો ચાલુ. ફક્ત બારણા બંધ. યુવતીઓનું બિન્દાસ બોલવું વર્તવું. આશ્ચર્ય સાથે આઘાત જનક હતું જ. તે શું કરવા માંગે છે તે સમજાયું નહીં. કોને કહેવું ! રાતના અગિયાર વાગે ક્યાં જવું સ્ત્રીઓની બિભત્સ હરકત વાણી વિલાસ, વ્યવહાર, આગળ વધતા ચાલ્યા. પરંતુ એ ક્યાં સુધી કેવા સંજોગોમાં કોઇ શું કરવા માગતું હોય તેના ગંભીર વિચારમાં હું તમાસો જોતો રહ્યો. છેવટે જડભરત જેવા મારા વ્યવહાર અને વર્તનથી કંટાળી જઇને, એક નપુંસક જેવા માણસની સાથે રાત રોકાવાથી શું ન તો મઝા આવશે ન તો પૈસા મળશે, પૈસા કોણ આપે તળાટી તો, સાહેબને મોજ કરાવવાના જ પૈસા આપે છે હવે ! આપણા તો બાવાના બેય બગડશે એમ વિચારીરાતનો ખોટો ઉજાગરો કરવો ? એમ કહી ત્રણે બાઇઓ એકાએક દરવાજો ખોલી અંધકારમાં ગાયબ થઇ ગઇ. દેવ એક દુઃસ્વપ્નમાંથી બચી ગયો. પરંતુ આવા ગામમાં અને સંજોગોમાં જે સ્થિરતા પૂર્વકનું વર્તન વ્યવહાર એક અદ્‌ભૂત સંયમની બલીહારી અને ઇશ્વરકૃપા માની બારણા બંધ કરી ઊંઘી ગયો. કોઇ માનસિક તણાવ કે ભાવ વગર.

વહેલી પડે સવાર, સવારમાં તળાટી આવ્યા. મારી પહેલા એને બધી વાત તો મળી જ ગઇ હશે. પરંતુ મે પૂછ્યું તળાટી રાત્રે આ શું તમાસો હતો ? તળાટી જાણે સંપૂર્ણ અજાણ હોય તેવો ડોળ કરીને કહ્યું સાહેબ અહીંનું વાતાવરણ જ એવું છે. એથી રાત્રે હું પણ પંચાયતમાં રાત રહેતો નથી. તમનેકંઇ મુશ્કેલી પડી હોય તો દરગુજર કરશો. હું દીલગીર છું. અહીંયા, ઘણા બધા અધિકારીઓ મોજમઝા માટે જ રાત રોકાય છે. તમારી જેવા કોઇ જવલ્લેજ આવે છે તો તેમના સંયમનો પણ ખ્યાલ રાખવામાં આવનાર બાઇઓ ખ્યાલ રાખી અર્ધા કલાકમાં જ સાચુ સમજીને પોતાની જાતે જ ચાલી જાય છે.

પછી દિવસ દરમ્યાન રેકર્ડ તપાસી સ્થળ તપાસ કરી સાંજના ચાર વાગે બીજા ગામમા જવા નિકળી ગયો. એ ગામને છેલ્લા વારના રામ રામ કર્યા આજે પણ એ ગામ છે. સ્થળ છે. તળાટી તો બદલાય ગયા હોય કે જીવતા પણ ન હોય, બાઈઓ પણ ન હોય. હોય તો ખખડધડ એકાદ ડોસી જેવી હોય. કોઈને કાંઈ યાદ ન હોય કારણ કે તેમનો તો એ ધંધો હશે. પરંતુ વાતાવરણનું શું થયું હશે ! તે ભગવાન જાણે. એ ગામની આ સંસ્કૃતિ કે વ્યવસાય વરસોથી ચાલતો આવતો હોય, તેવું જાણવા મળ્યું. આ એક એકલવાયુ આવા ધંધાને કારણે પછાત અભણ અને બે રોજગારી ભર્યું ગામ. ત્યાંના ગરીબ સમાજના વણઝારા જેવી કોમની પાસે કોઈ જ ધંધો રોજગાર ન હોવાથી, પેટનો ખાડો પૂરવા, સાથે સાથે વ્યવહારમાં ટકવા માટે ભાઈ કાકા, બાપા કે કોઈ પણ સગપણવાળો પુરુષવર્ગ પોતાની મા, બેન દીકરી, વહુ કે ગમે તેને આ ધંધામાં ધકેલી પેટીયુ રળતા હતા. તેવું જાણવા મળ્યું સ્ત્રી કે પુરુષને આ વગર મહેનત કે પૈસાનીયે ખર્ચ કે રોકાણ વગરની આવક કરવાની અને મોજશોખ કે ભોગવટાના આનંદ લુંટવાની ટેવ પડી ગઈ હોય તેવુ લાગે છે.

અત્યારે સરકારના સમાજ સેવકોની સેવા જવાબદારી. તેમને ભણાવીને તૈયાર કરી અન્ય ધંધામાં વાળવાની દીશામાં સક્રિય પગલા ભરી રહી હોય તેવું જાણવા મળે છે. ગામમાં અને તેની આજુબાજુના ગામના માયાભારે લોકોએ તેમની જમીન આંચકી લીધી હોય તે મુક્ત કરાવી ધંધા રોજગાર અપાવી આ ગામને એક સુસંસ્કૃત ગામ બનાવવાની બહું જ જોર શોરથી કોશિષ ચાલે છે પછી તો ઈશ્વરેચ્છા મફતની કમાણી અને મોજશોખથી ટેવાય ગયેલા આ ગ્રામવાસીઓ સુધરે તો યા તો માથાભારે ખટપટીયા, આમને સાચવે, સાચુ સંરક્ષણ આપે તો !



જુનાગઢથી ૧૯૭૪ ના ઓગષ્ટની પાંચમી તારીખે સહાયક અધિક્ષક તરીકે મહેસાણા ખાતે બઢતી મળી. ૮ મીઓગષ્ટે હાજર થયો. ત્યાં આર.એ.તડવી કરીને એક અધિક્ષક કે અનુસુચિત જનજાતીના બધી જ બાબતમાં મધ્યમ મિલનસાર અને આનંદી, મજાકી પણ ખરા, છોકરાઓ અમદાવાદ ભણતા હોવાથી કુટુંબ બધુ અમદાવાદ રાખેલુ એથી ત્યાં જ રહે મહેસાણા, અમદાવાદ આવજા કરે. નોકરીમાં તેમની સાથે મઝા આવે. અમદાવાદ રહેતા એમના કુટુંબ માટે કંઈ અગત્યનું કામ હોય તો તે જ્યારે કચ્છ કે બનાસકાંઠા બાજુની લાંબી ટુરમાં ગયા હોય ત્યારેતેમના ઘરની ભલામણ ત્યાં કામકાજ કંઈ હોય તો ધ્યાન રાખવાનું કહેતા તેમના છોકરા તે વખતે નાના એટલે ભાભી સાહેબને જરૂરી કામકાજ માટે મદદરૂપ થવાનું રહેતું. ભાભીસાહેબ ઘણા જ મળતાવડા અને કોઈ પણ જાતના ભેદ કે સંકોચ વગર આવકારતા જમાડતા અને મહેસાણાથી વતનમાં કેસરડી આવતી વખતે સમાચાર આપવા જતા ૬ વાગ્યા ઉપરનો સમય થઈ જતાં રાતભર આરામ કરવાનો આગ્રહ કરતા આવા. આગ્રહવશ થાકને કારણે રોકાઈ જવાનું થતુ, પરંતુ ગૌરાંગીની ગંગા ભાભીનો પ્રેમ લાગણી, સહૃદયતા, સ્વાગત, ઉષ્માભર્યો, સહચાર, પ્રભાવશીલ રૂપયૌવનનો સંગમ હોવા છતાં લેશમાત્ર અભિમાન નહીં. અતડાપણું નહીં. પરંતુ થોડા જ સમયમાં તડવી સાહેબની બદલી ગુજરાત બહાર થઈ ગઈ. ફરીથી ટુંક સમય માટે, સધિક્ષક તરીકે એમ.પી. ભાવસાર આવ્યા. પરંતુ એ તો સહાયક અધિક્ષકમાંથી એટલે સાહેબગીરી કરતાં સવિશેષ મિત્રભાવે કામ કરાવતા અને તેમના સમયમાં ક્ષેત્રિય તેમ જ દફતરી કાર્ય ઘણી જ શાંતિથી થતું, ચાલતું કોઈ પ્રશ્ન ક્ષેત્રીય કાર્યનો કે દફતરી કાર્યનો કાર્યાલયમાં પૂરો થઈ જતો આવા સાલસ સ્વભાવના એ હતા.

એમના ગયા પછી જી.પી. ગેઈન કરીને છેક પટણાથી બદલાઈને અધિક્ષક આવ્યા સારુ ભણેલા, ઘેર જમીન જાગીરી એવું વ્યક્ત કરતા પરંતુ બિન્દાસ સ્વભાવનો બેપરવાહ માણસ મૂળ બિહારી, ત્યાં પણ ઉપરી અધિકારીને ગાંઠે નહિ અહીંયા ગુજરાતમાં પણ તેમનો સ્વભાવ વર્તાવ એવો જ હા જો કે નીચેના કર્મચારીઓ સાથે મળતાવડા પણું વગર રજાએ ગેઝેટેડ અધિકારી હોવા છતાં રજા પર ઉતરી જાય અચાનક હાજર થાય અચાનક ચાલ્યા જાય. મહેસાણા સબરીઝીયન કાર્યાલય વડોદરા રીજીયન કાર્યાલય નીચે. આ મહાશય કેટલાય કાગળોના જવાબ બધા જ કાગળો ભેગા થાય ત્યારે એ રીતે આપે કે આ કાગળનો જવાબ મેં. આ તારીખે આપેલો. આનો આ તારીખે આપેલો આવા ખુલાસાઓ આપ્યા કરે. એક વખત વગર રજાએ ચાલ્યા ગયેલા લગભગ ૨૫ દિવસ માટે તેમને તેમના ઘરના સરનામે પૂછવામાં પણ કોઈ જવાબ ન આપે. ઔદ્યોગિક સર્વેનું કામ જોરદાર ચાલે ઓક્ટોમ્બર મહીનામાં કામનો ભરાવો થઈ ગયેલો. એથી એનો નિકાલ કરવા માટે ગણેશવાલા કરીને એક અધિક્ષક અને સહાયક અધિક્ષક જે ઔદ્યોગિક સર્વેક્ષણ કામના અનુભવીને લઈ સહાયક નિદેશક શ્રી દેશમુખ એ એસ આઈ વિભાગના રિટર્ન ક્લીયર કરવા વડોદરાથી દશવાગે મહેસાણા આવ્યા બરાબર એ જ દિવસે નવ ત્રીસની ગાડીમાં ઉતરીને અધિક્ષક જી.પી. ગેન પણ ગાડીમાંથી પાન ખાવા માટે મહેસાણા રેલ્વે સ્ટેશનની બહારના ગલ્લે પાન ખાતાં હતા તે સમયે ગાડીમાંથી ઉતરી દેશમુખ અને તેમના બે આસિસ્ટન એક સુપ્રિ. ગણેશવાલા જે વધુ પડતો વાયડો હતો તેણે આસી નિર્દેશક દેશમુખને કહ્યું સાહેબ જુઓ જુઓ સામે પાનના ગલ્લે જી.પી. પાન ખાઈ રહ્યા છે. દેશમુખ સ્વભાવે કડક. સહા.નિદેશક હતા, કુનેહબાજ પણ ખરા. પરંતુ ગણેશવાલાનો એના સ્વભાવ પ્રમાણે કોઈ ઉપરી અધિકારી નીચેના અધિકારીને દબડાવે. દબાવે તે જોવાની સાંભળવાની તજવીજ વાળા





માનસનો. ત્રણ જણા જી.પી.ગેન પાન ખાતા હતા તે ગલ્લે પહોંચ્યા અને દેશ મુખે કહ્યું ક્યા હે મિસ્ટર ગેન જી.પી. ગેન ચમક્યા પરંતુ કોઈ પણ જાતના થડકાટ ગભરાટ વગર કહ્યું ક્યા સાહબ પાન ખાઓગે મગર પાનકીબાત બાદમેં. એમ કહીને દેશમુખ બોલ્યા, આપ બીના ઈજાજત છુટ્ટી પર ચલે જાતે હો. ઓર કભી ભી હાજર હો જાતે હો. યહાં કામકા કિતના ભરાવા હો જાતા હે. જી.પી.ગેનને જવાબ દીયા જીસ જવાબસે ગણેશવાલા કે સાથ દૂસરા સહા અધિક્ષક હકાબકા હો ગયા ઔર સહા નિર્દેશક શ્રી દેશમુખ ભી. સહા નિદેશક શ્રી યે આપકા કાર્યાલય નહીં હે કે મુઝે કાર્યાલયકી બાતે યહાં રાસ્તે પે કર રહે હો. પૂછ રહે હો. મે આજ હાજીર હોને કે લીયે આયા હું હાજર હુંગા. એક ઘંટેકે બાદ કાર્યાલયમેં આકર જો પૂછના હે વો વહા પૂછના. અબ આપ લોગ જહાં જાના ચાહતે હો વહાં જાઈએ ઓર ગ્યારહ બજે મે કાર્યાલમેં આવું તબ આ જાના. અભી પાન ખાના હે તો ખાકે જાઈએ. ન ખાના હે તો આપકી મરજી, અગિયાર વાગે આવીને પણ સહા.નિંદેશક કશું જ કહ્યા વગર બે મદદનીશોની મદદથી તમામ એ.એસ આઈના રીટર્ન એક રાત રોકાઈને ક્લીયર કરીને ચાલ્યા ગયા આવા હતા અધિક્ષક જી.પી.ગેન.

મહેસાણા સર્કલથી ઓફીસ દ્વારા બનાસકાંઠા, કચ્છ અને મહેસાણા એમ ત્રણ જીલ્લામાં સર્વેક્ષણ કાર્ય માટે જવાનું રહેતુ તેમાં ખેતીક્ષેત્રે તળાટીના ૭/૧૨ ની ખરીફ તથા રવીપાકની નોંધણી તથા બંન્ને સીઝનની ૨૦ ખેતરોની સ્થળ તપાસ તો ખરી જ અને બીજુ ઔદ્યોગિક સર્વેનું કામ મુખ્ય રહેતા.

(૨૦)

શિયાળાનો સમય આગળના કાર્યક્રમમાં કામ ખેંચતા ધાનેરાથી પાછા ફરતા વડગામ તાલુકાના કોટડી ગામના ૭/૧૨ ની નોંધ કરવાની

હતી. ધાનેરા, ડીસા, પાલનપુર થઈ વડગામ પહોંચ્યો. સાંજના ૪-૪૫ જેટલો સમય થઈ ચૂકેલો. ઉતાવળે ઉતાવળે તાલુકા પંચાયત પહોંચ્યો. તાલુકા વિકાશ અધિકારીને મળ્યો, જાણવા મળ્યુ કે કોટડીના તળાટી કાલથી રજા પર છે. અને કાલ સવારની છની બસમાં તે અઠવાડિયા માટે પોતાના વતન જવાના છે અને ત્યાંથી અગત્યના વ્યવહારિક કામ માટે બહાર જવાના છે તો હવે....

તમો છાપી પહોંચી જાવ અને જો ઉજાસ હોય તો છાપીથી કોટડી એક જ ગાઉ થાય છે. છાપી સુધીનું સાધન મળતા છ વાગે છાપી તો પહોંચી ગયો. ગ્રામ પંચાયત ખુલ્લી હતી. તળાટી હાજર હતા. તેમને મળ્યો વાત કરી એમણે જવાબ આપ્યો. સાહેબ અંધારુ ઉતરી રહ્યું છે અત્યારે આવીરાતના અંધારામાં શિયાળાના સમયે છાપીથી કોટડી ન જવાય. રસ્તાનું ટેકાણું નહિ નદીના આ કિનારેથી સામે કિનારે પહોંચવામાં આવા ભયાનક અંધારામાં ભૂલુ પડાય તો શું ન થાય ?

તો તળાટીને સવારમાં બે કલાક મોડા નિકળે એવું કોઈ મારફતે ન કહેવાય ? સાહેબ અત્યારે છાપીથી કોટડી જવા કોઈ તૈયાર ન જ થાય. તમે ગમે તેટલા પૈસા આપો તો પણ તમારી સાથે આવવા પણ કોઈ તૈયાર ન જ થાય. તો શું કાલે સવારે છની બસમાં તળાટી ચોક્કસ જશે જ ! હા એને અગત્યનું કામ હોવાથી કાલે જશે જ એ સમયે ગામડામાં ટેલીફોનની કોઈ સગવડતા નહોતી તો મોબાઈલ શાનો ! તેનું તો અસ્તિત્વ જ ન હોતું. હવે શું કોટડી ના પહોંચુ તો એક દિવસ કામ ખેંચવાને કારણે જે મોડુ થયું એના કારણે તળાટી ગામ પર ન હોતા તેવું ખોટુ લખાણ થાય નહિ. તળાટી મને ઝાંપા સુધી બહાર ઊભો રાખી ગામમાં ગયા. પરંતુ એમની આવવાની વાર થતા હવે કોઈ જ રસ્તો નથી એમ વિચારી કોટડી જવાનું મનોમન નક્કી



કર્યું.

તળાટી મેળવવા અને દફતર જોઈરાતથી સવાર સુધીમાં કામ પુરુ કરવું આ જ ધૂન મગજ પર સવાર થઈ ગઈ અને અંધારી રાતમાં દૂર દૂર દેખાતા કોટડીના દિવાની દીશામાં ચાલવા માંડ્યું. આમ તો એક વખત દિવસના તળાટીની સાથે જ છાપીથી કોટડી ગયેલો એટલે રસ્તાના અંદાજીત ખ્યાલને આધારે કોટડીના રસ્તે પ્રયાણ કર્યું.

ઘનઘોર અંધારી રાત, શિયાળાની ઠંડી અજાણ્યો પ્રદેશ, તમામ અનુભવીઓની એક જ વાત રાતના અંધારામાં કે રાતના અજવાળામાં પણ સાત વાગ્યા. પછી કોઈ પણ સંજોગોમાં છાપીથી કોટડી ન જવાય કે કોટજીથી છાપી ન અવાય ન આવવું જોઈએ. એમાં જીવનું જોખમ રહેલુ છે અરે દિવસના પણ એકલ દોકલ ન આવવું એવું સૂચન બધાને અવગણીને કોટડીનો રસ્તો પકડી લીધો પરંતુ પ્રથમ ગ્રાસે મક્ષીકા છાપીથી નિકળી એકાદ ખેતરવા ચાલ્યો હઈશ. ત્યાં વાઘરીઓએ કરેલી ટેટીના ખેતરને સાચવવા રાખેલા કુતરા માણસનો ગણહાટ સાંભળતા મારા તરફ એકદમ આવવા લાગ્યા. ચાર ચાર ભયાનક કુંતરા. વાડીના માલિકે કહ્યું જે રસ્તા પર ચાલતા હોય તે ઝાડ પર ચડી જજો. મારી વાડીના રખેવાડા કુતરા પગવટ સાંભળીને એ તરફ આવી રહ્યા છે. અને ચારે ચાર કુંતરા ભયાનક છે મોટા કદાવર છે તો બચવું હોય તો ઝાડ પર ચડી જજો અને મારા સબનસીબે એક ઝાડ અંધારામાં દેખાયુ અને ઝટપટ થેલો લઈને ઝાડ પર દશેક ફૂટ ઉંચો ચડી ગયો.

અને મને ચેતવનાર માણસે એના પાળેલા કુતરાને એમને આપેલા નામ પ્રમાણે હાકલ મારી પાછા બોલાવી લીધા. કુતરા તો પાછા ચાલ્યા ગયા. એમના ભસવાનો અવાજ પણ બંધ થઈ ગયો. અને દેવ ઝાડ પરથી

નીચે ઉતરી કોટડીના રસ્તે ચાલવા માંડ્યો. બસ થોડુ જ ચાલ્યો હોઈશ ત્યાં બૈરાઓની વાતોનો અવાજ સંભળાયો તે સીમમાંથી છાપી ગામ બાજુ આવનાર બેત્રણ બાઈઓ હોય તેવું લાગ્યું અને મને એકાએક પૂછવાની ઈચ્છા થઈ અને પૂછી નાખ્યું.

બેન ! આ બાજુથી કોટડીનો રસ્તો જાય છે ને ? મારે કોટડી જવું છે. હું અજાણ્યો છું અને બાઈઓ એકદમ છળી ઊઠી જે હોય તે. અમારી બાજુ આવશો નહિ. નહીતર અમો બૂમો પાડી આસપાસના માણસોને મદદ માટે બોલાવીશું. તમે અમારુ ઠેઠુ (પીછો) કર્યું હોય એવું લાગે છે. અજાણ્યો માણસ આવા અંધારામાં અત્યારે છાપીથી કોટડી જવા કે કોટડીથી છાપી આવવા નિકળે જ નહીં. તો મહેરબાની કરીને તમારું ભલુ ઈચ્છતા હોવ તો અજાણ્યા માણસનો ડોળ કરીને અમને એકલી બાઈઓને સાંભળીને આ બાજુ ન આવતા, બસ દેવ સ્તબ્ધ અસહાય બની કોટડીના દીવાના દૂરથી દેખાતા પ્રકાશની રાહે ચાલવાનું શરૂ કર્યું એવું માનીને કે કોટડીના પાધરમાં અર્ધાએક કલાક ચાલ્યા બાદ પહોંચી જવાશે ! એ આશાએ ચાલવાનું ચાલુ રાખ્યુ માત્ર તારોલીયાના અજવાળે.

પંદરેક મિનિટ ચાલ્યા પછી નદીના છાપીના કિનારા બાજુ ખુલ્લો પટ આવતા તારાના અને આકાશની રોશનીમાં નદીનો કિનારો ચડતો એક પડછાયો નજરે પડ્યો દેવને થયું હવે આપણું સાહસ અહીયા પુરુ થઈ જશે. પરંતુ મરના તો ડરના ક્યા ? એ રાહે એકાએક દેવે જ હાકલ મારી ઊભા રહો છ ફૂટ ઊંચો ખડતલ જુવાન હાથમાં કસકસતું ધારિયુ અને એકદમ ઊભો રહી ગયો, અને બોલ્યો મને જવા દો મારે છાપી અગત્યનું કામ છે. અને ક્યાંથી હિંમત આવી વિચિત્ર સાહસિકતાની સાથે મેં કહ્યું મારે કોટડી જવું છે. થોડે સુધી મુકવા આવશો ! છળી ઊઠેલા એ જુવાને કહ્યું “ અરે ! હું



માંડ માંડ અહીં સુધી આવ્યો છું.અને મને હવે ક્યાંય ના લઈ જસો. કેમ જાણે એ જુવાન બીકનો માર્યો છળી ઉઠ્યો એને લાગ્યું હશે કે થોડા દૂર માણસો સંતાડ્યા હશે ! કે સંતાયા હશે અને તેમનો હું સાગરિત હોઈશ. અને મારી પાસે કંઈ લેવાનું નહિ મળે તો છેવટે મને મારશે અને એ જુવાન કાકલુદી કરી છાપીના રસ્તે અંધારામાં ગાયબ થઈ ગયો. અને દેવ બિચારો એના સાહસમાં ભોંઠો પડ્યો. મદદ તો મળવાની બાજુ પર રહી, પરંતુ બૈરાઓના તથા જુવાનના અનુભવમાંથી તો એવું લાગ્યું કે નદીના પટનો અને છાપી કોટડી વચ્ચેનો રસ્તો, એકલતા, અંધારુ આ બધુ જ ભયાનક છે. એટલું જ નહિ પરંતુ કોઈ અનિષ્ટ તત્ત્વોની અહીંયા રાડ હશે જ.

પરંતુ હવે શું મધ્ય રસ્તે તો આવી જ ગયો હતો. હવે તો કોટડીના દીવા પણ સ્પષ્ટ દેખાતા હતા. પરંતુ અંધારુ અને નદીનો રેતાળ પટ ત્યાં અનિષ્ટ તત્ત્વોની ભીતિ તો ચાલું જ હતી. ઉતાવળે પગ ઊપાડી કોટડી ભેગુ થયા સિવાય હવે કોઈ ઉપાય જ નથી. અને દેશી બાવળોના ઝૂંડોથી બચતા બચતા કોટડીના માર્ગે ચાલવાનું અને નદીના સામે કિનારાનો ઢાળ ચડવાનું જ્યાં શરૂ કરું છું ત્યાં પાછળથી અવાજ આવ્યો.

આગળ જનાર ઉભા રહેજો. હજી કોટડી ખાસ્સુ ૧॥ કિ.મી. જેટલું દૂર હતું. એટલું જ નહિ વળી રાડ અવાજ સાંભળનાર પણ અહીંયા કોઈ નહોતુ કે દોડીને ગામ ભેગુ થવાય એવી શક્યતાં પણ નહીવત જ નહી પરંતુ તદ્દન અશક્ય હતી. લાગ્યુ કે હવે તળાટી કહેતા તાં તેવા ચોર લુંટારા સિવાય આવી રાતના અંધારામાં કોણ હોય ?દેવ વિચારમાં પડી ગયો.

છતાં પણ દેવાએ અંધારાનો અને બાવળના જાળાનો આશરો લઈ ઓથે સંતાવા માટે રસ્તાની બાજુ પર ખસી જઈને, હવે શું થસે એ બીકમાંને બીકમાં પસ્તાવો કરવા લાગ્યો. તળાટી ના કહેતા હોવા છતાં કામંની

પતાવટની ધૂનમાં જીવના જોખમનું સાહસ શું કામ કર્યું પરંતુ હવે પસ્તાવાથી કાંઇ વળે તેવું નહોતું.

પરંતુ નગરપીપળીયાના રાતના બનાવને યાદ કરી ઇષ્ટદેવને તરત યાદ કર્યા. પ્રભુ તું કર તે ખરું. ત્યાં પછળથી ફરીથી અવાજ આવ્યો સાહેબ મને છાપીના તળાટીએ મોકલ્યો છે. વેવાઇને ત્યાં છાપી ગામમાં રાત રહેવાનો હતો પરંતુ વેવાઇએ ખવડાવી લીધા પછી તળાટીની સુચનાથી હું તમારી પાછળ આવ્યો જો કે મને થોડું મોડુ થયું. પરંતુ તમો મને ખરી જગ્યાએ મળ્યા છો હવે ચિન્તા ના કરશો તમને હું શાંતિથી કોટડીના તળાટીને ઘેર પહોંચાડી દઇશ. તેમને જગાડીને એમને તમને સોંપી ને જ હું મારા ઘેર જઇશ. ખાઇને નિકળ્યો છું એટલે મારે ખાવાની ચિન્તા નથી. વળી તળાટીના ફળીયામાં એક ભયાનક કૂતરી છે એ દિવસે પણ માણસોને કરડે છે. તમે તો અજાણ્યા અને અંધારામાં જાવ એટલે એ કૂતરી તમને મુશ્કેલીમાં મુકી જ દે. પછી તો વાતો કરતા કરતાં શાંતિથી નવ વાગ્યાની આજુબાજુ એ ભાઇ પટેલે તળાટીની પાસે મને ભળાવી દીધો અને પટેલ પોતાના ઘેર જવા પાછા વળી ગયા.

તળાટી એકદમ ડઘાઇ ગયા. અરે સાહેબ ! ગમે તેવું કામ હોય તોયે અત્યારે છાપી થી કોટડી કે કોટડીથી છાપી અવાય ! કે જવાય નહીં. આવવું જ ન જોઇએ. આવું સાહસ ક્યારેય નહી કરવાનું. મે ંકહ્યું આ ભાઇ મને નદીનાપટમાંથી મળી ગયા અને અમે વાતો કરતા કરતા ચાલ્યા આવ્યા. એમણે તો ત્યાં સુધી કહ્યુંકે સાહેબ હું છું. તમારે કોઇ ચિન્તા નહિ કરવાની. નદીમાં પટમાં શું કોટડી પહોંચો ત્યાં સુધી તમારો વાળ પણ વાંકો નહી થાય. એમના આશ્વાસન અને હિંમતથી હું અહીં સુધી પહોંચ્યો છું. એથી માણસનો મારે આભાર માનવો જોઇએ. સાહેબ છાપી અને કોટડીના રસ્તા પર ધોળે



દિવસે લૂંટ કરતા વાઘરીઓનો એ સરદાર છે. એની બે ગામના સીમાડાઓમાં ધાક છે. એના જ માણસોને રાતદિવસ નદીના પટમા અને રસ્તા પર ફરતા જ હોય છે. અને આ માણસ તમને લઇ આવ્યો અને તે પણ સુરક્ષિત એ તો નવાઇ જેવું કહેવાય ? મેં કહ્યું કે છાપીના તળાટીએ આ ભાઇ એમના વેવાયને ત્યાં છાપી ગયા હતા. અને છાપીના તળાટીએ મારી પાછળ મોકલ્યા હતા એવું એમણે કહ્યું એટલે મને વિશ્વાસ આવ્યો. શું તો એમ વાત છે. તળાટીએ કહ્યું, છાપીના તળાટીને મોકલ્યો એટલે એ જાહેર તો થઇ ગયો અને એથી જ આણે કાંઇ ના કર્યું બાકી ચોર લુંટારા ડાકુનો શુ વિશ્વાસ વળી તળાટીઓ પાસે એને ઘણુ કામ પડે એટલે એ તળાટીનુ માને પણ ખરો ડરે પણ ખરો.

પછી અમારુ કામ પતાવ્યા પછી બે ત્રણ કલાકની ઊંઘ લઇને સવારની બસમાં હું અને તળાટી એક જ બસમાં સાથે જ મહેસાણા બાજુ નિકળી ગયા.

(૨૧)

રાજુલાનું ધાતરવડી ગામ ચોમાસાનો સમય રાજુલાથી ઉત્તર પૂર્વના ખુણે ચાર કિ.મી. જેટલું છેટુ ગામ આર્થિક સર્વેક્ષણ માટે ભાવનગરથી ગયેલો બે ત્રણ ગામનો કાર્યક્રમ લઇને નિકળ્યો એ દિવસે કોઇ વરસાદ ચિન્હો નહિ આગલા દિવસે ધાતરવડી ગામમાં કામ કરી રાત રહ્યો રાતે વરસાદ શરૂ થયો. બીજા દિવસે બપોર સુધીમાં કામ પતાવી નિકળવાની ઉતાવળ કામ ખેંચી કાઢ્યું. વરસાદ ચાલુ એકવાગે જમી કામ પતાવી નિકળ્યો. ધાતરવડી નદી બરાબર રાજુલા સીટીને અડીને પૂર્વ દિશામાં આવેલી છે. પાલીતાણા પર્વત અને રાજુલાના ડુંગરાળ વિસ્તારનું પાણી એમાં વહે. ખાભા થઇને કોડીનાર પાસે દરિયામાં મળે નદીના નામ પરથી કદાચ

ગામનું નામ પડેલુ હશે. વરસતા વરસાદમાં હું નિકળ્યો ગામ લોકોએ કહ્યું પણ ખરુ સાહેબ નદીમાં પાણી આવસે કે વધશે તો તમારે નદી પાર કરવાની મુશ્કેલી પડશે. પરંતુ અમરેલી જીલ્લા કલેક્ટરે જાહેર કરેલુંકે આગામી ૨૪ કલાકમાં ભારે વરસાદ પડવાની આગાહી છે. આ જાહેરાત બપોરના ૧૧ વાગ્યાની આસપાસની હું એકવાગે નિકળ્યો કલાક કે અર્ધાકલાકમાં નદી પાર કરી જાઉં તો વધારે ઓછા વરસાદ કે નદીમાં પુર આવે તો બે ત્રણ દિવસ કે તેથી વધુ દિવસ ગામમાં જ પડ્યું રહેવું પડે વળી નદીમાંથી પાણી ક્યારે ઉતરે તેમજ ગામડામાં એકી પાણી કે અન્ય દીશા જંગલ જવા જેવી અનેક મુશ્કેલી એથી ગામમાંથી નિકળી અડધા પોણા કલાકમા નદીએ પહોંચી ગયો. નદીમાં એટલું પાણી નહોતું પરંતુ જાહેરાતના કારણે નદીના પટમાં કોઈની અવરજવર બિલકુલ નહોતી. નદીના ધાતરવડી ગામમાં સીમમાં કામ કરતા અને તે ગામના કિનારા પરના લોકોએ પણ કહ્યું ભાઈ આ વરસાદમાં તો હમણા ઉપરના વાસના વરસાદને કારણે નદીમાં હમણા પાણી આવસે તો નદીમાંન ઉતરશો પરંતુ નદી પાર કરી સામે કિનારે રાજુલામાં પહોંચવાની ઉતાવળ કોઈનું યે માન્યા સિવાય ધાતરવડીમાં ઉતર્યો ઉચાટ સાથે ત્યાં બુમો સંભળાય નદીમાં પાણી આવી રહ્યું છે.પાણીનો પ્રવાહ જોરદાર છે હવે ! હજી તો દેવ અર્ધી નદીમાં વચ્ચોવચ હતો પરંતુ પછી તો ઢીંચણસમાં પાણીમાં કપડાની કે શરીરની પરવા કર્યા સિવાય દોડવાનું શરૂ કર્યું જો કે રાજુલા બાજુના કિનારા સુધી આવી ગયો. અને બુમો સંભળાય નદીમાં પૂર આવી ગયું છે કોઇ નદી બાજુ ન જાય આ બાજુ સુરક્ષીત પહોંચ્યા પછી પાછળ જોયું તો પુરનું રુદ્રરૂપ અને ઘુઘવાટ. પરંતુ હું તો પુર જોવા આવેલા રાજુલા શહેરના માણસોની વચમાં પહોંચી ગયો હતો મને એ લોકોએ નદીમાં આવતો જોયેલો મને કહ્યું તમે બચી ગયા મે કહ્યું કે પુરની બીકે હું ઢીંચણસમાં પાણીમાંય દોડ્યો હો. ઉતાવળે ચાલ્યો હોત તોયે પૂરની





ઝપટમાં આવી જાત એથી દોડ્યો ભગવાને બચાવી લીધો. પછી તો રાજુલા સરકારી આરામગૃહમાં જઈને કપડા બદલી રાજુલામાં જ રાત્રી રોકાણ કર્યું. બીજા દિવસે બપોર પછી વરસાદ બંધ થતા ઊના બાજુ કામ માટે નિકળી ગયો.

(૨૨)

એ સમયે દાહોદ તાલુકો હતો ગરબાડા ગામડુ હતું. આ ગરબાડા સેજાનું એક નાનું ગામ. પાંચેક વાગે ગામથી થોડે દૂરના બસ સ્ટેન્ડ પર ઉતર્યો. તળાટી તે ગામમાં રહે, સ્ટેન્ડથી ગામ માત્ર બે કિ.મી.ના અંતરે રસ્તામાં ખેતરો. ઝાડી વિગેરેમાંરસ્તો પસાર થાય. સ્ટેન્ડ પરથી ગામમાં ક્યાંથી જવાય તેની પૂછપરછ કરી. બસ સ્ટેન્ડ પર જ માહિતી મેળવી. એ સાથે જ નજીક ઊભેલા ૩૦ વર્ષની આજુબાજુ ઉમરના એક જુવાને કહ્યું ચાલો સાહેબ તળાટી મારી બાજુમાં જ રહે છે. સ્ટેન્ડ પર એ વિસ્તારની ભોમીયાણ અને જાણકાર બે ત્રણ બાઈઓ ઉભેલી મને અજાણ્યો જાણીને બબડી બિચારાનું શું થશે ! મને સાથે લઈ જવાવાળો માણસ હું પાછળ આવું છું તેની રાહ જોવા થોડે દૂર જઇ ઊભો. મેં બાઈઓને પૂછ્યું તમે કોને કહ્યું. તમને જ. પરંતુ ત્યાંસુધીમાં બાઇએ પેલા જુવાનને પાછો આવતા જોયો. ગભરાઈને કહ્યું સાહેબ બચવું હોય તો પાછલી આવતી બસમાં પાછા જઇ આગળના સ્ટેન્ડે ઉતરી અજવાળે અજવાળે તે ગામ ભેગા થઇ જાવ. આ તો લુંટારુ ટોળકીનો સાગરિત છે. તમને એકાદ શેતરવા લઇ જઇ એના માણસોને તમને સોંપી દેશે. તેના માણસો એની રાહ જોઇ ખેતર કે ઝાડીમાં ક્યાંક સંતાયા હશે. તમને લુંટી જ લેશે એમ નહિ. હાથપગ વગરના પણ કરી નાખે. આ લોકોનો લુંટ કરવાનો ધંધો છે આની ટોળકીના માણસો બહું જ ભયાનક છે. તેમની સામે થાવ આનાકાની કરો કે પોલીસ, સરકારની

બીક બતાવો તો ખૂન પણ કરી નાખે. આ લોકો પોલીસથી કે સરકારથી બીતા પણ નથી કારણ કે પછી મધ્ય પ્રદેશના જંગલમાં જઈ સંતાઈ જાય છે. અહીં તમારું કોણ સાક્ષી ? તમને બચાવવા વાળુ પણ કોઈ ના મળે તેવી આ લોકોની બીક છે. માટે વળતી બસમાં આગળ સ્ટેન્ડે ઉતરજો.

જુવાન પાછો ફર્યો ચાલો સાહેબ પછી અંધારુ થઈ જશે. એમ કહ્યું પરંતુ વળતી બસ આવતી દેખાઈ. એટલે આવું છું એમ કહી બસમાં ચડી આગળના સ્ટેન્ડે ઉતર્યો. સાડા પાંચ વાગી ચૂક્યા હતા એક ગલ્લાવાળાને રસ્તાનું અને તળાટીનું સરનામું પૂછ્યું. બરાબર છે સાહેબ પરંતુ દિવસ આથમતા પહેલા ૧॥ કિ.મીટરનું અંતર કાપી નાખજો અહીંયા તમારા માટે બધા અજાણ્યા છે. વિસ્તાર ભયાનક છે. કોઈ પૂછે તો એ ગામના મુખીનું નામ દેવું. તેમના ઘેર જવું છે. તેમ કહેવું. કોઈ પૂછે તો જ ! નહીંતર કોઈને કાંઈ બતાવવું નહીં. ચાલ્યા કરવાનું. અને અમ જ થયું. અર્ધા કલાકમાં અંધકારના ઓલા ઊતર્યા પહેલા તળાટીના રહેઠાણે પહોંચી ગયો. તળાટી નહોતા તેમના ઘરવાળાઓએ અને પડોશીઓએ આવા સમયે સહીસલામત એક અજાણ્યા અધિકારીને આવેલા જોઈ આશ્ચર્ય સાથે આવકાર આપ્યો અને દેવ વધુ એક દુર્ઘટનાથી તે દિવસે બચી ગયો.

(૨૩)

મહેસાણા કાર્યાલય જી.પી.ગેઈન અધિક્ષક. ભાટીયા કરીને એક ગૃપના સેક્રેટરી તરીકે ફરિયાદ કરવા આવ્યા. ઔદ્યોગીક સર્વેનું એક કારખાનું સાહેબ મકવાણા સાહેબ આ સર્વેના ફોર્મ ભરવાના પૈસા માગે છે. જી.પી. ગેઈને કહ્યું એવું ન બને છતાં લેખીત તારીખ સાથે લાવો સાક્ષી લાવો લેખિત અરજી આપવાની વાતથી માણસ ગભરાયો છતાં અધિક્ષક ગેઈનના દબાણથી અરજી આપવી પડી. સમય અને તારીખ માગ્યા કોની હાજરીમાં





આ બન્યું તે જે તે સમયે સાક્ષીઓ માગ્યા સાક્ષીઓમાં મેનેજર ફરિયાદીના ભાઈના નામ લખવામાં આવ્યા. પરંતુ જે તારીખો જે તે કારખાનાની આપી તે તારીખો દરમ્યાન શ્રી જી.પી.ગેઈન અધિક્ષકે મહેસાણાતી ઘણે દૂર કચ્છમાં અને રાધનપુર વિગેરે વિસ્તારમાં મકવાણાનું કાર્ય નિરિક્ષણ બતાવેલું. મકવાણા એ દિવસે અને તારીખે મહેસાણામાં જ નહોતા આ તારીખે કચ્છ અને રાધનપુર બાજુ એમના કામનું મેં ઈન્સ્પેક્શન કર્યું છે તો એમની તો ઠીક મારી ડાયરી, કાર્યક્રમ, નિરિક્ષણ કર્યું તે શું ખોટું. માત્ર પછાત વર્ગના સમજીને ખોટી ફરીયાદો કરવાનું આયોજન બંધ કરો. એવો અધિક્ષકે કહ્યું. એ પણ કહ્યું કોઈને જીવન તો આપવાની તમારી ત્રેવડ ના હોય તો ભલે, પરંતુ કોઈનું જીવન લેવાની કોશિષ ના કરો. એવો ઠપકો આપી ફરિયાદીને જવા દીધા. ફરીથી આવું ન કરવા સૂચના આપી.

(૨૪)

ધાનપુર તાલુકાનું ગામ ૧૯૮૪ નો શિયાળો ઊતરી રહ્યો હતો તળાટી અને ગ્રામસેવકનું કામ તપાસી તળાટી સાથે દાહોદ આવવા નિકળ્યો બસ સ્ટેન્ડ પહોંચ્યા પછી જાણવા મળ્યું કે દાહોદમાં તેમજ ગોધરા લીમખેડા બધા જ વિસ્તારોમાં અમદાવાદ અને વડોદરાના પગલે ભયંકર કોમી તોફાન ફાટી નિકળ્યા છે. તળાટી તો પછાત સમાજના સેનવા જાતિના હતા. દાહોદમાં જ એમનું ઘર બસના રસ્તા પર. અને મને ઉજળિયાત માને કારણ કે હું ગામડામાં પણ સેવાપૂજા કરતો નાહી ધોઈને પુજાપાઠ પછી જ ચા પાણી કરતો. તેમજ સંપૂર્ણ પણે માંસાહાર, નશીલા પદાર્થોથી અલિપ્ત રહેતો. હોવાથી એવા મારા વર્તનના કારણે તેણે મને કહ્યું પણ ખરું સાહેબ આજે આ તોફાનમાં આવી રાતમાં તમે વડોદરા કંઈ રીતે પહોંચશો ? મારે ત્યાં શાંતિથી આરામથી રહી સવારે નિકળી જજો. પરંતુ

એને ક્યાં મુશ્કેલીમાં મૂકવો ! મને હિંમત અને વિચાર પણ ખરો કે દાહોદ બસ સ્ટેન્ડની નજીકમાં સામે જ એક મોટું લોજીંગ બોર્ડીંગ હાઉસ હતું. એથી ત્યાં જઇ ખાઇને સુઇ જવાશે, પછી શા માટે બીજાને હેરાન કરવા. બસ માંડ માંડ દાહોદના બજારનો રસ્તો કાપતા ડેપો પર પહોંચી. ઉતરીને લોજીગના શેઠને કહ્યું એક પથારીની સગવડ કરી આપો, મેનેજરે કહ્યું સાહેબ ! આજે તો કોઇને ઊતારવાના જ નથી મે કહ્યું. ભાઇ એક તો હું અજાણ્યો છું. અને આવા તોફાનમાં ક્યાં જાઉં ? સાહેબ બધું સાચું, પરંતુ અમે કોઇ પ્રકારનું જોખમ ઉઠાવવા માગતા જ નથી. આપે આવામાં નિકળવું જ ન જોઇએ. હવે શું ! શું કરવું ? ક્યાં જવું ! એવામાં વિચાર આવ્યો ચાલ દેવ લીમખેડા. બસ સ્ટેન્ડ પાસે બે આરામગૃહ છે. એક પંચાયતનું બીજુ સરકારી, ગોધરાની લોકલ બસ આવી અને ચડી બેઠો. બસમાં પણ ચારેબાજુ તોફાનના ભણકારા, ગોધરા ડેપોની બસ ડ્રાયવર કંડકટર પણ ગોધરાના એટલે દશ વાગ્યા સુધીમાં સહીસલામત ગોધરા પહોંચવાની ઉતાવળ દેવ ૮-૪૫ ના સમયે રાત્રે લીમખેડા ઉતરી પહેલા નજીકના આરામગૃહમાં જઇને પૂછ્યું ભાઇ એક જગા કરી આપો. ચોકીયાતે કહ્યું સાહેબ ! નીચે પાથરવા માટેની જગા પણ નથી, એટલુ ભરચક છે. પરંતુ નાળુ ઉતરીને આગળ સામે બીજુ એક આરામગૃહ છે. ત્યાં જાવ બીજુ આરામગૃહ માત્ર ૩૦૦ જ ડગલાના અંદાજે દૂર અંધારી પાંચમ છઠ્ઠનો ચંદ્રમાં ઉગવાની તૈયારીમાં નાળુ પસાર કરીને દશેક ડગલા ચાલ્યો હોઇશે.

ત્યાં સડકની બાજુમાં આરામગૃહના રસ્તા પર ત્રણથી ચાર માણસો બેઠેલા દેખાયા તેમની નજીક પરંતુ રોડની સામેની સાઇડમાં ચાલતા એવા મને પૂછ્યું કોણ છો ? હિન્દુ કે મુસલમાન ધારીયા, ફરશી સાથે બેઠેલા આ ત્રણ જણાને શું જવાબ આપવો ? પરંતુ કુદરત જ બચાવ કરી જવાબ આપી દે છે. બચાવ કરી શકે છે. અચાનક જ ચાલતા ચાલતા અવાજ નિકળી



ગયો. પીરજાદો છું. પરંતુ એ લોકો વિચાર વિમર્શ કરે, એ સમય દરમ્યાન હું આરામગૃહના દરવાજે પહોંચી ચૂક્યો હતો. પણ એ લોકો દોડતા પાછળ આવ્યો અને જોરથી પૂછ્યું તું ચોક્કસ હિન્દુ જ છે. અને અમને બનાવવા અને બચવા ખોટું બોલ્યો છે. તે આરામગૃહ નજીક પહોંચે એ વખતે આરામગૃહનો દરવાજો બંધ કરી મેં ચોકીયાતને ઉઠાડ્યો, જે પાછળના ભાગમાં રૂમમાં જાગતો પડ્યો હતો. મને એકાદ બે વખતના રોકાણને કારણે ચોકીયાત ઓળખતો પણ હતો. બીજી કોઇ પણ જાતની માથાકુટ કર્યા સિવાય કહ્યું સારું થયું સાહેબ ! તમે અંદર આવી ગયા. નહિંતર આરામગૃહની આજુબાજુ જ નહીં. આસપાસની સીમમાં પણ મુસ્લીમોના મારાઓ ફરે છે. અને તે લોકો હિન્દુ હોવાની શંકા જતા જ માણસને મારીને જંગલમાં ફેંકી દે છે. ત્યાં દરવાજે કોલાહલ સંભળાયો મેં ત્રણ ચાર જણા મુસ્લીમ જેવા લાગતા હથિયાર ધારીને જોયા. મેં બધી વાત કરી, ચોકીયાતે શાંતિતી પથારી કરી આપી. જમવાની વ્યવસ્થા કરી નાહી ધોઇ પૂજાપાઠ કરી જમી પરવારી ભગવાનનો પાડ માની ઘસઘસાટ ઊંઘી ગયો. અને ફરી એક વખત દેવ બચી ગયો અને સંસારની હવા ખાતો થઇ ગયો.

(૨૫)

રાતના આઠનો સમયે પાલનપુરથી એક બસ ગામડામાં જ્યાં મારો કાર્યક્રમ હતો, તે ગામમાં થઇને દાંતા જવા ઉપડેલી બસ ભરચક ભીડવાળી, પાલનપુર ડેપોમાંથી બસ ઉપડ્યા. પછી પાલનપુરના જ પરંતુ આગળના સ્ટેન્ડથી એક યુવાન ચડ્યો લગભગ ૪૦ વર્ષ જેટલી ઉંમર. આ બસમાં ૬૦ થી ૬૫ વર્ષની ઉંમરના એક વેપારી જેવા લાગતા વૃદ્ધ ચડેલાપેલા નવા આવેલા યુવાને પેલા વૃદ્ધને આગળ ખસ એવા તુચ્છકારથી આગળ જવાનું દબાણ કર્યું વૃદ્ધ શક્ય તેટલુ આગળ ખસ્યા. જુવાનને ઊભા રહેવાની જગા

હોવા છતાં ફરીથી વૃદ્ધની નજીક જઇ તુંકારો કરી દબાણ કર્યું. આગળ બસમાં મુસાફરો જોઇ રહ્યા હતા. કંડક્ટર ચૂપ હતો. મુસાફરો ચુપ હતા જુવાનની દાદાગીરી વૃદ્ધ પર વધતી ચાલી અને હવે તે વૃદ્ધની સામે અણછાજતું વર્તન કરવા લાગ્યો. કોઇએ જુવાનને સમજાવ્યો કે વાર્યો નહી. તુમાખી ભરેલા એ યુવાને અપમાનિત ભાષામાં વૃદ્ધને મારવાની ધમકી આપી. મારવાની મુદ્રામાં અને વ્યવહારમાં આવતો લાગ્યો. વૃદ્ધની કાકલુદી ભરી વાણીની ન તો એ જુવાન પર અસર થઇ કે ન તો કંડક્ટર કે મુસાફરો પર, બસ એની ગતિએ ચાલી રહી હતી પરંતુ એથી શું ! યુવાનની જોર તથા જુલ્મી ભાષાએ માઝા મુકી વૃદ્ધ રડી પડ્યો અને લોકોને કરગરવા લાગ્યો કંડક્ટરને પણ કરગર્યો પરંતુ કોઇની ઉપર કોઇ અસર ના થઇ. કંડક્ટરે કહ્યું હું શું કરું કાકા ?

અને અચાનક દેવ ઊભો થયો. બસની ઘંટડીની દોરી ખેંચી અને કહ્યું બસ પોલીસ સ્ટેશને લઇ લો ! કંડક્ટર ડ્રાયવરને સુચના આપી અને બસને પોલીસ સ્ટેશને લઇ લો. તમે લોકો જોતા નથી કે આ માણસ આ વૃદ્ધને કેટલા હેરાન કરે છે. અને મારવાની ધમકી આપે છે. છતાં તમારા પેટનું પાણીયે હાલતું નથી. આ વૃદ્ધને મારશે કે નુકશાન કરશે એની જવાબદારી તમારી જ રહેશે. સમજ્યા ? મારો જુસ્સો અને બોલવાની નિડરતાથી માત્ર કંડક્ટર જ નહિ ખુદ એ કાળમુખો યુવાન પણ સ્તબ્ધ થઇ ગયો. તે કાંઇ પણ પ્રતિભાવ આપે તે પહેલા ચારપાંચ યુવાન મુસાફરો મારી પાસે આવ્યા અને કહ્યું સાહેબ તમે સાચુ જ કહ્યું, અમે પણ તમારી વાતમાં સહમત છીએ. બસને પોલીસ સ્ટેશને લઇ જાવ યા તો આ ગુંડાને તાત્કાલિક ઊતારી મૂકો, જેથી આ વૃદ્ધ કાકાના જીવમાં જીવ આવે. આ બધી માથાકુટમાં બસ પાલનપુર શહેરી વિસ્તારથી બહાર ત્રણેક કી.મી.ના અંતરે પહોંચી ગઇ હતી. ઘનઘોર અંધારુ આજુબાજુ કોઇ ગામ ન દેખાતા એકાએક





બસ ઊભી રહી, બે ચાર યુવાનની મદદથી કંડક્ટરે દરવાજો ખોલી એ માણસને ધક્કો મારીને નીચે ઉતારી દીધો. બસને આગળ મારી મુકી એક વૃદ્ધને બચાવી લીધો. બીજે દિવસે જાણવા મળ્યું કે તે એક લૂંટારુ ટોળકીનો સાગરીત હતો. અને હવે એકાદ કિ.મીટર પછીના રસ્તા પર તેના માણસો સંતાયને ઊભા હતા તેને બસમાં ન જોતા તે લોકો ઝાડીમાંથી બહાર જ ન આવ્યા બસ લુંટાતા બચી ગઇ. ખાસ તો વૃદ્ધ બચી ગયા. કારણ કે એની પાસે કંઇક જોખમ હોવું જોઇએ એવી બાતમીને આધારે આ લુંટાળુ ટોળકીના સાગરિત તેને હેરાન કરતો લાગ્યો કુદરતનો આભાર.

એકવાર વડોદરાથી તો ૩ વાગે નિકળી ગયો. આગળના બે દિવસો રજાના હતા. વાયા ધોળકા થઇને બાવળા ૭-૩૦ વાગે કેસરડીની રાતની બસ મળે. બાવળાથી કેસરડી માટે તે છેલ્લી બસ હતી. ધોળકા રામપુર ત્રણે રસ્તા પર બસ આવી અને જાણવા મળ્યું કે ધોળકામા ભયાનક કરફ્યુ ચાલે છે. અને નવા આવેલા પી.આઇ. મિસ્ટર કરવલ બહું જ કડક છે. ૬ વાગે ધોળકા ત્રિકોણીયા પર ઊતારી બસ ખેડા પાછી ગઇ હવે કોઇ સાધન બાવળાનું મળવાની કોઇ શક્યતા ન રહી. કરફ્યુમાં ક્યાં જવું રખડી પડ્યા જેવું થયું. ત્યાં જ કરવલની ખુદની ગાડી આવી મારી પૂછપરછ કરી મે બધી વાત વિગતે કહી એમણે કહ્યું બાવળા તો હવે નહિ જઇ શકાય. ત્યાંની બસો પણ બંધ છે. તો અહીં કોઇ નજીકના ગામમાં ઓળખાણ ખરી ? મેં કહ્યું હા જલાલપુર વજીફા વણકર વાસમાં મારી સાસરી છે. મારા સસરા, કુટુંબીઓનું નામ જાણ્યા પછી કહ્યું મારી ગાડીમાં હું મારી જાતે જ મૂકવા આવુ છું પરંતુ જો માહિતી ખોટી પડશે તો ચામડું ચીરી નાખીશ અને જામીન પર પણ નહી છોડું મેં કહ્યું સાહેબ ! ખોટી માહિતી આપવાની શી જરૂર અને છેક મારા સસરાના ઘર નજીક ગાડીમાંથી ઊતારી પૂછપરછ કરવા લાગ્યા ત્યાં તો ટોળુ એકત્રિત થઇ ગયું. નટુ આવ્યા. શબ્દોથી. સસરા સાસુ સાળા બધા ખુશ થઇ ગયા.

સાહેબને તેમના પૂછ્યા પહેલાં જ બધી માહિતી મળી ગઈ સાહેબ ખુશ થઈ ચાલ્યા ગયા અને દેવે ઈષ્ટદેવનો આભાર માની બે દિવસ સસુરાલમાં આરામ કર્યો.

(૨૬)

આ જ રીતે જંબુસરમાં પણ કોમી રમખાણની પરિસ્થિતીમાં સજ્જડ કરફ્યુમાં મીલીટ્રીના હાથે જ ઝડપાઈ ગયો હતો. સાંજના સમયે વડોદરાથી નિકળ્યો બીજા દિવસથી આમોદના કારખાના તપાસવાનો કાર્યક્રમ, આમોદથી ૭ કિ.મી. જંબુસર ભરૂચ રોડ પર સેવકનું ગામ મંગણાદ જે જંબુસરથી ભરૂચ રોડ પર ફક્ત ૩ કિ.મી. ત્યાથી ૭ કિ.મી. આમોદ નિકળ્યો. ત્યારે માસારોડ સુધી કરફ્યુ બાબતના કોઈ સમાચાર નહી માસારોડથી જાણવા મળ્યું કે જંબુસરમાં કરફ્યુ છે અને કોઈ પણ વાહનને સીટીમાં જવા દેતા નથી બીજા ગામોમાં કોઈ ઓળખાણ નહી વાહનવાળાએ ડાબા ચોકડી બધાને ઉતારી મુક્યા. લોકલ માણસો કે પેસેન્જરો પોતપોતાના ઘેર જાણીતા રસ્તે પહોંચી ગયા. હવે ડાભા ચોકડીથી આરામગૃહના રસ્તા પરથી મંગણાદ જવાય પરંતુ ત્યાં જઈને પણ શું સાધન તો મળતા નહોતા. પરંતુ ભરૂચ જંબુસર ત્રિકોણીયા પર તો પહોંચવું, વળી કંઈ સાધન મળી જાય. અને ચાલવાનું શરૂ કર્યું. લગભગ અર્ધો કે પોણો કિ.મી. ચાલ્યા પછી આરામગૃહ પહોંચાય. પરંતુ માંડ ૨૫ પગલા ચાલ્યો હોઈશ ત્યાં મીલીટ્રીની ગાડી આવી પકડી લીધો. પૂછપરછ શરૂ થઈ ત્યાં જ તેમના કમાન્ડરની ગાડી પાછળને પાછળ આવી તેમણે ખાતાના ચોપડા. કાર્યક્રમની નકલ અને અન્ય જરૂરી વાત જોઈ નામ પૂછ્યું ખાતાનું નામ પૂછ્યું. મંગણાદમાં કોને ત્યાં જવાનું છે તે પૂછ્યું બધું બરાબર કે સાચુ લાગતા કમાન્ડર પોતે જ ગાડી લઈને મંગણાદ ગામમાં મૂકી ગયા. મે તેમનો આભાર માન્યો.



૧૯૭૯ ના જુન મહિનામાં મેં અમદાવાદ બદલી માંગેલી એના બદલે મને સુરેન્દ્રનગર મુક્યો. જોકે બે વરસ સુરેન્દ્રનગર આનંદથી પસાર થઈ ગયા. ત્યાં પણ આર.એ. તડવી બદલી કરાવીને સુ.નગર આવેલા ત્યાં ખાસ કોઈ અનુભવ થયો નહિ.

(૨૮)

અને અચાનક ૧૯૮૧ ના ઓકટોમ્બરમાં સુરેન્દ્રનગરથી અમદાવાદ બદલી થઈ વતન નજીક આવવાને કારણે આનંદ હતો. પરંતુ જ્યારે મહેસાણા ખાતે નોકરી હતી. ત્યારે અમદાવાદ સ્થિત કર્મચારી તેની બદલી અમદાવાદથી મહેસાણા જ બદલી થતાં એટલો રઘવાયો થઈ ગયેલો કે એણે છ આઠ મહિનામાં જ હૃદયના હુમલાનું નાટક કર્યું અને ઓફીસમાં જ પડી જઈ બેભાન થઈ ગયો અને તે વખતે મહેસાણામાં બે અધિક્ષકો હતા. મિ.ઓ.પી.માથુર કરીને એક થોડો હિંમતવાળી હતો. બીજો કોઈએ આ શખ્સને તેની આવી હાલતમા તેના ઘેર અમદાવાદ સ્થિત તેની ફેમીલી ભેગો કરવાની હિંમત ન કરી અને મિસ્ટર માથુર અમદાવાદથી અજાણ એટલે તેમજ શખ્સ પછાત વર્ગનો હતો. તેથી એક બે સહાયક અધિક્ષકોની મદદ માગી પરંતુ અન્ય સમાજના કોઈ તૈયાર ન થતા મારી મદદ માગી કારણ કે હું અમદાવાદથી પરિચિત તેમજ દલિત સમાજનો સભ્ય છું તેમ માનીને હું અને માથુર તેને સહીસલામત અમદાવાદ એ નાટકીયા શખ્સ નારણને તેના ઘેર પહોંચતો કર્યો.

ઉપરોક્ત શખ્સની મહેસાણાથી ઓળખાણ તો હતી જ પરંતુ મારા અમદાવાદ આવતા ઉપરોક્ત બનાવને કારણે દોસ્તી થઈ. એ એ દોસ્તી ધીમે ધીમે આગળ વધી. પછી તો વતન જવામાં સાંજની બસ ચુકાય જાય એવી હોય કે મલે એવી હોય તોયે તેની ગાંડીમાં તેના ઘેર લઈ જાય. જમવા તથા

રહેવાની વ્યવસ્થા થવા લાગી. પરંતુ રાતના આઠ વાગ્યા પછી જમે ના જમે અને એ સખ્શ ક્યા કામ માટે બહાર જાય. તેની ખબર ના પડી. તેની બૈરી પણ જવાબ ન આપતી. અને કહેતી કે તમો નિરાંતે સુઈ જાવ એ તો ગમે ત્યારે આવે તમને અહીં શાની બીક લાગે છે.

છેવટે એનેપૂછ્યું ત્યારે જણાવ્યું કે સામાજીક તેમજ લોકોને મદદરૂપ થવા માટે બહાર જવાનું થાય છે. અને લગભગ રાતના બે ત્રણ વાગે ગમે ત્યારે આવે હું વહેલો સુઈ જાવ મને ૯-૦૦ વાગ્યાથી જ ઊંઘ આવી જાય. સવારમાં પાંચ વાગ્યા સુધી હું ઊંઘી જ રહું મને એ પણ ખ્યાલ ન આવે કે ક્યારે આવે છે માત્ર એની બૈરી કે કે આજે આટલા સમયે તમારા મિત્ર આવ્યા હતા.

છેવટે વધુ પડતા વિશ્વાસમાંમાં લઈને એક છોકરી અધિકારીની સામે થાય છે. એટલે એને મહાત કરવા એની કુટીલ નીતિનો ઉપયોગ કરવા માટે મારી વિશ્વાસપાત્રતા અને દોસ્તીના દાવે મને આવા કામમાં સાથ સહકાર આપવા વિનંતી કરી. મે ના હા કરી એટલે સુચન અને દબાણ કર્યું. તમારી સાથેની મિત્રતાનો અર્થ શું ? મેં કહ્યું હું કોઈ સારા કામ માટે મદદ કરું પરંતુ પોતાના વિકાસ માટે સ્વાર્થ માટે કોઈ બાઈ બહેન ભાઈને ફસાવી કોઈને અન્યાય, દગો છેતરપીંડી કરીને આગળ વધવામાં હું નથી માનતો. મારા સિદ્ધાંત પ્રમાણે હું એનો વિરોધી છું. આવા કામને મારી ગમે તેવી પ્રગતિ થતી હોય તો પણ હું કરવા તૈયાર નથી. એવું કરવા કરતા તમામ પ્રગતિ ભલે અટકી જશે તો તે મને મંજૂર છે.

બસ, આ ઈન્કાર કહો તો ઈન્કાર અને તેની આવી પ્રવૃત્તિનો અનાદર કહો તો તે. સંબંધો ઓછા થતાં ગયા. કપાઈ ગયા. માનો તો તે અને પછી તો એમની ટોળકી કે જે આવા ખરાબ ધંધા જ કરતા હશે. તે



લોકોએ મારા ગામના મારા વિરોધીઓ સાથેના સંપર્કો કરી જે લોકો પણ ગોરખ ધંધામાં નિષ્ણાંત હતા તેમની સાથે મળી અને વાડીલાલ હોસ્પીટલમાં કોઈ સગાની ખબર કાઢવાને બહાને બોલાવી આ શખ્શે એની પત્નિની ઈચ્છા વિરુદ્ધ તેની મશ્કરીનો કેસ કરાવ્યો. અને જે તે સમયે હું વાડીલાલ જઈ રહ્યો હતો. ત્યારે જ આવા કેસથી મને બદનામ કરવાની કોશિષ થઈ અને મને બેઈજ્જત કરી મારી પાસેથી પૈસા પડાવવાની કોશિષ શરૂ થઈ. આ કાર્યમાં કેસરડીના મારા વિરોધી હતા જ એ તદ્દન સત્ય છે.

પરંતુ કોર્ટમાં એની બૈરીએ કહ્યું કે સિવીલ હોસ્પીટલ શાહીબાગથી અમો પાલડી થઈને વાડીલાલ આવતા. વાડીલાલે આ સખ્સે મશ્કરી કરી પરંતુ હું આ ભાઈને ઓળખતી નથી તે મારા પતીની ઓફીસમાં નોકરી કરે છે. તેટલી જ ખબર છે.

વકીલોની છણાવટમાં એનાથી રજુ થઈ ગયું કે મહેસાણા સાથે નોકરી કરતા હતા. એથી એ સાબિત થયું કે ૧૯૭૫-૭૬ માં મહેસાણા હતા. તમે તેમને દશ વર્ષથી ઓળખો છો એટલું જ નહિ. છેલ્લા પાંચ વર્ષથી અમદાવાદ આવ્યા પછી તમારો પરિચય વધ્યો એ પણ એટલું સાચુ માટે તમે ખોટુ બોલો છો તે એટલુ સાચું છે. અને વકીલોની દલીલોમાં ભાગી ગયા પછી સત્ય રજુ કરવુ પડ્યું.

બીજી દલીલ વકીલની એ હતી કે તમે સ્કુટર પર પાલડી ગયા ? ત્યાંથી વાડીલાલ હોસ્પીટલ આવ્યા કેટલું ખોટું છે. તમે તો નહેરુ પુલ કે અલિસબ્રીજ થઈને સીધા વાડીલાલ આવી શક્યા હોત. તમે ક્યા રસ્તે પાલડી ગયા. ત્યાંથી વી.એસ આવવાની વાત કેટલી બે બુનીયાદ છે. તો વળી તમારા આ બનાવ વખતે તમારી સાથે તરતમાં તમારા પતિ, દીયેર અને અન્ય લોકો એકાએક કંઈ રીતે ભેગા થઈ ગયા. તેથી તે સાબિત થાય છે કે

આ વ્યક્તિને બદનામ બેઈજ્જત કરી પૈસા પડાવવાનું કાવત્રું છે. તથા તમારા આવા ગોરખધંધામાં એમને મજબૂર કરી ડરાવી, ધમકાવી, બલિનો બકરો બનાવવાની તમારી યોજના છે. એ નક્કી થાય છે. અને પછી જે થવાનું હતું તે થયું. કોર્ટ વચ્ચે રડતા રડતા જાહેરમાં માફી માંગી માંડ માંડ મુક્ત થયા.

અને મારા વકીલે એમની સામે બેઈજ્જતીનો દાવો કરવાનો અને કેસ કરવાની એટલા માટે ના પાડી કે આવા ધંધા કરીને પૈસા કમાનાર માણસની કમાણી પાપની કમાણી કહેવાય. એથી તમારી જેવા સજ્જન અને સિદ્ધાંત વાદીઓએ એવા પૈસા મેળવવા માટે પ્રયત્ન પણ ન કરવો જોઈએ. છેવટે એ શખ્સનું નોકરીના દશ વર્ષ બાકી હતા ને કેન્સરમાં અવસાન થયું.

આ સીલસીલામાં મારી બદલી મે અરજી આપીને કરાવી નાખી છેક જામનગર પરંતુ આટલી દૂરની નોકરી છતાં ત્યાં નોકરી કરવાની મઝા આવતી સાહેબ બે પરંતુ બંન્ને સારા હતા. જુનાગઢ, અને જામનગર જીલ્લો તેમજ રાજકોટનો થોડો ભાગ એ જામનગરના વિસ્તારમાં પહેલા જે કાર્યાલય જુનાગઢ હતી તે જામનગર ખાતે લઈ જવામાં આવી હતી. તેના વિસ્તારમાં થોડો ફેરફાર થયો એટલું જ.

જામનગર મારી બદલી જામનગર ઘણુ દૂર પડવાને કારણે તથા બાપુજીનું ૮૭ ની સાલમાં વૃદ્ધત્વને કારણે અવસાન થતા નાના બાળકો અને ફેમીલી એકલાપડવાને કારણે બદલી માંગી વડોદરા આવી ગયો. ૧૯૮૯ ના મેં મહીનામાં ઓગષ્ટ ૮૭ માં જામનગર હતો ત્યારે જ પપ્પાનું અવસાન થયેલું.

(૨૯)

૧૯૮૭ ના શ્રાવણ સુદ ચૌદસના દિવસે ફઈબા ભાઈઓને



રાખડી બાંધવા આવેલા બીજે દિવસે શ્રાવણ સુદ ૧૫ પુનમના દિવસે રાખડી બાંધવાનો કાર્યક્રમ રક્ષાબંધનના તહેવારના કારણે હું પણ રજા લઈને ઘેર આવેલો. રાત્રે બાપુજીએ વહેલા ઊઠીને રાખડી બાંધવાનું કહ્યું ફઈબાએ કહ્યું ભાઈ એમ કેમ બોલો છો. પરંતુ આ તો સાચા સંતની ગતિ એમને પોતાની ગતિનો ખ્યાલ હોય જ બેન આતો ક્ષણ ભંગુર દેહ આનો શું ભરોશો ? અને એમાંય કાલે શ્રાવણ મહીનાની પુનમ જેવો પવિત્ર દિવસ, વહેલી સવારમાં સાત આઠ વાગ્યામાં જીવન પુરુ થાય તો સારું ! ભાઈ ! આવું કેમ બોલો છો ? બેન ! એ સત્ય બોલુ છું કોઈ બેન ભાઈનું મૃત્યુ સહન ન કરી શકે. પરંતુ જે સત્ય છે એને રોકવાની જરૂર પણ નથી એને રોકી પણ ન શકાય એમાં અફસોસ કરવાનો કે ઉચાટ કરવાનો કોઈ પ્રશ્ન નથી જ પરંતુ તમારી ઈચ્છા સવારમાં બાંધવાની હશે તો તેમ થશે.

અને એમ જ થયું રક્ષા બંધાવ્યા પછી માંડ અર્ધા કલાકમાં મહાસંત શિરોમણી ઉદાર ચિત્ત જ્ઞાન, ધ્યાન, ઉપાસનાના જ્ઞાતા, પદ પ્રતિષ્ઠા પ્રતિદ્ધિથી પર, પરમતત્ત્વના જાણકાર એવા દેવત્વને પ્રાપ્ત કરનાર મહાધર્મી સંતનો આત્મા અનંતની યાત્રા સાથે અમરત્વમાં ભળી ગયો. આગલા દિવસથી ખબર પડી ગઈ હતી અને છેક જામનગરથી આગલા દિવસે મને બોલાવી લેવામાં આવેલો. આ છે મહાન આત્માઓનું લક્ષ. જેને સમાધિલક્ષ કે સમાધિયોગ નહિ પરંતુ સહજ સમાધિ જેવી ઊંચી કક્ષામાં મુકી શકાય. સહજ સમાધિ એટલે પોતાની જીવનની ગતિવિધિનો સંપૂર્ણ ખ્યાલ હોય. એની પરમગતિ કે પૂર્ણ થવાના સમયનો ખ્યાલ હોય પરંતુ સહેજ પણ ડર કે દંભ સિવાય બધુ જ જાણતા હોવા છતાં નિસર્ગમાં નિમગ્ન થવાનું હોવા છતાં પ્રસાર, પ્રચાર, પ્રતિષ્ઠા, પૂજાવાથીયે પર અરે પરાથીયે પર એવા વિચક્ષણ સંતો સહજભાવ નિઃસ્પૃહભાવથી દેહ ત્યાગ કરતા હોય છે પોતાના મૃત્યુની જાહેર પુજાવા ભાવ, પ્રસિદ્ધિભાવવાળા જેમને ડોળદેખાવ કરવાની

વૃત્તિ હોય તે તેમના સગાવહાલા, પુત્ર પરિવાર, કદાચ સેવક કર્યા હોય તો તેમને મૃત્યુની છેલ્લી પળોમાં બોલાવી હાથમાં નાળિયેર લેવડાવી ફૂલહાર પહેરી હાથમાં નાળિયેર લીધુ તેવું જાહેર કરવામાં, કરાવવામાં વધુ રસ લેતા હોય છે. પછી ઘણા તો દેહવિલય થયા પછી તેમની ઈચ્છાના કારણે કે બાપભાઈ ગુરુનું સારુ દેખાડવા માટે આવુ કરતા જોવામાં કે સાંભળવામાં આવે છે. એમા એમના નામના બનેલા ગુરુઓને વધારે રસ હોય છે. કે એમના ગુરુએ કેવું અને કેટલું જ્ઞાન આપ્યું હશે. ગુરુની પાસે જે જ્ઞાન હોય તે શિષ્યે જે લીધો હોય તે પરંતુ દેખાડા જાહેરાત માટે આ પ્રયોગો ચાલે જ છે.

જ્ઞાન, ધ્યાન, ઉપાસના અને સંતગતિની ઉચ્ચતર કક્ષાને પ્રાપ્ત કરી ચુક્યા. પછી નિરાભી માની પણાને વળગી રહેવું અને અન્યના દુ:રદર્દને સમજીને મદદ કર્તા થવું તેને સાંત્વના સમજણ આપણી એ તો સંતોની મહાનતા છે એ ગતિ જ ન્યારી છે.

આ સંતના જુના શિષ્યો હજી પણ એમને યાદ કરે છે. અને તેમને આપેલા જ્ઞાન ધારાના રાહપર ચાલે છે. તેમના ઘણા શિષ્યો તો આત્મલક્ષી જ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષને પામ્યા છે અને જીવનભર સંતધારમાં જીવ્યા છે.

બાપુના અવસાન પછી સોમદાસબાપુ, નરભેરામબાપુ, ભાણીમા વિગેરેની ઉંમર થતી આવતી હોવાથી તથા છોકરા ગામડામાં ભણતા હોવાથી બધાના સર્ટી કાઢી વડોદરા જેવા મોટા શહેરમાં કેમ પોષાસે આ બધો ખ્યાલ રાખીને બીજા ભત્રીજા કે તેમના વહુ છોકરા હોવા છતાં સોમદાસબાપુ તથા ભાણીમાનું ધ્યાન રાખવાની મુખ્ય જવાબદારી એમની સમજણ પ્રમાણે વધુ હોવાથી મારા મહાદેવી હીરાદેવી વતનમાં જ રોકાય ગયા. ઉત્તમ ગુણો અને સેવા જ જેનો ધર્મ છે. મુક સેવા સમર્પણ ત્યાગ, નિરાભીમાની પણું, હસતામુખે આવકાર, આદર, સત્કાર, સહનશીલતા ઉચ્ચકક્ષાની





લાગણીશીલતા એ જ જીવન ધ્યેય સાથે વતનમાં રહેવાનું મુનાસીફ માન્યુ અને દેવ બધી બાબતોનો ખ્યાલ રાખી વડોદરામાં સેવકની સાથે એકલા રહેવાનું રાખ્યું.

વડોદરામાં પ્રથમ ટી.બી.હોસ્પીટલની પાસે આવેલા સુદામાનગરમાં નરભેરામ બાપુના સાનિધ્યમાં આવેલા સેવકોની સાથે રહેવાનું થયું. એ વ્યવસ્થા નરભેરામબાપુની હતી. સેવક એટલે શું ? સેવા એટલે શું ? ગુરુ ભાવના જેવા ઉત્તમ ગુણોથી ભરપુર સેવકો એટલે વડોદરા સ્થિત સુદામાનગરના સેવકો શામજીભગત, દીપભાઇ, ઈશ્વર, નાગજીભાઈ, માનસિંહ અને બીજા એકભાઈ છ ભાઈઓ તથા એમના બૈરા છોકરા ઘણી જ સમજપૂર્વકના ગુરુભાવમાં હતા. મધ્યમ વર્ગના, મધ્યમ આવક ધરાવતા, સામાન્ય રહેણાંકમાં રહેતા વિશાળ દીલના આ સેવક સમુહમાં બે વર્ષ રહ્યો દીપસિંહના ઘેર મારી પથારી દશ બાય બારના ઓરડામાં સામાન ત્રણ જુવાન છોકરીઓ બંન્ને પતિ પત્ની, મારો અને દીપસિંહનો ખાટલો ચાર પાય, મારો પલંગ આવી પરિસ્થિતીમાં કોઈ પણ જાતના કચવાટ વગર મફત ખવડાવવું, મફત રાખવું તથા માન સન્માન સાથે સેવા પુજા કરવી એ તો આ જુગ કે સમય માટે દુર્લભ છે. એ સમયે એ સેવા થતી જતી હાલ પણ આવી મોંઘવારીમાં પણ આ લોકોની સેવા ભાવના ક્યાંય બદલાય નથી. ખરેખર આવા સેવકો ધન્યવાદને પાત્ર તો છે જ એથી યે વધુ આવા લોકો ગુરુની ઈશ્વરની કૃપાના સાચા હકદાર છે.

(૩૦)

પરંતુ આ જગ્યાએથી કાર્યાલય સ્થળ ઘણુ જ દૂર પડતુ. બે બસો બદલ્યા પછી પણ ચાલવું પડતું બીજી બસને મેળવવામાં ઘણી જ વાર થતી. મુશ્કેલી ઘણી પડતી તેથી કોઈ નજીકના સ્થળે રહેવાનું મળે, ચાલવું ઓછુ પડે

એક જ બસમાં જવાય અને સમયસર કાર્યાલય પહોંચાય. એ બધાને ધ્યાન રાખીને કલાલી વિસ્તારમાં રહેવાનું રાખ્યું. પરંતુ ત્યાં આ લોકો કરતાંયે વધુ ગરીબ અને મજૂર વર્ગના લોકો સાથે રહેવાનું થયું. ઘર ચાલીમાં નાના બે છોકરા બે માણસ પોતે, ઘર મોટું. શરૂઆતમાં મોટા ઘરના માણસોના દીલ નાના લાગ્યા. પરંતુ અલગ રહેવામાં મહીને દાડે ૭૦૦ થી ૮૦૦ મકાન ભાડાના માત્ર અઠવાડીયા માટે જમવાનો ખર્ચ હાથે બનાવવાનું, ધોવાનું, પાણી કપડા આ બધું સમયસર કંઇ રીતે થઇ શકે. આ બધું ધ્યાન રાખીને એ લોકોને મહીને ઉંચક ૧૦૦૦ રૂ. આપવાના નક્કી કર્યા બંન્ને માણસ ખુશ થઇ ગયા એ વખતે સોંઘવારી વળી મારે મહીનાની શરૂઆતમાં ત્રણ દિવસ અને મહીનાના છેલ્લા અઠવાડીયામાં ત્રણ દિવસ બાકીના એમના ઘરમાંથી હું ૨૪ દિવસ બહાર ટુરમાં જ હોઉ એથી એમને નિરાત આમ રગશીયુ ગાડું ચાલવા લાગ્યું.

ભાઇ થોડો સમભાવી બાઇ થોડી અલ્લડ થોડી થોડી વારે વાંકુ પાડે. અડચણને કારણે કે સેવાના કારણે કે ભાવ વધારવાના કારણે અને એટલા માટે મકાન બદલવાના ત્રણ વખત પ્રયત્ન કર્યા પ્રથમ વખત કાર્યાલયના સહ કર્મચારી એકાઉન્ટ કમ કલાર્ક શ્રી તડવી કરીને એક શાંત પ્રકૃતિના માણસનું એક નાના રૂમ જેવું ઘર, કાર્યાલયથી ચાલતા દશથી પંદર મીનીટના અંતરે રાખ્યુ. એડવાન્સ ભાડુ ચુકવાય ગયું. થોડો સામાન લઇને રહેવા ગયો. મહીને ૭૦૦ ભાડુ નક્કી કર્યું. આ ભાડુ અમારા કાર્યની પધ્ધતી પ્રમાણે અઠવાડીયાનું જ ભાડુ ગણાય છતાં પણ છુટથી રહેવાનું તેમજ કાર્યાલયની નજદીકતાને ધ્યાનમાં રાખી મંજુર કર્યું તથા કપડા ધોવાના, ખાવાનું બનાવવાનું, વાસણા સાફ કરવાના આ બદું તો અલગ દેવ તો માંડ બે દિવસ રહ્યો ત્યાં ત્રીજા દિવસે રાતના તડવીના મોટાભાઇ આવ્યા હું



આડો જ પડ્યો હતો. અને આવીને કહ્યું કોના કહેવાથી મકાનમાં રહેવા આવ્યા છો ? મેં કહ્યું તડવી ભાઇએ મને ભાડે રહેવા માટે આપ્યું છે. કોણ તડવી મે નામ કહ્યું અને એકદમ ગુસ્સે થઇને તાડુક્યા. એના બાપનું મકાન છે કે એ ભાડે આપે ? મકાન મારુ છે. મને પૂછ્યા સિવાય એનાથી આપી જ કંઇ રીતે શકાય ? કાલે જ મકાન ખાલી કરી નાખજો અને જતા રહેજો, અને બીજે દિવસે કાર્યાલયમાં જઇને તડવી ભાઇને હકીકત જણાવીઅને તે ઢીલા માણસે જવાબ આપ્યો. હા તો એમણે ના પાડ્યું હોય તો સામાન પાછો લઇ જાવ. પછી પાછા કલાલી વસાહતમાં આવવું પડ્યું. અને થોડા મહીના ત્યાં પસાર કરવાના થયા.

પાછા એક ડોક્ટરે ઘર બતાવ્યું. ૫૦૦ રૂ  જ ભાડું પરંતુ મકાન છેક ડી કેબીન રેલ્વે ક્વાટર્સ. પાછો સામાન ફેરવ્યો અને માંડ માંડ ડી કેબીન લઇ ગયા. રેલ્વેના એક કર્મચારીભાઇ તેમાં રહેતા હતા. તેને લાઇટબીલ અને ભાડાપેટે પંદરસો જેવું ક્વાટર્સનું ભાડુ ભરવું પડતુ તેને તેના પગારમાંથી આ પોષાય તેવું નહોતું. એટલે ૫૦૦ ભાડુ ૨૫૦ લાઇટબીલ એમ કરીને ૭૫૦ મારે આપવાના નક્કી થયું. ગયા પણ ખરા. અરે રહ્યા પણ ખરા. પરંતુ જે મુશ્કેલી એ તો ભયાનક જ લાગી મકાનનો આગળનો ભાગ તે ભાઇ જ વાપરે પાછલ ઓસરી પણ એની પરંતુ બાજુનો ૮ બાય ૧૨ નો રૂમ એ મારે વાપરવાનો તે પણ મંજુર હતું. પરંતુ રાત્રે એકીપાણી કે જાજરુ જવા માટે એ લોકોના રૂમમાંથી થઇને જવાનું આગળના ભાગમાં આવેલા સંડાસમાં આગળના રૂમનું બારણું ખોલીને જવાનું મેં ભાઇને પૂછ્યું રાતે તમને ડીસ્ટર્બ કરવાના અને એકીપાણી જવાનું એ કેવું ! અરે એના કરતા તો ભયાનક તેણે રજુ કર્યું તે હતું હું તો સાહેબ ! રાતના આઠથી સવારમાં પાંચ વાગ્યા સુધી નોકરી પર જાઉં છું. અને રાત્રે મારી આ આઠ મહીનાની છોકરી અને મારી પત્નિ બે જ સુતા હોય છે. અને બારણું તો ખાલી આડુ જ કરેલું. હોય છે. હા

આગળ બારણું તમારે જાતે એકી જવા માટે ખોલવાનું અને પાછા આવો ત્યારે બંધ પણ તમારે કરવાનું રહેશે. પાછળની જાળીએ અમે કાયમ તાળુ મારીએ છીએ અરે ભાઈ ચાલીસ વર્ષનો હું અને અઠ્ઠાવીસ વરસની તમારી વહું. રાત્રે એકલી છોકરી સાથે સુતી હોય. અને બારણું ખોલીને તેના રૂમમાં થઈને જાઉ એ કેવું લાગે જવાબ મળ્યો અરે એમાં શું એવી સગવડ અગવડતો વેઠવી પડે. અમને વાંધો નથી ને તો તમને શું વાંધો હોય ? આ છે લોકોની મનોદશા, અવદશા મજબૂરી જે કહો તે રાત તો કાઢવી જ રહી કાઢવી પડે વાયે વંટોળે આવી ચડ્યા. જમીને સામેના ઘરે ઘડીવાર સમય પસાર કરવા બેસવા ગયો. ખ્રિસ્તી ભાઈનું ઘર મકાનની બરાબર સામે. બેઠો જ હતો.

ત્યાં તેની સાસુ કે કોઈ તેની બહેનપણી કે સગી આવી બસ તારે તો નવા નવા માણસોની જ જરૂર છે. મઝા જોઈએ તારે તો અમ કહી જતી રહી. મે કહ્યું કોને કહે છે ? બાઈએ જવાબ આપ્યો એ તો મારી બહેનપણી છે એવી ગમ્મત કરે છે. એના પતિ તથા બાળકો સાથે અડધા કલાક માટે બહાર એક મેળામાં તે લોકો ફરવા જતા હતા મને આગ્રહ કર્યો હું આખા દિવસનો કંટાળેલો તો હતો જ તે લોકો સાથે ફરવા નીકળ્યો. નવા પડોશી સંબંધો હોવા છતાં હું અતડો રહ્યો. બાઈ ખુલ્લા મનની લાગી અવનવી વાતો અર્ધા કલાક કરી અમે પાછા ફર્યા પરંતુ જે મકાનમાં રહેવા આવ્યો હતો તે બાઈ ગુસ્સામાં હોય તેવું લાગ્યું. અમારા ઘર સિવાય તમારે બીજે ક્યાંય સંબંધ નહીં રાખવા બાંધવા તમને અમે સારી રીતે રાખશું તો તમારે બીજે રખડવા જવાની શી જરૂર અને દેવ ભડક્યો ફરીથી અમદાવાદનું પુનરાવર્તન થાય તો જીંદગી બગડી જાય અને પછી દેવ બીજા દિવસે ત્યાંથી ઉછાળો ભરી. મેલ કરવતીયાકરવત આખર મોંચીના મોંચી અને હતા ત્યાં પાછા ફર્યા જીવનની મુશ્કેલી ઓ કરતા વધુ તો સારા માણસો તેની બેઈજ્જતીનો ડર



હોય છે.

પરંતુ જ્યારે આવા વાતાવરણમાંથી જ પ્રશ્નો ઉભા થાય છે ત્યારે જ જીવનને હારી જવાની વિટંબણાઓ વધી જાય છે. જીવન એક જોખમ ભરેલું જીવીત હાડપિંજર છે. ક્યારે ક્યા ફસાઈ જાય કે ફસાઈ જવાય. જાણીતા માણસો પણ અત્યારે વિશ્વાસપાત્ર નથી રહ્યા ત્યાં અજાણ્યાનો શું વિશ્વાસ ધંધાદારી માણસો જીવન છીન્ન ભીન્ન કરી નાખે આવો ખ્યાલ રાખીને ચાલો તો પણ મુશ્કેલીઓ તો આવવાની સાહસ અને સગવડતાને બંન્નેને એક સાથે બનતું નથી. છતાં કરવું પડે છે તે સાહસ સગવડતા માટે અનુભવમાંથી ઘડતર થાય છે. છેલ્લે ૧૯૯૩ ના માર્ચમાં છેલ્લો પ્રયત્ન મકાન માટે કર્યો. પંડ્યા હોટલની બાજુમાં પુલને અડીને એક મકાન માટે અમારા ગામના જ એક સાધુએ મકાન મળવાની શક્યાતાની વાત કરી અને સરનામુ આપ્યું. એક સાંજે નોકરી પરથી સીધા મકાન શોધતો મકાન માલિકના ઘેર પહોંચ્યો નાહી ધોઈ વાળુ કરવાનો ત્યાં આગ્રહ કર્યો. સવારમાં આટ વાગે મકાન જોવાની વાત થઈ પછી બધાપોતપોતાના કામે વળગ્યા. છોકરો રાતના ૯ વાગે પોતાના કામે ચાલ્યો ગયો. આદમી તો સવારે આવશે કારણ કે એને રાતના સાતથી સવારના સાત સુધીની નોકરી છે. તેવું બાઈએ કહ્યું. હવે ત્રણ જણ રહ્યા બે જુવાન છોકરીઓ અને તેની મા, મારો રૂમ અલગ હતો. દીકરીએ કહ્યું પાછો તારો ધંધો ચાલુ જ કરીશ. મકાન અપાવાને બહાને લોકોને બોલાવીને એડવાન્સ લઈ લોકોને છેતરવા. થોડા દિવસ ઘરમાં રહેવા સાચા ખોટા બહાના કે ખોટી બદનામી કરીને લોકોની પાસેથી પૈસા પડાવવા. બાઈએ કહ્યું હું તારી મા છું. મારી બાબતમાં તારાથી એલફેલ ન બોલાય. પરંતુ છોકરી બંધ ન થઈ. અને આપણો મકાન ભાડે રાખવાનો પ્લાન બંધ કરીને પાછા કાર્યાલય ભેગા થઈ ગયા. ત્યારબાદ ક્યારેય ભાડે

મકાન રાખવાની વાત જ ન કરી અને ૧૯૯૪ ના અંતમાં અમદાવાદ માટે નોકરીનો ઓડર આવ્યો અને તા. ૧૭-૧-૯૫ ના દિવસે અમદાવાદ માટે રીલીવ કરવામાં અને અમદાવાદ કાર્યાલયમાં એ જ દિવસે હાજર થયો.

ડરપોક અને ના હિંમત માણસોના જીવનમાં જ આવા પ્રશ્નો આવતા હોય છે. એવું નથી. વધુ તો સિદ્ધાન્તવાદી અને સત્યનિષ્ટ માણસોના જીવનમાં આવી બાબતો કસોટી રૂપે પણ આવે જ છે. માનવની જિંદગીને સતત સતર્કતા જ બચાવી શકે છે. જો ફસાઈ જવાય તો મુશ્કેલીમાંથી નિકળવાની ચાવી મેળવવા માટેના ફાંફા પડી જાય પરંતુ ઈશ્વર આ બાબતે સતેજ હોય છે. તે જ સાચો માર્ગ કાઢી આપે છે.

વડોદરા આવ્યો ત્યારથી કેસરડી જોધલપીર જગાની મહત્વપૂર્ણ જવાબદારી નિભાવીરહ્યો હતો પરંતુ બાપુજીના અવસાન પહેલા રતનદાસબાપુનું અવસાન થયું હતું. ત્યારબાદ બાપુજી દેવલોક પામવાથી જગાની મહત્વપૂર્ણ વ્યક્તિઓ જ્ઞાનધારા મર્યાદા કંટ્રોલ ખટસવાદીયાઓને કાબુમાં રાખવાની ગણત્રી, ઘણી બધી રીતે ઓછી થઈ, છતાં પણ સમતાભાવથી વહીવટ ચાલતો રહ્યો. પરંતુ કેમ જાણે કુદરતને અમારી તટસ્થતા, ન્યાય, પ્રમાણિકતા વિગેરે બાબતે કોઈ દ્વિધા હોય તેમ અમારા પ્રભાવસાળી કુટુંબના ન્યાયી પ્રમાણિક અને સત્યનિષ્ટ એવા સોમદાસબાપુનું શરીર બિમારીમાં નબળું પડતું ચાલ્યુ ઉંમર માત્ર એમની ૭૨ વર્ષની પરંતુ એકવડીયા કાઠાને કારણે ઉંમર દેખાય નહિ પરંતુ શરીર અંદરથી ઘવાતુ ચાલ્યું. શરીરમાં ટી.બી.ની જુની અસર હતી.

(૩૩)

અને શ્રાવણ વદ પાંચમના દિવસે હરતા ફરતા બોલતા ચાલતા પ્રમાણિક મહાત્માનો જીવનદીપ ઓલાવાની તૈયારી સાંજના સાત વાગેલા.





એમના મોટાભાઈ નરભેરામબાપુ સુરત બાજુ ફરવા ગયેલા. ભાઈ! નરભેરામ હજી નથી આવ્યા. આ ભાઈને કુટુંબની કાંઈ જ પડી નથી અને સાડા સાતની બસમાં નરભેરામ બાપુ આવ્યા નાહ્યા પુજા કરી થોડુ જમ્યા, અલ્યા ! ભાઈ સાડા સાતની બસ તો આવી ગઈ હશે આઠ વાગ્યા, ભાઈનો કોઈ પત્તો નથી મારો સમય થઈ ગયો છે અને બરાબર આઠ વાગે નરભેરામબાપુ તેમના ખાટલાની પાંગતે આવીને ઊભા રહ્યા. ભાઈ! હું આવી ગયો છું. અકળાતો નહી. સારું થયું ભાઈ આવી ગયા એ. બંન્ને ભાઈઓ શાંતિથી મળ્યા પંદર મિનિટ પછી નરભેરામ બાપુએ કહ્યું ભાઈ પાછું ફરીજા. સોમદાસબાપુનું માથુ મારા ખોળામાં જ હતું. કુટુંબ આખુ હાજર હતું. ભાણીમા બાજુમાં ખાટલા પાસે બેઠા હતા. ફરીથી નરભેરામ બાપુએ કહ્યું હા ભાઈ, તુ પાસુ ફરીજા. હા, ફરુ છું. કહીને પાસુ ફરતાની સાથે જ જીવનદીપ બુઝાય ગયો, કેમજાણે, મારા કુટુંબના એકપણ સભ્યને મૃત્યુની કોઈ દહેશન ભયાનકતા તો નથી જ લાગી સાથે સાથે મૃત્યુ સમયે કોઈ યાતનાઓની સહેજ ઓછાયો પણ થતો ન હોતો. જાણે અચાનક નિદ્રાની ગર્તામાં મૂકાય જાય તેમ ચિરનિંદ્રામાં પોઢી જતાં જોયા છે.

એક પ્રભાવશાળી કુટુંબના ત્રણ ત્રણ મહાપાત્રોની વિદાય પછી સ્વાર્થી દંભી ભ્રષ્ટાચારી પદ પ્રતિષ્ઠા પ્રસિદ્ધિના ભૂખ્યા માનવપદેહધારી જાણે રાક્ષસોના ટોળા એકગીત થયા. મારો કાપો, દબાવો, લુંટો, છળ, કપટ, દેખાવો કરો અને નામના ડંકા બીજાના જીવનના ભોગે ન્યાય નીતિના ભોગે જોધલપીર મંદિરની આવકના ભોગે, આપણે જ આ જગાના કર્તા હર્તા અને મહત્વપૂર્ણ સંતો સાધુઓ છીએ. રાજકારણના દંભીઓ સત્તાના અને સંપત્તિના જોરે સંગઠન કરી. લાલચુ માનવોને સત્યથી વેગળા બનાવી શાહુકારો, દુઃખી ગરીબ મજબૂર માણસોને વધુ દુઃખી મજબૂર બનાવી

રાષ્ટ્રિય ઉત્થાન, સંરક્ષણ પ્રગતિ સંગઠનીય કોમવાદથી મહાકાર્યનો પ્રચાર પ્રસાર કરે છે. એમ અહીંયા પણ શરૂ થઈ. એક રમત દંભી છેતરપીંડી વાળી અધાર્મિક પ્રવૃત્તિઓ સત્ય તટસ્થતા તથા ન્યાયના પ્રબળ માણસોની વિદાય પછી મહંતો આવી ટોળકીના પ્યાદા બની ગયા. અને મહંત ખીમદાસે તો આવા દંભીઓ, ભ્રષ્ટાચારી દુરાચારીના અન્યાયીઓના ઘડતરમાં જિંદગીના છેલ્લા ૧૦ વર્ષ એમની મેલી મનોભાવના પ્રમાણે તત્વજ્ઞાનના જ્ઞાતાના દંભ અને ડોળમાં બગાડ્યા. તેમજ આ લોકોને પણ બગાડ્યા. નરભેરામબાપુ પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા હોવા છતાં, નિર્બળ અને નિષ્ફળ રહ્યા મહંત તરીકેની એમની ડરપોક શૈલી અને અસત્યવાદીઓને સત્ય કહેવામાં પોતાની મહંતાઈ ઝુટવાય ન જાય તેવી સતત ભીતીમાં રહ્યા. એમના માર્ગદર્શકો, આધારભૂત માણસો યા તો જોધલપીરની જગાની આવકના પ્રાપ્ત કરતા, વ્યવસ્થા કરતા ભ્રષ્ટચારીઓથી ખરીદાઈ ગયા કે ડરી ગયા કે પછી ભાગીદાર બની ગયા ? જાણે કૌરવોના ઘડેલા સાત કોઠાના ચક્રવ્યુહમાં અભિમન્યુની જે દશા થઈ હતી એ જ દશા નરભેરામ મહંતની થઈ. કૌરવો જેવા સંસ્થાના ટ્રસ્ટીઓ અને તેમના મેળાપણાવાળા ફાવી ગયા, અને ઉમરે ઉમરનું કામ કર્યું કે ગમે તેમ ૨૦૦૯ ના જાન્યુઆરીની ૩૦મી તારીખે એમની વિદાય થઈ. ત્રાસવાદી સંગઠનો સામે તો સામ્રાજ્યો પણ નથી બચી શકતા તો હવાના ઝોકાની સાથે નમી ગજતા આવા માનવોનો તો હિસાબ જ શું ?

(૩૪)

એક પ્રભાવસાળી સાધુના નિધનના કાર્યક્રમમાં જગાના જવાબદાર માણસો અને તે વખતે બની બેઠેલા મહંત શ્રી ઉગમશી મહારાજ પોતાની કોઈ જ પ્રભાવસીલતા ન હોવાથી ભંડારાના કાર્યક્રમને એક એવા



ડાયરામાં ફેરવી નાખ્યો કે જાણે કોઈ નાચગાનની પાર્ટી આવી હોય ! તેના મુખ્ય જવાબદાસ ઉગમશી વસ્તારામ તથા પરસોત્તમ ખુશાલદાસ હતા કારણ કે જુના દ્રષ્ટિઓને એમની ખરાબ વર્તુણીકને કારણે દૂર કરવામાં પરસોત્તમ ખુશાલદાસે પ્રયત્ન કરેલો તેમાં તે સફળ પણ થયેલા. પછી ગમે તે સમાધાન થયું હોય બધા એક થઈ ગયા. આ પ્રસંગે જગાના એક પ્રભાવશાળી મહંતના માટેના ભંડારા બાબતમાં એમના વિશે એક પણ શબ્દ કોઈએ ઉચ્ચાર્યો નથી કે જગાના ધાર્મિક, આધ્યાત્મિક, આર્થિક, પ્રગતી માટે કરેલા કાર્યોની રજુઆત કરવાની હોય અને ભજનો, સત્સંગ, શુભકામનાઓ શુભેચ્છાઓ તથા તેમના આત્માને શાંતિ મળે તેવી પ્રાર્થના કરવાની કોઈ વાત ના બની.

નરભેરામ મહંતના અવસાન બાદ ઉગમશી મહંત અને તેના સહભાગી દ્રષ્ટિઓએ લોકોની પાસેથી પૈસા લઈને તેમની કોઈ પણ જાતની લાયકાત વગર ચાદર ઓઢાડી તેમને કેસરડીના જોધલપીરના નામે ઊભા થયેલા મંદિરોના મહંત બનાવવાની અને ગુરુ તરીકે સેવકો કરવાની પરવાનગી આપવામાં આવી માત્ર કેસરડીમાં જ ભ્રષ્ટાચાર થાય તો કોઈક પૂછે પરંતુ ધર્મના નામે પ્રચાર, પ્રસારના, નામે ભ્રષ્ટાચાર ફેલાવવામાં ઘણા બધા આ કાર્યમાં હોય તો કોણ કોને પૂછે.

કેસરડીની જગા માટે હું એક જ કાંટારૂપ હતો રહ્યો જેનો વિનાશ કે વિદાય એ આ જુથની મહત્વની કામગીરી હતી. ૧૯૯૯ ની દશેરાની બે દિવસ અગાઉ દારૂપીને જગાના પાણીનો બગાડ કરતા વણકરના બે જુવાનોને અટકાવવાની મારી કોશિષમાં મોટો ઝગડો થઈ ગયો અને અંદરખાને ત્યારના મહંત ખીમદાસ તથા તેના ટ્રષ્ટિઓ દ્વારા દારૂડીયાઓને સાથ આપી મારી પર હુમલો કરાવી મારી આગળી તોડી નાખી મને અન્યાય કર્યો. અને મારી પર કેસ કરાવ્યો. મારા જુવાન જોધ છોકરાનુ

અકસ્માતના બહાને ખુન કરાવી નાખ્યું.

(૩૫)

૧૯૯૫માં મારી બદલી અમદાવાદ થઇ. મે મહીનામાં એક ઠક્કર નામે બાલુભાઇ તેમની ૪૫ વીંઘા જમીન જે ગામની ઉત્તર પૂર્વ ખુણામાં આવેલી તેમાં છ તલાવડી ૪ પાણીવાળા કુવા અને ૧૯૯૫ ના મે મહીનામાં એ વેપારીએ મને જ જમીન વેચવાનો આગ્રહ રાખેલો. કેસરડીમાં એમના સગામાં ઠક્કર ભગત ગાંડા કુંવરજી મારફતે. રોકડા માત્ર ૨.૨૫ લાખ આપવાના બાકીના ૨ લાખ રૂપિયા બે વર્ષના બે હપ્તામાં, મને આપવાનો હેતુ એ હતો કે મારી નોકરી, મારી તેમજ કુટુંબની ખાનદાની બે મહીના વાટાઘાટો ચાલી, પરંતુ મોટા છોકરો નામે મહેશકુમાર એ વખતે ૨૫ વર્ષનો ખેતીની જવાબદારી એ લે તો જ કામ થાય, પરંતુ ચોમાસામાં, કાદવમાં શિયાળામાં ઠંડીમાં ઉનાળામાં ગરમીમાં કોણ હેરાન થાય એમ કહીને જમીન બાબત ચોકખી ના પાડી દીધી અને લકઝરી લાવી આપશો તો કામ કરીશ એમ જીદ વધી. મારા ઓળખીતા મિત્રો અને સંબંધીઓએ એને જ સાથ આપ્યો. આ છોકરો ખેતીકામ કંઇ રીતે કરી શકશે ? એને ગાડી લાવી આપો તો એના પ્રભાવ પ્રમાણે એ ધંધો એને માટે યોગ્ય છે અને છેવટે ૧૯૯૫ ના જુન મહીનામાં લકઝરી બસ ખરીદાઇ અને ૧૯૯૬ ના ઓક્ટોબરમાં લકઝરી ગઇ ૨૦૦૦ જાન્યુઆરીમાં છોકરો ગયો અત્યારે એ જમીન મારી પાસે હોત તો હું કરોડોનો માલિક હોત પરંતુ જેવી ઇશ્વરેચ્છા.

(૩૬)

આ સમય ગાળામાં એક યુવાન બાઇ મારા ઘર નજીક રહેવા આવ્યા. ઉંમર ૨૨ વર્ષની જેવી ખરી. સરકારી નોકરી. મારા ઘરની નજીકના કારણે મારી અમદાવાદ કેસરડીની આવજાને કારણે એક બે વખત





બસમાં એક સીટ પર સાથે થયા. પછી તો મારા ઘેર તે બેસવા આવે અને તેમના ઘેર મને બેસવાનો પ્રસંગ ઊભો થતો ગયો. તેમના પરણિત જીવનમાં કંઇક મનદુઃખ હશે ન છોરુ બાઇ મારી સાથેની નિકટતામાં મનની હૈયાવરાળ કાઢવા માટે એક શિક્ષિત પાત્ર મળી ગયું. મારી જીંદગી શું આમ જ રોળાય જશે ? મેં કહ્યુ સમાધાન કરી લો. પરંતુ જટીલ સ્વભાવ, અને નોકરી પુરુષ નોકરી નહોતો કરતો. મળી નહોતી ભણતર ખરું. છેવટે એક વખત મારા ખાટલા પર બેસવાની કોશિષમાં મેં કહ્યું બેન અમે રહ્યા ગાદીપતિ કોઇના ખાટલામાં અમે નથી બેસતા અને કોઇને અમારા ખાટલા પર બેસવા પણ દેતા નથી. છેવટે મારી સમજાવટથી એ લોકોનું સમાધાન થઇ ગયું. અત્યારે તેમને બે બાળકો છે. જીવનના વિચિત્ર સિદ્ધાંતોમાં સંબંધોને ઝાટકે મારો પરંતુ લોકોના જીવનને ન ઉજાડો. ઝેર પીઓ પચાવો પરંતુ લોકોના જીવનમાં ઝેર ન રેડો.

(૩૭)

એમના પછી બીજા એકભાઇ રહેવા આવ્યા. યુવાન બાઇના નોકરીયાત પુરુષ બહેન જરા વધુ સ્વતંત્ર અને ઘમંડી પણ ખરા. એક ૧૬ વર્ષના કિશોરના સંપર્કના ચાળે ચડ્યા અને તેમાં ઘરમાં થોડો કચવાટ થયો. અને વધ્યો. બાઇને સમજાવવામાં તો આવ્યા પરંતુ જટીલ સ્વભાવના કારણે ઘમંડી સ્વભાવના કારણે ન માન્યા છોકરાને સમજાવ્યો તે માની ગયો બાઇને ઠપકો આપવામાં આવ્યો. અને તેનો જવાબ હતો મોટા માણસોની આગળ મોં ફાટી ના શક્યું એથી આવુ થયું. માફ કરજો હવે એવું નહિ થાય એ બધા પાત્રો આવ્યા અને ચાલ્યા ગયા.

(૩૮)

૧૯૯૫ ના જાન્યુઆરીમાં અમદાવાદ આવ્યા પછી વડોદરા

ટી.બી. હોસ્પીટલના સેવકો અને કલાલીના માણસો જે જે જગ્યાએ હું બબ્બે વર્ષ રહેલો તેમના ઘેર અવારનવાર ખબર અંતર પૂછવામાં આવતા અને ક્યારેક ક્યારેક ટી.બી.ના સેવકોને ત્યાં જવાનું થતું ટી.બી. હોસ્પીટલની બાજુમાં રહેતા દીપસિંહ અનન્ય સેવાભાવી અને ગુરુભાવનાવાળા રહ્યા હતા. જ્યારે કલાલીવાળા થોડા સ્વાર્થી અને ગરજુલા પણ ખરા સ્વાર્થ હોય તો જ કે કોઇ અડચણ આવી હોય તો જ બોલાવે. ૨૦૦૦ ની સાલમાં મારા યુવાન છોકરાના અવસાન સમયે ન આવ્યા. અને તેમની મુશ્કેલીમાં કાકલુદી કરીને બોલાવતા હું તેમનાથી દૂર જ રહેવાનો પ્રયત્ન કરતો.

(૩૯)

પરંતુ તેમની નાની છોકરી નામે ગીતા નામ બદલ્યુ છે તે સુરતની નજીકના એક નાના શહેરમાં કારખાનામાં નોકરી કરવા ગઇ. જ્યાં તેની સાથે નોકરી કરતી સુરત બાજુની એક છોકરીના કારણે તે કારખાનાના માલિક કે શેઠની નજરમાં ઉઠતા યૌવનવાળી આ છોકરી આવી દેખાવમાં સુંદર પરંતુ લોકોની ભાવના કે માણસની નજરથી સાવ અજાણ કે ભોળી, શેઠે જ પેલી તેની બહેનપણી જે સુરત બાજુની હતી તેને કહ્યું તારે પૈસાની જરૂર છે એવું તું સુપરવાઇઝરને કહેતી હતી. છોકરીએ કહ્યું હા સાહેબ મારે પૈસાની ખાસ જરૂર છે. શેઠે કહ્યું તારે પૈસા જોઇતા હોય તો ગીતાને વચમાં રાખ તો તને ૫૦૦ રૂ. આપુ. ભોળી ગીતાને વાત કરી એ બહુ સમજાવ્યા પછી તૈયાર પણ થઇ અને શેઠે તેને વચ્ચે રાખી પૈસા આપ્યા. પૈસા લીધા પછી શેઠના આયોજન પ્રમાણે સુરત વાળી છોકરી સુરત કે તેના ઘરે ભાગી ગઇ. હવે પૈસા ગીતાના માથે પડ્યા. શેઠ અઠવાડિયાથી ગીતાને હેરાન કરતો થઇ ગયો. છોકરીને એ કારખાનામાંથી નોકરી છોડવી પડી શેઠની બીકે જ શ્તો.





પરંતુ પીછો છોડે તો શેઠ શાના ? છોકરી બીજા કારખાનામાં નોકરી કરવા લાગી તેના માબાપ આવ્યા ઘર રાખી સાથે રહ્યા પહેલા એની મોટીબહેનની સાથે રહેતી હતી. મા બાપ આવવાથી શું ગરીબોનું કોણ સાંભળે છે. તેના માબાપની હાજરીમાં સાંજે છોકરી કારખાનેથી આવે એટલે શેઠના બે હિન્દીભાષી ગુંડાઓ ૭ વાગે આવે અને એના માબાપને ધમકી આપે ગીતા કહાં ગઇ હૈ, શેઠ બુલાતા હૈ. અને ગરીબ મા બાપ ફફડે કોને કહે. આવી વાત કોઇને કહેવાય પણ ખરી ! અને છેવટે થાકીને દેવ પર ફોન કર્યો આવી કટોકટીમાં મદદનો કરવી રહી નહીતર એક નિર્દોષ છોકરીની જીંદગી બગડી જાય. અને દેવ બીજા દિવસે છ વાગે છોકરીના ઘેર પહોંચ્યો. મા બાપે છોકરીને બીજાના ઘેર જ આઠ વાગ્યા સુધી રહેવાનું કહ્યું.

સાંજે બરાબર ૭ વાગે બે ગુંડા કહાં ગઇ ગીતા શેઠ બુલાતા હૈ. પરંતુ એક અજાણ્યા માણસને બેઠેલ જોઇ થોડા ગભરાયા અને દેવ એકાએક રૂઆબથી પૂછ્યું કોણ છો તમે તમારા શેઠનું નામ આપો અને તમારા બંન્નેના નામ સરનામાં આપો. અત્યારે જુવાન છોકરીને ક્યો શેઠ બોલાવે છે. અને એકાએક એ ગુંડાઓ ભાગી ગયા. અને ફરીથી કોઇ સંજોગોમાં દેખાયા જ નહીં. છોકરીને વતનમાં લઇ જઇને પરણાવી દેવાની સલાહ આપી દેવ છુટો પડ્યો.

(૪૦)

માબાપ છોકરીને લઇને એમના વતનના પરગણામાં લઇ જઇને રહ્યા અને છોકરીના માટે છોકરાની તપાસ કરી. અને છોકરીઓની જરૂરીયાતવાળા તો ઘણા જ મળે અને છોકરો પચ્ચીસેક વર્ષનો મળી ગયો. છોકરીના માબાપને ઠીક લાગ્યો. શું કરે મજબૂર માણસો અને છેવટે વાત નક્કી થઇ અને લગ્નનું નક્કી થયું.

પરંતુ આ તો વિચિત્ર માનસવાળા માણસો અને સમાજપણ એવો જ કે કોઈનું સારું થતું હોય કોઇનો બચાવ થતો હોય તેવી ભાવનાઓ જ ઓછી બસ અમે કહીએ તેમ થવું જોઇએ છોકરીની બે મોટીમાઓ માથાભારે બીજા બે ભાઇઓ કાકા સસસરાના છોકરા જેઠ દિયર. એ આ છોકરીનો વાતમાં આવવા ન જોઇએ સામસામે મોરચા મંડાયા અને છેવટે ખેંચતાણ અને વટ અભિમાન, જબરાય બતાવવામાં બે જુથની વચમાં છોકરીના મા બાપ અને છોકરી સેન્ડવીચની જેમ ભરાણા અને એકાએક આ જબરજસ્તી ભરી સમાધાની માટે દેવ ને બોલાવ્યો. બીજા દિવસે આખો દિવસ મહેનત કર્યા પછી બંન્ને પક્ષે સમાધાન તો થયું. બંન્ને બૈરાઓ અને તેમના જેઠ દિયર સાથે લગ્નમાં જોતરાવા તૈયાર થયા.

પરંતુ બૈરાઓના ગૃપવાળાઓએ કહ્યું અમારા વગર તમે લગ્ન માણવા કઈ રીતે જાવ છો. એ અમે હવે જોઇએ, તમને જે પૈસા આપ્યા છે વ્યાજના એ તાત્કાલિક કાલ સવાર સુધીમાં આપી દો. બાઇઓ મુશ્કેલીમા મુકાય ગઇ અને કહ્યું કે નહિ જઇએ તમારી સાથે રહીશું. હવે શું બીજે દિવસે સવારમાં તો દેવને બોલાવીને બાઇઓએ કહી પણ દીધુ અમે લગ્નમાં નહી આવીએ દેવે કહ્યું પાછું શું થયું ? અને ઉમેર્યું આ બે ભાઇઓ જેઠ અને દીયર લગ્નમાં આવવા ન જ જોઇએ અને વાસના બે તેમના પક્ષને સાથે લઇને લગ્ન કરવા તૈયાર છીએ. વાતમાં ભંગાણ પડ્યું અને બાઇઓના પક્ષવાળા પણ પટેલ જેવા અને હોશિયાર અને સ્કુલના દફતરમાંથીજોઇને ગણતરી કરી અને જણાવ્યું કે છોકરી અઢાર વર્ષની પૂરી થઇ નથી એટલે લગ્ન ગોઠવશો તો છોકરીના માબાપ તે લગ્નમાં સાથ આપનારા અને છોકરાના પક્ષના સગા તમામને જેલ ભેગા કરી નાખીશું દેવની મધ્યસ્થી, સમજાવટ, સમાધાની બધુ જ પાણીમાં.



હવે શું છોકરીના બાપે કહ્યું દેવ તમે લગ્નનું ઠેકાણું નહિ પાડો તો હું છોકરીને મારી નાખી આપઘાત કરીશ આમેય હું ટી.બી. ના દર્દના છેલ્લા સ્ટેજમાં છં આ ચોક્કસ છે. છોકરા પક્ષના તળના સગાએ પણ આ જ કહ્યું જો હું વાતમાં પડી જઇશ તો આપઘાત કરીશ. દેવ બિચારો શું કરે મુશ્કેલી આવે છે ત્યારે ચારેબાજુથી આવે છે. રાતના રસપંચના ઘેર ગયા પંચાયતના રેકર્ડમાંથી શોધી કાઢી છોકરીની સાચી જન્મ તારીખ જે જન્મ થયા પછી અઠવાડિયામાં જ લખાવવી પડતી હોય જ્યારે સ્કુલમાં તો અભણ માબાપ અડસટ્ટે લખાવતા હોય છે. પંચાયતના રેકર્ડ પ્રમાણે છોકરી અઢાર વર્ષ વટાવી ચુકી હતી. બસ સંપૂર્ણ સત્ય પૂરાવો મળી ગયો અને ગ્રામપંચાયતના લેટરપેડ ઉપર સરપંચે સર્ટી સાથે લખી આપ્યું કે છોકરી અઢાર વર્ષ ઉપરની છે જ આ કામ દેવે ધર્મસંકટમાં મુકાયા પછી કરાવી આપ્યું આ છે જીવનના ઝંઝાવાતી પ્રસંગો અને પ્રશ્નો.

આમ એક સામાજીક જડતાવાદી અજ્ઞાન, અભણ, કંઈ જ પ્રભાવ કે આવડત વગરના પરંતુ મિથ્યાભિમાનમાં રાચતા જેને સર્વજ્ઞ રીતે પછી પછાત જ કહેવા પડે એવા માણસો જબરાયમાં ખેંચાઇને જુથ થઇ એક નિર્દોષ ગરીબ અને નિરાધાર માણસોની ભોળી છોકરીના જીવનને બરબાદ કરતા નિષ્ઠુર માણસોના સકંજામાંથી ભગવાનની કૃપાથી એક બાળાનું જીવન બચી ગયું.

પરંતુ તેના પરિણામે વિરોધ પાર્ટીના માણસોએ દેવ માટે આક્ષેપો કર્યા જેવા કે સામાગામમાં આવીને છોકરા છોકરીને પરણાવવામાં મદદ કરવી, કાયદાના દરજાજાના જાણકાર હોવાથી કાયદાની રીતે અભણ લોકોને પાછા પાડી લગ્ન કરાવવા, અને કનીષ્ટ હરકત પણ જાહેર કરી કે છોકરીને વેચી મારી, તે લગ્ન કોર્ટ મારફતે થયા હોવાને કારણે તેમના બધાં જ પ્રયત્નો

ખોટા પડ્યા.

ન કોઈ દીલાસો જેને જેને ચાહ્યા એમાંથી વિશ્વાસઘાત સિવાય કંઈ જ પ્રાપ્ત થયું નથી. જેના માટે કરુણા લાગણી આદર વિશ્વાસ સેવવામાં આવ્યો બધાં જ દયાહીન લાગણીહીન નીવડ્યાં આ છે માનવ જીવનના આખરી દિવસો, નિરાશા, ઉપેક્ષા, અસહાયતા, નિરાધાર જિંદગીમાં પણ પ્રશ્નોની સતામણી એટલી જ ભયાનક રીતે હેરાન કરે છે. જીવનને ઝેર બનાવી દે છે. આ જીવનનો અર્થ શું ? આમ જ જીવનની સંધ્યાને માટે અનેક રંગોથી બેરંગી બનાવી દેનાર પ્રકૃતિના પ્રણેતા પતિ એવાની સામે વ્યક્ત થયા સિવાય કોઈ રસ્તો નથી.

દેવની ધર્મભાવના આધ્યાત્મિકતા એક અનોખો સંગમ સાધી શકે છે. કહેવાય છે કે ભક્તબીજ પલટે નહિ, ભલે જુગ જાયે અનંત, ઉંચ નીચે ઘર અવતરે આખર સંતના સંત આ પણ સંતોના ભાવોમાંથી વ્યક્ત થયેલું, અનુભવો અને અનુભૂતિમાંથી આવિષ્કાર પામી અને ઉત્કૃષ્ઠ થયેલુ મહાવાક્ય છે એમા બેમત નથી જ.

જીવનની અનેક વિષમતાઓ વ્યવસ્થાઓ અને વ્હેણો સંતગતિના વિચારોને ભાગ્યેજ બદલે છે છેવટે તમામ જીવનોએ એની સંધ્યા સમયે એના જીવનના ઉદ્ધાર માટે ઈશ્વર પ્રભુ કે જેને જગતનો નાથ કહેવામાં આવે છે. એના માટે લક્ષ ફેરવવું, રાખવું જરૂરી છે. કારણ કે જીવનની સંધ્યાના કપરા રંગોની ભરમાર માનવ જીવનને રહેંસી નાખવાને સશક્ત હોય છે. જીવનમાં ઊભી થતા ધર્મભાવના એવી નિરાશામાંથી મુક્ત મને આનંદદાયી પ્રેરણાદાયી, ધર્મદાયી શક્તિ અર્પી અને જીવનના ઉદ્ધાર માટેની અમૂલ્ય તક ઊભી કરી આપે છે. અને એક એવું પ્રેરકબળ આપે છે કે જે જીવનને ધન્ય



કરી નાખે છે. દેવ આમેય ધર્મ ધારણાઓની વાસ્તવિકતામાં માનતો માણસ હતો. દંભ, દેખાવ, એ ધર્મ માટે નકામું છે. એનાથી વિશેષ તો એ છે કે જે ધર્મને નીતિ સાથે સંબંધ છે ધર્મ શબ્દ વાપરવાથી ધાર્મિક નથી થવાતું તેના માટે નીતિઓના વાછરડાને પાળવા પડતા હોય છે અને માવજત કે જતન કરવું પડતું હોય છે.

ધર્મ અને નીતિ એકબીજાના સંપૂર્ણ પર્યાય છે. નીતિ સિવાય ધર્મ શબ્દ અધૂરો અધઃકચરો દંભી લાગે છે. જેમ ત્યાગ વિના વૈરાગ્ય અને ગરીબી નમ્રતા સિવાય જ્ઞાન નકામું છે તે જાણવા છતાં જો માનવોજીવન માત્ર જ ધર્મ છે એમ માની સમજી નીતિઓને નેવે મૂકે તો એ ધર્મ નથી. સત્યબોલવું સત્ય ચાલવુ અધર્મનું લેવું નહી, ઈર્ષા, અદેખાય, કુદૃષ્ટિ કરવી નહી, દિલમા પાપ ન રાખવું ધર્મ, જ્ઞાન સતસંગ સાંભળવા કોઈનું ખરાબ કરવું નહિ હિંસક બનવું નહિ પુણ્યદાન યથા શક્તિ કરવું, સંતોના ભગવાનના દર્શન કરવામાં ધ્યાન આપવું. દિલમાં દયા, પ્રેમ કરુણા રાખવી, સત રાહમાં ચાલવું ખરાબ રસ્તે ચાલવું નહિ. આવી તો અનેક નીતિમત્તા જીવનમાં જીવવા જેવી છે.

ધર્મ ધ્યાન માટે જ નથી જીવવા માટે છે દેવ એ પણ જાણે છે કે ઉંમરે આવું જ્ઞાન થાય એ સંજોગોનું સૂચક છે. પરંતુ એવું નથી. જ્ઞાનધારા લોહીના સંસ્કારો અને સત્સંગનો પ્રતાપ પણ હોઈ શકે. દયા તો આમાં એની જ હોય છે. કોઈને સંજોગો સુધારવાની કે સુધરવાની પરિસ્થિતી ઊભી કરે છે. પરંતુ એ સર્વાંગ સુધારાની પરિણામ લક્ષી નથી. કોઈને શારીરિક આર્થિક નબળાય પરિવર્તનીય બનાવે છે તે પણ વાસ્તવિકતાથી પર હોય છે. ઈશ્વરદત્ત આસક્તિઓને વાસના ભલેકહેવાય પરંતુ અનન્ય પ્રભાવશીલતા એની પ્રકૃતિની માંગ છે. એમાંથી તો કોઈ ક જ મુક્ત બની શકતા હોય છે.

મીરા, તોરલ, અમરબાઈ જન્મથી જ કેમ જાણે પ્રકૃતિ જન્ય આસક્તિઓથી મુક્ત અનૈ આધ્યાત્મિક ભાવનાઓથી સજ્જ થઈને જ આવેલ હતા આ સત્યનિષ્ઠ જીવનપ્રવાહ ખુદ જ ઉમદા પવિત્ર કલ્યાણકારી અને અદ્‌ભૂત છે. એ તો ખુદ જ પારસમણી જ છે. એવું માત્ર નથી એ તો પારસમણીના પણ સર્જક છે. સાચા સંતો આ જ સંસારને જાણ્યા માણ્યા પછી એની વાસ્તવિકતાને સમજી અનહદના મહાનતા પ્રાગટ્ય રૂપે જીવી પારસમણીના સર્જક, સમર્થ પ્રભાવક બની, સત્યના સાચા રાહને સમજાવી બતાવી એમની ઉચ્ચતર જીવનશૈલીના અવતરણને પૂર્ણ કરી, જે તે દિવ્યસ્ત્રોતથી પ્રાગટ્ય થઈ આલોકમાં પ્રસ્થાન કર્યું હોય, તે પોતાની દિવ્ય જ્યોતમાં પુનઃપ્રસ્થાન કરે છે.

તેવા અવતરણોમાં મહાન આત્માઓમાં કબીર, નાનક, નરસિંહ મીરા, જોધલપીર જ્ઞાનદેવ દેવીદાસ, બુદ્ધ, મહાવીર જેવાઓ જગતના કલ્યાણ માટે પોતાની શક્તિથી ઈચ્છાથી જગતમાં સત્યધર્મનું ઘેરાય ગયેલુ માયામાં લુપ્ત બનેલું ધર્મનું નાતિનું ગાડુ ફરીથી એમના પવિત્ર પગલાથી પાવન જીવનથી સત્યના સુચનોથી, વાણી વચનો અમૃતથી દીવ્ય પ્રકાશમય બનાવી અને ધર્મનો રાહ ઉજ્જળ કરી પ્રાણીમાત્રને કલ્યાણકારી જીવન અર્પી, મુક્તિના માર્ગે અગ્રેસર બનાવી, મોક્ષગતિની સીડી સુમેળે ચઢાવી આપે છે. એ એમની અપૂર્વ કૃપાનો પ્રતાપ છે અને એ કૃપાની પ્રસાદીના પાત્ર થવું એ કોઈ નાનીસુની વાત નથી દેવ એ પણ જાણે છે એને અનુસરે છે છતાં પણ આ ભ્રમજળની ભ્રામકતામાં ઘણી વખત અનેક પ્રકારના વમળોની શક્યતાઓની આંધી ઉઠે છે. પ્રકૃતિને કેમ જાણે શું સત્ય લાગે છે. શું અસત્ય લાગે છે. એને સમજવા માટે સંસારના અનેક મનોમંથનો નાકામિયાબ નિવડે છે.

ઘણી વખત પ્રકૃતિના પુરસ્કર્તા પ્રભુની સામે જ પ્રશ્નો ઊભા થાય





છે. શું  છે આ તારી માયા ? શા માટે તને આ બધાની ધારણાઓ ઊભી થઈ છે ? તું શુ સમજીને આયોજન, નિયોજન કે વ્યવસ્થા કરે છે ? જવાબ આપવાની એને ક્યાં ફૂરસદ છે ! સેંકડો અવતરણો થઈ ગયા. પૂજાય ગયા. પ્રકાશ પાથરતા ગયા. પરંતુ એથી શું ? ઝબૂક વીજળીની જેમ ઝબૂકતા મહાનુભાવો પ્રકાશ વેરનારાઓએ એની અદ્‌ભૂત અલૌકિક, આતંકી અન્યાયી વ્યુહ રચનાની માત્ર પ્રસંશા જ કરી છે. એ માર્ગે સંચરવા, વિચરવા, પ્રાણીમાત્રને હાકલ કરી છે. સમજાવ્યા છે. સત્યના અહ્‌લેખની અપૂર્વ ધારાથી, અમૃતવાણીથી વ્યક્ત કરી છે.પરંતુ પેલા મહાવાક્યની વૃથાને જાણવાની સહેજપણ તસ્દી લીધી છે કે કેમ? એ સમજાતું નથી. જાણે એમાં બધા જ ઊણા ઉતર્યા હોય તેમ લાગે છે. એ મહાવાક્ય છે. અકળ કળા કિરતાર બ્રહ્મા ભેદ ના પાયા ચંદ્રમાં સૂરજ કો ગમ ન પાયા શિવજીકો નાચ નચાયા.''

આ મહાવાક્ય તો બધાને માટે તમામ પ્રાણીમાત્રને માટે લાગુ પડે છે ન તો એક મનુષ્ય માટે. પ્રાણી પક્ષી, માનવ, દેવ, દાનવ બધાને માટે આનો કોઈ અંત નથી. આમ જ ચક્રની ગતિની માફક ચરાચરની વિચિત્રતાને એની ઈચ્છાપ્રમાણે માન્યા કરવી માણ્યા કરવી, સહ્યા કરવી, જીવ્યાકરવી આવકારવી આ જ એક બ્રહ્મસૂત્ર છે. આ બધુ જ બધા જાણે છે ? ખરે ખર જાણે છે ? એની ભ્રમણામાં રાચવામાં તો નથી પ્રવર્તત સમર્થતાનો અર્થ શું ? સાધુની સંતની ગતિ અને સમર્થતા એ શું છે.આ ભેદ ભ્રમણાથી બાંધિત છે. એક સમ્રાટને એની શક્તિ સામ્રાજ્યની ભવ્યતા શું યથા યોગ્યતા પ્રમાણિત કરે છે, કે જે સત્તા, સામ્રાજ્ય, સંગઠન, સંપત્તિ, શક્તિ એ એને મુબારક હોવાને કારણે જે એ અદ્વિતિય છે. પરંતુ એની દ્વિતિયતામાં એના અનેક રૂપોની વાસ્તવિકતા શું છે. એનું એને ભાન છે. હોય તો પણ આજ વસ્તુ એને લાગુ પડતી હોય તેવું નથી લાગતું કે વાઘને

કોણ કહે કે તારું મોં ગંધાય છે. આ સત્ય નિષ્ઠા છે.

દેવ આ જાણે છેપરંતુ એનો અર્થ શું છે તે જાણતાં. જાણવા માગનારાઓ ખરેખર એ મળ્યો છે. એવો દાવો કરનાર કેમ જાણે શાથી વાચા સીવીને બેઠા હોય તેમકાંઇ જ પૂછ્યું લાગતું નથી. કહેવાય છે કે સર્વ સત્તાધિશો સર્વજ્ઞ હોય છે તો આવા ઘેલા પ્રાણીઓએ આવુ વિચાર્યું નહી હોય તો જ એવા સર્વસત્તાધીશો સર્વજ્ઞ અંતર્યામીની સામે એમની જીવમાત્રની વૃથા પહોંચાડવામાં કચાશ રાખી છે યા તો બેપરવાહ બન્યા છે યા સ્વાર્થી બન્યા છે.

ઘણા ધાર્મિક ઈતિહાસ રજુ કરે છે. જે સત્ય છે. એવું પ્રતિપાદિત કરવા માટે ઘણા જ દાખલા દલિલો આપે છે કોઇનો કોઇ ધર્મ કે પેટાધર્મ એવો નથી કે જેમાં એને મેળવવાની કોશિષ ન કરી હોય. એને મેળવવામાં જાણવામાં સમજવામાં સંગીન રીતે સફળતા પ્રાપ્ત કરનારાઓનો કોઇ પાર નથી. તમામ પ્રાણીઓ માટે એને એના દર્શન થકી, મળવા થકી, એને પૂછવાની હિંમત કરી કે ભાઇ આ બધુ તુ શાને માટે કરે છે. તને કઇ લાગતું નથી પરંતુ તમામ પ્રકારના પ્રાણી જીવનની ગતી, સમસ્યાઓને તને કોઇ અહેસાસ થાય છે.જેટલાને મળવા પણુ થયું, પ્રાપ્ત થવા પણુ બન્યુ એમની ગણત્રીએ એમની શ્રદ્ધાની તપની સફળતા રૂપે એ પ્રાપ્ત થયું. કોઇએ કંઇ કહ્યું અરે ! પ્રભુ, તમે આવી કસોટી કોઇની ન કરશો. આગળ કળિયુગ આવે છે લોકો આપની કસોટી માંથી કંઇ રીતે પાર ઉતરશે કોઇએ એવું કહ્યું કે પ્રભુ મને મોક્ષ આપો. સદ્‌ગતિ આપો. આપના અહ્રીશ દર્શનનો લહાવો આપો. ઘણા ભૌતિક સુખ વાચ્છુઓએ ધન દોલત રાજ પુત્ર, પરિવાર સુખ શાંતિ એવું ઘણુ ઘણુ માગ્યું કે માંગવાની કોશિષ કરી, નિરર્થકતા પ્રાપ્ત કરી કોઇએ માનવજીવનનું તો કોઇએ સમગ્ર પ્રાણી જીવનનું કલ્યાણ માંગ્યું. પરંતુ એથી





શું થયું. એની સમગ્ર ગતિવિધિથી થતી આ વિષમતા એને તો નડતી નથી, પરંતુ એના પ્રબળ દાવાઓથી નિયુક્ત આયોજીત એવા એના સમગ્ર રચનાત્મક સર્જનને શું થાય, શું થતું હશે એવું ક્યારેય ન એણે વિચાર્યું કે ન કોઇએ એને એ વિષે પૂછ્યું. માત્ર સ્વાર્થ પૂરતુ જ જાણે કાર્યકર્યું હોય અને જીવમાત્રની વિષમતા, આદ્રતા, દુઃખ દર્દ, મજબૂરી ભર્યા આલોચના સભર જીવનને માટે જેને તે મળ્યો છે તેણે તેને સાચુ સમજાવવાની જાણે કે કોશિષ જ ન કરી હોય, એમની જીભ જ ન ઉપડી હોય, ડરપોક બન્યા હોય, સ્વાર્થી બન્યા હોય, આવા સંતો સંસારમાં વ્યાપક પ્રમાણમાં થઇ ગયા.

હિન્દુ ધર્મમાં ગુજરાતમાં નામાંકીત સંતોમાં નરસિંહ મહેતા કરીને એક બ્રાહ્મણ ભક્ત થઇ ગયા ઘણા જ્ઞાન પછી ગાયું અખિલ બ્રહ્માંડમાં... જુજવે રૂપ અનંત ભાસે...દેહમાં દેવ તુ...શુન્યમાં શબ્દ થઇ વેદ વાસે શું વેદમાં જ આ વ્યકત કર્યું છે ના, તમામ ધર્મોમાં તમામ શાસ્ત્રોમાં આ જ બાબત રજુ કરી છે બધે જ આ બાબતમાં એકસુત્રતા છે. કોઇ સાધુ સંત ઓલિયા, ફકીર, પીર પયગમ્બર, ભક્ત ભવિષ્યવેતા આ જ રજુ કરતા આવ્યા છે. નવું કોઇએ કાંઇ કહ્યું નથી જાણે કે બધા ઉપરોક્ત અવતરણકારો, સંતો ભક્તો જે કહેવાનું હતું એ કહેતા શરમાતા હતા. હશે કે હોય એવી પ્રતિતી થાય છે અરે પેલા નાગર બ્રાહ્મણ નરસૈયાને તો ઘડીએ ઘડીએ એના સાધેલા જીનની જેમ એના કામ થવા સાથે જ સંબંધ હોય તેમ હાથબાંધીને કરતાલ તંબૂરો વગાડ્યા જ કરતો આ શ્રદ્ધા હતી કે સત્યને શોધવાની આળસ, અશક્તિ, અજ્ઞાનતા, અસમજ, બીનજવાબદારી છેવટે એણે એક નવું તુત રજુ કર્યુંહોય, તેવું ઘણી વખત લાગે છે, ખરેખર એણે બિચારાએ કર્યું છે કે એના નામ પર કોઇએ પોતાના વિચારોને હિંમતપૂર્વક રજુ કરવાની તાકાત ન હોય કે સ્પષ્ટીકરણ કરવાની આવડત ન હોય તે

કારણે રજુ કર્યું ''વિવિધ રચના કરી અનેક રસ લેવાને શિવ થકી જીવ થયો એ જ આશે'', અરે ભાઇ તું તો પદથી પર છો. પછી આ રચના જીવ, શિવ, આત્મા,પરમાત્મા આ બધુ કોના માટે કરીને ઉભો છું આ બધી ભ્રમણાઓ ઊભી કરવાની તને કેમ જરૂર લાગી ? બિચારા મહેતાજી આમેય લોકોથી અકળાયેલા હતા, તેની અવહેલના, તેના અપમાન, તેની બેઇજ્જતી, આમન્યા, ગણત્રી ભંગ જેવું કોઇના તરફથી ન થયું હોય તેવું બન્યું ન હોય, તેવું બન્યુ નથી, અરે તેણે જેના માટે શુભ કામના, સુખશાંતિ, સમૃદ્ધિ, માગી તેવા કોમવાદી અહેસાસ, દા.ત. મારા નાગરો નાગા ભૂખ્યા ન રહે ખરેખર એણે એવું માગ્યું હોય કે કેમ કારણ કે આ પણ એની જ્ઞાનધારા સમતાભાવ, સમભાવને વિચ્છેદ કરતો એક વિવાદીત વ્યક્તતા સભર આલેખ છે. જ્ઞાનસભર પૂર્ણ ભક્તિભાવ, યુક્ત વ્યક્તિના વ્યકત્વમાં ન હોય તેવું લાગે છે. બિચારાને એના સગાભાઇ તથા સગાસંબંધી જ પરેશાન કરતાં હતા ત્યાં એ સતત સંપર્કમાં રહેતા એવા સર્વસત્તાધીશને પૂછવાની ક્યાંથી સમજ લાવે કે આ વિવિધ રચના કરવાની અને અનેક રસો લેવાની ભ્રમણા તું શા માટે ઊભી કરે છે. પરંતુ બિચારા મજબૂર માણસથી આ ન પૂછાયું. ક્યાંથી પૂછાય ? કંઇ રીતે પૂછે ? માંડ માંડ તેની મજબૂરીમાં મદદ કરતા કે મદદરૂપ થતાં, થવા આવતા કોઇને એની સત્તા કે સમર્થતામાં આ બધુ શું કામ કરવું પડે છે. એવું પૂછવાની હિંમત કરવી એ ગુસ્તાખી નથી? અને એમ પૂછવાથી એની વિષમ આર્થિક, સાંસારિક વ્યવહારિક કૌટુંબિક પરિસ્થિતિમાં માંડ સાંત્વના આપી શકે મદદ કરી શકે તેવાને તમે પૂછી પણ કંઇ રીતે શકો.

કોઈ સત્તાધિશ તમને માંડ પ્રધાન બનાવી કોઇ સામાન્ય ખાતુ આપે તો તમારે એને માન્ય કરવું પડે. એની સામે દલિલ કરવા જાવ કે મને આવું ખાતું કેમ આપ્યું તો પ્રધાનપદુ જ જાય એવું નથી. પક્ષમાંથી પણ હાંકી કાઢે.



માણસો સત્તા આવતા મનસ્વી રીતે વર્તે છે. એને ગમે તેવાવાણી વિલાસ વર્તન કરવાની છુટ હોય છે. જેને કોઇનાથી કંઇ જ કહેવાય નહિ કારણ કે એના દિવસો છે. સિકંદર ગયો, રાવણ ગયો, હિરણ્યાકંશ ગયો, ઝાર ગયો, ઔરંગઝેબ ગયો પરંતુ તેનો વંશ ના ગયો. યદા યદા હી ધર્મસ્ય ગ્લાનીર્ભવતિ ભારત. અભ્યુસ્થાને ધર્મસ્ય તદાત્મને સૃજામહમ એવું વ્યક્ત કરનારની સામે વિરોધી જુવાળ વ્યક્ત કરે છે. જ્યારે કોઇ ક્ષેત્રમાં ધર્મ, ન્યાય, નીતિની પ્રક્રિયા શરૂ થાય છે. ત્યારે મારી જેવા કંસો પેદા થાય છે. જે પોતાની ઇચ્છા, મનસ્વીતા, મદ, મસ્તી, લાલચ, માટે ધર્મનીતિનો વિચ્છેદ કરવાની ભરપુર કોશિષ કરે છે જ આવા સત્તાધિશની સામે નિર્બળ, રાંક, મજબૂર, ગરજીલા, માનવ જીવો ક્યા મોઢે રજુ કરે કે અરે ભાઇ ! આ સત્તા મેળવવા, ટકાવવા અને તેના પછી લોકોના જીવનને જીવન અર્પવાને, ન્યાય, તટસ્થતા, પ્રમાણિકતા આપવાને બદલે તારા પોતાની સત્તાને માટે તારા જ સહકારમાં રહેતા માનવો માટે લાખોના જીવનને નષ્ટ કરી નાખવાની તારી આ બધી વ્યુહ રચનાં ક્યાં સુધી તને સાથ આપશે છેવટે ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે તો મહાસત્તાઓ વિનાશ પામે છે તો તું કોણ માત્ર છે. પરંતુ એક સામાન્ય મનુષ્ય કે જેની પાસે ક્ષણિક સત્તા આવે છે. તે એકાદ બે વર્ષમાં સર્વસત્તાધિશ સાશ્વત સત્તાધિશ તરીકે વર્તે છે. તો આ તો શાશ્વત સત્તાધિશ છે જ એને કોણ પૂછે ?

અરે જેને જીવનની, દર્શનની, અનુભવની, અનુભૂતિની, મોક્ષની, પદની, પૂજાવાની, પરમ શક્તિ, પ્રાપ્ત કરવાની કશાની જ પડી નથી. એવા સંતો, પીરપયંગમ્બર થઇ ગયા તે કોઇનાથી મજબૂર નહોતા એવા મહાનુભાવો પણ આ બાબતનું સ્પષ્ટીકરણ કરવામાં કેમ જાણે સાથી ધરબાઇ ગયા ! કોઇએ સર્વસત્તાધિશને એમ કહેવાની ખેવના ન કરી કે, હિંમત ન કરી કે આ બધુ શા માટે કરે છે. અમે તો અલૌકિક સંતો છીએ ઓલિયાઓ

છીએ. તારા કે લોકોના હિસાબે તારા જ સ્વરૂપનું એક જીવન છે. અરે ભલા અમારે તો કશું જોઇતું નથી કશી જ ઇચ્છા, તમન્ના ઝંખના નથી, તો પછી તને શું જોઇએ છે. તુ તારી સત્તાથી તારા પ્રતિનિધિ તરીકે અમને તારા વસ્તારેલા, સર્જેલા વિસ્તારમાં મોકલીને જુદા જુદા સમયે, સ્થળે રૂપે અમારી પાસે એક જ રેકર્ડ બજાવરાવે છે. કે જ્યાં પ્રાણીલોક ખાસ કરીને મનુષ્યલોક તેના વિવિધ વિભાગોમાં વિવિધરૂપે જાવ અને સંદેશો આપો કે તારુ નામ જ શ્રેષ્ઠ છે તારી ભક્તિ, ઉપાસના, શ્રદ્ધા, સ્મરણ એ સિવાય કંઇ જ મહાન નથી, આ બધુ દર્શાવવાનું એ લોકોની પાસે પણ ન હોતું જ્યાં જુઓ ત્યાં એની જ વાતો એની સત્તા બધાને માન્ય છે. અમને પણ માન્ય છે. પરંતુ આ સત્તાના સ્વામીને તમારી વિષમતા બાબતમાં ક્યારેય કોઇએ કંઇ કહ્યું નથી.

બસ કર્મના બંધન આને જ આગળ ધરો આગળ જતા ચોથા પદથી પોતાને પર માનતા, પાંચમાં પદમાંથી પસાર થયા પછી પદ નિર્વાણવાળા સંતો પણ કર્મના બંધનો અને તેનાથી ઉપજતા, નિપજતા, આવી મળતા અનેક વમળો અને વ્યવહારોની એ સત્તાધિશની એના થકી થયેલા વિભાગીય સત્તાધિસોની આગવી વિશિષ્ટ શૈલીની રજુઆત સિવાય કંઇ નથી એવું જ કહેડાવ્યા કરવું, એમાં જ માનવું મનાવવું આ બધી ભ્રમણાઓના ભીતરમાં શું છે એ કેમ કોઇએ, જાણવાનું ઇચ્છ્યું નહિ હોય આ છે સરમુખત્યારપણુ જેની સામે કોઇનાથી હરફ સુદ્ધા ન ઉચ્ચારી શકાય, પૂછી પણ ન શકાય. માત્ર દયાની ભીખ જ માગ્યા કરવાની, યાચના જ કર્યા કરવાની એના નામ રૂપ ગુણના જ ગુણગાન ગાવાના ગાયા કરવાના, એમાંથી કોઇ બાકાત ન રહેવું જોઇએ. તમને ગમે તે કષ્ટો પડે યાતનાઓ ભોગવવી પડે. તમારી સામે ગમે તેવા અન્યાયો અત્યાચારો ઊભા થાય છતાં પણ તમને તુરન્તની ઘડીમાં બચાવવાની કોઇ ચેષ્ટા કોઇના તરફથી તો ન



થાયપરંતુતેના તરફથી પણ ન થાય કેવી વિફળતા પછી નિર્દોષ હોવા છતાં ભોગવ્યા પછી તમે તો નિર્દોષ હતા. તો પછી કર્મના બંધનનો ભવિષ્ય કે ભાગ્યના આલેખનનો વારો લાવીને તમને ડૂબતા જોઇ રહેતા એ જ સંસાર એ જ માયા આની જ પ્રશ્નાવલી સમયાંતરે ગુંજ્યા કરે છે. ગાજ્યા કરે છે. શા માટે શી જરૂર હતી. અનેક રસ લેવાની પછી પાછું ભેળુ કરીને મુકે છે. અંતે તો હેમનું હેમ હોયે તો એમનું એમ જ રહેવા દેવું તુ ને તારી પાસે કોણે આવા વિવિધ પ્રકારના દાગીનાની માંગણી કરી હતી કે તારે આવા ઘાટ ઘડવાની ઇચ્છા થઇ અને પ્રાણી જીવનને અનેક રીતે રહેંસી નાખી, નિર્દયતા, પૂર્વક તારી શક્તિ કે સમર્થતાનો પરચા બતાવવા શૂરો થઇ ગયો.

આમ તો પુરા પુગેલા સંતો એવું રજુ કરે છે કે આવી કોઇ રચના જ નથી. શું એ બાબતમાં એ સર્વગ્રાહી સત્યભાષી છે કે જે સમજવાની શક્યતા નથી. કે સમજાવવાળની ઇચ્છા નથી. એની મર્યાદાને લક્ષમાં રાખીને જાણ્યુ તેટલું કહ્યું આગળની અમને ખબર નથી ! ભલે ખબર ના હોય, એ સાચુ હોય તો તમે જે ગતિમાં, સાનમાં, સમજણમાં, જ્ઞાનમાં અને કક્ષામાં છો ત્યાં શું તમે માયાના વલણો વમળો મહેસુસ નથી કરતા કે તમને એ સ્પર્શતા નથી. એવું તો બને જ નહિ. જે તમામ જીવોને અસરકર્તા હોય એ તમને અસરકર્તા હોય જ એમાં બેમત નથી.પરંતુ તમારી સમજણ એવી હશે કે આમાં તો આપણે શું કરી શકીએ ? કોઇ અબુધ રીતે વેઠે છે. કોઇ મજબૂરીથી વેઠે છે. કોઇ અશક્તિના કારણે વેઠે છે. કોઇ સંજોગોના શિકાર છે તેથી વેઠે છે. સંતો તમે કંઇ રીતે વેઠો છો શું કામ વેઠો છો ?

એકનો એક જુવાન દિકરો બાપની તમામ મિલ્કતનો વારસદાર બન્યા પછી હક્કદાર થયા પછી બાપની સેવા તો બાજુપર રહી, પરંતુ તેને અડધૂત કરવામાં અપમાનિત કરવામાં, અન્યાય કરવામાં ઉપેક્ષીત કરે છે જે

નિઃસહાય જેને કોઈ બીજી આવક નથી. મિલ્કત ઉદાર હાથે એમનું જ છે એમ કરીને આપી દીધા પછી મજબૂરીથી સહન ન કરે તો શું કરે. શક્તિ નથી. સાથ નથી સંપત્તિ નથી. એકલતા જ ભાસે છે. ત્યાં વૃદ્ધત્વ અને મજબૂરી સિવાય બીજુ શું હોઈ શકે. અરે ! સંતો તમે પણ એની જેમ લાગણી વિહીન થઈ ગયા છો કે પછી ભલે જીવિત પ્રાણીઓ દુઃથી થતા જોવાની મઝા આવે છે આપણે તો જ્ઞાની છીએ આપણે શું?

માનવતા વાદી ન્યાયીક વિચારણા તો ક્યાંક ક્યાંક હોય તો પછી દયા, મમતા, કરુણા, માટે આપણી અપેક્ષાઓ વધુ પડતી નથી આમ તો પાલકની પેદા કરનારની ઉછેરનારની, સંઘર્ષો અને મુશ્કેલીઓમાંતી હાથઝાલીને બહાર કાઢનાર પિતાની પરવા પુત્ર નથી કરતા તો આ તો મહા મનીષ મહાસત્તાધિશ, પરમપિતા છે. એને વળી ન્યાયની, માનવતાની વાતો આપણે કંઈ રીતે કરી શકીએ સમજાવી શકીએ. અસુરોથી થાકીને એ બિચારો ક્ષીર સાગરમાં જઈને આરામ કરવા લાગ્યો ત્યાં ભક્તિના નામે ભમતા ભ્રમિકો એને ઘડીએ ઘડીએ એમની મુશ્કેલીમાં મદદ કરવા એમના દુઃખ દર્દ દૂર કરવા માટે અનેકની સંખ્યામાં બોલાવે રાખે, એથી એ આ બધી ગુપ્તતા ન જાળવે તો લોકો એના પદને પણ ગળી જાય. અને એની પદપ્રતિષ્ઠાની તો એને પણ બીક રહેતી હશે. અને પદ પ્રતિષ્ઠાની તો કોને બીક નથી રાક્ષસો તો વારંવાર એને એમાંથી મુક્ત કરવા જ ફરે છે.

કહેવાય છે કે આ પ્રાણીઓ પણ તેના સર્જનનો એક ભાગ જ છે. જેમ એક કુતરીને ગલુડીયા ઝાઝા એમને પાળવા, પોષવા, સાચવવા આવા અનેક પ્રકારના વ્યવહારોમાં એને ઘેર ઘેર ફરવું પડતુ હોય છે. પોતાનો ખાડો પૂરવા અને બચ્ચાને પોષવા એક પ્રાણીને કેટલી વળોજણ કરવી પડે છે. ત્યારે આ તો બ્રહ્માંડનો નાથ એને કેટલી બધી જવાબદારી છે બધાનું પાલન,



પોષણ,રક્ષણ કરવું એનાથી જ ઊંચુ ન અવાતું હોય, ત્યાં દરેક પ્રાણી જીવનની સી.આર.નોટ રાખવી એ પ્રમાણે એને પ્રમોશન, રીવરઝન, મેમો, બદલી સસ્પેન્ડશન, ટર્મીનેટ કરવાની અનેક વિધિ પ્રવૃત્તિ કરવી પડે. આ બધુ ટેન્શન એને હોય છે એથી સી.આર. ની જેમ ગુપ્તતા રાખવાની એને ફરજ પડે છે. અને એથી જ નજીકના પ્રાણીઓને પણ એ કોઈના શું એ પ્રાણીના ખુદના સી.આર. પણ નથી કહેતો નહી કહેતો હોય આ બધુ સમજવા જેવું છે એનાથી વધુ તો એ છે કે એ એનું જે હોય તે ! આવા બધા રેકર્ડ રાખવાની લાવવાની જરૂર શું હતી એ આપણો પ્રશ્ન છે.

ઘણા ભક્તો સંતો એને દયાના સાગર તરીકે વ્યક્ત કરે છે. અને કહે છે કે તમારા કરેલા કર્મોને લક્ષમાં લેવામાં આવે અને તેનું પૃથકરણ કરવામાં આવે તો તમને હજારો જન્મો સુધી મુક્તિ તો ન મળે ન મળે પરંતુ તેનો માર્ગ બતાવનારો કે તમારો હાથ પકડવાવાળોકોઈ સંત, સાધુ, ગુરુ પણ ન મળે. હજારો જન્મો સુધી નરકમાં સબડ્યા કરવું પડે, નિમ્ન કક્ષના પ્રાણી તરીકે વિચરવું પડે અને ભાગ્યે જ મનુષ્ય યોનિ જેવી કલ્યાણકારી, ભક્તિયોગ, જ્ઞાન કે કર્મયોગને અનુકુળ યોની પ્રાપ્ત થાય, કે કરી શકો. છતાં પણ આપણે એ પણ જોઈએ છીએ કે મનુષ્ય યોનિમાં જન્મ્યા છતાં, એવા બદતર ભયાનક યાતના દુઃખ દર્દ સહતા માનવ પ્રાણીઓને જોઈને આપણને માત્ર દયા કે અનુકંપા જ નહિ, કમકમા પણ આવી જાય છે. કે જીવનમાં યાતનાઓ સિવાય કંઈ જ ભર્યું ન હોય મજબૂર જીવન જીવ નારો પ્રાણી દુઃખી હોય છે જ્યારે બેફામ જીવનાર પ્રાણી ઘણી જ પ્રકારની સુખ સગવડ ભોગવતો જોઈએ છીએ. અરે એવા મનુષ્ય જીવન કરતા ઘણા પ્રાણીઓ સુખી હોય છે.

તો પછી કર્મવાદના સિદ્ધાંત અને યોનિ ધર્મના સિદ્ધાંતને કેવા પ્રકારનો સંબંધ હોઈ શકે. કર્મને કારણે સામાન્ય કે મહાન યોની મળતી

હોય તો સારી યોનીમાં યાતનાઓ અને સામાન્ય યોનીના પ્રાણીઓને આનંદદાયી સુખ સગવડ ભોગવતા જોઇએ છીએ. કોઇ જાગીરદાર, શ્રીમંત માણસોના ઘેર પાલતુ પ્રાણીઓને માનવ જીવન કરતાએ મોંઘા જીવન સાધનો અને સગવડ ભોગવતા અનુભવીએ છીએ ત્યારે એની આ બધી કરામતો બાબતમાં આશ્ચર્ય સાથે, આઘાત, દુઃખ એ વાતનું થાય છે કે તેની ક્યા પ્રકારની અનુકંપા, ન્યાય પદ્ધતિ આમા કામ કરતી હશે ? સત્ય નિષ્ઠતાની બાબતમાં ઘણી વખત અશ્રદ્ધા પેદા થવાની પ્રમાણભૂતતા નકારી શકાય નહીં. પછી તો પેલા ભજનની માફક કોને કહીએ આ દલડાની વાતો નથી રહેવાતું હવે નથી સહેવાતું. જેણે જ વિચારવાનું અને વ્યવસ્થાને અનુલક્ષીને ન્યાયનું આયોજન કરવાનું છે. એના જ આયોજનના વિભાજ્યતા જોવા મળે છે ત્યારે વિવિધરૂપ ધારણ કર્તી આ માયાના સંચાલનને માટે અહોભાવ કે આદર કરવો વધારવો એ માત્ર મજબૂરી બની જાય છે. અને એ મજબૂરી અશ્રદ્ધાનું રૂપ ધારણ કરીઅને નાસ્તિકતાના નામે વિચરે છે. મહદ્અંશે માનવ પ્રાણી એને ઇશ્વર વિમુખ માની લે છે. વ્યક્ત કરે છે. એના સાચા સ્વરૂપને ઓળખવામાં પ્રાણી માત્ર કાચા પડે છે. ઊણા ઉતરે છે તેના કરતા વિશેષ થાપ ખાઇ જાય છે. એમ કેમ બને છે ? શું આ એનું સર્જન છે એટલે ? સર્જન અને સર્જકનો તફાવત એ શું એની આગવી વિશિષ્ટશૈલી નથી શું ? અને એમાંથી એ શું પ્રતિપાદીત કરવા માગે છે ? તે આજદિન સુધી સમજમાં આવતું નથી. કોઇ વ્યક્તિ પોતાની જાતને એનાથી સાવ નજીકમાં વ્યકત કરવા છતાં સર્વાંગપૂર્ણ એની ગતીનો કોઇએ અંદાજ પણ બાંધી શક્યા નથી.

પ્રશ્ન એ છે કે ઇશ્વરની ગતી ન્યારી છે, પરંતુ એની આ ગતિનો આશય. શું હોઇ શકે, કારણ કે કારણ સિવાય કાર્ય સંભવીત નથી એટલે કે





કોઇ પણ કાર્યની પાછળ કારણની સંભવિતતા રહેલી હોવાના અંદાજને કલ્પનાને લક્ષમાં રાખીએ તો અધ્યાત્મવાદ એવું કહે છે કે કાર્યકારણનો સંબંધ માત્ર ચોથા પદ સુધી જ છે. ચોથા પદમાં માત્ર એ એક જ સ્થિર બની જાય છે. ત્યાં કારણ જ ઉદ્ભવતું નથી. કાર્ય ક્રિયા, અહીંયાથી જો સમાપ્ત થતુ હોય તો પાંચમાં પદમાં તો પદ પોતે જ પુર્ણ સમાપ્ત થઇ જાય છે પછી ત્યાં નામ નથી રહેતુ રૂપ કે ગુણ પણ નથી રહેતા તો આ બધુ શું છે અને શા માટે છે ? આવું કોઇએ જાણવાની કોશિષ કરી હશે ! કરી હશે તો એમને શું યોગ્ય, સંતોષકારક જવાબ પ્રતિસાદ મળ્યો હશે ? જવાબ મળ્યો હોય તો લોકભોગ્ય નહીં હોય ! ગુપ્તતા એટલી બધી જરૂરી હશે કે આ બધી બાબત કહી ન શકાય વ્યક્તિ કે પ્રાણીની પામરતાને લક્ષમાં રાખીને જાણકારોએ સત્યને વ્યકત કરવામાં મૌન સેવ્યું હશે, કે પછી તેમની નજીકતાઓના પ્રકારમાં પ્રભાવમાં અંજાઇ જઇને તેમને પૂછવાની હિમત નહી ચાલી હોય ! સ્થૂલ, સુક્ષ્મ કારણ, જાગૃત, સ્વપ્ર સુશુપ્તિ સુધી બને તે શક્ય છે. અહીંયા, કોઇ પદ પ્રભાવની આવશયકતા કે એમાંથી અકળાવું ગભરાવું એવું કાંઇ હોતું નથી.

હિન્દુ ધર્મના તમામ ધર્મશાસ્ત્રો અને તેના પુરસ્કર્તાઓ અને તેમનાથી ઉપાર્જીત થયેલા સંતો ભક્તો કે પોતાને ખુદને ભગવાન તરીકે વ્યક્ત કરતા, બુદ્ધ, મહાવીર, કબીર, રામ, કૃષ્ણ અરે ! હિન્દુસ્તાનની ધરતી પર પોતાને ભગવાન તરીકે વ્યકત કરતા જ્ઞાન ધારાની વાતો કરતા આ બધાં હિન્દુધર્મમાં જ પોતાની જાતને ભગવાન તરીકે વ્યક્ત કરી છે અન્ય ધર્મોમાં મુસ્લીમ ધર્મ, ખ્રિસ્તીધર્મ, યહુદી, શીખધર્મ, પારસી, જરથોસ્ટી, તેમના ધર્મ ધૂરંધરોએ પોતાની જાતને ભગવાન તરીકે વ્યક્ત કરી નથી, પરંતુ કોઇએ પોતાને પયંગમ્બર કોઇએ, આદર્શવાદી ધર્મ પ્રચારક, કોઇએ સંત તરીકે વ્યકત કરવામાં પણ નમ્રતા બતાવી છે. સવાલ એ છે કે એમને

માનવાવાળાઓએ જ આ પદ અને પ્રતિષ્ઠાઓ એમને આપી છે. નહી કે તેમણે વ્યક્ત કરી છે. જ્યારે હિન્દુધર્મમાં જેટલા ધર્મ સ્થાપકો થયા એટલા બધા જ ભગવાન તરીકે વ્યક્ત થયા. એમનો વિસ્તાર કેટલો માન્યતા કેટલી ? રામે રામાયણમાં જ ઋષિઓને અને બીજા અનેકને જંગલમાં ગયા ત્યારે ફરતા ફરતા સમજાવ્યા કે સમજાવ્યા હશે કારણ કે પંચવટીમાંથી સીતાનું હરણ થયા પછી તેમણે સીતાને શોધવામાં અને મેળવવામાં જ વધુ પડતો સમય પસાર કરવો પડ્યો હતો તે પણ શોક મગ્ન રીતે, દોડધામમાં આ ઈતિહાસ છે. ધર્મની આધ્યાત્મિકતા એ રજુ કરે છે કે પંચ તત્ત્વથી બંધાયેલો આ દેહ એ જ પંચવટી અને આ અસાર સંસાર એટલે જ દુન્યવી માયા, કે જે પંચવટીનું જંગલ, સંસાર જંગલ દેહનું બંધારણ પંચવટી એમાં રહેલો. આત્મા એટલે રામ, સુરતા એટલે સીતા, લક્ષ એટલે લક્ષ્મણ, એમાં રહેલુ મન એટલે હનુમાન, સુરતાની લાલચ એટલે બુદ્ધિ તર્ક રાવણ એટલે અભિમાન, લક્ષ્મણ રેખા એટલે મર્યાદા, વાનરસેના એટલે સતસંગી, સોનાની લંકા એટલે જ ભૌતિક વાસના આ છે દશરથના પુત્ર રામની સામાયણ જેમનો પ્રવાસ અયોધ્યાથી કિશોરાવસ્થામાં વિશ્વાસના આશ્રમમાં નડતા યજ્ઞોયાદી શુભકાર્યનો વિચ્છેદ કરનારને શિક્ષા કરવાની, ત્યાંથી જનક વૈદેહીના દરબારમાં જવાનું અને ત્યાં સુરતાને વરવા માટે શક્તિરૂપી સાધનાનો નાશ કરવાનું સત્યરૂપી આરાધનાનો ઉદ્ભવ કરવાનો અને ત્યાંથી સુરતાને જ નહિ એની બીજી ત્રણ બહેનોને પણ સાથે લઈ સ્વધામે એટલે નિજઘેર પધાર્યા ત્યાર પછીની બાબત આગળ ઉલ્લેખનીય છે આ છે રામનો ઈતિહાસ જે ઉત્તર ભારતના એક સ્થાનથી નિકળી સતત દક્ષિણ ભારતના દરિયા કિનારે થઈને શ્રીલંકા પહોંચે છે આ એમનું સમગ્ર ભ્રમણ, આ ભગવાનને શ્રીલંકામાં કોઈ ભગવાનની રીતે સ્વીકારતા નથી. માનતા જોતા પૂજતા હોય તો તે ઉત્તર ભારત, મધ્યપ્રદેશ અને ગુજરાતના હિન્દુત્વ વાદી



હિન્દુઓ, અને બાકી કોમવાદી રાજકારણીયાઓ ધર્મને નામે સત્તા સંપત્તિ એકત્રિત કરવાવાળાઓ. આ છે જેમની જીવનધારા આવા રામ ભગવાન થઈને પ્રભુ થઈને પધાર્યા. એમને પણ કોઈએ પૂછ્યુ નહીં કે તમે ખરેખર ભગવાન છો તો આવી બધી માયાઓની રચના કરવાની શી જરૂર હતી કે જેનાથી તમે જાણો છો છતાં પ્રાણી જીવનને અનેક પ્રકારના સંજોગોમાં મુકો છો અને તેમના કર્મોની બાબત રજુ કરી કર્મનું બહાનું કાઢવાનું શું કારણ છે ? કર્મ પણ તમે છો, કારણ પણ તમે છો. નિવારણ પણ તમે છે.

કહેવાય છે કે ભક્તને આધિન ભૂધરો રામને હનુમાન, શબરી, ભરત, લક્ષ્મણ જેવા અનેક વહાલા ભક્તો કે સેવકો હતા, હનુમાનને આ માયાનું અને ઉત્પત્તિનું કારણ અને એની મહત્તા સમજાય છે. હનુમાન તો મન છે. મનને કાબુમાં રાખવું એ તો આત્મતત્ત્વનું પ્રાણનું પ્રથમ કર્તવ્ય છે. ફરજ છે. આવા અનેક ધર્મગ્રંથોમાં પ્રદર્શિત છે એનાથી શું ? મોક્ષ મળવો એટલે શું મળવું ફરીવાર જન્મધારણ ન કરવો પડે તે કે મોહનો ક્ષય નાશ તે મોક્ષ કે ત્રિવિધ તાપ, આધિ, વ્યાધિ, ઉપાધિ, ના ભોગવટાથી મુક્ત થયુ તે મોક્ષ આ બધી બાબતોને આપણા ધર્મ ગ્રંથોમાં સંતોએ અનેક રીતે વ્યક્ત કરી ધર્મના આચરણનું નીતિઓના આચરણનું સૂચન કર્યું જ છે.

પરંતુ પ્રશ્નનો ઉત્તર તેમાં આવી જતો નથી. જ કારણ કે આવી બધી અનેક બાબતો રજુ કરીને ખરેખર શાસ્ત્રોએ અને ભગવાન થઈને પધારેલા મહાનુભાવોએ સત્યને રજુ કરવામાં ચોરી રાખી છે અને સાચું સમજવા તો ઠીક સાંભળવા પણ તૈયાર નથી. માનવ જીવન કે પ્રાણીજીવન ભલે તરફડીયા મારે એને તો પ્રાણીઓની યાતનાઓમાં એમના તરફડાટમાં જાણે રાક્ષસી આનંદ આવતો હોય તેમ લાગે છે. પ્રાણીજીવનને આ બધુ વિચારવામાં અને વિચારવામાં આખુ જીવન પુરુ થઈ જાય છે તો પણ

સમજાય તેવું નથી.

છેવટે દેવના વાનપ્રસ્થમાં ૨૦ વર્ષ પસાર થઇ ગયા. ક્યાં સુધી આ બધી બાબતોને વિચાર્યા કરવી અને વિચારવાથી શું ? કુદરતની કરામત તો જુઓ દેવાના જીવનની સંઘર્ષતા ક્યારેય કોઇ જગાએ પત્ની રાહ પર ચાલવાની, સિદ્ધાંતના નામે ઉમદા, ઉચ્ચતર ગુણધર્મો ધરાવવાની ધગશ એ જીવનમાં ઉતારવાની બાબતને વણવા માંડી છે.

સત્ય :- કશું જ ખરાબ કરવું નથી. સત્યભાષી બનવું સત્યના રાહે ચાલવું ભ્રમણાઓને દૂર કરવી માનવતાના ભોગે લાલચના રાહે જવાની તમામ ક્રિયાઓ, પ્રક્રિયાઓને દૂર કરવાની સતત કોશિષમાં રહેવા, ભ્રષ્ટાચારી જુઠા કપટી બનાવટી માનવ જીવનથી દૂર રહેવાની તથા તેમ કરવાની સતત તકેદારી રાખવી અને સારા, સાચા, સીધા, માનવ જીવોની વચમાં સમય પસાર કરવાની કોશિષ કરવી, અણહક્કનું મેળવવું નહિ એ માટેની લાલચ પણ ન રાખવી, પોતાના સ્વાર્થ માટે લાભ માટે ક્યારેય ગરીબને સજ્જનને, ન્યાયુક્ત જીવતા લોકોની પાસેથી એવા લાભથી દૂર રહેવું કે જેમાં આપણને ૬૦ % લાભ મળતો હોય અને સામેના સજ્જનને, ગરીબને, ન્યાયયુક્ત જીવનારને ૧૦%,૧૫% નુકશાન થતું હોય તે તમારા હક્કનું અધિકારનું નથી. તે માટે પ્રયત્નશીલ નહિ રહેવું. અરે ! પોતાના લાભ માટે ગમે તેવો માણસ હોય તો પણ એવો લાભ કે લાલચ માટે પ્રયત્ન ન કરવો જે તમારા માટે આવકાર્ય ન હોય ગુરુજનો પણ કહે છે. સંતો પણ કહે છે. શાસ્ત્રો પણ બધા એ જ કહે છે. સત્યના રાહેચાલજો જેમાં ઈશ્વરગુરુ તમને મદદ કર્તા થશે તમારા સિદ્ધાંતો ઘણી વખત તમારી કસોટી રૂપે મુશ્કેલીમાં મુક્ત હોય એમાં સત્યની રાહે ચાલનારાઓને તો ઘણી જ મુશ્કેલી પડતી જ હોય છે સહન કરો સત્યને પકડી રાખો જરણા મોટો જાપ સંતની



કૃપાનો પ્રસાદ જીવનનો છે સાચો સાદ, પ્રભુ મળે આપો આપ આતો બધી એની માયા જ છે. એ સર્વ જાણે છે છતાં એ માર્ગે નિશ્ચિત થઈ સત્યનું પાલન કરવું એ સહેલુ તો નથી જ પરંતુ દેવ એ જાણે છે કે એણે સર્જેલા સંજોગોના સત્ય માર્ગે ભરપુર ફાયદો ઉઠાવવો અને એ જ સત્ય છે જેનો આદર કરવો રહ્યો.

તટસ્થતા :- જીવનમાં સત્યની જેટલી જ મહત્ત્વની આ બાબત છે તટસ્થતાનો બીજો અર્થ થાય છે . સ્થિતપ્રજ્ઞતા. સાધુ સંતો, શાસ્ત્રો એને ઘણું જ મહત્ત્વ આપે છે. મનની ગતિને રોકવા એ પ્રાણનું કામ છે. અને તેને સ્થિતપ્રજ્ઞતા તટસ્થતા શબ્દથી વિચારી શકાય ધ્યાન યોગમાં સહજ શૂન ભાવ પેદા કરવો અને મનને આત્મલક્ષી બનાવી પ્રાણમાં લીન કરવો અને તેના રાહે જ સત્યને જાણવાની કોશિષ કરવી પ્રાણ આત્માને અનુલક્ષે છે. મન જો પ્રાણને વશ થઈ જાય પછી એની ગતિશીલતામાં સત્યભાષી ભાવનાઓ અને વલણ પેદા થાય છે અને માયાની ભ્રમજાળમાં ભટકવાનું ઓછું કરી નાખે છે. સાધુ સંતો એ જ સમજાવે છે. કે મનને કાબુમાં કરો પ્રાણ તો કાબુમાં જ છે તેને કાબુમાં આવતા વાર લાગતી નથી. બુદ્ધિની ગતિને પણ પ્રાણ મન કાબુમાં આવતા અવશ્ય અવરોધે છે. જેથી લોભ લાલચની ભ્રમણાવાળી બુદ્ધિ આપોઆપ લોભામણી દુનિયામાંથી ચિત્તની વૃત્તિને ચૈતન્ય શક્તિમાં વાળી દે છે. ચૈતન્યશક્તિ અને પ્રાણ એક જ મગની બે ફાડો છે. તે બંન્નેને આત્મશક્તિ સાથે સીધો સંબંધ છે. એટલે તમામ પ્રકારની તટસ્થતાને સમજી માયામાંથી મોં મચકોડી અને સત્યના રાહને પકડી એને આવકારી સ્વીકારી જીવન સભર બનાવવા જીવી જવું અને એને જીરવવું એ પણ એક મહત્વની વીરતા છે. એના માટે કહેવાય છે કે હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ જોને

દરિયાના પાણીમાં ઊભા થતા નાના તરંગો જેવા મોજાઓ જેવા મનુષ્ય જીવો કે પ્રાણીઓ પાણીમાંથી જ ઊભા થાય છે અને પાણીમાં જ સમાય જાય છે. અરે ઘણા મોટા ઘર, પર્વત કે મિનારા જેવા તરંગો કે મોજાઓ જેવા મનુષ્ય કોઈ સંત રૂપે કોઈપીર રૂપે, કોઈ મહાન અવતારી પુરુષ તરીકે, ભગવાનતરીકે આ લોકોમાં આવે છે આપણે એને જકડી રાખવાનો પ્રયત્ન કરીએ છીએ પરંતુ હકીકતમાં તો કોઈ મહાશક્તિનું આ સમતળ પર ઉછળવા જેવું છે તે થોડા સમય પછી જેમાંથી ઊછળીને આવે છે તેમાં જ સમય જાય છે. આ કેન્દ્રની શક્તિનો નિયમ કે ગુરુત્વાકર્ષણનો નિયમ છે એમ વિચારી શકીએ એટલી જ આપણી મર્યાદા અને પ્રાપ્ત કરવાની ઊભા કરવાની, જકડી રાખવાની, અટકાવવાની, આપણી કોઈ તાકાત નથી. એમ જ હોત તો કોઈ પ્રાણી મરત નહી, ઈચ્છા પ્રમાણે પ્રાણીઓને પેદા કરત અને મદમસ્ત થઈને મહાલત આમ નથી બનતું ન બનવાથી સંસાર સુમેળે ચાલે છે. નહીંતર સંસાર! સંસાર ન રહેત દરિયામાં ઊઠતા આભ જેવાપહાડ જેવા મોટા મોંજા કિનારે આવીને અટકી જઈ કે દરિયાના પાણીમાં સમાય ના જતા હોત તો શું પરિણામ આવત ? દુનિયા જ ન હોત બધે જ સમુદ્ર છવાઈ જાત પાણી જ પાણી થઈ જાત. આમ આ બધી ઘટમાળ એની ઈચ્છા પ્રમાણે જ સર્જાય છે ઘટે છે.

કરોડો કિલોમીટરના દૂરના સુર્યનો પ્રકાશ તાપ, અને તેજસ્વીતા કેટલી બધી હોય છે એવા ભવ્ય પદાર્થને અને વૈજ્ઞાનિકોના મતે એની મર્યાદામાં રહીને તેની આજુબાજુ ફરતા અન્યવિશાળ પદાર્થો પૃથ્વી ગુરુ અને બીજા ગ્રહો, ઉપગ્રહો આ સંચાલન શક્તિ અને તેની ગતિ શીલતા મર્યાદા આવી ઘણી જ બધી બાબતો અદ્‌ભૂત અને આશ્ચર્યજનક ચમત્કારિક છે. આકાશમાં ઉડતા પક્ષીઓ વિમાનો છેવટે



પૃથ્વી પર જ આવીને કેમ અટકે છે ? સ્થિર થાય છે. બંધ થાય છે. ચલનની ગતિ અટકાવી દે છે. એ પણ ઘણુ જરૂરી છે. તેમ ન થાય તો અતિગતિશીલતા કે સતતગતિશીલતા પણ વિનાશક બની શકે એનો પણ સમયાંતરે ચલનગતિનો વિક્ષેપ અતિ આવશ્યક છે. જે એ જ રીતે આ સંસારને પણ એની ચલનગતિની સ્થિતિ સ્થાપકતા અતિ આવશ્યક હોવાની જરૂરને ધ્યાનમાં રાખીને જ આ કરવાની જરૂર પડી હશે. શું મહદ્ અંશે સંચાલનનું મૂળભૂત સુત્ર સ્થિતિસ્થાપકતા કે તટસ્થા પ્રમાણિત કરવામાં એણે જીવમાત્રનું કલ્યાણ કરવાની ઈચ્છાઓને સમર્થન આપ્યું હોય તેવું નથી લાગતું આમા તો એના ઉચ્ચતર ગુપ્ત હેતુઓ કંઈ બાબતમાં ક્યા હશે, હોઈ શકે એની કલ્પના જ કરવાની ! ભલે સાધુ, સંતો ઓલિયા, પીર પયંગમ્બર કે ભગવાન તરીકે આવેલા મનુષ્યરૂપે કે બીજા રૂપે પ્રગટ થયેલા બધા જ સમુદ્રના મોટા મોજાં જેવા છે જે સમુદ્રની સાચી ગતિને નથી જાણતા તેમ આ મહાનુભાવો પણ એના સમર્થકોની શક્તિને પામવામાં જાણવામાં મૂક પ્રાણી ઓ જ પ્રતિત થાય છે.

ન્યાય :- આ પણ એક અતિ આવશ્યક આલોચના કરવા જેવી બાબત છે. ન્યાય ખરેખર શું છે ? ન્યાય કોને જોઈએ છે ? કોણ આપે છે ? તમામ ક્ષેત્રો પ્રતિદંદીઓથી ભરપૂર છે સામાન્ય માનવ સમાજપ્રાણી બધાને ન્યાય જોઈએ છે કોઈને રૂપમાં કોઈને રાગમાં, શક્તિમાં સંપત્તિમાં, સત્તામાં, સંપમાં અનેક જગાએ અનેક પ્રકારના અન્યાય થયેલા લાગે છે અરે જે તે પ્રાણીને અન્યાય થયો હોય તેને તો ભોગવવાનું આવે જ છે પરંતુ તેને થયેલા અન્યાયને જોનારા અન્ય પ્રાણીઓ પણ તેના થયેલા અન્યાયથી આઘાત અનુભવે છે. વિચારે છે. બિચારાને કુદરત કેવી કૃરતાપૂર્વકની પરિસ્થિતિ સર્જી છે એમાં એનો તો ખરેખર કોઈ વાંક હતો જ નહિ. છતાં લોકોએ કેવી

શિક્ષા કરી એક જમીનદાર તેની ૨૫ વીઘામાં ન પાકતી ખેતી અનાજ કે અન્ય ખેતી પેદાશ તેના બાજુના ખેતરમાં પાંચ જ વીઘામાં કોઈ ગરીબ પછાત માણસ ૨૫ વીઘા જમીનમાં ન મેળવાય તેનાથી વધુ ઉપજ મેળવે ત્યારે ઈર્ષાના કારણે એ ગરીબ માણસની જમીન પોતાની જમીનમાં ભેળવી લઈ વર્ષે ૨૫૦ મણ અનાજ અને અન્ય પેદાશ પોતાની કરીલે ત્યારે આવી બાબતોને દૃષ્ટિ સામે થતા અન્યાયને આપણે જોઈએ છીએ. છતાં આપણે એને ન્યાય અપાવવા માટે કોઈ જ કરી શકતા નથી. અને ઉલટાનું એમ કહેવાનું શરૂ કરીએ છીએ કે ભાઈ દરબારનો કાંઈક ગુનો કર્યો હશે. ખાનગીમાં કંઈક લેવડ દેવડ થઈ હશે. નહિતર આટલો બધો અન્યાય દરબાર ન કરે. એમ તો બાપુ એટલા ખરાબ તો નથી જ આ સામાન્ય માનવ જીવનના અનુભવો જેવું દરબાર માટે છે. તેવું જ સર્વસત્તાધિશ ભગવાન માટે પણ છે ન્યાયની બાબતમાં એ પણ રેઢીયાળ છે જ દરબારને તો કોઈક કાંઈક કહી શકે મોટા દરબારને કોણ કહે ? અને ઉદ્‌ગારો હોય છે. પછી વધારાના શબ્દો પણ ઉચ્ચારે છે હું હોત તો આવું ન ચલાવી લેત, સહન ન કરત, તેમની સામે લડી લેત કાયદાથી બીજી રીતે ન્યાય માટે ઝઝૂમત, ખરેખર આ સત્ય છે શક્ય છે ! કહેવાય છે કે દરિયામાં રહેવું અને મગરથી વેર બાંધવું એ સંપૂર્ણ રીતે કે ૧૦૦ % વેર રાખનારા પક્ષે જ હાનિકારક છે નહિં જે મગર પક્ષે.

અરે આઘાત તો તે વાતનો થાય છે કે ૨૫૦ મણ અનાજ અને બીજી ઉપજ આપતા ખેતરને પડાવી લીધા પછી વર્ષે ૨૦ મણ અનાજ એ ગરીબ ખેડૂતના છોકરાને ખાવા આપે, અને તે દાન પેટે, ગરીબ જાણીને દયા જાણીને ત્યારે આપણને એ જમીનદાર પર કેટલી રીસ આવીજાય લૂંટારાઓ લૂંટી ગયા પછી ક્રુર મજાક કરતા જાય અને કહેતા જાય કે નપુંસકોની અશક્તોની પાસે કશું જ હોવું એ ખરેખર શાપ છે. અને પાપ પણ છે. અમે તો





એવા લોકોને શાપમાંથી અને પાપમાંથી મુક્ત કરવા માંગીએ છીએ એટલે અમે તો પૂર્ણનું કામ કરી રહ્યા છીએ.

હું તો એવો ભીખારી છું કે મને તમારા છોકરાઓને શિક્ષણ આપવાની મારી કવાયતમાં સાથ આપો એથી મહેનત કરી તમારુ અને તમારા છોકરાઓનું કાળી મજૂરી કરી પેટ ભરવાની ક્રિયાઓમાંથી તમને મુક્ત કરી મોંઘા ભાવના ચોપડા શિક્ષણ ફી તથા અન્ય ખર્ચા તમારી પાસે કરાવીને તમારી આર્થિક, સામાજીક નબળાઈને બહેકાવીને વધુ ભયાનક પરિસ્થિતિના ખાડામાં નાખી તમને મળતી શૈક્ષણિક ક્ષેત્રની આર્થિક સહાય બંધ કરીને તમે મોંઘાભાવનું શિક્ષણ મેળવીને તમને મહેનતકશ પણ નહી રહેવા દઈને તમને કોઈ નોકરી ધંધામાં નહી લઈ જઈને ગુંગળાવી ગુંગળાવીને મારી નાખવાની તારી આ નીતીરિતી આ દેશ આ રાજ્ય માટે સારી છે ? કોણ પૂછશે એને પૂછનારને સાચો પ્રતિસાદ મળશે. તેવા સત્તાધિશમાં માનવીય પરિવર્તન આવશે એવું લાગે ? ટોળાશાહીમાં ક્યારેય સત્યને સમજવાની ક્ષમતા, સમય અને સમજદારી હોતી નથી. તેમાં તો માત્ર વા વાયોને હું કુતરુ ભસ્યું આવ્યા... ચોર આ પરિસ્થિતીમાં કોઈ કહે છે કે તુ આ શું કરી રહ્યો છું. વાઘને તો કોઈ કહે પણ ખરા કે તારુ મોં ગંધાય છે. પરંતુ વરુને કોણ કહે કે તારુ આખુ શરીર ગંધાય છે. બધાં જ વરુઓના ટોળાઓ ભેગા થઈને દેશની રાંકડી ગરીબ, શાહુકાર પ્રજાને ફાડી ખાશે તેમના જ ભોગે નિતિમત્તાના, ધર્મના ભેગે દેશને બચાવો અત્યાચારીઓને ભગાવો આતંકીઓને નાથો એવા જુઠાણા શોરબકોર અને પ્રચાર પ્રસારથી દેશને વિનાશના પંથે લઈ જઈ રહ્યા છે એટલું જ નહિ દુનિયાના બુદ્ધિજીવીઓ સત્તાધિશોની સામે પોતે ન્યાયી તટસ્થ, અને સાચા છે. એ પ્રકારની વાતો કરી એ સ્થાપિત કરવા માગે છે કે દેશના સાચા હમદર્દીઓ અને હમસફર અમે જ છીએ અમે જ દેશના સારા અને સાચા સુકાનીઓ

છીએ. આવું ક્યાં સુધી ચાલશે સાચા દેશ ભક્તોને ખબર હોત કે અમારી પાછળ એવા કપૂતો પેદા થશે કે જે અમારુ કર્યું કારવ્યું એળે કાઢશે અમારા નામે સારા અને સાચા દેશ ભક્ત તરીકે જેમણે બલિદાન આપ્યા છે તેમના બલિદાનો આપ્યા છે તેમના બલિદાનો એળે જશે તો આ વર્ષોની યાતનાભરી ક્રાન્તી જેને સ્વતંત્ર સંગ્રામના નામે આગળ જીવનની પરવા નથી કરી એમના આત્માને શું થતુ હશે આવા નાપાક સત્તાધિશોને કારણે દુનિયા આતંકવાદીઓની ચુંગાલમાં ફસાયેલી પડી છે. હિટલર સામ્રાજ્યવાદી સરમુખત્યાર બન્યો એની પાછળ એની સહનશીલતાની હદ આવી ચૂકી હતી અને એટલે જ એણે એના એની ઉપર થયેલા ત્રાસવાદીઓ જેવો માનવોનો સંહાર બેફામ કર્યો હતો અનેક માણસોએ એકની ઉપર ગુજારેલા ત્રાસનું પરિણામ એક માણસે સમય આવે કેવું આપ્યુ આતો અનેક માણસો અનેકને ત્રાસ આપે છે અને સુફીયાણી વાતો કરે છે. એ શું ન્યાય છે? સંસાર તો અનેક વમળોથી વિચરે છે પરંતુ પ્રજાના પ્રતિનિધિ તરીકે પોતાની જાતને રજુ કરતા વ્યક્ત કરતા સત્તાધિશો જ વાડ થઈને ચીભડા ગળે એવી ભ્રમિત વાતોથી કંટાળો આવે છે. એટલું જ નહિ, ભગવાન આ દેશનાં વિનાશ માટે જ આવા નરાધમોને આ દેશ માટે પેદા કર્યો છે. ઈશ્વરને આ બાબતમાં કદાચ પ્રાર્થના પણ પહોંચતી નહી હોય કે યા તો આવા નિષ્ઠુર બનાવટોથી ભરપુર એવા માનવોને યા તો દૂર કર યા તો તેમને સદ્‌બુદ્ધિ આપ.

પ્રમાણિક :- દેવ ને આ ચાર સત્ય, તટસ્થતા, ન્યાય, પ્રમાણિકતા માટે ખરેખર આદર રહેવું જોઈએ. એવા મનમાં માનીને જીવનને ઘડવું એ અગત્યનું છે. તેથી સતત પ્રેરણાને કારણે ધર્મ અને આધ્યાત્મિકતામાં આગળ વધવાની મનોભાવના નિશ્ચિત કરવાની રાહ પર આગળ વધવાની ધગશ છે. આ સંસાર કેટલો અપ્રમાણિક બની ગયો છે. અત્યારે લોહીના સંબંધો ધરાવના છોકરાઓ પ્રમાણિક નથી રહ્યા વિશ્વાસઘાતી જેવા બની ગયા છે.





મને ઓછું મળ્યું છે. એને વધારે આપ્યું પ્રમાણિકતા જેવુ નામનિશાન ક્યાય રહ્યું નથી, દગા, છળ, કપટ, પ્રપંચ અરે ખુદ માબાપ પ્રત્યે પણ દગાબાજી, કપટ ભ્રષ્ટાચારી નીતિરિતીથી વર્તવાની નોબત એ અમાનુષીતાની હદ વટાવી જાય છે. કોઈને કાંઈ કહેવાય નહિ અને એટલે જ આ સંસાર માત્ર નિરાશાવાદથી ઘેરાયેલો આપત્તિજનક અપ્રમાણિક રહ્યા કર્યો છે. અને પંપાળવાથી પાળવાથી તમે પણ અપ્રમાણિકતાનો સ્વીકાર કરો છો. ત્યાગ ભાવના મેળવવી વિચારવી, વિસ્તારવી એ એક દુષ્કર કાર્ય આ જીવન માટે બની જાય છે. આ સંસાર તો આખો ભ્રમજળથી ભરેલો છે એમાંથી જો સત્યના રાહે ચાલવાની ઈચ્છા રાખો અને ચાલો તો મુશ્કેલીઓ તો આવશે, પરંતુ પ્રમાણિક પણે સચ્ચાય માટે તત્પર થાવ અને એ રાહ પર આગળ વધો, પ્રમાણિક એટલે જેની પર વિશ્વાસ મુકી શકાય માથુ મુકીને જેના ખોળે સુંઇ શકાય તેવા પ્રમાણિક બ્રહ્મદત્ત રાજાના દુશ્મનનો કુંવર પોતાના બાપનું મૃત્યુ કરનાર બ્રહ્મદત્તના રાજ્યમાં ચોરી છુપીથી નોકરી પર રહે છે અને ધીમે ધીમે આગળ વધી એ એની બહાદૂરી વિશ્વાસ પાત્રતાના જોરે ખુદ રાજા બ્રહ્મદત્તનો અંગરક્ષક બની જાય છે. ધીમે ધીમે રાજાના અપૂર્વ વિશ્વાસનો એ મહત્ત્વનો અંગરક્ષક બની ગયો પરંતુ વેર તો એના મગજમાં ઘૂમ્યા જ કરતું હતું ક્યારે મોકો મળે અને શત્રુ રાજાનો નાસ કરુ. અને એક દિવસ રાજા રસાલા સાથે શિકાર કરવા નિકળ્યો. રાજા બ્રહ્મદત્ત રસાલાથી અલગ પડી ગયો અને કંઇ જોજનો દૂર રસાલો તેનાથી દૂર રહી ગયો એટલું જ નહિ, ભયાનક ગાઢ જંગલમાં શિકાર પાછળ રખડતા રાજાને થાક અને ભૂખના કારણે સાથે લાવેલ ભાથામાંથી ખોરાક ખાધા પછી મશકમાંથી પાણી પીધા પછી ઊંઘ આવવા લાગી અને તે શત્રુના કુંવરના ખોળામાં એનો અંગત અંગરક્ષક હોવાથી સુઇ ગયો અને ક્ષણવારમાં ઘસઘસાટ ઊંઘી ગયો. અહીંયા કુંવરને કોઇ જોનાર કે રોકનાર નહોતુ. એથી વેર લેવા મ્યાનમાંથી તલવાર ખેંચી અને મારવા માટે

ઉગામે છે ત્યાં વિચાર આવ્યો, વિશ્વાસઘાત એ તો મોટું પાપ છે. બેથી ત્રણ વખતના એના પ્રયત્નમાં રાજા એકાએક ઝબકીને જાગી જાય છે. અને પૂછે છે ભાઈ આજે મને ગાઢ નિદ્રામાં એક એવું ભયાનક સ્વપ્નું આવ્યું કે કોઈ મારો વધ કરવા માગતું હોય અને મારી પર તલવારનો વાર કરવા માગતુંહોય અને આ શબ્દ સાંભળીકુંવર એકદમ છળી જાય છે અને રાજાને તરત સત્ય જવાબ આપે છે. મહારાજ તમે તદ્દન સાચા છો હું જ તમારો વધ કરવા માટે માંગતો હતો. અને મેં જ ત્રણ ત્રણ વખત તલવારને મ્યાનમાંથી ખેંચી તમારી પર ઊગામી હતી હા...રાજા ચમક્યા પરંતુ સ્વસ્થ થતા બોલ્યા અને પૂછ્યું રાજા! તું મારો વધ કેમ કરવા માંગતો હતો. કુંવરે જણાવ્યું હે રાજા હું તમારા દુશ્મન રાજાનો પુત્ર છું. મારા માબાપ અને કુટુંબનું વેર લેવા માટે હું છાનો માનો નામ અને પ્રદેશ બદલીને આપના રાજમાં નોકરીએ રહ્યો. મારી હિંમત, બહાદુરી અને વિશ્વાસ નિયતાથી હું ધીમે ધીમે આપના અંગત અંગરક્ષક તરીકે પહોંચી ગયો અને આપની સાથેના વેરની વસુલાતની તક હું શોધતો હતો જે આ જ મને પ્રાપ્ત થઈ હતી. એકાંત, શસ્ત્રહીન રાજાને હણવા મારે માટે એકલા હોવાને કારણે ઘણુ જ આસાન હતું તેથી મેં જ આ પ્રયત્ન કર્યો હતો. જેમાં તમે ગાઢ નિદ્રામાં હતા.

રાજા :- તો પછી તે મારી પર વાર કરી મને માર્યો કેમ નહિ અટકી કેમ ગયો ?

કુંવર :- હે રાજા એકાંત ખરુ, તમારી એકલતા ખરી, તમારી અસાવધ અવસ્થા પણ ખરી, પરંતુ મારી પરની વિશ્વાસનિયતા, તમારી અસાવધતા એકલતા આ ત્રણે અનુકુળ વાતાવરણ હોવાને કારણે જ મને ખરાબ લાગ્યું અને એક ક્ષત્રિય, કોઈના વિશ્વાસનો ઘાત કરે એકલતાનો લાભ લે અસાવધનાનો અવસરે ઘાત કરે એ શું ક્ષત્રિયવટ છે. વળી એ પણ





એટલું સ્પષ્ટ છે કે તમારા રાજમાં પ્રજા સુખી છે. ન્યાયની નીતિથી તમારુ રાજ ચાલે છે. આ બધુ પણ ઘણી બધી રીતે વિચારવા જેવું છે. જેનો મે વિચાર કર્યો.

રાજા :- હે કુંવર ! એ તો બધુ સમજ્યો પરંતુ તે આ સ્વપ્નાનો મુખ્ય પ્રેરણાદાતા કે સુમધાર તું છે એવું રજુ કરવાથી તને નુકશાન થશે, તારો નાશ થશે. એવી બીક ન લાગી.

કુંવર :- હે રાજન સત્ય તો એ છે કે જે નીતિમત્તા ચુકે છે તે નરકનો અધિકારી બને છે. મારી ફરજમાં મારી નીતિ મુખ્ય હતી. સ્પષ્ટ હતી વળી જે સ્વપ્ના વિષે તમે પૂછ્યું એને મારે, અસત્યરૂપે રજુ કરવું એ ભયાનક પાપ છે. અને એમાં પણ મારી નીતિમત્તા વિશ્વાસઘાત જુઠ છલ, પ્રપંચ, પાપ, દુરાચાર, આવી બધી જ બાબતો મુખ્ય બની જાય. જે ખરેખર ભયાનક છે જેથી એક સાચા ક્ષત્રિય તરીકે મેં તમારી સામે સત્ય વ્યક્ત કર્યું છે હવે તમારે મને જે શિક્ષા કરવી હોયતે કરી શકો છો. આ હકીકત જેને મે તમારી સામે રજુ કરી છે. આમા નિર્ણય તમારે કરવાનો છે.

રાજા :- હે કુંવર ધન્ય છે તારા માતાપિતાને તારા રાજને મેં નુકશાન કર્યું છે. તારા માતાપિતાનો નાશ કર્યો છે. એનો બદલો તો હું કંઈ રીતે વાળી શકું. એમંને આ જીવનમાં તને કંઈ રીતે આપી શકું. પરંતુ કેવા મહાન રાજાનો તું કુંવર છું. જેનો ઘાતનો મને પારાવાર પશ્ચાતાપ થાય છે. હું તને તારુ રાજપાટ પાછું આપું છું. મારા રાજનો અર્ધોભાગ તને આપુ છું અને નાની ઉંમરે આટલા મહાન વિચારો, ધન્ય છે તારા જીવનને આજથી હું કોઈ પણ રાજ પર ચડાઈ કરી તેને નષ્ટ કરવાની કોશિશ નહી કરુ. એ મારી પ્રતિજ્ઞા છે. એ સાથે આપના જેવા મહાનકુંવરને હું મારા જમાઈ તરીકે ઘોષીત કરીને મારી સુંદર કન્યાને આપને આપીને મારાથી થયેલા ઘોર

અપરાધની હું ક્ષમા માગું છું. જેનો આપ સ્વીકાર કરી મને માફ કરશો.

આ છે જીવનની સચ્ચાઇ પૂર્વકની પ્રમાણિકતા જેનાથી વ્યક્તિનું જીવન ઘડાય છે. અને એ મધમધી ઊઠે છે. આ બધુ દેવ સમજે છે. એને સંવારવાની કુદરત પાસે કૃપા માગે છે જે કેટલું કેટલા અંશે મળશે એ તો એણે જોવાનું હોય છે. દેવ ને માત્ર આજીજી આદતાપૂર્વક કરવાની રહે છે જે સતત ચાલુ રહે એ જ તેની સામે પ્રાર્થના વિનંતિ જે કહો તે કોઇ વિનંતિનો કેવા સ્વીકાર એ તો એ જાણે.

સંસાર ત્યાગનું શુદ્ધ વાતાવરણ તો ભગવાન બુદ્ધને પણ નહોતું મળ્યું. દુનિયાની અનેક આપત્તી અને જીવન દરમ્યાન ઘટતી ઘટનાઓ આધિ, વ્યાધિ, અને ઉપાધિના ઘેરાવામાં પ્રાણી જીવન ખાસ કરીને માનવજીવન કંઇ રીતે ઘેરાય છે. તે જાણ્યા પછી સંસાર તેમને અસાર કે આપત્તિ યુક્ત લાગે છે.પછી જ મને પ્રેરતા.... નહિ દર્શન સાથે સંસારનો ત્યાગ કરે છે. સંસારનો ત્યાગ કરવો એટલે જ સંન્યાસ એ ભ્રમણા કારગત નિવડતી નથી. સંન્યાસ શબ્દ અપભ્રંશ થયેલો હોય એવું લાગે છે. તેનો સામાન્ય અર્થ મારા મતે આ રીતનો હોઇ શકે. સત્ એક ઔષધ છે. તેનો નાહ લેવો એટલે જીવનમાં એને ઉતારવો દા.ત. પહેલાના સમયમાં આટલા દવાખાના કે ડૉક્ટરો ન હોતા. ત્યારે તાવ, શરદી જેવી બિમારીઓમાં ગળો, બામ, કે કોઇ કડવાશવાળી વસ્તું જેવી કે લીમડાના પાન વિગેરેને ગરમ કરીને તેમાંથી નિકળતી વરાળને મોઢે માથે ઓઢીને જે વરાળનો શ્વાસમાં બાફ કરીને લેવામાં આવે તેને નાહ લીધોકહેવાય. એટલે કે આવી વરાળની કડવાશથી શરીરમાંથી તાવ કળતર શરદી અવશ્ય ઓછા થઇ જતાં. જ્યારે અહીંયા તો મહાન ઔષધ રૂપે સત્યનો નાહ લેવાની વાત આવે છે. સત્યમાં શરીરની અંદર જ નહિ જીવનમાં રહેલા તમામ ઝેરને દૂર કરવાની નષ્ટ





કરવાની તાકાત છે એટલે જ સત્યનો નાહ લેવો. સત્યને સ્વીકારવું એના રાહે જીવનમાં ચાલવું એ જ સત્યને જીવનમાં ઉતારવું એ જ સાચો સંન્યાસ.

ભગવાનને સંન્યાસની કોઇ પણ જરૂર ન હોતી તે સદા સર્વદા સંન્યાસથી યુક્ત સંન્યાસની શક્તિ સાથે જ આવેલા હતા. પરંતુ જગતના પ્રાણીઓને પ્રયોગાત્મક રીતે રજુ થવા માટે આ બધી બાબતો વ્યક્ત કરી અને સંસારને સંન્યાસની ધારણામાં માયાની ભ્રમણા આસક્તિ ભોગવટો, વિચાર, વિકાર જેવી સંવેદનાઓ ઇચ્છાઓ કામનાઓ તૃષ્ણાંઓ માંથી મુક્ત થવા માટેની પ્રેરણા મળે એ માટેના આધારોને વ્યક્ત કરવાની કોશિષ છે. આસક્તિ કુદરતી છે. વાસના કુદરતી છે. દેહભાવ પણ કુદરતી જ છે એ પણ સાચું પરંતુ ભોગવવાની ચીજ, વસ્તુ પ્રાણી પદાર્થની હાજરીમાં એની પ્રબળતા વધી જવાની. ઊભી થવાની શક્યતા વધુ રહે છે. અને એથી સંન્યાસની ભાવનાની જાગૃતી એ બાબતમાં સજાગ રહેવાની કોશિષમાં અવશ્ય હોય છે. જેની શક્યતા જ નથી એમાં ભોગવવાની ઝંખના કરવાથી શું કોઇ મોટા બજારમાં ગયા હોય ૫૦૦૦ રૂ. ની કોઇ સુંદર વસ્તુ જોઇ આપણને આનંદ સાથેતેને પ્રાપ્ત કરવાની ઇચ્છા થાય પરંતુ તમારી પાસે ૧૦૦ રૂ. પણ ન હોય તો તે સંજોગોમાં તમારી ઇચ્છાની જાગૃતીને બંધ કરવી પડે. બદલવી પડે. શક્તિ હોય પણ જે વસ્તુ આપણા કામની જ ના હોય તે વસ્તુ સારી કે સસ્તી હોય તો પણ તમે એને મેળવીને શું કરવાના એમાં તો તમારી તમામ નિરર્થકતા જ પૂરવાર થાય.

છેલ્લા ઘણા સમયથી સંસારની આસક્તિમાંથી દૂર થવાની કોશિષમાં પ્રાગટ્ય થયું ૨૩-૬-૧૩ ના કાઠીયાવાડની સંતભૂમિમાં એ માટે પ્રયાણ કર્યું. ક્યાંય કોઇ એવી જગા એવા સાધુ, એવા વાતાવરણનો ભેટો થઇ જાય કે માત્ર ઇશ્વર સ્મરણ અને સતસંગનો જોગ બેસી જાય. ટંકારા

તાલુકાના હડમતીયા ગામની સીમમાં એક નવોદીત મંદિર જે કલિયુગમાં ભગવાન અવતારી પુરુષ રામાપીરનું મંદિર બંધાય ચુક્યુ છે. રોડના કિનાર પર ખુલ્લી હવામાં સતત માનવ સમુદાય દર્શન અને સેવા સતસંગ માટેના કાર્ય માટે આવવાની ધારણાવાળા આવતા જે વ્યક્તિએ સંન્યાસનો પ્રયોગ શરૂ કર્યો છે. તે માણસ ૩૧ વર્ષનો યુવાન છે. સાત વર્ષની તેની સંન્યાસી તરીકેની જીંદગી કે પ્રસિદ્ધિ ખરેખર જાગૃતી લાવી શકી હોય કે કેમ એ તો ખ્યાલમાં આવતુ નથી. પરંતુ ૨૯ વર્ષની એક યુવાન છોકરીને તેણે સંન્યાસીની સાથે શિષ્યા બનાવી છે. અને એ માટે તેના આદર્શ તરીકે અમરબા અને દેવીદાસ બાપુના જીવનની અને સંન્યસ્તતાની દલિલો અને દાખલા આપે છે. દેવાને આ બાબત નવાઇ જેવીલાગી કે જેણે સંન્યાસ લેવો હોય યા લીધો હોય એણે વળી યુવાન સ્ત્રીને સાથે રાખી શિષ્યા બનાવવાની શી જરૂર ? વળી તેના કારણે તો સંન્યસ્ત વિચારધારા કરતા સંસાર વિચારણાની ઉદ્‌ભવના વધુ પ્રબળ બને. શું વ્યક્તિ ચોથા પદથી પણ પાર ઊતરી ગઇ હશે ? અને એટલી ઉચ્ચતર કક્ષાએ ગયેલ વ્યક્તિને સંન્યાસની જરૂર પણ શી છે.આમ તો આવા સંન્યસ્તના પ્રયોગ નિષ્ફળ જવાની શક્યતા વધી જાય. પરંતુ તે પ્રયોગ કે પ્રયાણ જરા ભયભીત લાગે નિંદનીય બને તેવી શક્યતા સાથે સંસારની આસક્તિમાં રાચતા રજોગુણ ધારણાવાળા માનવોની ઘટમાળ વધી જાય આમા સત્ય શું નિચોડ આપે એ કાંઇ કહી શકાય નહી આ સ્થાન થોડું ભયભીત લાગે. સંન્યાસ માટે જગાની સગવડતા ખાસ ભભકો સંન્યાસ માટે શું યોગ્ય ન થઇ શકે.

એ જ દિવસોના અરસામાં બે જ દિવસ પછી બીજી એક એકાંત જગા ભંગેશ્વર મહાદેવની જગા તરીકે પ્રસિદ્ધ થયેલી તેની મુલાકાત લીધી એકદમ ઊંચી જગા ગામ કે સડકથી પાંચથી છ કિં.મી.ના અંતરે જ્યાં માનવ વસવાટ જ ન હોય જંગલની બરાબર વચ્ચોવચ જગા,સારી કહી શકાય,



પરંતુ એ એક રાજકારણીય માણસના પ્રભાવ નીચે અને ભરણ પોષણ તેના જ સંચાલનથી થાય.એવું લાગતું હતું કે કોમવાદ સમાજવાદ અને કદાચ રાજકારણથી પર એવી એ જગા લાગી.પરંતુ ત્યાના સાધુ તરીકેરહેલ સાધુ વયોવૃદ્ધ જાણે કોઇ અઘોરી વૃત્તી પ્રવૃત્તિનો સાધુ હોયતેની ભાષા અને વર્તનની ઉગ્રતા સાધુને છાજે તેવું ન લાગતા, આ સ્થાન માટે પશ્નાર્થ મુકાય તેમ છે. જ્યાં સ્વસ્થતા, શાંતિ અને નિરાંતવા, સાધુ ભાવનાવાળા સ્થળની જરૂર છે. અને એની શોધમાં ફરવાની જરૂર પડશે જ કારણ કે સંસારમાં હવે આશ્વાસનીય મદદગારી થાય એવું વાતાવરણ જ રહ્યું નથી.

દરેક સ્થળે અને સંબંધોમાં સ્વાર્થમયતા, લુચ્ચાઇ જુઠ અને બનાવટ ભરેલી છેતરપીંડી સિવાય કશું જ ક્યાંય જોવા મળતું નથી. જેમના માટે જીવનમાં સંઘર્ષ યાતના અને અનેક પ્રકારની મુશ્કેલી વેઠી હોય અનેક લોકોની વિવાદસ્પદ વાતોને સહન કરી હોય તેવા લોકો માત્ર ઝાંઝવાના જળની જેમ, ચાલુ ગાડીએ સરકી જતા પદાર્થોની જેમ આ જીવનમાં ભરદરિયે આવેલાજળમાં એકલા અટુલા છોડી દે તેવાના વિશ્વાસે કંઇ રીતે જીવાય ? જેનાથી સંસારની નીતિરીતિથી મન ભરાય ગયા પછી દગો છેતરપીંડી, અવહેલનાનો અહેસાસ પોતાના જ માની લીધેલા માણસોથી થતો હોય તો પછી જીવનની સંધ્યાએ જીવનસાથીની, ભવોભવની જુદાઇ કે જે જુદાઇ વેઠવી એટલા માટે દુષ્કર છે કે એક અપૂર્વ સહનશીલ, સેવા, સમર્પણ ત્યાગની મહામુર્તિ એવા પાત્રના પેટે બીનજવાબદાર પાત્રની પેદાશ ખરેખર ઘણો જ આઘાત લગાડે છે. ગમે તેવી હિંમત સમજણ પણ બેપરવાહ માણસોના ઝનૂની ભાષા વર્તનથી ના હિંમત થઇ જાય છે. એક તરફનો બેવકુફી ભર્યો વર્તાવ જુઠ પ્રપંચ, ભ્રષ્ટાચારી વર્તન સહન કરવાની કોશિષ થાય પરંતુ સમાજના દરેક સ્થર, રાજકારણ, ધર્મકારણ અર્થકારણ બધા

સ્વાર્થ, લોભ, લાલચ, ભ્રષ્ટાચારના કારણે ભયાનક યાતનામય અન્યાયમય વ્યવહાર સર્જે અને તેમ જીવે વર્તે તે પણ આપણી ન્યાયયુક્ત નીતિયુક્ત સાદી સાધુમય થવા જઇ રહેલી જિંદગી સાથે ત્યારે આઘાત કે દુઃખ એ વાતનું થાય છેકે જીવનભર કોઈને અન્યાય ન થાય દુભાય નહિ. ત્રાસ ઉપજે તેવી ભાષા વર્તન વ્યવહાર ન કર્યો હોય તેવા જ જીવનવાળાને જ્યારે આવા અમાનવીય જીવન વ્યવહારનો અનુભવ થાય ત્યારે નિઃસહાય નિરાધાર બીન આશ્વાસનીય જીંદગીમાં જે દુઃખ દર્દ આઘાત થાય છે ત્યારે માણસો પ્રત્યેની નફરત જ નહિ પરંતુ સંસાર પ્રત્યે પણ નફરત જ આવે અને છેવટે સંસારથી કંટાળી, આઘાત પામી આ દુન્યવી સંસારમાંથી મોં ફેરવવાની નોબત આવે છે. આવા સમયે જીવનને પુરુ કરનાર માણસો જોયા છે જે મોટી ઉંમરે નિરાશાજનક વાતાવરણમાં જીવનને હણી નાખે છે. પરંતુ ધર્મ, આધ્યાત્મિકતાના રાહને અપનાવ્યા પછી આ રાહ કે કાર્ય ખરેખર ખોટું છે તેમ સમજવાને કારણે તેને મુર્ખામી ભર્યું પગલુ અધાર્મિક પગલુ ગણવામાં આવે છે એથી જ ઝેરને પીવું પડે છે પરંતુ એને પચાવવું ગમે તેટલું મુશ્કેલ હોય તો પણ સહન કરવું પડે છે.

ધર્મ અને આધ્યાત્મિકતા ના રસ્તે જતાં જતાં દેહભાવમાંથી મુક્ત થવાની શક્યતા નકારી શકાતી નથી. છેલ્લા મહીનાથી ક્ષણે ક્ષણે સ્મરણ ભાવ જ પેદા થાય છે. શરીરભાવ જ પેદા નથી થતો, મનોભાવમાંથી શરીરભાવની જાણે સંપૂર્ણ બાદબાકી થવા જઇ રહી હોય તેવું ચિત્રણ કે ચારિત્ર થવાજઇ રહ્યું હોય તેવું લાગે છે જે એની કૃપાથી શાશ્વત બનશે કે કેમ એ તો એ જાણે, એની આગવી શૈલીથી આત્મલક્ષી બનાવી દે. એ શક્યતા પણ શક્ય છે. એમ થાય તો ખરેખર એ દયાનો સાગર છે એવું પ્રતિત થયા સિવાય રહે નહિ પછી તો જેવી તેની મરજી કારણ કે છેલ્લા મહીનાથી





ઉપરના સમયથી મનોભાવમાં કે આકસ્મિક દેહભાવની કોઈ ક્રિયા સહેજ પણ ઉદ્‌ભવતી નથી. અનુભવાતી નથી આ શું અર્ધસત્ય કે અર્ધસંન્યાસ છે કે સંજોગોની ગતિવિધિ તેના ગમે તે કારણો કે અપ્રતિકુળ પરિબળનું પરિણામ હોય પરંતુ જાગૃત કે સ્વપ્નામાં પણ જેની શક્યતા કે સમાલોચના નથી, એના માટે એ જ વસ્તુ લાગે છે કે એની ઇચ્છા દેવાને આ અસાર સંસારમાંથી સારસહ આરાધનામાં પરિવર્તીત કરશે કે શું આનું કાંઇ કહેવાય નહીં.

છેવટે પરિસ્થિતિનું નિર્માણ કોણ કરે છે ક્યા ઉદ્દેશથી એ સમજવા માટે કોઈ અલૌકિક શક્તિ જ આનો જવાબ આપી શકે પરંતુ તમામ શક્તિઓ સમયને આધિન છે. સમય જ પરિસ્થિતીનું નિર્માણ કરે છે અને તેનો પ્રત્યુતર પણ એ જ આપી શકે છે. જે સાર્વભૌમત્વ સત્તા ભોગવે છે. એને પૂછવાની તાકાત કે તૈયારી ખુદ સમયની પણ નથી અને છેવટે એના માટે ધર્મની ધારણાઓને માન્ય કરી તે માર્ગેપ્રયાણ કરવાની દરેક પ્રાણીને ફરજ પડે છે એ એની મર્યાદા છે કે કેવા પ્રકારના સંતોષ માટે એ રાહ પકડવો પડે છે. અને એ રાહ પણ સદાસર્વદા પૂર્ણ રીતે સંતોષકારક છે કે કેમ તેનો અંદાજ ભૌતિક માનવજીવન કે પ્રાણીજીવન કંઇ રીતે આપી શકે છતાં પ્રયાસ કે પગરણ યથા યોગ્ય સમજીને વિચારવાનું લાગે છે.

અને એવા અનુસંધાને યાત્રા પ્રવાસ અંબાજી, અમરનાથ, વૈષ્ણવાદેવી, કાશ્મિર રણુજા પોકરણ અને બીજા ઐતિહાસીક સ્થળો પણ જોયા વળતી વખતે પુષ્કર શ્રી નાથજી વિગેરે મંદિરોના દર્શન કર્યા. પરંતુ યાત્રાઓ કરવાથી શું! માનસિક શાંતિ મળે છે ? શું યાત્રાએ જનારા બધા ધાર્મિક હોય છે. મોટા પ્રવાસમાં પણ ક્યાંય કોઈ સતસંગ સેવા સમર્પણ ત્યાગ જેવું એક પણ યાત્રાળુમાં ક્યાંય નજરે ન પડ્યુ બસ દોડાદોડી પૈસાના દેખાડા બસ આવી જ યાત્રાઓ હવે આ સંસારમાં યોજાય છે.

આ જીવનને ક્યાં જવું છે અને તેને એ શક્તિમાન ક્યાં લઈ જાય છે કેમ જાણે સાથી સર્વ શક્તિનો સ્વામી સત્યને છૂપાવી વાસ્તવિકતાથી યોજનો દૂરની પગદંડી પર પ્રવાસ કરાવે છે. એની ભીતરમાં શું ભમે છે, શું ભર્યું છે. એનો કોઈ સ્પષ્ટ સુરેખ કરવાની કેમ જાણે કોઈએ તસ્દી જ લીધી નથી. હજારો વર્ષોના ધાર્મિક ઈતિહાસના અનેક ધર્મોના બળવત્તર શાસ્ત્ર ધાર્મિક ગ્રંથો કે જેમાં માત્ર ભકતોનું ભક્તિનું સંતોનું સંતની સ્વૈચ્છિક અસ્વૈચ્છિક વર્ણન કરવામાં તેમનું મહત્વ બતાવવામાં જે ભાષા કે જ્ઞાનનો ઉપયોગ કરવામાં આવ્યો છે તે જાણે શાસ્ત્રોક્ત ધારાના ચોથા પદ પર પુરા થતાં લાગે છે. બધાએ જાણે એક જ સુરે એક જ બાબત રજુ કરી છે. એ વાત ઓર હે કંઈ વાત એની ગતિ ન્યારી છે. આ વાત મારા એક મિત્ર ધાર્મિક જગાના વરિષ્ઠ સાધુ છે. જિવન ધીરગંભીર નિઃસ્પૃહ અલેખના આરાધક હોય એવું છે. તેમના મુખમાંતી બબ્બે પાંચ પાંચ મિનિટે આ જ શબ્દો સાંભળવા મળે ઈશ્વરો ગતી ન્યારી પરંતુ એની એવી કંઈ ગતિએ આ ગુચવાડાને પ્રસ્તુત કરવાનું એને સુઝાડ્યુ પ્રસ્તુત કરતા તો કર્યો પરંતુ એને વિસ્તૃત કરવાની આવી લાલચ, લોભ ક્યાંથી જાગ્યો.

એક રાજ્યના સમ્રાટને એના રાજ્યનો સત્તાનો વિસ્તાર કરવાનો લોભ, લાલચ જાગે અને તે સમ્રાટ આજુબાજુના નાના રાજ્યોને પોતાના રાજયમાં પોતાની સત્તા નીચે લાવવા આક્રમક બની પોતાના રાજયમાં ભેળવી દેતા પહેલા પરાસ્ત થયેલા કલિંગના રાજ્યને અને એની પ્રજાની યાતનાને નજરે નિહાળ્યા પછી તેને પોતાની જીત ! જીત મેળવવાથી વિજય પ્રાપ્ત કરવાથી શું મળી શકે છે. હજારો, લાખો જીવોની યાતના, દુઃખ દર્દ નિરાશા. જે પ્રાણીને સત્તાની સંપત્તિની કશી જ વધુ ઝંખના નથી માત્ર પોતાની મહેનત અને કમાણીમાંથી શાંતિથી મળેલા જિવનને તેના જવાબદાર





જીવોને પ્રેમથી પાળવાની જ જીવન વૃત્તિ ગતિ હોય એથી વિશેષ કંઈ જ મોટી ઝંખના, નથી એવા નિર્દોષ માનવ જીવનનો નાશ કરવો એવાના આર્તનાદને સમ્રાટ અશોકે નજરે જોયો આ જ સહજતા છે. લક્ષ, તારગેટ, એના અનેક વલણો માટે વિચારવાને બદલે અભિગમ સહજતાનો રહ્યો છે.

અને એક માર્ગ ભૂલેલા માનવ એ આર્તનાદના આઘાતમાં માનવ જીવનની વિરાટ રાજ્યના સામ્રાજ્યની ઝંખના અને વિસ્તારવાદની મુર્છામાંથી બહાર નિકળે છે. મે. આ શું કર્યું. ઘેલછા. ઘેલછાથી મને શું મળ્યું મગધનો વિસ્તાર વધ્યો એ જ એ વધેલા વિસ્તારે મને શું આપ્યું આઘાત.

આવો જ આઘાત પ્રત્યાઘાત વિશ્વના મહાન સામ્રાજયવાદના ભોક્તા, સર્જતા વિસ્તારવાદીઓ પછી ગમે તે દેશ ધર્મ કે જાતીના ના હોય તેમણે પણ અનુભવ્યો છે. અશોકને એક બૌદ્ધ સાધુ મળ્યા. તેના જીવનનું ધાર્મિક પરિવર્તન થયું. વિશ્વના તખ્તા પર સિકંદર, અકબર, ઔરંગઝેબ અને રાવણ કે હિરણ્યાકંશ જેવા ભયાનક રાક્ષસ રાજાઓ પણ થઈગયા. સમયાંતરે તેમના જીવનમાં પરિવર્તન થયા છે યા તો તેમનો સમયકાળ પૂર્ણ કરવામાં આવ્યો છે.

એક માનવને સામ્રાજ્યના વિસ્તાર માટે ! સર્વ શક્તિમાન ઈશ્વરના વિસ્તારવાદની સરખામણીએ નાના વિસ્તારને પોતાના કરવાની ધૂનમાં પણ એમની સગી આંખે સર્જાતા તેમની વિસ્તારવાદની તૃષ્ણાથી અન્ય જીવોની શું સ્થિતી થાય છે. એનાથી એવાની આંખો ખુલી જાય છે. હૃદય પીંગળી જાય છે. વાલિયાને નારદ અંગુલીમાનને બૌદ્ધ જેસલને સાંસરીયાને. સધીરને માલદેને આવા બધાને તોરલ રૂપાદે. ગુરુ ઉગમથી મળે છે. એમને જ્ઞાનમાં કે વાતમાં વ્યવહારમાં સમજાવે છે. અને જીવનના સાચા કે સારા રાહમાં તેમને પરિવર્તીત કરે છે. આ છે શાસ્ત્રોક્ત ધારાની યાગ્ય રાહને

પ્રસ્તુત કરવાની ધર્મ ભાવના અને તે સાધુઓ સંતો કરી શકે છે. તે વ્યક્તિગત મણકાની ભ્રાન્તી છે. અને એ આવકારદાયક ધાર્મિક પ્રવૃત્તી કહી શકાય આ સાધુની ગતિશીલતા છે. અને દરેક ધર્મના ધર્મ ગ્રંથોમાં સાધુની ક્રિયા કે ગતિશીલતાને સુયોગ્ય રીતે માનવ કે પ્રાણી જીવનને જીવન બક્ષતા ઉમદા ઉદાહરણો વ્યક્ત કરવામાં આવ્યા છે.

પરંતુ અથી શું ? હજારો વર્ષોથી હજારો સાધુ સંતોએ જે લાખો માનવ જીવનોનો ઉદ્ધાર કરવાની પ્રવૃત્તીથી કે પ્રાણી જીવનને ઉત્કર્ષમય ધાર્મિક અને ઉચ્ચતમ જીવન બક્ષવાની કોશિષ તેમની શક્તિ અનુસાર કરી છે. એના યાત્રાના પાના અને ઐતિહાસિક પુસ્તકોના પુસ્તકો ભરીને વર્ણન કરનારાઓ એકની એક જ વાત રજુ કરે છે. એની ગતિને કોઈ સમજી ન શકે એની ગતિ ન્યારી છે. કહેવાનું તાત્પર્ય એ કહેતા આશ્ચર્ય એ વાતનું થાય છે કે જેના કાર્ય થકી મર્યાદીત સંખ્યામાં માનવ જીવન પ્રાણીજીવનને યાતનાઓ આઘાત દુઃખ દર્દ નિરાશા ભોગવવી પડી છે. એની કક્ષાએ હજારો વર્ષોથી જેની સાર્વભૌમત્વ સત્તા કે શક્તિ સામે હરફ પણ ઉચ્ચારવાની કોઈની તાકાત નથી. કે નથી એને કોઈ કહી શકતું કે નથી એને સમજાવી શકતું અરે એને પોતાને સમજવું જોઈએ, એને નથી સમજાતું કે આ બધી રચનાથી એણે શું પ્રાપ્ત કર્યુ હજારો જીવોની દશા, અવદશા શું તેની સાર્વભૌમત્વ શક્તિના સતત ગાણા ગાવામાં જ તમામ પ્રાણી જીવનનું શ્રેય સમાયેલું છે. દેવો, દાનવો, માનવો, યક્ષો. ગાંધર્વો કિન્નરો, સંતો, ભક્તો, યોગીઓ, સાધકો અરે અવતારી પુરુષો તરીકે આવેલા એના જ પાર્ષદો તમામનો એક જ સૂર નિકળે છે નિકળતો જોવા મળે છે. એની ગતિ ન્યારી છે. ઈશ્વર ઈચ્છા બળવાન છે. એના સિવાય કોઈનાથી પાંદડુયે ન હાલે. માનો કે એ વાત સાચી છે. સાચી જ છે. તે પ્રતિપાદીત કરવાની મહેનતની



જરૂર નથી. એ તો અવાર નવાર કે સતત થયા જ કરે છે. કારણ કે એ તો એની રોજ બરોજની ક્રિયા છે.

પરંતુ આ સામ્રાજ્યવાદના પુરસ્કર્તા રાજાઓ સત્તાધિશના દીલમાં પણ માનવ જીવન કે પ્રાણી જીવનની યાતનાઓને નિહાળીને અનુકંપા આવે છે. અને અનુકંપા દયા કરુણાના ભાવથી પરિવર્તીત થયા સિવાય રહેતા નથી. થાય છે કે એના જીવનને પરિવર્તીત કરવાની કે નષ્ટ કરવાની નોબત વાગે છે તો આટલા મોટા સાર્વ ભૌમત્વના સત્તાધારી, યુગોથી ચાલતા આ પ્રવાહમાં ક્યારેય એને માનવજીવન કે પ્રાણીજીવનની સહેજ પણ અનુકંપા કે દયા કરુણા જાગૃત નહીં થતી હોય કે આ બધુ રચીને ઊભુ કરીને આ શું કરે છે. કરવા માડ્યું છે. જન્મ, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા વૃદ્ધત્વ મૃત્યુ યાતનાઓ સુખ દુઃખ, સમૃદ્ધિ માન, અપમાન, ન્યાય, અન્યાય, આધિ, વ્યાધિ, ઉપાધિ, ત્રાસ મેળવવો, ભોગવવો આપવો આ બધુ કરવાની જરૂર કોની ભાવનાઓ અકાંક્ષાઓ અને અતૃપ્તિનું આમાં કેવું વળગણ છે. એ એના રચયીતાને જોવાની જાણવાની કોઈ જ જવાબદારી નથી. બસ હું કરુ એ જ અજ્ઞાનતા શકટનો ભાર જેમ શ્વાન તાણે આ વાકય વિચારણા માત્ર પ્રાણીને જ લાગુ પડે, સાર્વભૌમત્વ શક્તિને ભલે લાગું ન પડતી હોય એવું માની લઈએ એથી શું એની આ રચના સર્વગ્રાહી, સર્વમાન્ય અને હિતકારી માની શકાય એવું લાગે છે?

અંગ્રેજ જેવી મહાસત્તાને પણ અમૂક વર્ષોના શાસન પછી એવું લાગ્યું કે હવે આ વિશ્વમાં આપણી સત્તા લાંબો સમય ચાલી શકશે નહિ, ચલાવવી પણ ન જોઈએ અને એકાએક બિસ્તરા પોટલા બાંધી પોતાના દેશમાં પરત ચાલ્યા ગયા અને એમના દેશ પુરતી જ સત્તાના સ્વામી બનીને ઠરી ઠામ થયા. આ જે આપણે એની સત્તાને સમજાવી શકીએ છીએ. મનાવી

શકીએ છીએ સલાહ સુચનોના વિમર્શ પણ કરી શકીએ છીએ આ છે શક્તિની સમજણ કે મર્યાદા.

પરંતુ આ બ્રહ્માંડના એકધારા સત્તાધિશ એણે અંગ્રેજોની જેમ જ આ એની વિશીષ્ટ પ્રકારની રચનાઓને રચનાને સમેટી લઈને એક તુ શ્રી હરિ પછી આ બધી વેશભૂષા કરીને પોતાનું પોતાના નામનું સત્તાનું મહત્વ બતાવવા આ બધુ કરવાની શી જરૂર છે. એના જેવી જ ભાવના મનોવિકૃતી અને માધ્યમો દ્વારા પોતાના જ ગુણગાન પોતાનું જ મહત્ત્વ બતાવવા માંગતા અ ભૂધરોના માલિકો કેમ, બાકી રાખે એમની ઘેલછામાં આ શક્તિના અબાધિત સંચાલનના કારણે જ અજ્ઞાનતા, અહ્મ, અત્યાચાર, અન્યાય આ બધુ પ્રોત્સાહીત થયા કરે છે એમને એમના વેગથી કદાવીને કઠપુતળીના નાચ જોવાની ઝંખના આને ક્યાંથી જાગી છે કે આ કઠપુતળીઓ ઊભી કરી સર્જી નવીનતામાં એમને કાબુમાં લઈને પોતાની કંઈ જીજ્ઞાસાને એ સંતોષે છે તે સમજાતું નથી અને સમજવા દેવા માંગતો નથી.

અરે, ભાઈ તારે આવા પાત્રો સર્જીને એમને અજ્ઞાન અભિમાનના પુતળા બનાવી અબાધિત સત્તાઓ સામર્થ શક્તિ સંપત્તિ, સંગઠન આપીને તું શું કરવા માગે છે એ આ તારી બનાવેલી કઠપુતળીઓ તો નથી સમજે. તેમ પણ તું તો ભલા કંઈક સમજ તને કોઈ સમજાવી શકે તેમ નથી ન તો તારે સમજવું છે, કોના માટે શાને માટે શું છે તારી ઝંખના શું છે તારી તૃષ્ણા કે તારા ક્યા પ્રકારના અહ્મને સંતોષવા તું આ બધુ કરી રહ્યો છે.

તારી ખુશામત કરનારાઓએ તો તને નિરાભિમાની, નિર્લેપ નિઃસ્પૃહ નિઃષ્કલંક અલૌકિક અદ્વેત જેવા અનેક વિશેષણોથી નવાજ્યો છે શું એ લોકોની મનોભાવનાને તારી પાસેથી કંઈક મેળવવાની લાલચનું એ પરિણામ તો નથી ને? તે તું તો લાલચુ નથી. એવું તને માનવાવાળાઓ કહે છે





પરંતુ તને ન માનવાવાળા તો તારી સત્તામાંથી પણ બાકાત નથી. તેમના માટે નાસ્તિક અને માનવા વાળાઓ માટે આસ્તિક જેવા શબ્દ પ્રયોગો શું સિદ્ધ, કરે છે માયાની ઘેલછા, સત્તાની ઘેલછા એ બધુ તને શું શોભે છે ? તારા જ સર્જેલા પ્રાણીઓ વિના કારણે હેરાન થાય છે. આ બધુ તો તું અંતરયામી હોવાને કારણે તું જાણતો જ હોઈશ. દિવ્યદ્રષ્ટા હોવાને કારણે જોતો જ હોઈશ, તને કેવા પ્રકારનો અહેસાસ થતોહસે એ તુ જાણે કારણ કે તારે માટે કોઈ કારણ નથી. પ્રાણીઓ માટે કારણ ઊભા કરવામાં તું નિષ્ણાંત છું. તારે માટે કોઈ પ્રમાણ કે કારણનો પ્રકાર સર્જનને માટે બધુ છે મોટાભાગે જ નહિ સર્વતયા તારાથી તારી માયાથી તારી વિનાકારણ પ્રયોજન શક્તિથી પ્રાણીમાત્ર ડરે છે. અને તેને તું સદાકાળ ડરતા રહે એ માટેની તજવીજમાં જ હોય છે અને આ બધા પ્રયોગો તારા જ છે તેને માટે કોઈ સાબિતીઓની જરૂર નથી એક નિભરવા પ્રાણીની જેમ વર્તે છે તે સમજાતું નથી.

હજારો પ્રાણીઓ તારી ઉપાસના તપ, સેવાની લગનમાં તારા પરમ ભક્તો થઈ ગયા. ભલા એ લોકોને પણ તારી આ લીલાની સાચી વસ્તુ સમજાઈ નથી. કે તુ સમજવા દેતો નથી. તપ કર્યે રાખો ભક્તિ કરે રાખો પરિણામ શું હોય છે. તેનું તારા જ દિવ્ય સ્વરૂપમાં એમને સમાવી લેવાની ભાવનાપૂર્ણ લાલચ શું એ સત્ય છે આમ થાય છે ! થતું હશે ! કે આ તારી રાજકારણીય ઢબની જાહેરાત છે. તો અન્ય પ્રાણીઓનું શું ? એ લોકોને, પ્રાણીઓને મન, બુદ્ધિ, ચિત્ત અહંકાર એ તું જ આપે છે. રજો, સતો, તમોના વ્યવહારમાં પણ તારા જ સિવાય કોઈ જ શક્તિ મુકી શકતી નથી. ચૈતન્યમાંથી, ચિદાત્મા, દેહભાવ, આસક્તિ ભોગવટો, એ પણ તારાથી જ થતાં વિવિધ પ્રયોગ રૂપે જ હોય છે.

તપની ભક્તિની કસોટી રૂપે ઘણા પ્રાણીઓને તાવે છે. અને છેવટે

એમની સામે વિવિધ રીતે દશ્યમાન થઈને પાછુ માંગવાનું કહે છે શું દરેક તપસ્વીને ભક્તને તારી પાસે માંગવાનું જ હોય છે. દરેક માગવા માટે જ તપ, કે ભક્તિ કરે છે. અને તું ઉદાર થઈને આપવાનું કરે છે. ત્યાં જ ભક્તજન બોલી ઉઠે છે. પ્રભુ આવી કસોટી અન્યની ન કરશો એવું માંગે છે. દા.ત. ચંગાવતી રાણી મયુરધ્વજ, તારામતી આ બધી તારી જ માયા છે. તેના થકી તું એમની પાસે શું મંગાવડાવે છે. એમણે તો એ માંગવાનું જરૂરી છે ? હવે આવા બધા નાટકો તાયફાઓ, કરવાની ક્રિયાઓ બંધ કરીને સ્વસ્વરૂપમાં અદ્વેત બની જા અને આંખો મીંચીને ઊંઘી જા. તને વૃદ્ધાવસ્થા નથી લાગતી તું થાકતો નથી. પ્રાણી તો વૃદ્ધ થાય એટલે પ્રવૃત્તી બંધ કરી દે છે. તું પણ આ બધુ બંધ કરી દે અને તમામ જીવોને પોતાની કોઈ ઈચ્છા ભાવના વૃત્તી, પ્રવૃત્તી ક્રિયા કાર્ય આ બધામાંથી મુક્તિ આપી દે. આણે પુણ્ય કર્યા આ પ્રાણીએ પાપ કર્યા તારુ આ બધું સાચું પરંતુ શા માટે આ બધી વિટંબણાઓમાં પ્રાણીઓને નાખે છે તારો આ આનંદ હોય અને તું આનંદના માટે કરતો હોઉં તો પણ યથાર્થ નથી પાસવી જેવો છે.

અરે ભલા ભગવાન તને શું કહેવું સર્જન તો કરતો તો કરી નાખ્યું તારા જેવી અનન્ય કોઈ શક્તિ જ નથી પછી તને રોકી પણ કોણ શકે પરંતુ અમારો બીજો પ્રશ્ન એ ઊભો છે કે સર્જન પણ સાંત્વના આપનું સમભાવ સમતા સહીતનું કરવું જરૂરી નહોતું લાગતું ? આ અનેક પ્રકારના વિવિધ સર્જનો દેશની ધર્મની, મતીની, પેટાજાતીની ગોરા, કાળા, બુદ્ધિશાળી, સામાન્ય બુદ્ધિવાળા તથા મંદબુદ્ધિવાળા એવા અનેક પ્રકારનો તો માત્ર મનુષ્ય પ્રાણીઓમાં જ ભેદ સર્જે છે. અને બીજા પ્રાણીઓ. ભૂચર, ખેચર, એવા અનેક પ્રાણીઓને વળી ક્યા પ્રકારની સાથે તે સર્જા છે તે જ સમજાતું નથી. જેના જીવનનો ખરેખર કોઈ જ અર્થ નથી તેવા અનેક પ્રકારના પ્રાણી જીવન અને અરે ખુદ મનુષ્ય જીવનમાં પણ એવા ભયાનક અનુકંપા ઉપડે



તેવા ભેદભાવ વાળા સર્જનો સર્જી તને શું પ્રકારની તારી ભાવનાઓ અને ઈચ્છા ઓને તે સંતોષવા માટેના તારા પ્રયત્નો કાર્યો કેવી કાર્ય પદ્ધતિથી કર્યા કાર્ય પદ્ધતીની પાછળનો હેતુ જ નથી સમજાતો વિવિધ રચના કરી...શિવ થકી જીવ થયો એ જ આશે. આનો અર્થ તો એવો થયો કે તું પોતે જ કંઈ રીતે નિઃસ્પૃહ નિર્લેપ, નિર્દોષ, નકલંક કહેવાયો. તું પોતે જ એમાં ભરાયેલો પડ્યો હોય તેવું લાગ્યા સિવાય રહેતું નથી.

તું તો કોઈ તરવૈયો હોય અને જળ રાશીમાં સ્નાન માટે નદી તળાવ કે સરોવરમાં અરે દરિયામાં પડે એથી એને શું અસર થાય તું તો એક તરવૈયો કહેવાય. અગ્નિથી બળે નહિ તેવી હોલીકાના વરદાનનો દાતા તને શાની અસર થાય પાંચ તત્ત્વો પચ્ચીસ પ્રક્રિયાઓ ત્રણ ગુણ, નવવાસના, ચાર અવસ્થાઓ, ચાર દેહ ચાર વેદ દશ દીશા દશ દ્વાર, ચાર અંતઃકરણ, દશ ઈન્દ્રિયો આ બધુ તારા માટે સહજ છે. અને બધા ગ્રહો, ઉપગ્રહો, ઓહ્મ વિભાગો સોહમ્‌ની સ્થિતપ્રજ્ઞતા, સાંત્વના પરા, અપરા, મન, વચન, કર્મ કર્મયોગ, ભક્તિયોગ, સાધના યોગ, જ્ઞાનયોગ, જ્ઞાન, ધ્યાન જપ, તપ, તીરથ, યોગ ઈંગલા પિંગલા સુક્ષમણા રેચક કુંભક, પુરક, પરાપશ્ચમાં મધ્યમાં વૈખરી --- મુકશ્રીગી ઉપાસના સ્મરણ મનન, નિદીધ્યાસ, આરાધના, આરાધ આર્તનાદ આ બધાથી તો તું પર છે અરે તું તો દયા, ધર્મ, કરુણા, પ્રેમ, પીડા પિપાસા બધાથી તે પર છો માટે તને શું તું તો ઉનમુનીની અવસ્થાથી એ પર છે તને શું પરંતુ તારી સર્જેલી આ માયાના પ્રાણીઓની અવદશાનો ક્યારેય તને વિચાર આવ્યો છે. તું તો તરવૈયો છે તારે શું પરંતુ જેને ઢબતાએ ન આવડતું હોય એવા પ્રાણીઓ સર્જીને તું શું સાબિત કરવા માંગે છે. તું નિરાભિમાની છે. તેવું રાજકીય નેતાઓની ભાષાની જેમ વ્યક્ત કરે છે. પરંતુ તને તારા તરંગી વ્યવહાર અને તેમાંથી સર્જાતી માયા જોઈને આનંદ આવે. છે કે તને તારી રચનાનો ગર્વ થાય જ કે આ બધુ મેં કર્યું છે.

મારા સિવાય કોઇ કંઇ જ નથી કરી શકે એમ આવું શું તું નહી વિચારી શકતો હોઉં. દરેક ધર્મ શાસ્ત્રમાં તો તારા ભક્તો બની બેઠેલાઓ સામે તો અન્યને તારા તરફ વાળવા કે વાસ્તવિકતાઓની પ્રતિતિ કરાવવા તું એવા એવા પ્રયોગ પણ કરી બતાવે છે કે આમાં તમારાથી કંઇ જ થાય એમ છે એમાંનું થોડું તો કરી બતાવો આવું શું તું સમજતો નહિ હોઉ. આવું તો તું વિચારે જ કારણ કે શાસ્ત્રના પાને પાને તારી દ્વારા તારા પુસ્તકોના રચયીતા દ્વારા આ જ બાબતનો વિવિધ રીતે તું ઉલ્લેખ કરે જ છે.

અરે મહાશક્તિશાળી કલાકાર તને એમ થતું હોય કે તમે મારી જેમ, મારી જેવું કરી તો ન જ શકો પરંતુ મારી આ હૂબહૂ બેનમૂલ રચનાને અટકાવવાની કોશિષ તો કરો એવી તારી ચેલેન્જને કોણ ઉપાડી શકે હા વ્યવહારમાં શાસ્ત્રોમાં ઘણી જગાએ કહેવામાં આવે છે અને એ સાચુ છે બનાવવું રચવું કરવું એ કઠીન છે. એનો નાશ કરવો બગાડવું એ સામાન્ય કે સહેલુ છે.

દા.ત. કોઇ કલાકૃતીને બનાવવી રંગથી, શીલામાંથી, ધાતુમાંથી એને સમય લાગે છે. એ મહેનતનું બુદ્ધિનું તર્કનું કામ છે પરંતુ એને બગાડવું, નાશ કરવું એ ક્ષણમાં બની જાય છે. દા.ત. હીરોશીમાં નાગાશાકી જેવા નગરો નાશ પામ્યા પછી એવા જ નગરો સર્જવા ઘણા કઠીન અને દુર્લભ હોય છે જીવન આપવું કેટલું કઠીન હોય છે. તેનો નાશ કરવો એ ક્ષણનું કામ હોય છે. ભલા આ બધુ તું જાણે છે છતાં અ યાતનાઓની પરંપરા સર્જવા પાછળનું રહસ્ય અકબંધ, રાખીને શું પ્રણાલીગત પરિસ્થિતીના પ્યાદ નથી બનાવ્યા લાગતા ? અને આ જ તારી પ્રવૃત્તી છે.

તારી આ રચના તો જાણે સ્થૂળ દેહ પર થતી લુક્સ યાને ખરાની ઝીણી ફોલ્લીઓ જેવી જ અનુભૂતી કરાવે છે. એકબાજુ મીઠી ખંજવાળથી



મઝા આવતી હોય પરંતુ એ ખંજવાળ તમારા આખા શરીરને લોહીલુહાણ કરી નાખે છે. અને તેની યાતના કેટલી જબરદસ્ત હોય છે. થાય છે એ તો જેને થાય તેને જ ખબર પડે સંસાર સાગરના આ જળમાં પડેલા પ્રાણીઓ આનાથી કેવા પ્રકારના આનંદ કે સંતોષ અનુભવે છે. એ તુ જાણે છે આપી છે બિમારી રોગ અને કહેવાય છે તું મોટો વૈદ ડોકટર અરે ભલા તારે ડોકટરની જ આ પ્રાણીઓને પ્રતિતી કરાવવી હતી તો એને સર્વત્ર શાંત સ્વસ્થ નિર્દોષ નિર્લેપ, નિરાભિમાની બીન ઉપદ્રવી, સેવાભાવી, ત્યાગી, વૈરાગ્યની ભાવના સાથેનો, જ્ઞાની બનાવી દયાળુ ઉદાર, કરુણામયી, ન્યાયી, તટસ્થ પ્રમાણિક બનાવી તારી. બનાવેલી ધર્મ નિતીને પ્રથમથી જ પાળી માની અપનાવી જીવી અને તારા જ સ્વસ્વરૂપમાં સન્માનીત રીતે સ્થાપીત કરવાનું તારા કયાં સલાહકારે, સહભાગીએ તને આવી સમજ આપી હસે કે ના કહ્યું હશે. તેથી તો એમ બન્યું નહી હોય આમ તો તું તુંડમીજાજી અને સ્વસિદ્ધ હોવાને કારણે કોઈની સલાહ માને પણ નહિ, લે પણ નહીં એવું અમારુ માનવું છે.

હિન્દુ ધર્મ શાસ્ત્રમાં ચાર વેદ ખટ્દર્શન, અઢાર પુરાણ, ગીતા રામાયણ આ અનેક ધર્મ પુસ્તકો છે. વેદોની વિચારણા ઘણી વખત એવી લાગે છે કે જેમાં ત્યારના ધર્મ વિચારકોએ તટસ્થ કે પ્રમાણિક રીતે દરેક સમાજ ધર્મ પ્રાણીને ન્યાય આપ્યો હોય તેવું લાગતું નથી. પોતાના જ વિચારો ઉન્નત છે. જ્ઞાન શ્રેષ્ઠ છે. તે બતાવવાનું ભલે ઋષિ મુનીઓ કે સંતો તપસ્વીઓના નામ પર ઉદામવાદી સત્તાધિશોએ વ્યકત કર્યું હોય પરંતુ સામાજીક ધાર્મિક વ્યક્તિગત ન્યાય નીતિ તટસ્થતા પ્રમાણિકતાનો ધ્વંશ થતો ચોક્કસ દેખાય છે. પરંતુ જ્ઞાનીઓ પોતાને માની બેઠેલા સંતો પોતાને સમાજનો એક ભાગ ગણતા સત્યને પ્રસ્તુત કરવામાં સમાજના જ બળવત્તર

સત્તાધિશોના અહંકારી અન્યાયી, આતતાયી, વ્યવહારને રોકવામાં જ નિષ્ફળ ગયા હોય તેવું લાગ્યા વગર રહેતુ નથી.

મહાભારતના મહાન પાત્રો ભીષ્મ, દ્રોણ, આના વિચિત્ર નમૂના છે. ભિષ્મની પ્રતિજ્ઞા તે લગ્ન નહિ કરે કે જેથી તેનો વંશ ન થાય અને રાજગાદી માટે હરિફાન ન થાય તે માનવા, યોગ્ય હતું ત્યાં સુધી ઠીક છે એમ કહી શકાય ખરે હું ગાદીને વફાદાર રહીશ તે કહેતા પહેલા આવા વિરાટ શક્તિશાળી ત્યાગી વૈરાગ્યની ભાવનાને જીતી જનાર અસામાન્ય યોદ્ધા સાચા ક્ષત્રિય એ વખતે તે બાબત કેમ ન વિચારી કે રાજસત્તા કે રાજવૈભવ એ રજોગુણથી ભરપુર હોય છે અને રજોગુણ મહ્દ અંશે તમોગુણનો જ પૂરક પ્રોત્સાહક સર્જક છે અને તપોગુણ નીતિ ધર્મ ન્યાય તટસ્થતા પ્રમાણિકથી યોજનો દૂર રહ્યા કરે છે માટે હું એવી રાજસત્તાને વફાદાર રહીશ કે રાજસત્તા રાજકર્તા ઉપરોક્ત ધર્મનિતી ન્યાય તટસ્થતા પ્રમાણિકતાને વફાદાર રહેશે આ હિન્દુ ધર્મના ધર્મપુરુષો હતા સતપુરુષો હતા, અરે ! જેના બાહુબળથી એ સમયનુ આર્યાવૃત કાંપતું હતું. એણે ધુતરાષ્ટ્ર, દુર્યોધન, શકુની, દુઃશાસન જેવા રાજધર્મને નેવે મુકનારને અટકાવ્યા નહિ. આવી વફાદારી. રાજ્ય સિંહાસન માટે અરે આખરે રાજ્ય તો તેનું પોતાનું હતું તેમાં ત્યાગનું પરિણામ આવું આવસે એવું ભલે એને એ સમયે ભાન ન હોય પરંતુ જે તે સમયે ખ્યાલ આવ્યો ત્યારે તો અટકાવવું જોઈએ એક તો એ ક્ષત્રિય હતા તે કામ કરવાને ધર્મબદ્ધ સશક્ત હતા જે એમણે ન કર્યું અને યુદ્ધ ક્ષેત્રે પણ વફાદારી આવી જ્ઞાનધારા સમજણ યુદ્ધ ન નોતરે તો શું થાય.

દ્રોણ બ્રાહ્મણ હતા તેને તો ધર્મ પરાયણ નીતિ મતાને ન્યાયને અનુરૂપ અજુગતા પગલા ભરતા રાજકર્તાઓને અટકાવવા વારવા એ શું



તેમના લક્ષમાં ન આવ્યું માત્ર એક ભિખારીની જેમ મહાભારતના મૂળભૂત રચયીતા પછીના લોકોએ પોતાના બુદ્ધિમત્તા વિચારણાને અનુમોદન આપવા લખી નાખ્યુ હોય કે દુર્યોધનનું અન્ન ખાવાને કારણે તેને વફાદાર રહેવું પડ્યું હોય ! શું આ સત્ય છે અરે બ્રાહ્મણો, ક્ષત્રિય તેવા કેવા પ્રકારના ન્યાય તમારા જ માણસો માટે કરતા ? તો બીજાને માટે કેવા અન્યાયકારી પગલા ભરતા હશો એનું ઉદાહરણ તો એકલા એકલવ્ય સાથેના વ્યવહાર પરથી જ ખ્યાલ આવે છે.

આ છેહિન્દુ ધર્મના શાસ્ત્રો સત્ય શું છે એ તો એ જ જાણે કે જે સાર્વભૌમત્વ સત્તા ભોગવે છે કર્ણની બાબતમાં કુન્તા, પરશુરામ, કૃષ્ણ, સૂર્ય તમામ સત્યથી વિમુખ થયા હોય તેવું નથી લાગતું. આમાં ધર્મ ક્યાં રહ્યો એક નિરાપરાધિને મજબૂર કરી એને સતત અન્યાય સાથે અપમાનિત કરવામાં જાણકારોએ ભયાનક તુચ્છ વ્યવહાર કર્યો હોય તેવું નથી લાગતું એ પણ એક અસામાન્ય શક્તિશાળી ક્ષત્રિય યૌદ્ધો હોવા છતાં મજબૂર જીવન સાથે અન્યાયીઓના જુથમાં ભળીને અંગદેશના રાજા તરીકે મળેલી, દિલ્હીના રાજકર્તાઓ તરફથી બક્ષીસને ઠોકરે મારી એમ રજુ કરી શક્યો હોત કે હું અન્યાયના પક્ષે મારી ગમે તેવી મજબૂરીને કારણે પણ નહીં આવી શકુ હું જે છું તે જે રીતે વ્યક્ત કરવામાં આવે છે તે પણ મને મજૂર છે. પરંતુ ઘોર પાપાચારના ભાગીદાર થઈને જીવવું એના કર્તા દાસીપુત્ર તરીકે જીવવામાં મને કોઈ વાંધો નથી. આવુ વ્યક્ત કરી જીવવામાં ક્યા જીવનને યોગ્યતા પ્રાપ્ત થાય એ કર્ણે વિચારવાની જરૂર હતી.

રામાયણમાં પણ વાલીના વધને કર્યા પછી વાલીએ કહ્યું કે હે રામ ! મેં તમારા તો કોઈ અપરાધ કર્યો જ નહોતો તમારે મારો વધ શા માટે કરવો પડ્યો, ત્યારે રામે કહ્યું હોયકે બીજા કોઈ લેખકે, હું આર્યાવર્તનો

ક્ષત્રિય સમ્રાટ રાજા છું મારે અનુચિત ચાલનારા તમામ જીવોને કાબુમાં રાખવા અને અનિતિમય, ભ્રષ્ટ જીવન જીવનારાને દંડ આપવો એ મારી ફરજમાં આવે છે આવું વ્યક્ત કર્યા પછી પણ વાલીની દલિલો ચાલુ રહી એટલે રામે કહ્યું કે જો એમ જ લાગતું હોય તો કૃષ્ણ અવતારમાં તું પારધી થઈને મારો વધ કરજે.

અને શાસ્ત્રો વ્યક્ત કરે છે. જાદવોના અંદરોઅંદરના ઝગડામાં જ્યારે કૃષ્ણના કુળનો નાશ થાય છે. ત્યારે શોકમગ્ર બેઠેલા કૃષ્ણને ભાલકા તિર્થ હાલ જ્યાં મોજુદ છે.તેના વૃક્ષ નીચે નતમસ્તકે બેઠેલા શ્રી કૃષ્ણને એક પારધીએ મૃગ સમજીને બાણથી મારી નાખે છે. આ પારાયણ મહાભારતની સંયુક્ત કહાણી કથણી પરંતુ આ બાબતની જરૂરીયાત શું હતી અને છતાં લેખકોએ તેને બહાલી આપી વ્યક્ત કરી છે.

હિન્દુ ધર્મના મહાન દેવાતાઓ રામકૃષ્ણ વારંવાર એવું વ્યક્ત કરતા દર્શાવવામાં આવે છે. પોતે સર્વશક્તિમાન ઈશ્વરના રૂપે જ અવતાર ધારણ કરીને પૃથ્વી પર અન્યાય અત્યાચાર દુરાચારને દૂર કરવા આવ્યા છીએ પરંતુ તેમનું કથન ખરેખરતેમના તરફથી હોય તો પણ વિચારવા જેવું છે કે જે છે તેણે વ્યક્ત કરવાની ક્યાં જરૂર છે. સૂર્ય, ચંદ્ર, અરે આવા અનેક પદાર્થો પાત્રો ક્યારેય એ વ્યક્ત કરવાની વિચારણા વ્યક્તતામાં માનતા નથી પડતા નથી કારણ કે સૂર્ય, ચંદ્ર એ શું છે એ બધા જાણે છે. તેમનું ઉગવું, આથમવું, પ્રકાશનું એ જ પ્રદર્શિત કરે છે કે તે સુર્ય છે ચંદ્ર છે. આમા વ્યક્ત કરવાનું શું આવે છે છતાં વ્યક્ત કરવામાં આવે છે. કરાય છે ભગવાન થઈને હિન્દુસ્તાનમાં જ લોકકલ્યાણ માટે આવેલા મહાનુભાવો, અન્ય દેશોમાં ધર્મોમાં પણ આવા મહાનુભાવો જન્મ્યા છે. પરંતુ તે ધર્મના પાર્ષદો તરીકે સંદેશાવાહક તરીકે પોતાની જાતને વ્યક્ત કર્યા છે. એ તો પાછળથી લોકોએ



તેમને તેમની શક્તિ જ્ઞાનધારા, કાર્યપદ્ધતી, જીવનશૈલીના કારણે ભગવાન બનાવી દીધા અને તેમનો વિસ્તાર અને વહેવા પણું હિન્દુધર્મના સંદર્ભે વધુ રહ્યું છે. હિન્દુ ધર્મના કોઈ ભગવાને આમ જનતા માટે કાંઈ જ કર્યું નથી અને જેણે આમ જનતાના જીવનને સમજવામાં એમને ન્યાય, અને હક્ક આપવામાં અરે એની સાથે કરુણા ભાવથી વર્તનારા તેમની સાથે ભળનારા મહાનુભાવો પછી ભલે તે ભગવાનની ઉપમા કે ઉપાધી પામ્યા હોય તેવા બીનકોમવાદી તટસ્થ કરુણાસભર, પાત્રોને આ દેશના કોમવાદી સ્વાર્થી અને જડતાવાદીઓએ દેશમાંથી હાંકી કાઢ્યા હોય કે તેમને મૃત્યુના મુખમાં ધકેલી દીધા હોય અને પોતાના કાર્યથી રાક્ષસી આનંદ અનુભવતા હોય તેવું લાગે છે. ભગવાન બુદ્ધ, રામાપીર, ગાંધીજી, આંબેડકર, મહાત્મા ફૂલે, સાવિત્રીબાઈ, લોયણ, તોરલ આ બધા પાત્રો કોમવાદી ઓ અને સંસ્થાનવાદીઓના ત્રાસથી ત્રસ્ત થઈ જીવનની શ્રેષ્ઠ કાર્ય શૈલીને જીવતા ઘણા ઘણા હેરાન પરેશાન થયેલા હતા.

હિન્દુ ધર્મના અઢાર પુરાણમાં પણ એક નવીનતા રહેલી છે અને તે દરેક પુરાણના નામ આપવામાં આવ્યા છે. દા.ત. શિવપુરાણ, વિશ્વકર્મા પુરાણ, પદ્મપુરાણ ગરુડ પુરાણ આવા અઢારે પુરાણમાં જે તે દેવનું નામ સાથે પુરાણની રચના કરવામાં આવી છે તે દરેક પુરાણના નામ સાથે જોડાયેલા દેવનું એટલું બધુ મહત્ત્વ વ્યક્ત કરવામાં લેખકોએ જે પ્રયત્ન કર્યો છે તેની સામે રામકૃષ્ણ અરે ખુદ ભગવાન પણ તે દેવના મહત્ત્વ આગળ વામણા લાગે. ક્યાં દેવને શું મહત્ત્વ આપવું તે વાર્તાકાર કે લેખકોના હાથમાં હોય એવું લાગ્યા સિવાય રહેતુ નથી.

આ બધુ મોટાભાગે હિન્દુધર્મ શાસ્ત્રોમાં વિશે, જોવા મળે છે. આની પાછળ શું મતવ્યો કે તત્ત્વો કામ કરે છે. એ પણ સમજવું મુશ્કેલ છે હા જે તે

દેવોએ જે કામ કર્યા હોય તે તેના કામ માટેનું મહત્ત્વ આપવું કદાચ જરૂરી હોય અને આપ્યુ હોય તે કે ત્યાં સુધી માનવા યોગ્ય છે. પરંતુ એ જ સર્વસ્વ છે એવું વ્યક્ત કરવાની જે પરિસ્થિતી છે તે ખરેખર વિવેકની અમર્યાદા થઈ જતી લાગે છે.

ગમે તેમ હિન્દુધર્મના તમામ દેવી દેવતા કેમ જાણે સાથી હિન્દુસ્તાનના નકશાની બહાર દેશની ભૂતકાળની કે હાલના વર્તમાન કાળની ભારતની ભૌતિક સીમા છોડીને અન્ય મોટા વિસ્તારમાં એટલું પ્રસારણ કે પગરણ કર્યું લાગતું નથી. અને એથી જ હિન્દુધર્મો શાસ્ત્રના લેખકોએ હિન્દુધર્મના ભગવાનને ખંડનાત્મક વિસ્તારના ભગવાન બતાવી દીધા હોય તેવું લાગે છે.

પહેલા અન્ય દેશોમાં માનવ વસ્તી નહોતી ? હશે જ, હોવી જોઈએ ત્યાં આ લોકોએ ધર્મ પ્રચાર માટે કે ધર્મના ડુબતા વહાણને બચાવવા માટેના પ્રયત્નમાં ધ્યાન કેમ નહી આપ્યું હોય કે જે તે દેશમાં ધર્મનીતિનું ખનન નહીં થયું હોય કે થતું હોય. અહીંયા હિન્દુસ્તાનમાં જ આટલા બધા સંતો, ઋષિઓ, ભગવાનો થયા છતાં અહીંયાજ રામ પછી કૃષ્ણ અવતાર ધારણ કરી એ વખતના અધર્મીઓને દંડાત્મક શિક્ષા કરી એથી શું હિન્દુસ્તાન ન્યાયી, તટસ્થ, પ્રમાણિક, સત્યનિષ્ઠ, કરુણામય બની ગયો અરે, હિન્દુસ્તાનમાં દરરોજ ભગવાન જન્મ લે તો પણ કોમવાદ પ્રાંતવાદ ભાષાવાદ, ભ્રષ્ટાચાર, શું ઓછા થયા નાબુદ થયા નહી જ. અહીં તો ભગવાન પણ ભારતવાસીઓથી ગભરાય છે. છેતરાય છે. દંભ, દેખાડા, છેતરપીંડી, તમામ અશક્તિ છતાં અભિમાન, અદેખાઈ, બિચારા સંતો પણ આમાં શું કરે અઠવાડિયે એક સંત જન્મે તે પણ ટુંકા કારણ કે અહીં તો જે કોમવાદમાં માને છે. ભ્રષ્ટાચારીઓ, સંગ્રહાખોરો, દાણચોરો, રજોગુણથી તરબતર,





સંપત્તિવાળા, સત્તાવાળા, સંગઠનવાળા, ધોળાવસ્ત્રો સાથે કાળાકામવાળાના દાન પ્રવાહથી એમના જ સહકાર, સાથથી, ચાલતા ધર્મધુરંધરો, મહંતો, સંતો, પદાધિકારીઓ પોતે જ આવા માણસોની માયાજાળમાં જીવતા હોય તે આવા ઓની માયાજાળને દૂર કરવાની ધર્મભાવના ક્યાંથી પ્રગટાવી શકે ઉલટાના તો હિન્દુસ્તાનમાં ધાર્મિક સંસ્થા ચલાવવી હોય, સંત કે સાધુ તરીકે જાહેર થવું હોય ચાલુ રહેવું હોય તો આવા કાંચડાઓના સહકાર, સાથ, સિવાય રહી ન શકાય, નહીંતર ભગવાન બુદ્ધ, ગાંધીજી શાસ્ત્રી જેવી પરિસ્થિતિ ઊભી થાય સત્ય. તટસ્થા કરુણાવાળા આગ્રહી આમજનતાના મસીહાને ધ્યાનમાં રાખવાવાળા ભગવાન બુદ્ધ અને એમનો ધર્મ હિન્દુસ્તાનમાંથી રાજકુળમાંથી આવેલો ધર્મ હોવા છતાં કોમવાદ અને આમ જનતાના હિતેચ્છુ, શુભેચ્છુ ધર્મ તરીકે આ દેશમાં ન ચાલ્યો ? ગાંધીજી પણ આમજનતાના શુભેચ્છક તરીકે કે શાસ્ત્રીજી સત્ય ન્યાય, અને સ્વસ્થ, સ્વચ્છ, જીવન વ્યવહારને કારણે જીવ ગુમાવી બેઠા. આ છે આ દેશના સાત્ત્વિક ધર્મનિષ્ઠો, લોકકલ્યાણની ઊંચી ભાવનાવાળા મહાનુભાવોની જીવનવૃથા મારો દેશ મહાનતાના ખોટા ગાણા ગાવાથી શું મહાનતા આવી જતી હશે ?

ગમે તેમ કહેવાનું તાત્પર્ય એ રહ્યું છે કે અવતાર ધારણ કરીને આવેલા ભગવાનો ખાસ તો કૃષ્ણ જેને પુર્ણ પુરુષોત્તમ તરીકે વ્યક્ત કરવામાં આવ્યા છે. તેમના જીવનની ગતિશીલતા કેવી રહી છે કે છેવટે એમના માટે નટખટ કનૈયો કે કામણગારો કાનુડો જેવા શબ્દ પ્રયોગથી નવાજવામાં આવ્યા છે. પરંતુ એની તમામ ક્રિયાઓ કાર્યશૈલી એવી જુગુપ્સા પ્રેરક રહી છે કે આમ કરવા પાછળમું કારણ શું ?

અને છેવટે તમામ પ્રાણીજીવને એને જ લક્ષમાં રાખીને જીવવાનું હોય છે. જીરવવાનું હોય છે આખરે સર્જન મજબૂર છે અને સર્જકની આ

બેખૂબી રચનાનો પાર પામવો એ અશક્ય છે. છતાં એટલો અગમ્ય તો નથી જ કે જેને પામવો એ મુશ્કેલ હોય અને આ બાબત જ મહત્ત્વની છે કે જેને જેને એ મળ્યો છે તેણે વ્યક્તિગત ભાવનાથી ખંડનાત્મક ભાવનાથી, કલ્યાણકારી વિચારણાઓના મુળને મૂળભૂત રીતે સમજવામાં યા તો થાપ ખાધી છે. યા તો સ્વાર્થીપણું બતાવ્યું છે યા તો સત્યની પરિસ્થિતીને સમજવામાં ગોથા ખાઈને તેણે જે માગવાનું હતું તે માંગવામાં ભૂલ કરી છે.

દા.ત. કુંભકર્ણને ઈન્દ્રાસન જોઈતું હતું. પરંતુ તેની જીભ પર સરસ્વતીને બેસાડી નિદ્રાસન મંગાવ્યું આ બધું શું છે. એવા તો ઘણા ઈન્દ્રાસન માગીને તપથી ઈન્દ્ર બની ગયેલા જે પણ શાશ્વત પદ તો નથી જ એવું શાસ્ત્રો કહે છે તો આ એક વધારે ઈન્દ્ર બન્યો હોત તો તેને કાબુમાં કરવામાં એને ક્યાં મુશેકેલી પડવાની હતી. આ બાબત જ તમામ ક્ષેત્રે ઈશ્વરને આવું બધુ કરવાની જે વૃત્તી સાથે પ્રવૃત્તી કરી છે એને સમજાવવા માટે ભક્તો, સંતો, પીર, પયગંમ્બર બધાની ફોજ ઉતારી દીધી. છતાં બધાં જ કેમ જાણે સાધી કાચા પડ્યા કે આળસ સાથે મજબૂર હતા. કે બીજુ ઘણુ ખરુ માગનારા ભક્તો આવું કેમ ન માંગ્યું કે હવે તો હઠ થઈ ગઈ તારી શક્તિનો કોઈ પાર નથી તે બતાવવાના તારા નૂસખા પ્રયોગોથી સર્જનથી રચાયેલી તારીઆ સૃષ્ટિ કેટલી સુખી કે દુઃખી છે તેનો ખ્યાલ કરતો રહેજે એવી તને રજુઆત કરીએ છીએ.

શાસ્ત્રોની દ્દષ્ટિએ માનવોની દ્દષ્ટિએ કદાચ આ બધી વાતો બાબતો ઘેલછા લાગે પરંતુ આ જીવંત શરીર કે જે જાગૃત અવસ્થા અને સ્થૂલ દેહની સાથે જ વધુ સંબંધો ધરાવે છે અને તેના જ કાર્યોથી ક્રિયાઓથી મન, વચન, કર્મથી બંધન કે મુક્તિની સંભાવના ઊભી થાય છે તે જાગૃત અવસ્થા અને સ્થૂલ દેહને એવી ભાવનાઓ, વૃત્તીઓ, પ્રવૃત્તીઓ થી સુસજજ રાખવાની



જવાબદારી માત્ર પ્રાણીજીવનની જ હોત તો. ઈશ્વર જેવી કોઈ શક્તિની આવશ્યકતા જ ક્યાં હતી તેના નિયમીત જીવનને સત્ય સમજાવવા એ રાહે લઈ જવાની તમામ શક્યતાઓ તો એ મહાશક્તિની જ છે કે જેણે આ સંસારનું સર્જન કર્યું છે.

સ્વપ્ના અવસ્થા અને સુક્ષ્મદેહ કાર્યકારણથી પર હોય તેવું એટલા માટે લાગે છે. કે સ્વપ્ના અવસ્થામાં બનેલી ક્રિયા, કે કાર્ય ધર્મ કે કાનુની રીતે જાગૃત અવસ્થા કે સ્થૂલ દેહથી થતી ક્રિયા કે કર્મ જેટલા પરિણામ લક્ષી નથી જ . સ્વપ્ના અવસ્થા થી થતી કોઈ બાબત લાભ કે હાનીકર્તા સજીવ, જીવનમાં બનતી નથી જે દેહ અવસ્થા સંપૂર્ણ રીતે પરિણામ લક્ષી નથી. તેને માટે જીવન ઉદ્ધાર કે અધોગતીનો કોઈ અર્થ નથી જ રહેતો સૂક્ષ્મ દેહના અનેક પ્રકારમાં ત્રણ મખ્ય છે.

૧) સદેહે સુક્ષ્મદેહ સ્વપ્ના અવસ્થા :- આ શરીર નિંદ્રાધીન હોય છે ત્યારે નિંદ્રામાં અનેક પ્રકારના સ્વપ્ના આવે છે જે સ્વપ્નાથી કદાચ કોઈ સંકેતની નહીવત શક્યતા બની શકે બાકી એનાથી કોઈ પરિણામ કે લાભ, નુકશાન નથી જ.

૨)સદેહે સૂક્ષ્મદેહ શરીરે દશ્યમાન શક્યતા ઊભી થાય પરંતુ સ્થૂલ દેહથી એ સલગ્ન હોતી નથી આ સૂક્ષ્મદેહ કારણ દર્શી હોય શકે, લાભ કે નુકશાન ની પરિમિતી કે પરિણામ લક્ષી ત્યારે બની શકે કે મનની સંકુચિતતા, નબળાઈ તથા ચિંદાત્માની પરિધ ક્ષેત્રમાં આત્મભાવ ક્ષુબ્ધ થતો હોય તો જ બાકી એનો પણ કોઈ અર્થ નથી. ચૈતન્ય શક્તિના વર્તુળમાં વ્યાપેલો આત્મભાવ આત્મલક્ષી હોવાને કારણે ચૈતન્યશક્તિની જાગૃતી આત્મભાવથી મનની નબળાઈ અને તેની વિટંબણાઓને ઢાંકી દે છે જેથી એ પરિણામ લક્ષી થવાની શક્યતા નકારી દે છે.

૩) વાયુરૂપ સૂક્ષ્મદેહ :- આમાં શરીરની દશ્યતા હોતી નથી તૃષ્ણાને સંતોષવા ભોગવટાની ભાવના કે બદલાની ભાવનાથી આ સૂક્ષ્મવાળું રૂપ અવસ્થા બને છે તે પણ ઉપર પ્રમાણે જ ચિંદાત્માના પરિધ ક્ષેત્રમાં આત્મભાવ ક્ષુબ્ધ થતાં હોય તો જ બાકી એનો કોઈ અર્થ નથી. ચૈતન્ય શક્તિના વર્તુળમાં વ્યાપેલો આત્મભાવ આત્મલક્ષી હોવાને કારણે ચૈતન્ય શક્તિની જાગૃતી આત્મભાવથી મનની નબળાઈઅને તેની વિટંબનાઓને ઢાંકી દે છે કે અટકાવી દે છે આમ અનેક પ્રકારે સર્જાતી આ પરિસ્થિતી, મનુષ્ય દેવ, દાનવ, તમામમાં એની રીતે વૃત્તીથી, ભાવનાથી, આસક્તિથી, ભોગવટાથી, પ્રસન્નતાથી, મદદગારી માટે, બચાવ માટે અનેક રીતે સર્જાય છે. ત્યારે ક્યારેક પરિણામ લક્ષી બને છે પરંતુ તે પણ સર્વોચ્ચ શક્તિના સંચાલનના કારણે જ તેના પ્રભાવને કારણે જ શક્ય છે.

કારણ દેહ :- સુષુપ્ત અવસ્થાના અનેક પ્રકાર છે અર્ધપરિણામ લક્ષી એટલા માટે હોય છે કે એની ક્રિયા કાર્યમાં સુષુપ્ત રીતે કાર્યકારણ પડેલું હોય છે કે નથી પણ હોતું એ શું ઇચ્છે છે કરવા માગે છે તે સ્થૂળ દેહ અને જાગૃત કે સુષુપ્તમાં હોવા છતા તેનો તેના સુષુપ્ત દેહભાવમાં મન, બુદ્ધિ, ચિત્ત કે અહંકાર પર કાબુમાં હોતો નથી. કારણ દેહ સુષુપ્ત અવસ્થા, ગાઢ નિદ્રામાંથી એકાએક જાગવાથી માનસીક બેચેનીથી.

૩) આઘાતજનક સમાચારના અતિરેકથી ૪) આનંદના અતિરેકથી. કોમામાં ગયેલા માનવ જીવનને સુષુપ્ત અવસ્થા સાથે કેવો સંબંધ છે તે તેના આઘાત પ્રત્યાઘાત સાથે સંબંધ છે. જાગંડ, અર્ધપાગલ, ધૂની, હિપ્પી વિગેરેની મનોભાવના વૃત્તી પ્રવૃત્તિઓ પ્રમાણે એમને કારણદેહની આ કક્ષામાં જૂદી જુદી રીતે વ્યક્ત કરી શકાય.



મહાકારણ :- ખરેખર આ એક એવો દેહ છે જેને દેહના કાર્યો કારણ સાથે સીધો સંબંધ ન હોઈ શકે તે દેહભાવથી, તેની ક્રિયાથી, વિચારોથી મુક્ત થઈ જવાની પરિસ્થિતીની નિર્માણનું સુચક કે મુખ છે એને એથી જ નિતાંતર નિર્લેપતાની ભ્રાન્તિની જેમ જ વર્તે છે અને એનો ઉલ્લેખ કરવો એ એટલો સહજ પણ નથી કારણ કે તેને તુરીયા અવસ્થા લાગુ પડે છે. તુ રીયા તું રહ્યો એટલે કોણ રહ્યું. આત્મા રહ્યો જેને ઉદ્દેશી શકે તેવી શક્તિની સંભાવના વાસ્તવિકતાને પ્રસ્થાપિત કરી શકે છે તે પણ અગમ છે અને તેને માટે કોઈ બાબત કાર્યકારણથી પર હોવાને કારણે પરિણામ લક્ષી નથી.

આમ આ બધી જ બાબત એના જ કબજામાં અને એક હથ્થુ સત્તા નીચે હોવાથી આખરે એનું જ મહત્ત્વ અને સત્તા છે અને એથી જ એ સર્વેસર્વા ઈશ્વરને માટે જે ભાવોની વ્યક્તતા છે. તેમાં નમ્રતા, વિવેક, ભક્તિ, ભાવના, આદર, પુજા, પ્રાર્થના, યાચના અહેસાનમંદી, કરુણાની અને તેની શરણાગતી, સમર્પણ, ત્યાગ સિવાય અન્ય બાબતોને વધુ વિચારવી એ પણ એક ગુસ્તાખી ગણી શકાય.

છતાં પણ ઘણા જ્ઞાની, સંતો અને ભક્તોએ એની આ રચના કાર્યપદ્ધતિ બાબતમાં તેને આવા જ પ્રશ્નો પૂછ્યા છે ? પૂછ્યા જ હોય તેમને તેનો યોગ્ય કે સંતોષકારક જવાબ મળ્યો હશે ! ભલે મળ્યો કે ના મળ્યો હોય પરંતુ કુદરતની અપરંપાર મહાશક્તિના આ ધોધને સમજતા, એને સત્યાર્થે શું છે એ પામવા માટેના પ્રયત્નો કરવા જરૂરી છે. શું આ સંસાર એ એની માયાનું સર્જન છે તો માયા જ ન હોય તો ભગવાન ક્યાંથી હોઈ શકે દેશનથી પ્રજા નથી. જમીન નથી. વાવેતર નથી તો નેતા, રાજા, વાવેતર, ઉગાવો એ બધુ કોના હિસાબે હોય અને એવી જ એ સર્વ શક્તિમાનને પણ એ પ્રતીતીની જરૂર

તો છે જ કે અમારા કારણે તું છે. તારા કારણે અમે છીએ એ તારી માન્યતા તારી શક્તિના કારણે સાચી હોય પરંતુ અમે જ ન હોઈએ તો તુ ક્યાં છું તને કોણ માને અમને સત્યાર્થે સાચી, ભાવના સમજ  વ્યવહાર ન્યાય આપી ઉપરોક્ત જણાવ્યા પ્રમાણે સમજુ, વિવેકી, જ્ઞાની, આદરણીય, ન્યાયી, પ્રમાણિક દુઃખ દર્દથી મુક્ત જીવન આપી છેલ્લે નિબધ્ધ રીતે તારામાં સમાવી લેવા માટે કૃપાવંત બન, પાપ, પુણ્ય આ બધી માયાઓ રચી. એના અનેક પ્રકારના રિપોર્ટો રાખી સી આર લખી અવળા કે ભૂલભૂલામણીમાં ન લઈ જા એ જ પ્રાર્થના.

આમ તો તું કોની પ્રાર્થના કંઈ રીતે સાંભળે છે. ક્યા સંજોગોમાં સાંભળે છે એ જ ઘણી વખત સમજમાં નથી આવતું અનેક પ્રકારના પ્રાણીઓની અપરંપાર વિટંબનાઓ યાતનાઓના દીદાર તે ક્યારેય કર્યા છે એ શક્ય નથી ? અરે વિચાર્યા પણ હોત તો પણ ઘણુ હતું ખરેખર તો તને સમય જ ના હોય, હોય તો પણ તારામાં દયા કે કરુણા જેવી કોઈ બાબત એટલી સહજતાથી સરળતાથી તને અસર જ નહિ કરતી હોય.

તને સત્ય કહેવામાં શા માટે લોકો ઊણા ઉતર્યા છે એ પણ એક અગમનીય બાબત લાગે છે કોઈ બાળક આમ તો આખો સંસાર તારુ જ સર્જન છે. પરંતુ આ સર્જાયેલી આ દુનિયાના દસ્તુરને તો તુ જાણે છે કે બાપ તો બેટાના બાળકોના અનેક પ્રશ્નોના હલ કરવામાં, એના દુઃખ દર્દને નિવારવા માટે પોતાના જીવનને ન્યોછાવર કરતા પણ અચકાતા નથી અરે બાળકની ખોટી જીદને પણ સંતોષવામાં પ્રયત્નમાં લાગી જાય છે. મા બાપ કે વડીલોની તો એ સામાજીક ધાર્મિક ફરજ છે કે જવાબદારી અને તારા સર્જેલા તમામ પ્રાણીઓ લગભગ પોતાના સંતાનો, બાળકો, કે પોતાનાથી સર્જાયેલા માટે કેટલા લાગણીશીલ હોય, કેટલા સંવેદનાશીલ હોય છે એનો





તને ક્યારેય અહેસાસ થયો છે. તુ તો તમામ અહેસાસથી પર થયેલ પરમાત્મા છે આતો બધી આત્માના સંબંધોની માયાજાળ છે. બિચારા હજારો, લાખો, કરોડો, પ્રાણીઓના આત્માને આ લાગણી થાય છે અને તું પરમાત્મા થયા પછી લાગણી વિહીન, અપ્રમાણિક ન્યાયવિહીન કંઈ રીતે બની ગયો છું ? કે હતો જ કારણ કે સર્વોચ્ચ શક્તિ, માનો કે તું તમામ લાગણી, ભાવો, મનોદશા, ઉભરા, ઉમળકાથી પર હોય છે છતાં તારા બાબતમાં કોઈ ફરિયાદ કરી શકતું નથી.

અરે ભલા ભગવાન ! તારી ફરિયાદ વળી કોને કરવાની હોય, અને તે સાંભળે પણ કોણ. પેલા દુર્વાસા નામના એક મહાન ક્રોધિત બ્રહ્મનિષ્ઠ મહર્ષિ પોતાની શક્તિથી સામાન્ય પ્રાણીઓને એના પોતાના તપોબળની પ્રભાવશીલતા કે શક્તિથી પ્રાણીઓની સામાન્ય ભૂલની પણ ભયંકર શિક્ષા આપવા તૈયાર થઈ જતા હતાં અને એક વખત એવું જ વિષ્ણુના માનો કે તારા જ પરમભક્ત તરીકે અંજુમાન નામના ભક્તને નાનીશી બાબતમાં શાપ આપવા તૈયાર થાય છે ત્યારે તું તરત જ તારુ સુદર્શન ચક્ર એ ક્રોધી ઋષિ પાછળ મોકલે છે, તેની બીકથી ઋષિ બ્રહ્મા કે શીવ જેવા મહાન શક્તિશાળી દેવાનું પોતાના રક્ષણ માટે શરણ લેવા કે બચવા માટે આજીજી કરે છે. પરંતુ તારુ નામ સાંભળતા અરે તારુ સુદર્શન જોતા એ બંન્ને મહાન શક્તિશાળી દેવો પણ એ અસામાન્ય ઋષિને મદદ કરવા તૈયાર થતા નથી અને તેઓએ છેવટે તારુ જ શરણ લેવાની સલાહ આપે છે અને એ છેવટે તારા જ શરણે આવી બચવા માટેની વિનંતી કરે છે. હા તું એનો રસ્તો કરી આપે છે. બીજા દેવો તો એ માટે તૈયાર પણ નહોતા, ભલા શું તારી શક્તિ, શુ તારી ધાક, શું તારી પોલીસી અમે જાણીએ છીએ કે તારી કૃપાથી જ બચાય. તારી ધાકથી, દાબથી, દબદબાથી શક્તિથી કોઈ જ શક્તિ તારા સિવાય પ્રાણીને બચાવી ન જ શકે.

અરે ! સર્વ જ્ઞાતા અનંતના સ્વામી તારી કંઇ રમતોથી તને આનંદ પ્રમોદ આવે છે. મળે છે. તે પણ કહેવા તું તૈયાર નથી તો એ રમતના અમે પ્યાદા બનીએ કે જેથી તારા આંગળા હાથનો સતત અમને સ્પર્શ થતો રહે અને તારા ધર્મદ્વારના અધ્યાયોમાં વ્યક્ત કરવામાં આવેલા તારી અનુભૂતિ કરનારાઓના આલેખનો અમને અમારા જીવનને અહેસાસ થાય, આમ તો સીધે સીધા તો તું કોઇની પાસે કોઇની ઇચ્છાથી નહીં જ જતો હોય તારી ઇચ્છા જ  સર્વોપરી હોય શકે છે માટે જ તને કદાચ અમે એ બાબતની વિનંતી કરવાનો અમારો હક્ક છે એમ સમજીને અમે એ પૂછી શકીએ કે તને તારી રચના, તારી શક્તિ સમર્થતાના અદ્‌ભૂત સમર્થકો દ્વારા સર્જીત ધર્મશાસ્ત્રમાના તારા વખાણ કર્તા પુસ્તકોના અનુસંધાને તને શું વધુ પ્રજ્જલિત ઉદાર આવિષ્કૃત બનાવે છે તે અમને જણાવીશ અમે તે રાહે ચાલીએ.

૧) કર્મયોગ, ૨) ભક્તિયોગ, ૩) સાધનાયોગ, ૪) જ્ઞાનયોગ

૧)કર્મયોગ :- એ તો નિત્ય છે. પરંતુ શાશ્વત કે પૂર્ણ નથી એવું ઘણી વખત લાગે છે. છતા તેમાં ધ્યાન ધારા, નિષ્ઠા, ઉચ્ચશ્રવા, ભાવનાત્મકતા, નિઃસ્પૃહતા, નિર્મળતા, નિઃસ્વાર્થતા આ બધી બાબત કર્મયોગમાં જરૂરી હોવા છતાં પરિણામલક્ષી પરિસ્થિતીની મુક્તતા પણ અવિચળ રહેવી જોઇએ અને યથાયોગ્ય આ યોગનું સરાસર આહ્‌વાન નિયતીનો ક્રમ છે એમાંથી કોઇ જ બાકાત નથી છતાં તે તુ નથી તે તો સાધનની પ્રવૃત્તિ ક્રિયા છે. સાધનની ક્રિયામાં તારા જ દૃશ્યમાં પરિણામ ઉદ્‌ભવી શકે બાકી સાધન માત્ર પોતાની ક્રિયાના જ પરાવલંબી તેણે કંઇ ઇચ્છવું ઝંખવુ મેળવવું એ તો તું છે તારા સિવાય કાર્યકારણ પણ નથી તું તો કારણ વગર કાર્યને ઉદ્‌ભવાવી શકે છે કાર્ય કર્યા પછી કારણ પણ તું જ છે





કર્મની તમામ બાબત તારા હાથમાં છે લગામના રાખનાર તારા જ થકી કર્મ છે તારા જ કારણે અને માટે કર્મ છે અને છતાં સાધનને જવાબદાર બનાવી એના અંગે અંગ પર હથોડાના ઘા મારવાનું એને તારા હિસાબે ગણત્રીએ સુધરવાનું, સુધારવાનું જેમ કોઇ યંત્રને રીપેર કરવાનું કામ કોઇ મેકેનીશ્યન કરે છે તેમ તું તો એની જ પ્રાણીની જ જવાબદારી હોય એમ તમામ કર્મોની બાબતમાં બંધન કર્તા બનાવે છે આ શું છે ? તારી સર્વોપરિતાનો એક પ્રાણી પર એની પરાવલંબીત જીંદગી માટે વજ્રઘાત સમાન નથી ? તું વિચાર કર તારા માટે આવી પરિસ્થિતી સર્જાય તો તને કેવી લાગે તુ કેટલો દુઃખી થાય હે માનવ, પ્રાણીઓના સર્જનહાર આથી વિષમ પ્રાણીઓની યાતના શું હોઇ શકે માટે જ આવા રસોના રસજ્ઞતા, કર્તા ભોક્તા આ બધુ કોના પર છે એનો વિચાર કરે તો સારુ તો તુ કદાચ ન્યાયી અરે ! દયાળુ પણ ગણાય.

ભક્તિયોગ :- આ પણ તારી મહત્ત્વપૂર્ણ નારા માટેની જ ધારા છે જે શું છે. એ તું જ જાણે છે. જાણે છે ! માણે છે. અને નગુણો થઇને પ્રાણીને વિવિધ રીતે પરીક્ષાર્થી બનાવે છે. તને તારી આ ધારામાં વહાલા, દવલા, જેવું નથી લાગતું. એ પણ નવાઇ છે. તને યાદ કરે દીલથી, પ્રેમથી, શ્રદ્ધાથી, સ્મરણથી, ડરથી, લાલચથી છેવટે યાતનાઓની ભરમાળમાં કરુણાથી, આરાધક તરીકે, આરાધી તરીકે આ બધી ઘટમાળમાં તું જ હોવા છતાં ભિન્નતા તું સર્જે છે. ભક્તિમાં ભાવોનું સર્જન શું તુ નથી કરતો ? ભાવોનું સર્જન એની ક્રિયા, પ્રક્રિયા અને પ્રતિક્રિયા કાર્ય એ તો મૂળભૂત ભાવોની જ પેદાશ છે ને ? ભાવોનું સર્જન કરવું એ તો તારી મૂળભૂત માયા છે. કોને ભક્તિ આપવી કોને શક્તિ આપવી. કોને શું આપવું અને કોની પાસેથી આંચકી લેવું. પાછું લેવું. દેવું, ફોસલાવી લેવું એ તો તારા નૈસર્ગિક કાર્યમાં જ આવે છે. એમાં કોઇનું કાંઇ ચાલતું હોય એવું લાગતું

નથી. આજ દિન સુધી એટલા માટે નથી લાગતું કે ભક્તિ, તપ, સાધના, સ્મરણ કરનારાઓ પણ પાછા પડી જાય છે. માત્ર તારા હકારાત્મક પ્રતિભાવ જેને બીજા શબ્દોમાં તારી કૃપા કહી શકાય. શાસ્ત્રોમાં વ્યક્ત થયા પ્રમાણે તારા ગુણગાનગાતા તારા ભક્તોએ જેને ભક્તનું જ્ઞાનીનું બિરુદ મળેલું હોય તેવાના દ્વારા જ માર્ગ બતાવી તારુ મહત્ત્વ વધાર્યા કર્યું એનો પણ અમને વાંધો નથી શું તું પેલા ભોગી સાધુ અને એવા કેટલાયે સાધક તરીકે જીવતા અને સંત તરીકે પ્રદર્શિત થતા એમની સાધાનાની સિદ્ધિના લક્ષ્યાંકમાં દુનિયામાં મહાલતા મહાકુંભો જે એક સાથે હજારો માનવ પ્રાણીઓને શું ખબર શાનો ઉપદેશ, જ્ઞાન, સમજ, વચન મૂળવચન, શબ્દ, નામ ધૂન નામ, મંત્ર આપે છે કે ખરેખર માનવો અદમ્ય રજોગુણી માયા ભોગવવાની લાલસામાં, દેહભાવ માટેની એની શક્તિ સંપત્તિ, માણસોને ભોગવટા માટે મદદ કરી સંરક્ષણ પુરુ પાડવાની લાલસાને કારણે ફસાય છે અને ભ્રમિત થાય છે તેના વશીકરણથી, માયાથી ત્રાટકથી, માણસ મોહજાળમાં ઊંડી ગર્તમા જતો હોય તેયે એને શાનો આનંદ થાય છે. તું પણ એવું કરવા અને એ માર્ગે ભક્તિયોગ કે ભક્તિમાર્ગનો, પ્રચાર, પ્રસાર કરી શક્યો હોત પરંતુ તું તો સત્યાર્થ ભાવના, વૃત્તિ પ્રવૃત્તિથી પ્રકૃતિથી લુબ્ધ છે એથી તું એ માર્ગે ના જઇ શકે પરંતુ ભલા નિરાંતવા થઇને પ્રાણીજીવનને નિર્મળ જ્ઞાન ભક્તિ સેવા સ્મરણ તું નિરાભીમાની બનાવી ચોક્કસ આપી શક્યો હોત જેથી પ્રાણી માત્રનું કલ્યાણ થાત તારા સાચા ભક્તો થઇ ગયા પરંતુ તે પછીના તેમના પાર્ષદો બનેલાઓ ભક્તિયોગ કે ભક્તિને દલાલોનું બજાર બનાવી દીધું. હોય. વેપારીઓની હાટડી બનાવી દીધી હોય તેવું તને નથી લાગતું. માનવ મહેરામણથી ઊભરાતા તીર્થસ્થાનો દર્શનાર્થીઓની ભાવનાઓ જ માત્ર સ્વાર્થમયતા દેખાડો, ભૌતિક આનંદ પ્રમોદને દીલભરી મનભરી દેહભરી ઉન્માદના



ઘોડાઓને આંખોના ઉમળકાઓને આનંદીત કરી શકે તેવા સંગઠનો સહ યાત્રાઓમાં સામેલ થઇ યાત્રાસંઘ યોજનારાઓ જ એ માર્ગે હોય ત્યાં આ બધા કીડીયારાની જેમ ઊભરાતા સંઘો શું ધર્મ પાળે છે. તે કહેવું મુશ્કેલ છે. ઉપરોક્ત ભાવોવાળા યાત્રાના નામે આવતા ભૌતિક સુખઝંખતા માણસો પ્રાણીઓની અનેક પ્રકારની દેહીક ભાવનાઓનો ત્યાં ધોધ ઠલવાતો હોય છે. હે પ્રભો અમો અમારા પાપકર્મો અહીંયા તારા ચરણમાં ઠાલવવા આવ્યા છીએ. આવતા સમયમાં સમય, સંજોગ સાથે સંપત્તિ હશે તો ફરીથી આ જ કાર્યના હેતુસર ફરીથી એકત્રિત થયેલા દુષ્કર્મોને આપની પાસે મુકવા આવીશું અને ભગવાન આ સાંભળીને દૂર હટી જતો હોય, ત્યારે તેના પુજારી બનેલા માનવ જીવો હરખાતા હરખાતા તમારા આ પાપના પોટલા પૈસારૂપે એકત્રિત કરે છે. કારણ કે એમાં પણ તારી માયા જ છે. તારા નામે બનાવેલ મંદિરમાં તને બેસાડીને તેઓ તો તારાથી અલગ જ એવી તારી માયાને બાથ ભરી રાખે છે. અને એને જ માને છે. એને જ પુજે છે. માત્ર તારા ઓઠા તળે આ શું ભક્તિ છે ? ના ભક્તિ કોઇકે કરી છે જેણે તારી પાસે કંઇ માગ્યું પણ નથી, એને તો જોઇતું પણ નહોતું મીરા હા એનો તો તે બચાવ કર્યો હતો. તેવા તેના જીવન વૃતાંતના ઇતિહાસમાં છે પરંતુ એને તે શું આપ્યું ? મોક્ષ ! એ શુ છે. એની ભવ્યતા કે અનુભૂતિ હતી ? એ એનું એકમાત્ર રહસ્ય. નરસિંહ નામના બ્રાહ્મણ ભક્તના તો તે અનેક કામ કીધા પરંતુ તે તો એના સંસારનું તમામ સુખ છીનવી લીધુ, પત્નિ, પુત્ર, ધન, વિગેરે આપી માત્ર દરિદ્રતા મજબૂરી મોની વ્રત, એકલતા, એમાં જ એણે સુખ માણવું એવું હંમેશા એની યાતનાભરી મજબૂર જીંદગી માટે આશ્વાસનીય જ્ઞાન આપ્યું. કોઇ વૃદ્ધ દંપત્તીનો એકનો એક છોકરો યુવાન વયે મરી જાય અને એને સંસારી સગાઓથી અપાતુ આશ્વાસન કે દીલાસો મળે છે તેમ અરે ભલા આ

માણસને પછી તું એને સ્વર્ગ, વિષ્ણુલોક, બ્રહ્મલોક, શિવલોક, આવા કાલ્પનીક લોકોમાં ક્યાંક લઈ ગયો હોઈશ કે તારી પાસે રાખ્યો હોય કે તારામાં ભેળવી દીધો હોય, હશે ! પરંતુ છેવટે તારી ભક્તિ કરવાથી આવું અને ન કરવાથી કેવું. એનું તો ઘણું વર્ણન તારા ધર્મપુસ્તકોમાં કર્યું જ છે. છતાં પણ તારા ધર્મ પુસ્તકો શાસ્ત્રો, સંતો, સતસંગીઓ તારો અનુભવ કરનારાઓએ આ યોગને યાને ભક્તિયોગને ઉત્તમ કહ્યો છે એ સાચુ પણ હોય એવું લાગે છે કારણ કે ભક્તિયોગમાં જેણે ભક્તિ શબ્દથી સાચા અર્થમાં નવાજવામાં આવ્યો છે અને તે ભાવે જે માણસો જીવ્યા છે તે ખરેખર નિઃસ્પૃહ, નિરાભિમાની, સતત શ્રદ્ધા, તારામાં સ્મરણ તારુ અને માયાના ભયાનક રસઝરતા, આક્રમક, આકર્ષણના આવરણોને દૂર કરી દૂર રાખીને જેથી જ ભક્તિયોગ મહાન છે.

સાધના યોગ :- સંસાર ચક્રમાં જેને વ્યુહાત્મક યોગ કહેવો હોય તો કહી શકાય એવો આ યોગ છે. જે સંસાર સાથે છે. અને સંસારની બહાર સંસારથી અલગ પણ કહી શકાય. સાધક પોતે સ્વતંત્ર પરંતુ સ્વાયત એકલતામાં વધુ માને છે. જીવે છે પણ એમ જ સાધનામાં લીન આવા સાધકો અવધૂત કહેવાય છે. એનાથી વધુ તો સાધકો સિદ્ધિના કારણે, પ્રભાવશીલ કાર્યરત, ઈચ્છિત, પરિસ્થિતીના નિર્માણ કાર્યમાં પણ સિદ્ધ બની શકે છે. હોય છે. અલ્લડ, અભિમાની, ઉદ્ધત પણ બની શકે છે એનાં એમાં સિદ્ધિની શક્તિ કરતા આસક્તિનું જોર વધુ હોવાની શક્યતા એટલા માટે હોય છે કે સિદ્ધિ સાધકને ફળે છે. કે મળે છે. જેનાથી શક્તિ પ્રદાન થાય છે.

પરંતુ શક્તિની પ્રબળતા કે તાકાતને સહન કરવાની ગહનતા સાધક ઘણી વખત ગુમાવી બેસે છે. સાધક સિદ્ધિના કારણે પ્રાપ્ત શક્તિના કારણે, પ્રતાપે ઘણી વખત પ્રબળ રજોગુણી બની જાય છે. રજોગુણ એ





આસક્તિ અને તમોગુણનો સર્જક છે. ભાગ્યે જ તે સત્તોગુણ લક્ષી હોય છે. સાધક સિદ્ધિની પ્રાપ્તિમાં રજોગુણનો ગ્રાહક છે અને તેનું લક્ષ પોતાની સિદ્ધિની પ્રતિતી તેમજ પ્રસિદ્ધિ સાથે વધુ હોય છે. આની પાછળ એ હેતુ હોય છે કે સંસારમાં પ્રભાવિત થવાનો અને પ્રભાવ પાડવાનો હોય છે. અને આવી વૃત્તિ કે મનોવૃત્તીઓ સાધકો કાબુમાં રાખી શકતા નથી મોટા ભાગના સાધકોની આ ભાવદશા પણ સિદ્ધિ પરની મર્યાદાને સમજીને. સાધકની સિદ્ધિ તેમને નિઃસ્પૃહ કે નિરાભિમાની બનતા રોકી શકતી નથી પરંતુ જ્યારે પદ વિહીનતા કે દેહ વિહિનતાની પરિસ્થિતીનું નિર્માણ કરવામાં નિષ્ફળ જાય છે. તે આધારભૂત રીતે સ્વયંમ પ્રકાશિત બની શકતા નથી કોઈ શક્તિના સહારે એના ઉપયોગ કે માધ્યમ દ્વારા કંઈક હાંસલ કરવામાંથી મુક્ત થઈ શકતા નથી. કંઈક મેળવવું તો શું મેળવવું. શા માટે મેળવવું એમાં સાધકનો અંદાજ અલગ જ હોય છે. હોઈ શકે છે. સિદ્ધિ સુધી સાધક ઠીક છે. પરંતુ સિદ્ધિ પછી જે શક્તિના માધ્યમથી કૃપાથી જે ઈચ્છિત તાકાત મળી હોય તે તમારા જીવનમાં કેટલી કલ્યાણકારી ઉપયોગમાં છે તે પણ એટલું જ અગત્યનું છે. માનવજીવન કે પ્રાણીજીવનના કલ્યાણ માટે જો એ શક્તિનો સાધનાનો ઉપયોગ થતો હોય તો એ સાધકની સાધના મધ્યમ ગણાય છે. છતાં પણ એમાં પણ કંઈ કલ્યાણકારી ઉપયોગમાં આવતી સાધનાકીય શક્તિ દેહભાવ આસક્તિભાવ, અહંમભાવ, મારાથી, મારા થકી આ સદ્‌કાર્ય થયું છે થવા પામ્યું છે. આવી વિચારધારા પણ સાધક મધ્યમ કક્ષાની સાધનાકીય શક્તિ મધ્યમ સાધનામાંથી પદ્‌ચ્યુત થઈને કનીષ્ઠ થવાની શક્યતા વધુ બની જાય છે. પરંતુ ઉપરોક્ત જણાવ્યા પ્રમાણેના દેહભાવ, આશક્તિભાવ, અહંભાવ, વિહિન સદ્‌કાર્ય થયું હોય તો તે ઉત્તમ ગણાય છે. કનીષ્ઠ પ્રકારની સાધનાકીય શક્તિમાંથી સાધક અનુભૂતી પ્રકારની આધ્યાત્મિકતા પ્રાપ્ત કરવામાં નિષ્ફળ જાય છે. સાધક આમાંથી પાર

ઉતરવાની ઉચ્ચતા જવલ્લે જ પ્રાપ્ત કરે છે. કારણ કે તુરીયાની તાકાત કે દેહભાવની મુક્તિ તેમને ભાગ્યે જ મળે છે. તે તો ભક્તિયોગ કે જ્ઞાનયોગમાં શક્ય છે. અને છતાં આ બધુ તું છે. તારા સિવાય કોઇ નથી. તારા થકી, તારા માટે, તુ જ કરે છે અને જુદા જુદા કારણો બતાવી તું વૃથા માનવજીવન અને પ્રાણીજીવનને વમળે ચઢાવે છે.

આ યોગ સર્વગુણ સંપૂર્ણ નથી જ છતાંયે ઇચ્છવા યોગ એટલા માટે જરૂરી છે. કે ઘણા સાધક સાધકમાંથી જ આરાધક બની જાય છે આરાધના ભક્તિમાર્ગનું અંગ છે. કે ભક્તિમાર્ગનો જ એક સ્ત્રોત છે અને ભક્તિયોગમાં જનારા જ્ઞાનયોગમાં પદાર્પણ કરી શકે છે. એને જ્ઞાન એટલા માટે સહજ છે કે એ તમામ કાર્ય ઇશ્વરને આધિન રહીને કરે છે. પોતે ઇશ્વરના પ્રતિનિધિ તરીકે એની જ કૃપાના ભાગરૂપે જ બધુ કરે છે. અને એટલે જ દેહભાવથી મુક્ત એવી ઉચ્ચતર ભાવના કેળવી જાણે છે. તો એ ભક્ત બની શકે છે. છતાં સંત, પીર, પયંગમ્બર, બનવાની શક્યતા તેમના માટે ઘણી દૂરની બાબત બની જાય છે પરંતુ આ એક યોગ છે. જે જીવનમાં સિદ્ધિ અને શક્તિમાટે જરૂરી બને છે. જે આવકારદાયક છે વધુ તો કલ્યાણકારી ભાવનાઓ અને કાર્ય માટે લોક કલ્યાણ માનવ કલ્યાણ કે, પ્રાણીકલ્યાણ માટે ઘણી સાધનાકીય શક્તિ ઉપયોગી પણ બને છે જે ઉત્તમ છે.

સાધના એક પ્રબળ શક્તિની પ્રેરણાદાયી માર્ગ કે કેડી છે પરંતુ શક્તિની પરંપરા કેટલી આદર્શવાદી કે સત્યમાર્ગ છે તે ઘણી વખત સાધકો પણ સમજી શકતા નથી. એથી અભાવ હોય છે જ્ઞાનની ઉચ્ચતર ધારાનો ભક્તિની નિર્મળ અને નિરાભિમાની અભિગમને સાધના કે સાધક છેવટે કર્મયોગથી વિકાસ પામે છે.કર્મની વિચારણા કે માર્ગ ભવિષ્યને ઘડે છે અને



સાધક તે માટે ચિંતિત હોય છે કારણ કે જે પોતાના કાર્યની સાચી સમીક્ષા નથી કરી શકતો તે માત્ર કાર્યના પરિણામની પ્રાપ્તિમાં જ રચ્યો પચ્યો રહે છે અને ઇચ્છીત પરિણામો અનાયાસે આસક્તિ તરફ લઇ જાય છે. અને અંતે વિનાશ નોતરે છે.

દા.ત. ચાર બ્રાહ્મણ મિત્રોએ જુદી જુદી પ્રકારની વિદ્યા પ્રાપ્ત કરી એકને માત્ર પ્રાણીના હાડકા પરથી તેના આખા શરીરનું માળખુ તૈયાર કરવાની બીજાએ તેના અંગમાં માસપેશીઓ અને નસો જરૂરી ઉપાંગો બક્ષવાની વિદ્યા પ્રાપ્ત કરી ત્રીજાએ એ તમામનું સંગઠન કરી પ્રાણીનું આખુ માળખુ સુસજ્જ કરવાની અને ચોથાએ એ માળખામાં પ્રાણ પુરવાની કે પ્રાણીને જીવીત કરવાની વિદ્યા પ્રાપ્ત કરી ચારે ચાર એક જંગલમાંથી પસાર થતાં એક વાઘના હાડકા ઉપર આ પ્રયોગ કર્યો અને મૃત્યુને ભેટ્યા આ છે સાધનાની શક્તિની સાચી સમીક્ષાનો અભાવ કે કંઇ જગાએ સાધનાની શક્તિનો કેવો પ્રયોગ કરવો જોઇએ તેની જાણકારીનો અભાવ મુર્ખામીભરી વિનાશકારી બને છે.

અને ઉપરોક્ત રીતે ઇચ્છીત પરિણામો આસક્તિ તરફ લઇ જઇ વિનાશ કરે છે. રજોગુણની માયાલક્ષી ભાવનાઓ વિકસવાની ઉગવાની સંભાવના ઊભી થાય છે. તેને અટકાવવાનું કાર્ય સાધક માટે મુશ્કેલ જ નહિ અશક્ય પણ બને છે.જ્યારે ભક્તિ કે જ્ઞાનયોગના પુરસ્કર્તા અને એ માર્ગે વિચરતા પ્રાણીઓ પરિણામ લક્ષી વિચારણાઓથી મુક્ત એ કારણે છે કે જે સતધારામાં છે તેની ચકાસણી એ ખૂદ કરે જ છે. તેમની સાથે સાથે આધ્યાત્મિકતાના ઉચ્ચ સંતો મહંતોની કૃપાની નિરંતર સભાનપણે ઇચ્છા કરે છે. તેમની પ્રેરણા, કૃપા માર્ગદર્શનના કારણે સત્યના માર્ગે વિચરે છે જેને કંઇ જોઇતું નથી તેથી તે આપમ આપ સમાયાની અદ્રેતતામાં લીન થઇ જાય છે.

કૃપા મેળવવામાં પણ નિઃસ્પૃહતા જ કાર્યરત હોય છે તેથી જ તેમને ચલાયમાન થવાનું આવતું નથી જે કૃપાનો પ્રસાદ છે ગુરુની ઈશ્વરની.

માનવધર્મ માત્ર સાધનામય કે કર્મમય જ ન હોવો જોઈએ. ભક્તિમય કે જ્ઞાનમય એ માનવજીવનની કે પ્રાણીજીવનની કલ્યાણકારી ભાવનાઓને જાગૃત કરે છે. જેથી સાધનાની સાથે ભક્તિ કે જ્ઞાન એ તમારા તમામ કાર્યોને સત્યરાહી બનાવી આદર્શવાદી બનાવે છે. જે સત્ય આદર્શના રાહે જીવન ઉત્તમ બને છે. આ છે સાધના સાથેના મહત્ત્વપૂર્ણ અંગો જે સત્યરૂપે ઉંચા છે અને આવકારદાયક છે છતાં પણ આ બધુ તો તેનું જ છે તેના સિવાય કાંઇ નથી. જ્ઞાન યોગ ધર્મની તમામ વ્યાખ્યાઓથી પર એટલે નિશ્ચયવ્યાપી અનેક ધર્મો જેના ધાર્મિક નિયમો વિચારો માન્યતાઓ વિભિન્ન હોઈ શકે છે પરંતુ દરેક ધર્મ આધ્યાત્મિકતા, જ્ઞાનયોગ ના ક્ષેત્રે મહ્દ અંશે એક સૂત્રતા ધરાવે છે. ઈશ્વર એક છે સર્વ શક્તિમાન છે અને એના થકી જ આ બધુ ચાલે છે એના સિવાયકશું જ નથી. જ્ઞાન ખુદ જ સ્વયં પ્રકાશિત છે. તમામ પ્રાણી જીવનની ઉચ્ચતમ જીવનધારાની જો કોઈ પવિત્ર અને પુર્ણ ગતીશીલતા હોય તો તે જ્ઞાનયોગથી શક્ય છે એમાં પણ કોઈ પરમભક્તની જેમ કોઈ જાતની ઈચ્છા કે ઝંખના કે આશા કે તૃષ્ણા આવા જ્ઞાનધારકોને હોતી નથી અને એને જ સાચો જ્ઞાનયોગ કહેવાય છે. જ્ઞાની પોતે જ સ્વયમ્ સ્વરૂપની ભ્રાન્તી છે. જ્ઞાનમાં સાયુજ્ય ભક્તિની પરમગતિ સુક્ષ્મરૂપે વ્યાપ્ત છે. અને ભક્તિની સર્વોચ્ચ કક્ષામાં આવતી આ ગતિવિધિ જ્ઞાનયોગમાં પ્રમાણિત થયેલી છે.

૧) સાલોક્યભક્તિ :- આ લોક કે જીવનમાં ધર્મની ધૂરાને સમજપૂર્વક જીવનાર અને સાચા અર્થમાં ભક્તિ રસને માણનાર જાણનાર કે જીવનારને ધર્મનું જ્ઞાન તો હોય છે પરંતુ એના સાચા અર્થમાં જીવી જનારે



આ લોકની ધર્મનીતિને જીવન પર્યંત જીવનમાં ઉતારનાર આ લોકમાં સદેહે ભક્તિને ઉદ્ભવન કરી જીવનને સાચા અર્થમાં ઉજાગર કરી જાણે છે. તેને સાલોક્ય ભક્તિ જ્ઞાનધારામાં કે જ્ઞાનયોગમાં કહે છે.

૨) સ્વરૂપ્ય ભક્તિ :- જ્ઞાનધારાથી સમજીને માનવ એ સમજી લેકે આ જીવન આપનાર અને દેહમાં વ્યાપ્ત એવો જીવ જેને આત્મા તત્ત્વથી પ્રસિદ્ધ કરાયો છે. તે ખુદ જ પરમાત્માનું એક અભિન્ન સ્વરૂપ છે. અને તેને અદ્વૈતવાદમાં વિચારધારામાં મુકીને તે પોતે જ આત્માસ્વરૂપ કે પરમાત્મા સ્વરૂપ છે. ભક્તિનો આ એક પ્રકાર છે. જેમાં ઈશ્વરના રૂપની સાથે આપણા મૂળ ભાવાત્મક રૂપને જાગૃત કરીને તેને સમસ્તતા આપવી એ એક અદ્ભૂત પ્રેમભક્તિ છે અને તેને સમજપૂર્વક આવકારવી જોઈએ.

૩) સામીપ્ય ભક્તિ :- આ દ્વૈતભાવની ભક્તિ છે અને તે પણ એક સુયોગ્ય ભક્તિનું આયોજન છે. તેમાં પોતાની જાતને મહાશક્તિ એવા પરમાત્માથી પર રાખીને નરસિંહ મહેતાના કથનની માફક હરિનો જનતો મુક્તિ ન માગે માગે જન્મોજન્મ અવતાર રે એ જ સેવા હરિ કિર્તન ભક્તિ નિરખવા નંદકુમાર રે સતત એને સમીપ રાખીને એના ગુણગાન ગાવા એનું જ સ્મરણ કરવું એવીભક્તિ આમા સમાય જાય છે.

૪) સાયુજ્ય ભક્તિ :- આને શ્રેષ્ઠતમ ભક્તિ એટલા માટે કહેવામાં આવે છે કે જેને કશાની પડી જ નથી કશું જ જોઈતું નથી. પોતે ભક્ત છે ભક્તિ કરે છે. ઈશ્વરને તાદ્રશ્ય રાખીને એવા જ જેવા સ્વરૂપનું પોતામાં નિર્દેશન કરીને ભક્તો ભક્તી કરે છે પરંતુ પોતાની ઈચ્છાની ઈચ્છાની જાગૃતી ઝંખનાની જાગૃતી ઉમેરાયેલી રહે છે આ ઈચ્છા ઝંખના વૃત્તીઓને અવશ્ય જાગૃત કરવાના કામમાં લાગી જાય. છે. માગણીઓ ઈશ્વરદત્ત શક્તિઓની ભૌતિકતાની ભરમાળ અને એની ચેતના સાકાર પામે

છે. અને તેનો આવિષ્કાર એક માયા બંધન જેવું બનવાની શક્યતા વધુ બને છે. જ્યારે આ ભક્તિમાં આપુ ત્યાગી આવુ બનવાની બાબત શક્યતાથી પર એટલા માટે છે કે આમા તમે કોઇ વૃત્તી મનોવૃત્તી ભાવનાઓથી પર થઇ જવાની શક્યતા રહેલી છે.

આ જ્ઞાનયોગનો પ્રતાપ છે. જ્ઞાન ગુરુ કૃપાએ આવે છે જ્ઞાનની જાગૃતી એ ગુરુની ઈશ્વરની કૃપાથી જ થાય છે. તમારી શક્તિ કે સામર્થ જ્ઞાન પ્રાપ્ત કરવામાં ટુંકું પડતુ હોય તો પણ કૃપાશક્તિ જ આમાં અદ્‌ભૂત પરિણામ આપે છે. આવા જ્ઞાનયોગથી શું પ્રાપ્ત થાય ? આ પ્રશ્ન ઘણી વખત. ઘણી બધી બાબતો માટે પૂછાય છે. ભક્તિ કરવાથી શું ? ગુરુ કરવાથી શું જ્ઞાન મેળવવાથી શું આવા પ્રશ્નો ભ્રમણાઓ ઊભી કરવાના પ્રયત્ન કરે છે જે સર્વસ્વ શક્તિનો સ્વામી છે એવા ભગવાનને માટેના આદર એણે આપેલા સર્વોચ્ચ જન્મ અધિકાર અને સુખ શાંતિ સાથેની સમજણ એ જ્ઞાન કે ચેતનામાંથી પ્રાપ્ત થાય છે. અને સર્વ જીવન આપણે એની અદ્‌ભૂત કૃપા શક્તિના સમર્થતાની ભાવનાઓને નિઃસ્પૃહ ધારાએ જીવંત રાખીએ જેના કારણે આપણું તો કલ્યાણ થાય છે જ પરંતુ આપણી એવી જીવનધારા કે ગતિથી પ્રાણીમાત્રના હિતમાં કલ્યાણમાં આપણે જીવનને સમર્પિત કરવાની કાર્યશૈલીને પ્રાપ્ત કરીને ઉત્કર્ષમય જીવન પ્રાપ્ત કરીએ છીએ એથી ચૈતન્ય શક્તિથી પ્રાપ્ત થયેલી આ જીવન નાવ એ આત્માને આભારીત બની શકે છે. જે ઈસ્વરનું પરમાત્માનું મૂળભૂત ભાવે અભિવાદીત કરી ઉપકારક બની શકીએ છીએ સાચી રીતે પરમાત્માને અસ્ખલીત રીતે સ્મરણ મનનમાં આયોજીત કરી શકાય છે. સાયુજ્ય ભક્તિ એ તમારા માટે અનુભૂતીને પરીમીતને સંગઠીત કરે છે ત્યાં સતત ઈશ્વરની આત્માની પરમાત્માની અવિરત એવા અનહદ નાદની સમીપતાનો એહસાસ થાય છે એ જ સાચો



જીવનધર્મ છે જીવનની સાચી સાર્થકતા એ જ રહે છે.

જીવનધારાની અનેક પ્રકારની વાતોની અહીંયા રજુઆત થઇ એ કરવા પાછળનો હેતુ તો એ હતો કે અનેક પ્રકારની વિષમ વિવાદાસ્પદ પરિસ્થિતીમાંથી પસાર થયા પછી જીવનને ધીમે ધીમે ધર્મ વિચારણા નીતિધર્મમાં વાળવું અને આધ્યાત્મિકતાના સ્તર પર આગળ વધારવું એ ઘણુ જ જરૂરી હોય છે. એની અગત્યતા જ્યારે માનવ કે પ્રામીજીવનની ઉમરની પરિપક્વતા આવતી જાય તેમ તેના શરીર, મન અને તમામ કાર્યોની ધગશ ઢીલી પડી જાય છે અને જીવનનો પ્રવાહ એકલતા નિરાશા અને સહયોગ સિવાયના જીવનમાં દીનતા અનુભવે છે ત્યારે કોઈપણ પ્રાણીજીવનને હતાશા એકલતા નિરાશા દીનતામાંથી મુક્ત કરવાની આ એક ઉત્તમ ઔષધિ છે. જેનો અહેસાસ દરેકને તેની પરિપક્વ થતી ઉંમર કે જીવનના ઢળતા કે સંધ્યાની આવતી બાબતને કારણે આ બાબત સમજાય છે તેથી ધર્મનીતિ આધ્યાત્મિકતાનું અવશ્ય માર્ગદર્શન મેળવવું જીવનના કલ્યાણ માટે આ માનવજીવનને ઉત્તમ અવતાર તરીકે ગણવામાં આવ્યો છે તો તે માર્ગે પળવું અને તેનું અભિવાદન કરવું જ રહ્યું.